# શ્રીમદ્ ભગવદ્ગીતાનો સત્ય સાર

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧) | વિચારણીય પ્રશ્ન (પ્રાક્કથન) | ii |
| ૨) | સર્વવિદિત તથ્ય (ભૂમિકા) | ix |
| ૩) | ભગવદ્ગીતાનો સત્ય સાર (અનુભૂમિકા) | ૧ |
| ૪) | ગીતા-જ્ઞાનનો ઉદ્દેશ્ય અથવા પ્રયોજન | ૫ |
| ૫) | આત્મા | ૧૫ |
| ૬) | પરમાત્મા | ૩૨ |
| ૭) | પરમાત્મા (ભાગ-૨) | ૫૪ |
| ૮) | યોગ | ૭૦ |
| ૯) | કર્મ, અકર્મ અને વિકર્મની ગતિ અને સંન્યાસનું સાચું સ્વરૂપ | ૯૭ |
| ૧૦) | દૈવી અને આસુરી ગુણ | ૧૦૬ |
| ૧૧) | ગીતા માતા અને તેનો સંદેશ | ૧૩૦ |
| ૧૨) | સત્ય જ્ઞાનની સરળ સમજૂતી | ૧૪૩ |



*પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય,*
*પાંડવ ભવન, આબુ પર્વત (રાજસ્થાન)*

**પ્રાક્કથન :-**

## વિચારણીય પ્રશ્ન

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા એક એવું લોકપ્રિય શાસ્ત્ર છે જેને સદીઓથી લોકો પૂર્ણ શ્રદ્ધાભાવનાથી વાંચતા-વંચાવતાં, સાંભળી-સંભળાવતાં આવ્યાં છે. ઘણાં લોકો તો દરરોજ ઉઠતાંવેંત જ્યાં સુધી અમુક શ્લોકોનું પઠન ન કરી લે ત્યાં સુધી અન્ન-જળ પણ લેતાં નથી અને પ્રાતઃકર્મ પણ પાછળથી કરે છે. અનંતકાળથી લોકો ગીતાને ભગવાનની જ વાણી માનતાં આવ્યાં છે અને એ જ ભાવના વશ ઘરમાં ગીતાને એક મહત્વપૂર્ણ સ્થાન આપવામાં મહાન ધાર્મિકતા માને છે. ભારતમાં આજે પણ લાખો-કરોડો લોકોને ત્યાં એ પ્રથા જેમની તેમ ચાલી આવી છે જેમાં મૃત્યુશૈયા આવી પર પડેલી વ્યક્તિ પાસે ગીતા-પાઠ કરવામાં આવે છે - આ પાછળ તેમની પ્રબળ માન્યતા છે કે ગીતા-જ્ઞાન શ્રવણથી એ મનુષ્યની સદ્‌ગતિ થાય છે. અમુક લોકોની માન્યતા એ પણ છે કે જે ઘરમાં ગીતા-પાઠ થતાં હોય ત્યાંથી કલહ-કલેશ નાશ પામે છે અને ભૂતપ્રેત પણ ભાગી જાય છે. આજે પણ કરોડો લોકો દૃઢ રીતે માને છે કે ગીતાનાં પઠન-પાઠનથી મનુષ્ય પાપો અને સંતાપોથી મુક્ત થાય છે.

### ગીતાનું અધ્યયન કરવાં છતાં કષ્ટ અને કલેશ શા માટે ?

**પરંતુ પ્રશ્ન ઉઠે છે કે આજે ઘર-ઘરમાં આટલી મહિમા ધરાવતું શાસ્ત્ર હોવાં છતાં ભારતમાં અપાર દુઃખ શા માટે છે ? કજિયો-કંકાસ ઘર-ઘરમાં શા માટે છે ? મનુષ્ય કામ-ક્રોધ વગેરે ભૂતોથી છુટતો કેમ નથી?** જરૂર ગીતા વિશે એવી કોઈ

મહત્વની વાત હશે જે સમયાંતરે મનુષ્ય વિસરી ગયાં હશે. આ વિશે અમારો વિચાર છે કે લોકોને ગીતાનાં ભગવાનનો સાચો પરિચય જ નથી એટલે તેમને તેમનાં દ્વારા શ્રેષ્ઠ તથા પૂર્ણ પ્રાપ્તિ પણ નથી થતી. એ વાત આ પુસ્તક વાંચવાથી વધુ સ્પષ્ટ થઈ જશે.

## ગીતાને વિશ્વ સમુદાય ભગવાનનાં મહાવાક્યોનો ગ્રંથ શા માટે માનતાં નથી ?

નિસ્સંદેહ, શરૂઆતથી જ ગીતાનો પ્રચાર ઘણો થયો છે. આજે જવલ્લે જ કોઈ ભાષા એવી હશે જેમાં ગીતાનો અનુવાદ ન થયો હોય.

**પણ પ્રશ્ન ઉઠે છે કે દુનિયાનાં વિભિન્ન મતાવલંબિઓ દ્વારા શ્રેષ્ઠ ગ્રંથ જાહેર થયાં પછી પણ અને આનું નામ શ્રીમદ્ભગવદ્ ગીતા હોવા છતાં તથા આમાં ભગવાનુવાચ્ય શબ્દનો પ્રયોગ થયો હોવાં છતાં દુનિયાનાં કરોડો લોકો આને સ્વયં ભગવાનની વાણી શા માટે માનતાં નથી ?** ખરેખર તો લોકોને ગીતાનાં 'ભગવાનુવાચ' શબ્દનો મૂળ અર્થ ખબર જ નથી અને તેમને 'કૃષ્ણ' અને 'ભગવાન' - એ બંનેનાં સ્વરૂપનું સાચું જ્ઞાન પણ નથી.

બીજાં શબ્દોમાં આજે ગીતાના ભગવાન અથવા આદિ વક્તા વિશે લોકોમાં નિશ્ચયાત્મક જ્ઞાન અને મતૈક્ય નથી. **ડૉ. રાધાકૃષ્ણને** પણ શ્રીમદ્ભગવદ્ ગીતા પરનાં પોતાના પુસ્તકમાં એક જગ્યાએ લખ્યું છે - ''મને ગીતાના રચયિતાનું નામ ખબર નથી. ભારતમાં પ્રારંભિક - સાહિત્યના લગભગ બધાં પુસ્તકોના લેખકોના નામ અજ્ઞાત છે...''

આ જ રીતે, **સ્વામી વિવેકાનંદે** પણ એક જગ્યાએ કહ્યું છે - ''કૃષ્ણના વ્યક્તિત્વ વિશે અનેક શંકાઓ છે... છતાં અમુક કારણો

દ્વારા નિશ્ચિતપણે એ નિષ્કર્ષ પર પહોંચી શકાય કે મહાભારતના યુદ્ધમાં કોઈ અલગ દિવ્ય વિભૂતિનો પ્રાદુર્ભાવ થયો હશે જેણે એ વખતના સમાજને આ જ્ઞાન શીખવ્યું હતું, જેનાં દ્વારા વિશેષ સંપ્રદાયની સ્થાપના પણ થઈ હોય...''[1]

આમ જ મહાત્મા ગાંધી લખે છે [2]-''ગીતાના કૃષ્ણ મૂર્તિમાન, પૂર્ણ, શુદ્ધ, સંપૂર્ણ જ્ઞાની છે, પરંતુ કાલ્પનિક છે. અહીં કૃષ્ણ નામવાળી અવતારી પુરૂષનો નિષેધ નથી, કેવળ સંપૂર્ણ કૃષ્ણ કાલ્પનિક છે. સંપૂર્ણ અવતારનું આરોપણ પાછળથી થયું છે...''

સ્પષ્ટ થાય છે કે આજે ગીતાના વક્તાનો સાચો પરિચય નામ - શેષ થઈ ચૂક્યો છે એટલે અમે આ લેખ-માળામાં ભગવાનનાં સ્વકથિત સ્વરૂપનો ઉલ્લેખ કર્યો છે અને સંક્ષેપમાં શ્રીકૃષ્ણનો પણ સંપૂર્ણ-સત્ય પરિચય આપ્યો છે.

## ગીતા અને મહાભારત વિશે લોકોના મનમાં પ્રશ્નો

આજે બહાર જે ગીતા મળે છે તથા જે મહાભારત ગ્રંથ ઉપલબ્ધ છે, તેનું અધ્યયન કરવાથી ઘણાં ખરાં લોકોનાં મનમાં વધુ પ્રશ્નો ઉદ્‌ભવે છે જેમાંના અમુક નિમ્નલિખિત પ્રમાણે છે :-

૧) ભગવાન તો ધર્મ-સ્થાપનાર્થે અવતર્યાં હતાં, તો શું તેમણે આ જ્ઞાન માત્ર અર્જુનને જ સંભળાવ્યું હતું ? જો એ યુદ્ધના મેદાનમાં જ અપાયું હતું તો એમણે બીજા લોકોને આ જ્ઞાન કેવી રીતે સંભળાવ્યું હશે ?

૨) ભગવાને ગીતામાં તો અહિંસાનો ઉપદેશ આપ્યો છે; તો એ

---

૧. જુઓ 'ભારતમાં વિવેકાનંદ' - પાના નં ૩૧૪-૩૧૫

૨. ગીતા માતા

સાચું છે કે તેમણે હિંસાયુક્ત યુદ્ધ કરાવ્યું ?

ઉપરોક્ત પ્રશ્નો અનેકાનેક લોકો ઉઠાવી ચૂક્યાં છે. ઉદાહરણ તરીકે **સ્વામી વિવેકાનંદ** કહે છે[3] ''... જ્ઞાન, ભક્તિ, યોગ વગેરે વિષયોની આટ-આટલી વિશદ ચર્ચા યુદ્ધ-ભૂમિમાં, જ્યાં વિશાળ સેનાઓ લડવાં માટે બિલકુલ તૈયાર હોય, શી રીતે સંભવ છે ? શું યુદ્ધ-ક્ષેત્રના એ કોલહલમાં આ વાર્તાલાપનાં પ્રત્યેક શબ્દોને સંક્ષિપ્ત રીતે લિપિબદ્ધ કરનાર કોઈ ત્રીજી વ્યક્તિ પણ ત્યાં હાજર હતી ? અમુક લોકોનાં મતે આ યુદ્ધ રૂપકમય દૃષ્ટાંત છે, જેનો ગૂઢ અર્થ એ જ નિકળે છે કે મનુષ્યની અંદર દુષ્ટ વૃત્તિઓ સામે ચાલતાં સંઘર્ષની ઉપમાં આ સ્થૂળ યુદ્ધની સાથે કરવામાં આવી છે...''

આવી જ રીતે મહાત્મા ગાંધી કહે છે - ''...જ્યારે ગીતાના પ્રથમ દર્શન થયાં ત્યારે જ એવી પ્રતીતિ થઈ કે આ ઐતિહાસિક ગ્રંથ નથી પણ, ભૌતિક યુદ્ધને બહાને દરેક વ્યક્તિના હૃદયમાં અવિરત ચાલતાં દ્વંદ્વ યુદ્ધનું જ આમાં વર્ણન છે. મનુષ્યરૂપધારી યોદ્ધાઓની રચના તો આ હૃદયગત યુદ્ધને રૂચિકર બનાવવા માટે ગઢવામાં આવેલી કોઈ કલ્પના છે-એ પ્રાથમિક સ્ફુરણા ધર્મે અને ગીતા પર વિશેષ વિચાર કર્યા પછી પાક્કી થઈ ગઈ...''

''મહાભારત વાંચ્યાં પછી એ વિચાર હજી વધુ દૃઢ થઈ ગયો ... સાધારણ કૌટુંબિક ઝઘડાઓમાં ઔચિત્ય-અનૌચિત્યનો નિર્ણય કરવા માટે ગીતા-જેવાં ગ્રંથની રચના સંભવ નથી...''

આ જ રીતે ઉપરોક્ત પ્રશ્ન લોકમાન્ય તિલક તથા બીજાં અનેકાનેક વિદ્વાનો તથા તત્વચિંતકોએ પણ ઉપાડ્યો છે. સામાન્ય પ્રજાના મનમાં તો આ પ્રશ્ન લાંબા સમયથી ઘર કરીને બેઠો જ છે. સન્ ૧૯૭૫માં આ

---

૩. જુઓ 'ભારતમાં વિવેકાનંદ' - પાના નં ૩૧૪-૩૧૫

જ પ્રશ્ન પર છાપાઓ તથા સમ્મેલનોમાં મહાભારતની ઘણી ચર્ચા પણ થઈ હતી.

સર્વમાન્ય વાત છે કે કોઈ પણ સદાચારી તથા સદ્‌ગુણધારી પિતા પોતાના પુત્રોને અંદરોઅંદર લડાવવાં નથી ઈચ્છતાં પણ તેમની વચ્ચે પરસ્પર પ્રેમ અને સૌહાર્દ્ર- પૂર્ણ વાતાવરણ બનાવવા માટે પ્રયત્ન કરતાં રહે છે. કોઈ પણ ધર્મ-પિતા (મત-સ્થાપક) હિંસાનો ઉપદેશ આપતાં નથી. આ જ રીતે કોઈ પણ મહાત્મા લોકોને રક્તપાત કરવાની શિક્ષા નથી આપતાં બલ્કે તેઓ તેમને અહિંસા, પ્રેમ અને સહિષ્ણુતાનાં પાઠ ભણાવે છે. તો જરા વિચારો કે ભગવાન, જેને બધાં પરમપિતા માને છે અને જેને બધાં મહાત્માઓથી પણ મહાન માની દયાના સાગર, પ્રેમના સાગર, શાંતિના સાગર વગેરે મહિમાસૂચક વિશેષણો સાથે યાદ કરે છે, એમણે કાકા-મામાના ભાઈઓ વચ્ચે હિંસાયુક્ત યુદ્ધ કરાવવાં માટેનું જ્ઞાન આપ્યું હોય એવું બની શકે ?

૩) ઉપરોક્ત પ્રશ્નો સિવાય ત્રીજો પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે ભગવાન તો ત્રિલોકીનાથ છે, તો શું તેઓ અર્જુનનાં રથવાન બન્યાં હશે ? શું નષ્ટોમોહઃ અને સ્મૃતિર્લબ્ધા હોવાં છતાં અર્જુને ભગવાન પાસેથી આ સેવા લીધી હશે કે 'રથ' અને 'રથવાન' નો બીજો અલગ જ કોઈ આધ્યાત્મિક અર્થ છે ?

૪) પાંડવો અને કૌરવોનું જે રીતે જન્મ, કર્મ વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. તેનાથી શું એ જાણી શકાય કે તેઓ ખરેખર કોઈ મનુષ્ય હતાં કે એ નિર્ણય જયથાર્થ લાગે છે કે તેઓ કવિ-રચિત કથાનકનાં મનોભાવરૂપી પાત્રો છે અથવા રૂપક અલંકારમાં પ્રયુક્ત નામ છે ? સ્વામી વિવેકાનંદે પણ આ પ્રકારના પ્રશ્નો પર વિચાર કરતાં કહ્યું છે કે - ''ગીતા સારી

રીતે સમજવા માટે ઘણી બાબતોની જાણકારી આવશ્યક છે. પહેલી તો એ કે શું એ ખરેખર મહાભારતનો એક અંશ છે... ?'' બીજી એ કે શું કૃષ્ણ નામનાં કોઈ ઐતિહાસિક પુરૂષ હતાં ? ત્રીજી એ કે ગીતામાં કુરૂક્ષેત્રનાં જે મહાયુદ્ધનો ઉલ્લેખ છે, શું એ ખરેખર થયું હતું ? અને ચોથી એ કે શું અર્જુન તથા અન્ય લોકો વાસ્તવિક ઐતિહાસિક પુરૂષ હતાં ?''[૪]

૫) કહેવાય છે કે યાદવોનાં પેટમાંથી મૂસળ નિકળ્યાં, જેનાથી મહાવિનાશ થયો. એ મૂસળ કઈ વસ્તુ છે ?

૬) શું સ્થાપના અને વિનાશ વગેરે કર્ત્તવ્યો શ્રીકૃષ્ણનાં છે કે સ્થાપનાનું કર્ત્તવ્ય બ્રહ્માનું, વિનાશનું કર્ત્તવ્ય શંકરનું અને પાલનાનું કર્ત્તવ્ય, વિષ્ણુ અર્થાત્ શ્રીકૃષ્ણનું છે ?

૭) શું શ્રીકૃષ્ણ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર નામધારી ત્રિદેવનાં રચયિતા છે કે આ ત્રણેય દેવોનાં રચયિતા ત્રિમૂર્તિ કોઈ બીજું છે અને તેમને માટે જ ગીતામાં 'ભગવાન' શબ્દનો પ્રયોગ થયો છે ?

૮) જો ગીતાના ભગવાન અવતર્યા અને તેમનું ઘર પરમધામ પણ છે તો શું ભગવાનને સર્વવ્યાપક કહી શકાય ?

૯) ભગવાનના મહાવાક્ય છે કે મારો જન્મ દિવ્ય છે. જે રીતે શ્રીમદ્ ભાગવત્માં શ્રીકૃષ્ણના જન્મનો ઉલ્લેખ મળે છે, શું તેને 'દિવ્ય જન્મ' કહી શકાય કે 'દિવ્ય જન્મ' નો કોઈ બીજો જ અર્થ છે ?

૧૦) કહેવાય છે કે ગીતા-જ્ઞાન દ્વાપર યુગના અંત સમયે અપાયું;

---

૪. જુઓ પાના નં. ૮

ત્યારે પ્રશ્ન ઉઠે છે કે જ્ઞાન આપ્યાં પછી અને ધર્મની સ્થાપના થયાં પછી કલિયુગ કઈ રીતે આવી ગયો ?

ઉપર્યુક્ત તથા આવાં જ બીજાં અનેક પ્રશ્નોનું સમાધાન બહુ જરૂરી છે. જ્યાં સુધી લોકોના મનમાં આ બધી વાતો સ્પષ્ટ ન થાય કે ગીતા-જ્ઞાન કોણે આપ્યું હતું, ક્યારે આપ્યું હતું અને કઈ રીતે આપ્યું હતું, ત્યાં સુધી તેઓ ગીતા સાથે સંપૂર્ણ ન્યાય કરી શકશે નહીં, તેમના મનમાં પણ લક્ષ્ય સારી રીતે સ્પષ્ટ નહીં થાય તથા ગીતાના સાચા અર્થથી અજાણ હોવાને લીધે વાસ્તવિક યોગનો અભ્યાસ પણ કરી નહીં શકે.

આ પ્રશ્નોનું વિસ્તૃત વર્ણન તો અમે 'મહાભારત અને ગીતાનું સાચું સ્વરૂપ અને સાર' નામનાં પુસ્તકમાં કર્યું છે, પરંતુ શ્રીમદ્ ભગવદ્ગીતાનો સાચો સાર લખતાં પહેલાં આ જ વાતોને લક્ષ્યમાં રાખી બહુ સંક્ષેપમાં આ પુસ્તકની ભૂમિકામાં અમુક તથ્યોનો ઉલ્લેખ કરી રહ્યો છું.

ભૂમિકા

## સર્વવિદિત તથ્ય

આજે લોકોની માન્યતા છે કે શ્રી કૃષ્ણે ગીતા જ્ઞાન અર્જુનને યુદ્ધના મેદાનમાં આપ્યું હતું, એમની આ માન્યતાનો મુખ્ય આધાર મહાભારતમાં વર્ણવેલું કૌરવો-પાંડવોનું યુદ્ધ છે. પરંતુ આજે મહાભારત ગ્રંથ જે રૂપમાં મળે છે તેનું અધ્યયન કરનારી કોઈ પણ નિષ્પક્ષ વ્યક્તિ એ સિદ્ધ કરવામાં અસમર્થ છે કે એમાં કૌરવો અને પાંડવોની જે જન્મ કથા આપેલી છે એ ઐતિહાસિક રીતે પૂર્ણ સત્ય છે કારણ કે એ મહદ્અંશે અસ્વાભાવિક છે.

પુનશ્ચ, આજનાં દરેક નિષ્પક્ષ શોધક એ સાચું માને છે કે અગાઉ મહાભારતનું સ્વરૂપ આની કરતાં ભિન્ન હતું. શરૂઆતમાં આનું નામ 'જય' હતું અને તેમાં કેવળ આઠ હજાર શ્લોક હતાં. પછી તેનું નામ 'ભારત' પડ્યું ત્યાર પછી 'મહાભારત' માં વધારો થતો ગયો અને આજે તેમાંનાં શ્લોકોની સંખ્યા લગભગ એક લાખ છે. આમ, અગાઉ જ્યાં એક શ્લોક હતો ત્યાં આજે તેર છે (એકની જગ્યાએ તેર).

આવી મુશ્કેલ પરિસ્થિતિમાં આ ગૂંચવણ ઉકેલનાર કોણ છે ? એકમાત્ર ગીતાનાં ભગવાન વગર કોઈ બીજી વ્યક્તિ આ રહસ્યને સાચી રીતે સમજાવી ન શકે. એટલે હવે અમે આગળ જણાવીશું કે વર્તમાન સમયે સ્વયં ભગવાન અવતરીને આ વિષય પર ક્યા રહસ્યો ખોલે છે. ગીતાનાં સારને સમજવા માટે આ રહસ્યોનું જ્ઞાન અત્યાવશ્યક છે.

## મનના વિચારોની સાથે યુદ્ધ

ભગવાને તો મનુષ્યને પવિત્ર, નિર્વિકારી, દૈવી સંપદાયુક્ત, સ્થિત-પ્રજ્ઞ અને યોગયુક્ત બનાવવાં માટે જ ગીતા-જ્ઞાન આપ્યું હતું. ભગવાને તો માનવને જ્ઞાનરૂપી તલવારથી કામરૂપી શત્રુને મારવા

માટે અથવા યોગબળ દ્વારા ઈંદ્રિયો તથા નિદ્રાને જીતવા માટે અથવા અધ્યાત્મ બળ દ્વારા કામ, ક્રોધ, લોભ વગેરે વિકારોને હરાવવા માટે જ ગીતાનું અમૂલ્ય જ્ઞાન પ્રદાન કર્યું હતું. આ વાતને અમે અહીં આ પુસ્તકમાં ગીતાનાં જ અમુક શ્લોકો દ્વારા વધુ સ્પષ્ટ કરીશું. મનુષ્યની એ ગંભીર ભૂલ છે કે તેણે હિંસાના રંગે રંગાયેલા યુદ્ધને ગીતાની સાથે જોડી કલ્યાણકારી ગીતા માતાનું અપમાન કર્યું છે.

## શું ગીતા-જ્ઞાન દ્વાપરયુગના અંતમાં આપવામાં આવ્યું હતું ?

ગીતાના ભાવને સમજવા માટે એ જાણવું પણ જરૂરી છે કે આ જ્ઞાન ક્યારે આપવામાં આવ્યું હતું ? એ તો સર્વવિદિત છે કે દ્વાપરયુગ પછી તો કલિયુગનું આગમન થાય છે. કલિયુગમાં ધર્મની કળાઓનો હ્રાસ અથવા ધર્મનાં ત્રણે કાળોનો લોપ માનવામાં આવે છે અને આસુરી લક્ષણોનો ઉત્તરોત્તર વિકાસ અને તેનું પ્રાધાન્ય માનવામાં આવે છે. આ વાતને ધ્યાનમાં રાખી જરા વિચારો કે - ‘ભગવાને ગીતાનું જ્ઞાન દ્વાપર યુગના અંતમાં આપ્યું’ - એ માન્યતા કેટલી યોગ્ય છે ? કારણ કે એ વિચારાતીત છે કે ભગવાને ધર્મ-સ્થાપવાની બદલે અધર્મ, પતન, દાનવપણું અને યોગ-ભ્રષ્ટતાનાં યુગનો સૂત્રપાત કર્યો હોય. અધર્મનાં વિનાશ અને ધર્મની પુનઃસ્થાપના પછી તો સતોપ્રધાનતા, પવિત્રતા અને દૈવી સંપદાયુક્ત યુગ અર્થાત્ સતયુગ, દેવયુગ અથવા કૃતયુગ જ આવવો જોઈએ કલિયુગ નહીં.

આમ, અધર્મના વિનાશનો સમય અથવા સૃષ્ટિના મહાવિનાશ (ગીતાના શબ્દોમાં ‘લોક ક્ષય’) નો સમય તો કલિનાં અંતનો સમય જ હોય છે. એટલે વાસ્તવિક તથ્ય એ છે કે ભગવાને ગીતા-જ્ઞાન રૂપી શિક્ષા કલિયુગ અંત અને સતયુગ આરંભના સંધિકાળ અર્થાત્ સંગમકાળમાં જ આપી હતી અને ત્યારબાદ સતયુગનું શુભાગમન થયું

હતું, જેમાં ધર્મની કળાઓ પૂર્ણ હતી. પણ, એ કેવી વિડંબના છે કે ગીતા જ્ઞાનનો સમય દ્વાપરયુગ જાહેર કરી અને ત્યારબાદ કલિયુગનો સમય માની સ્વયં ગીતા-પ્રેમી પણ અજાણતાં જ ગીતાનું અપમાન કરે છે.

## ગીતા-જ્ઞાન કોણે આપ્યું ?

હવે જરા એ વાત પર પ્રકાશ નાંખવો અતિ આવશ્યક છે કે ગીતા જ્ઞાન આપનાર ભગવાનનો સાચો પરિચય શો છે ? વર્તમાન સમયે જે શ્રીમદ્‌ભગવદ્ ગીતા ઉપલબ્ધ છે તેમાં મોર-મુગટધારી શ્રીકૃષ્ણનું ચિત્ર પણ સંલગ્ન હોય છે અને ઘણાં ખરાં લોકો માને છે કે ગીતા-જ્ઞાન મોરમુગટધારી શ્રીકૃષ્ણે જ આપ્યું હતું. પરંતુ આવી માન્યતા ધરાવતાં લોકો ગીતાની મૂળભૂત શિક્ષા જ વિસરી ગયાં છે કે દેહ અને દેહી, ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ અલગ-અલગ સત્તાઓ છે. જે રીતે 'આત્મા' શબ્દ 'દેહ'નો વાચક નથી તેવી જ રીતે પરમાત્મા અથવા **'ભગવાન્'** શબ્દ પણ કોઈ **દૈહિક રૂપનો** પરિચાયક નથી.

તમે વિચારતાં હશો કે જો મોર-મુગટધારી શારીરિક રૂપ ભગવાનનું નથી તો તેનાંથી અલગ ભગવાનનું પોતાનું સાચું રૂપ ક્યુ છે ? એ રહસ્યનું કોકડું ઉકેલતાં પહેલાં આત્માનાં સ્વરૂપની જાણકારી જરૂરી છે. પહેલાં તો એ સુસ્પષ્ટ હોવું જોઈએ કે આત્મા જ્યોતિ-બિંદુ સ્વરૂપ છે. પરમાત્મા તેમનામાં પરમ છે. આમ, તેઓ પણ જ્યોતિબિંદુ જ છે, પણ તેઓ જ્ઞાન, શાંતિ, આનંદ અને પ્રેમના સિંધુ (સાગર) છે. અમે ગીતાના શ્લોકો દ્વારા આ જ વાતને પુસ્તકમાં સ્પષ્ટ કરી છે. ઘણાં પાઠકોને આ બધી વાતો નવાઈ ભરેલી લાગે, જે વસ્તુ જ આ લેખ-માળાની વિશેષતા છે.

વિચારણીય બાબત એ છે કે જો ભગવાનનું રૂપ મોરમુગટધારી અથવા બીજું કોઈ શારીરિક રૂપ હોત તો પછી એ કહેવાની શી આવશ્યકતા હતી કે ભગવાન દિવ્ય-દૃષ્ટિનું વરદાન આપે છે અને તેમને દિવ્યચક્ષુ દ્વારા જ નિહાળી શકાય છે. આમ, એ હંમેશા યાદ રાખો કે આત્માઓની માફક ભગવાનનું રૂપ પણ જ્યોતિબિંદુ છે. ભારતમાં 'શિવલિંગ' નામ સાથે ચારે દિશાઓમાં તેમની પ્રતિમાઓ પૂજાય છે. ભગવાનનું આ રૂપ 'નિરાકાર' કહેવાયું છે કારણ કે બિંદુનો કોઈ આકાર નથી હોતો. ભગવાનના આ જ રૂપની બૃહદ પ્રતિમા મુસલમાનોના પવિત્ર સ્થળ મક્કામાં 'સંગ-એ-અસવદ્' નામથી મોજૂદ છે. જેને ભારતવાસીઓ  મક્કેશ્વર પણ કહે છે. આ જ રૂપનો ઉલ્લેખ બાઈબલમાં જેહોવા (Jehovah) નામ સાથે છે. આખા વિશ્વનાં કલ્યાણકારી હોવાને લીધે ભગવાનનું પ્રસિદ્ધ સ્વકથિત નામ 'શિવ' છે. તેઓ બ્રહ્મા, વિષ્ણુ, શંકરને પણ રચનારાં છે. એ પણ યાદ રહે કે શિવની પ્રતિમા મહાદેવ શંકરની પ્રતિમાથી અલગ છે.

## ગીતા વિશેના અન્ય મહત્વપૂર્ણ રહસ્યોનું સ્પષ્ટીકરણ

ગીતામાં ભગવાનના અનેકાનેક નામોનો ઉલ્લેખ છે. તેમાંથી એક નામ 'કૃષ્ણ' પણ છે. આ નામનો ખોટો અર્થ સંદર્ભ લેવાથી ગીતા વિશે બહુ મોટી ભૂલ થઈ છે. એટલે આ વિશેનું સ્પષ્ટ જ્ઞાન બહુ જરૂરી છે.

એ તો સર્વમાન્ય છે કે ભગવાનના બધાં નામ ગુણ-વાચક અથવા કર્ત્તવ્ય-વાચક છે. એટલે  ભગવદ્ ગીતામાં ભગવાનને માટે પ્રયુક્ત આ 'કૃષ્ણ' નામ પણ વ્યક્તિ-વાચક અથવા સંજ્ઞા-વાચક નથી. પુનશ્ચ, આ ગુણ વાચક નામ શ્યામ-વર્ણના અર્થમાં પ્રયોગાયેલો નથી કારણ કે ભગવાન તો જ્યોતિ સ્વરૂપ છે. ત્યારે જ ગીતામાં એ

મહાવાક્ય છે કે ભગવાન સૂર્યની માફક (આદિત્યવર્ણ) પ્રકાશમાન છે અને શ્યામળતાથી હંમેશાં પરે છે. પછી, તેમને તો દિવ્ય દૃષ્ટિ દ્વારા જ જોઈ શકાય છે-એનો સાચો ભાવ છે કે 'શ્યામ'ના અર્થમાં કૃષ્ણ નામ ભગવાનને માટે પ્રયોગી ન શકાય બલ્કે 'આકર્ષણ-મૂર્ત' અથવા 'આનંદ સ્વરૂપ' અથવા 'યોગીઓના પાપોનું નિવારણ કરનાર'નાં અર્થમાં જ આ જ્યોતિ-બિંદુ પરમાત્માનું ગુણવાચક, કર્તવ્યવાચક, આત્મિક નામ 'કૃષ્ણ' પણ છે. પરંતુ 'કૃષ્ણ' શબ્દનો આ અર્થ લેવાની બદલે તેને એક સંજ્ઞા-વાચક અથવા શારીરિક નામ માનવાથી મુગટધારી શ્રીકૃષ્ણને ગીતા-જ્ઞાન-દાતા માનવાની ભૂલ થઈ ગઈ છે.

જરા વિચારો કે જો 'કૃષ્ણ' નામ ગુણ અને કર્ત્તવ્ય વાચકની બદલે વ્યક્તિ-વાચક હોત તો ગીતામાં કેવળ એ એક જ નામનો પ્રયોગ થયો હોત પણ બધાં જાણે છે કે આ નામ સિવાય પણ જનાર્દન, કેશવ, હૃષીકેશ, ગોવિંદ, અચ્યુત વગેરે નામોનો પણ ઉલ્લેખ છે. જ્યારે આ બધાં નામો પરિચય-વાચક અથવા સ્વરૂપ-વાચક છે તો 'કૃષ્ણ' નામને દેહ-વાચક અથવા વ્યક્તિવાચક માનવું ક્યાં સુધી તર્કસંગત છે ? દાખલા તરીકે જનતાની પ્રાર્થના સ્વીકાર કરનાર હોવાથી તેમનું એક નામ જનાર્દન છે. બ્રહ્મા, વિષ્ણુ અને શંકર દ્વારા કર્ત્તવ્ય કરાવનાર હોવાથી તેમનું નામ કેશવ પણ છે. આવી જ રીતે આનંદ સ્વરૂપ અથવા આકર્ષણ-મૂર્ત હોવાથી જ તેમનું નામ કૃષ્ણ પણ છે. તેમનું રૂપ જ્યોતિબિંદુ છે.

**અર્જુન કોણ હતાં ?**

જાણવાં યોગ્ય એક ગૂઢ રહસ્ય એ પણ છે કે જે રીતે કૃષ્ણ, જનાર્દન, કેશવ વગેરે જ્યોતિ-બિંદુ ભગવાનના ગુણ-વાચક નામ છે,

તેવી જ રીતે 'અર્જુન', 'અનઘ', 'પરંતપ', 'ગુડાકેશ' વગેરે નામ પણ એ વ્યક્તિના વાચક છે જેનાં તનમાં પ્રવેશીને ભગવાને ગીતા-જ્ઞાન આપ્યું. 'અર્જુન' કોઈ વ્યક્તિ-વાચક નામ નથી. જો તે એક સંજ્ઞા-વાચક નામ હોત તો અન્ય ગુણ વાચક નામોનો પ્રયોગ શા માટે થયો હોત ? આમ, જેમ 'નિષ્પાપ'ના અર્થમાં 'અનઘ', 'નિદ્રાજીત' ના અર્થમાં 'ગુડાકેશ', યોગરૂપી તપસ્યા કરનાર હોવાથી 'પરંતપ', પવિત્રતા અને સુખ માટે પુરૂષાર્થમાં વ્યસ્ત હોવાથી 'ભારત' વગેરે નામ 'અર્જુન' માટે પ્રયોગાયેલાં છે, તેમ પવિત્રના અર્થમાં 'અર્જુન' નામ પણ બ્રહ્માને માટે જ પ્રયોજાયેલું છે. ગીતા-જ્ઞાન પ્રજાપિતા બ્રહ્માના માધ્યમ દ્વારા જ પ્રદાન કરવામાં આવ્યું હતું, એટલે જ બ્રહ્માને જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. બ્રહ્માને આદિપિતા અથવા જગત-પિતા પણ માનવામાં આવે છે કારણ કે ગીતા-જ્ઞાન સંભળાવવાં માટે પરમપિતાનું અવતરણ બ્રહ્માના તનમાં થયું હતું.

## અર્જુનનો રથ

જે રીતે ગીતા-જ્ઞાનમાં શરીરને આત્માનું 'વસ્ત્ર' અથવા 'ક્ષેત્ર' કહેવામાં આવ્યું છે, તે રીતે જ શરીરની સરખામણી 'રથ' સાથે પણ કરવામાં આવી છે. મન જ આ રથના ઘોડાં છે અને જ્ઞાન પ્રાપ્ત કરવાં ઈચ્છતી વ્યક્તિએ આ ઘોડાઓની બુદ્ધિરૂપી લગામ ભગવાનને સોંપવી પડે છે. પ્રજાપિતા બ્રહ્મા, જેમનું જ એક ગુણ-વાચક નામ 'અર્જુન'[૧] પણ છે, ના શરીરમાં, જયોતિબિંદુ પરમાત્માનું અવતરણ થાય છે, એટલે જ કહેવામાં આવ્યું છે કે 'ભગવાન' અર્જુનના સારથી બન્યા હતાં. 'સારથી' નો અર્થ છે - 'એક જ રથમાં બે અસવારો'. અર્જુન અથવા બ્રહ્માનાં તનમાં તેમની માનવીય આત્મા તો હતી જ પરંતુ

૧- અર્જુન શબ્દનો અર્થ છે- જ્ઞાન અને ગુણ અર્જીત કરનાર

જ્યોતિબિંદુ ભગવાને પણ તેનાં શરીરમાં પ્રવેશી, એ આત્માની સાથે બેસી તેનાં મુખ દ્વારા ગીતા-જ્ઞાન આપ્યું, એટલે જ તેમને ‘અર્જુનનાં સારથી’ કહેવામાં આવ્યા અને એ પણ કહેવામાં આવ્યું છે કે ‘બ્રહ્મા’ના મુખ દ્વારા બ્રાહ્મણ પેદા થયાં. પરંતુ ‘રથ’, ‘સારથી’ વગેરે શબ્દોનાં ગૂઢ અર્થોથી અજાણ હોવાથી ગ્રંથકારોએ ઘોડાંવાળાં રથમાં શ્રીકૃષ્ણને સારથી માની અર્થનો અનર્થ કર્યો છે.

## ગીતા-જ્ઞાન અને વર્તમાન યુગ

ભગવાન કેવળ એક અર્જુનને જ ગીતા-જ્ઞાન નથી આપતાં પણ ‘અર્જુન’ અથવા બ્રહ્માના મુખ દ્વારા સમસ્ત માનવ-માત્ર માટે ગીતા-જ્ઞાન આપે છે. કલિયુગના અંતમાં અનેકાનેક નારીઓનું ચીર-હરણ થાય છે, લોકો ખૂબ જૂગાર-સટ્ટો રમે છે, સૂરાપાન કરે છે તથા આહાર-વ્યવહાર અને આચરણમાં ભ્રષ્ટ થઈ જાય છે.

હવે તમે ગંભીરતાપૂર્વક વિચારવાથી એ નિર્ણયે જ પહોંચશો કે હવે ફરીથી એવી જ પરિસ્થિતિઓ પેદા થઈ ચૂકી છે. એક તરફ તો આસુરી સૃષ્ટિના મહાવિનાશ માટે મૂસળ (Missiles) વગેરે બની ચૂક્યાં છે અને બીજી તરફ ભગવાને પ્રજાપિતા બ્રહ્માના તનમાં પ્રવેશીને તેમનાં મુખ દ્વારા ગીતા-જ્ઞાન સંભળાવ્યું છે તથા સહજ રાજયોગની પુનઃશિક્ષા આપી છે. દુઃશાસન, દુર્યોધન, ધૃતરાષ્ટ્ર, કૌરવ વગેરે નામોને અનુરૂપ અવગુણી લોકો એક તરફ ઉપસ્થિત છે અને હવે બીજી તરફ પરમાત્મા સાથે યોગ-યુક્ત થનારાં પ્રીતિ-બુદ્ધિ ‘પાંડવ’ પણ છે જેઓ જ્ઞાન-બળ તથા યોગ-બળ દ્વારા કામ-ક્રોધાદિ પર વિજય પ્રાપ્ત કરવા માટે અહિંસક યુદ્ધ કરી રહ્યાં છે.

‘ભગવદ્ ગીતાનો સત્ય સાર’ પુસ્તક ને આ દૃષ્ટિએ વાંચવાથી

જ પૂર્ણ લાભ પ્રાપ્ત કરી શકાશે. અમે ઉપરોક્ત વિષયોનું વિસ્તૃત સ્પષ્ટીકરણ 'મહાભારત અને ગીતાનું સાચું સ્વરૂપ અને સાર' નામક પુસ્તકમાં પણ આપ્યું છે. પ્રસ્તુત પુસ્તક એ જ પુસ્તકના આઠ પ્રકરણોને લઈ છાપવામાં આવી છે જેનાથી જેમને સંક્ષેપમાં ફક્ત ગીતાનાં સારને વાંચવામાં જ રસ છે તેઓ આનો લાભ લઈ શકે.

આ વિષય પર વધુ જાણકારી મેળવવા તથા યોગાભ્યાસની સાચી વિધિ શીખવા માટે ઈચ્છુક વ્યક્તિ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ-વિદ્યાલયના કોઈ પણ નજીકના સેવા કેંદ્ર પર પધારીને વિના-મૂલ્યે આ સેવા મેળવી શકે છે.

- જગદીશ ચંદ્ર

<u>અનુભૂમિકા</u>

# ભગવદ્‌ગીતાનો સત્ય સાર

આમ તો લાંબા સમયથી જ વિદ્વાનો અલગ-અલગ દૃષ્ટિકોણથી શ્રીમદ્ ભગવદ્‌ગીતાની વ્યાખ્યાઓ કરતાં આવ્યાં છે કે ટીકાઓ લખતાં આવ્યાં છે. આદિ શંકરાચાર્ય[૧], રામાનુજાચાર્ય[૨], માધવાચાર્ય[૩], નિંબર્કાચાર્ય[૪], વલ્લભાચાર્ય[૫] અથવા તેમનાં કોઈ પ્રમુખ શિષ્યે પણ ગીતાનાં શ્લોકોનો અર્થ લખીને કે ગીતા પર ટીકા કરીને પોત-પોતાનાં મતની પુષ્ટિ કરવાનો પ્રયત્ન કર્યો છે. ગીતામાં આત્મા, પરમાત્મા, જગત્, માયા વગેરે વિષયો પર ભગવાને જે કાંઈ કહ્યું છે, તેની આ બધાંએ પોત-પોતાનાં મતાનુસાર વ્યાખ્યા કરી છે. લોકમાન્ય

---

૧. શંકરાચાર્ય પહેલાં પણ અમુક ટીકાઓ લખાઈ હતી; તેમનો ઉલ્લેખ શંકરાચાર્યએ પોતાની ટીકાની ભૂમિકામાં કર્યો છે. શંકરાચાર્યના દૃષ્ટિ કોણને તેમના પછી આનંદગિરિ, શ્રીધર અને મધુસૂદન વગેરેએ વિસ્તૃત રૂપમાં લોકો સમક્ષ રાખ્યો. એમના મતને **‘અદ્વૈતવાદ’** કહેવામાં આવે છે.

૨. એમણે યામુનાચાર્ય દ્વારા તેમની ‘ગીતાર્થ સંગ્રહ’માં પ્રતિપાદિત વ્યાખ્યાનું અનુસરણ કર્યું. એમનો મત **‘વિશિષ્ટ અદ્વૈતવાદ’** કહેવાય છે.

૩. માધવાચાર્યએ ભગવદ્‌ગીતા પર ‘ગીતા ભાષ્ય’ તથા ‘ગીતા તાત્પર્ય’ નામક બે ગ્રંથો લખ્યાં છે. એમણે **‘દ્વૈત વાદ’** ને પ્રતિપાદિત કર્યો.

૪. એમના શિષ્ય કેશવ કશ્મીરીએ ગીતા પર ‘તત્વ પ્રકાશિકા’ નામની ટીકા લખી. એમના મતને **‘દ્વૈતાદ્વૈત’** કહેવાય છે.

૫. વલ્લભાચાર્યએ **‘શુદ્ધાદ્વૈત’** મતનો વિકાસ કર્યો.

તિલક, મહાત્મા ગાંધી, અરવિંદ ઘોષ, ડૉ. રાધાકૃષ્ણન, પં. દામોદર સાતવલેકર તથા આર્ય સમાજનાં અમુક વિદ્વાનો, જેવાં કે આર્ય મુનિ[૬], ભાઈ પરમાનંદજી[૭] વગેરે એ પણ પોત-પોતાનાં દૃષ્ટિકોણથી આનો અર્થ અથવા ભાવ વ્યક્ત કર્યો છે. ઘણાં આર્ય સમાજી લેખકોએ તો ગીતાનાં ઘણાં શ્લોકોને 'ક્ષેપક' અથવા 'પુનરોક્ત' નું નામ આપીને તેમને કાઢી પણ નાંખ્યા છે[૮]. ભંડારકર ઓરિયેન્ટલ રિસર્ચ ઇંસ્ટીટ્યૂટ, પૂના, થિયોસોફીકલ સોસાયટી, અદિયાર તથા બીજી ઘણી સંસ્થાઓનાં[૯] નેજા હેઠળ પણ ઘણાં મેઘાવી લેખકોએ મહાભારત તથા ગીતાના ઘણા પાઠાંતરોનું અધ્યયન કરીને એનું પરિમાર્જીત સ્વરૂપ પ્રસ્તુત કરવા માટે ઘણાં ગ્રંથો પ્રકાશિત કર્યા છે. એક વિદ્વાને તો ગીતાને ત્રણ અલગ-અલગ લેખકોની કૃતિ માનીને, ગીતાના શ્લોકોને ત્રણ અલગ-અલગ ભાગોમાં વહેંચ્યા છે.[૧૦] બીજા પણ ઘણાં પ્રતિભાશાળી ભારતીય તથા પાશ્ચાત્ય વિદ્વાનોએ આની પર પાંડિત્યપૂર્ણ ગ્રંથ લખ્યાં છે. દરેકની પોત-પોતાની વિશેષતા છે. ઘણું અધ્યયન અને મનન કર્યા પછી એ બધાં ગ્રંથોમાં જે ભાવો વ્યક્ત કરવામાં આવ્યા છે, એ બધાથી અહીં અપાયેલાં ગીતા-સારનું બે વાતોમાં વિશેષ અંતર છે.

૬. એમણે **'ત્રૈતવાદ'** ના દૃષ્ટિકોણ સાથે ગીતાના શ્લોકોનું અર્થઘટન કર્યું.

૭. મારો અંત સમયનો આશ્રય - શ્રીમદ્ ભગવદ્ગીતા.

૮. ઉદાહરણાર્થે, સ્વામી આત્માનંદ સરસ્વતી દ્વારા લિખિત 'વૈદિક ગીતા' જુઓ.

૯. જેમ કે, (અ) મૈલાપુર શુદ્ધ ધર્મ મંડળની 'શુદ્ધ ધર્મ ગીતા' તથા (બ) રસશાળા ઔષધાશ્રમ, ગોંડલની 'ચંદ્રઘંટા ટીકા' તથા (ક) Bhagwad-Gita with eleven Commentaries by The Gujarati Printing Press, Bombay.

૧૦. The Quest for Original Gita by G.S. Khair.

## વિશેષ અંતર

(૧) મારો ઉદ્દેશ્ય શબ્દ કોષ, વ્યાકરણ કે નિરૂક્ત વગેરેને લઈને ગીતાની કોઈ ટીકા લખવાનો નથી. હું કોઈ શબ્દ શાસ્ત્રનો વિદ્વાન નથી અને ન તો મને ગીતા શાસ્ત્રનું કોઈ જાતનું પાંડિત્ય. મેં તો માત્ર સેવાર્થ જ આ વિષય ઉપર કલમ ઉપાડી છે. કરૂણાસિંધુ, જ્યોતિબિંદુ **પરમપિતા પરમાત્મા શિવે, પ્રજાપિતા બ્રહ્મા દ્વારા અમને જે જ્ઞાનરૂપી અમૃત અથવા સંજીવની પ્રદાન કરી છે, તેનાં દ્વારા જ પ્રભુ પ્રેમીઓને અથવા જ્ઞાનાભિલાષીઓને લાભાન્વિત કરવાનું અમારૂં લક્ષ્ય છે.** આમાં મારૂં પોતાનું કાંઈ જ નથી, બધું જ એ પ્રભુની દેન છે. હા, આમાં જે ભૂલો છે, એ લેખકની છે.

લેખકે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ-વિદ્યાલયનાં સંપર્કમાં આવ્યા પછી જ્યારે એ પરમપિતા પરમાત્મા દ્વારા અપાયેલું જ્ઞાન પ્રાપ્ત કર્યું ત્યારે તેમને તેનાં દ્વારા જે અર્થ-સાક્ષાત્કાર થયો, તેનાં આધારે તથા એ જ દૃષ્ટિએ અહીં સર્વશાસ્ત્રમયી શિરોમણિ ગીતાનો સાર લખવામાં આવ્યો છે. એ શક્ય છે કે તેનાં લખાણમાં ઘણી ત્રુટિઓ રહી ગઈ હોય. એ બધી કમીઓ તેની પોતાની અલ્પજ્ઞતાને કારણે જ રહી ગઈ હશે.

(૨) આ પુસ્તકમાં એક-એક શ્લોકને લઈને તેનો અર્થ કરવામાં નથી આવ્યો બલ્કે અધ્યાત્મના અમુક મુખ્ય વિષયોને ચૂંટીને સ્પષ્ટ કરવામાં આવ્યાં છે અને પદ-લેખમાં તત્સંબંધી શ્લોક આપી દેવામાં આવ્યાં છે. આનાંથી પાઠકોને એ લાભ થશે કે તેઓ એક વિષય પર સળંગ ધારાવાહિક રીતે ગીતા-જ્ઞાનને પ્રાપ્ત કરી શકશે.

અંતમાં મારૂં નિવેદન છે કે અમે એ દાવો નથી કરતા કે ગીતાનાં કોઈ શ્લોકનો કેવળ એ જ અર્થ નિકળે છે જે અમે અહીં લીધો છે. વિદ્વાનોએ અગાઉ પણ ગીતાનાં શ્લોકોના વિભિન્ન અર્થ કર્યા છે -

જે અમે આ લેખની શરૂઆતમાં જણાવી આવ્યા છીએ. ઘણાં વિદ્વાનોએ શ્લોકોના અર્થની ખેંચતાણ પણ કરી છે - એવું ઘણાં દાર્શનિકો તથા આલોચકોએ કહ્યું છે. અતઃ એ સંભવ છે કે પાઠકોની દૃષ્ટિએ કોઈ શ્લોકનો અર્થ અમારાં મંતવ્ય તથા અનુભવને અનુકૂળ પ્રતીત ન થતો હોય અને અમે તેને પોતાનાં મંતવ્યને પ્રતિપાદિત કરવા માટે ઉદ્ધૃત કર્યો હોય; તો પાઠક એ શ્લોકને છોડીને સામાન્ય રીતે પોતાનાં વિવેક અનુસાર જાણવાની કોશીશ કરે અને એ રહસ્યનો તાગ મેળવવાનો યત્ન કરે. તેઓ અમારી એ વાતને યાદ રાખે કે અમે શ્લોકોનાં સંદર્ભમાં કોઈ પ્રકારનો આગ્રહ નથી કરતાં કારણ કે અમે તો અગાઉ જ કહી આવ્યાં છીએ કે આજે ગીતા પોતાનાં આદિ સ્વરૂપમાં નથી બલ્કે તેમાં અનેક સુધારા-વધારાં થયાં છે. અમે તો એ વાતને ફરી-ફરીથી કહી છે કે તેમાં જે મંતવ્યોને પ્રતિપાદિત કરવામાં આવ્યાં છે, તે સ્વયં વરદાતા પરમાત્માની જ દેન છે જેનાં દ્વારા મારાં પોતાનાં જીવનમાં પણ ઘણો લાભ થયો છે.

અમે ‘ગીતા-સાર’ને લખવા માટે કુલ બાર મુખ્ય વિષયો ચૂંટ્યાં હતાં. જો અમે એ બધાં વિષયો પર ‘ગીતા-સાર’ પ્રસ્તુત કરત તો એક મોટું દળદાર પુસ્તક બની જાત. અતઃ સંક્ષેપ કરવા માટે અમે એ બારમાંથી અહીં કેવળ પાંચ-છ વિષયો ઉપર જ પ્રકાશ નાંખ્યો છે.

અમને આશા છે કે આ ગીતા-સાર દ્વારા ઘણાં લોકોને જ્ઞાન-પ્રકાશ મળશે, તેમને જ્યોતિ-બિંદુ પરમાત્મા શિવ સાથે યોગયુક્ત થવાની પ્રેરણા મળશે, તેમનાં જીવનમાં પવિત્રતા પોતાની પૂર્ણ પરાકાષ્ટાએ પહોંચશે અને તેમને અનંત લાભ પ્રાપ્ત થશે. આ બધા માટે તેઓ જ્ઞાન-સાગર પરમપિતા શિવ પરમાત્મા પ્રત્યે જ પ્રેમ-પ્લાવિત થાય, મનમાં તેમનાં ગુણગાન ગાય અને ધન્યવાદ વ્યક્ત કરે કારણ કે આમાં સંગ્રહિત જ્ઞાન-રત્ન આત્માઓ માટે તેમની સ્નેહભેટ છે.

**- જગદીશ**

# ગીતા-જ્ઞાનનો ઉદ્દેશ્ય અથવા પ્રયોજન

આજે શ્રીમદ્ભગવદ્ ગીતા નામનું જે શાસ્ત્ર ઉપલબ્ધ છે, જો આપણે તેનું આદ્યોપાંત અધ્યયન કરીએ તો આપણે એ જ નિશ્ચય પર પહોંચીશું કે તેનો એક ઉદ્દેશ્ય મનુષ્યને દેહ અને આત્માનો[૧] અર્થાત્ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો[૨] ભેદ જાણાવી આત્મામાં સ્થિત કરવાનો[૩] તથા તેને પરમાત્માનો પરિચય આપીને ફરીથી સંદેહરહિત, નષ્ટોમોહ અને સ્મૃર્તિલબ્ધા[૪] બનાવવાનો છે. આજે જે ૭૦૦ શ્લોકોવાળી ગીતા આપણને મળે છે તેમાં ઘણા-ખરા શ્લોકો મનુષ્યને આત્મા અને પરમાત્માનું જ્ઞાન આપવાની સાથે સાથે તેને યોગ-સ્થિત કરવાના, તેને કર્મ, અકર્મ અને વિકર્મની ગુહ્ય ગતિનું જ્ઞાન આપવાના, પ્રવૃત્તિ અને નિવૃત્તિનો ભેદ જણાવવાના, દૈવી અને આસુરી સંપદાનું અંતર

---

૧. ગીતાના બીજા અધ્યાયમાં દેહ અને આત્મા વચ્ચેનો ભેદ જણાવાયો છે.

૨. ગીતાના ૧૩મા અધ્યાયમાં 'ક્ષેત્ર' અને 'ક્ષેત્રજ્ઞ'નું જ્ઞાન આપવામાં આવ્યું છે. તેમાં ભગવાને સ્પષ્ટ કહ્યું છે કે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું જ્ઞાન જ વાસ્તવિક જ્ઞાન છે. ગીતા - ૧૩/૨

૩-૪. ગીતા-સાર સાંભળ્યા પછી અર્જુને એમ જ કહ્યું કે હવે મારો મોહ નષ્ટ થઈ ગયો છે, મારો સંદેહ તથા સંશય સમાપ્ત થઈ ગયો છે. હવે હું આત્માના સ્વરૂપમાં સ્થિત થઈ ગયો છું અને ઈશ્વરીય સ્મૃતિમાં સ્થિર થયો છું :

नष्टोमोहः स्मृतिर्लब्धा त्वत्प्रसान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥ (અ. ૧૮ શ્લ ૭૩)

સમજાવવાના, કામ-ક્રોધાદિ વિકારો પર વિજય પ્રાપ્ત કરવાના તથા બ્રહ્મલોક પાછા ફરવા માટે પુરુષાર્થ કરવાનાં વિષયમાં જ છે.[૫] ગીતાનાં ઘણાં શ્લોકોમાં આ જ્ઞાનનું પ્રયોજન સ્પષ્ટ શબ્દોમાં જણાવાયું છે. ઉદાહરણાર્થે એક શ્લોકમાં કહેવાયું છે કે - ‘‘હે અર્જુન, તું યોગી બન કારણ કે યોગી જ સૌથી શ્રેષ્ઠ છે.’’[૬] પછી ગીતામાં એ પણ જણાવાયું છે કે યોગી કેવો હોય છે અને યોગ-સ્થિત અથવા સ્થિત-પ્રજ્ઞ આત્માનાં શા લક્ષણો હોય છે ? તેમાં કહેવાયું છે કે યોગી દ્વેષ રહિત હોય છે, તેની બધાં સાથે ***મૈત્રી*** હોય છે, તે બધાં પ્રત્યે ***કરૂણા*** *ભાવ* રાખે છે, તે નિર્મોહી તથા નિરહંકારી હોય છે, ***ક્ષમાશીલ*** પણ હોય છે

૫. ૭૦૦ શ્લોકવાળી ગીતામાં લગભગ ૬૦-૭૦ શ્લોક આત્મા અને મન તથા બુદ્ધિ વિશે, ૧૫૦ શ્લોક પરમાત્મા વિશે, ૧૦૦ શ્લોક યોગ વિશે, ૬૦-૭૦ શ્લોક કર્મ, કર્મ-ફળ, પાપ-પુણ્યની પરિભાષા વિશે, ૩૦-૩૫ શ્લોક સંન્યાસ અથવા ત્યાગ વિશે, ૩૦-૩૫ શ્લોક જ્ઞાન વિષયક, ૨૦-૨૫ શ્લોક દૈવી અને આસુરી સંપ્રદાય વિશે અને ૨૦-૨૫ શ્લોક કામ-ક્રોધાદિ વિકારો વિશે, ૧૫-૨૦ શ્લોક સ્થિતિ, ગતિ, મુક્તિ અને પરમપદ વિશે, આવી જ રીતે અમુક શ્લોક ધર્મ, સ્વધર્મ, પરધર્મ, સુખ-દુઃખ, યુગ-આયુ વગેરે વિશે પણ છે અને અમુક શ્લોક અન્યોને આ જ્ઞાન આપવા વિશે પણ છે. **બીજાં શબ્દોમાં ગીતાનો વિષય ‘જ્ઞાન’, ‘યોગ’ દિવ્ય ગુણોની ધારણા (અથવા પવિત્રતા) અને અન્યોની ઈશ્વરીય જ્ઞાન દ્વારા ‘સેવા’ છે.** યુદ્ધ સાથે સંબંધ ધરાવતાં શ્લોકો ૧૫-૨૦ કરતાં વધુ સંખ્યામાં નથી અને જે છે તેમાંના પોણા ભાગ કરતાં વધુ તો સ્પષ્ટ રીતે મનોવિકારો વિરૂદ્ધ યુદ્ધ વિશેના જ છે.

૬. तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योपि यतोऽधिकः
कर्मिभ्यश्चधिको योगी **तस्मांद्योगीभवार्जन** ॥ ६/४६

તથા સુખ-દુઃખમાં સદા સમાન હોય છે.[૭] તે સદા ***સંતુષ્ટ*** હોય છે.[૮] તે સ્વયં દુઃખ નથી લેતો અને ન તો બીજાને આપે છે.[૯] તે અંદર અને બહારથી પવિત્ર હોય છે.[૧૦]

ગીતામાં જે ૧૫-૨૦ શ્લોકો યુદ્ધ સાથે પણ સંબંધ ધરાવે છે, તેનાં અધ્યયન દ્વારા પણ નિશ્ચયાત્મક રીતે કહી શકાય કે તેમાં કામરૂપી વેરી અથવા સંશયરૂપી શત્રુ સાથે જ્ઞાનરૂપી તલવાર દ્વારા થતાં યુદ્ધ વિશે જ કહેવાયું છે[૧૧]. ગીતામાં એક શ્લોકમાં કહેવાયું છે કે - "હે અર્જુન, જો તું અહંકાર-વશ યુદ્ધની વાત નહીં માને તો આખરે સ્વભાવ-વશ થઈને પણ તું યુદ્ધ કરીશ."[૧૨] આ શ્લોકના સંદર્ભમાં ઘણાં લોકો કહે છે કે ભગવાને ગીતા જ્ઞાન, મોહગ્રસ્ત થયેલાં અર્જુનને યુદ્ધાર્થે પ્રેરિત કરવા માટે આપ્યું હતું. પરંતુ આપ જોશો કે આ જ અધ્યાયમાં, આનાથી ૪-૫ શ્લોક અગાઉ જ કહેવાયું છે કે યોગી જ મને પ્રિય છે અને યોગી એ છે જે હિંસા નથી કરતો અને બધામાં સમ-

---

૭. **अद्वेष्टा** सर्वभूतानां **मैत्रः करुण** एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः **क्षमी** ॥ १२/१३

८. **सन्तुष्टः** सततं योगी यतात्मा दृढ़निश्चयः ।
नय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥ १२/१४

९. **यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।**
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥ १२/१५

१०. अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स में प्रियः ॥ १२/१६

११. तस्मादजानसंभूतं हृत्स्थं ज्ञानासिनाऽऽत्मनः ।
छित्वैनं संशयं योगमातिष्ठोतिष्ठाभारत ॥ ४/४२

१२. यदहंकारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ॥ १८/५९

ભાવ રાખે છે તથા સદા શાંત અને પ્રસન્ન રહે છે.[13] આ જ લેખમાં યોગીનાં લક્ષણો વિશે અમે આગળ જણાવી આવ્યાં છીએ કે તેનો કોઈ શત્રુ નથી હોતો, તેનો કોઈની સાથે દ્વેષ નથી હોતો અને તે કોઈને દુઃખ નથી આપતો બલ્કે તેનાં મનમાં બધાં પ્રત્યે કરૂણા હોય છે, તે ક્ષમાશીલ હોય છે. હવે વિચારણીય બાબત છે કે જો અહીં યુદ્ધને હિંસક યુદ્ધ માનવામાં આવે તો આ પાછલાં શ્લોકો સાથે આની સરખામણી થતી નથી બલ્કે વિરૂદ્ધ-ભાવ અથવા ભાવ-વૈપરીત્ય પેદા થાય છે. અતઃ જ્યારે ગીતાનો પ્રધાન વિષય જ યોગ-યુક્ત થવાનો, દૈવી-સંપદાને ધારણ કરવાનો તથા આત્મ-સ્થિત થવાનો અને મુક્તિ-જીવન્મુક્તિને પ્રાપ્ત કરવાનો છે, તો નિશ્ચયાત્મક રીતે યુદ્ધ શબ્દ મનમાં થતાં સંગ્રામનો વાચક છે કારણ કે યોગીએ તો હિંસા, દ્વેષ, ક્રોધ, શત્રુ ભાવ વગેરેનો ત્યાગ અને અહિંસાનું પાળવાની હોય છે. ત્યારે જ તેને 'ધર્મ સંગ્રામ' પણ કહેવાયો છે અને એમ કહ્યું છે કે જો તું આ યુદ્ધ નહીં કરે તો તને પાપ લાગશે.[14]

આ રીતે, આપ જોશો કે ગીતામાં એક જગ્યાએ કહેવાયું છે કે - "હે મહાબાહો (વીર), સતો, રજો, તમો ગુણ મનુષ્યને શરીરમાં બાંધનારાં છે."[15] હવે વિચારવાની વાત એ છે કે આ શ્લોકમાં હિંસક યુદ્ધનો કોઈ પ્રસંગ ન હોવા છતાં 'મહાબાહો' શબ્દનો પ્રયોગ શા માટે

૧૩. अहंकार बलं दपं कामं क्रोधं परिग्रहम् ।
**विमुच्य निर्ममः** शान्तो ब्रह्मभूयाय कल्पते ॥
ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
**समः सर्वेषु** भूतेषु मद्भर्क्ति लभते पराम् ॥ १८/५३-५४

૧૪. अथ चेत्वमिमं **धर्म्यं संग्रामं** न करिष्यसि ।
ततः स्वधमं कीतिं च हित्वा पापमवाप्स्यसि ॥ २/३३

૧૫. सत्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ।
निबध्नन्ति **महाबाहो** देहे देहिनिमव्ययम् ॥ १४/५

કરવામાં આવ્યો છે ? સ્પષ્ટ છે કે જેવી રીતે જૈનોનાં તીર્થંકર વર્ધમાનજીને આધ્યાત્મિક દૃષ્ટિકોણથી 'મહાવીર' કહેવામાં આવ્યાં, તેવી જ રીતે અહીં સતો-રજો-તમોનાં બંધનને કાપનાર વીરને 'મહાબાહો' કહેવામાં આવ્યો છે. પુનશ્ચ, ગીતાનાં પ્રારંભિક અધ્યાયોમાં જ કહ્યું છે કે "હે વત્સ, આ યુદ્ધ દ્વારા સ્વર્ગના દ્વાર ઉઘડશે.[૧૬] કોઈ સૌભાગ્યશાળી ક્ષત્રિય જ એવો હોય છે જેને આ યુદ્ધ કરવાનો અવસર મળે છે." પછી આગળ એક સ્થાને કહેવાયું છે કે જો આ યુદ્ધ કરતાં-કરતાં તારૂં મૃત્યુ પણ થઈ જશે તો પણ તું સ્વર્ગને પામશે.[૧૭] હવે પ્રશ્ન ઉઠે છે કે સ્વર્ગમાં જવાનો અધિકાર કોને મળે છે ? આનો ઉત્તર સ્વયં ગીતામાં આ શબ્દોમાં આપવામાં આવ્યો છે કે-જ્યારે મનુષ્યમાં સતોગુણની પરાકાષ્ટા થઈ જાય છે ત્યારે મનુષ્ય ઉત્તમ અર્થાત્ પવિત્ર સ્વર્ગલોકને પ્રાપ્ત કરે છે.[૧૮] આથી સ્પષ્ટ છે કે આ યુદ્ધ પવિત્ર તથા અહિંસક બનવા માટેનું છે, હિંસાયુક્ત નથી. એક બીજા પ્રસંગે પણ ભગવાને કહ્યું છે કે કામ, ક્રોધ અને લોભ નર્કનાં દ્વાર છે. ત્યારે વિચારવાની વાત છે કે અહીં 'યુદ્ધ', જેનાં દ્વારા સ્વર્ગની પ્રાપ્તિ કહેવાય છે તે હિંસાત્મક અથવા ક્રોધ-મૂલક કેવી રીતે હોઈ શકે ? આથી આ સંદર્ભમાં જ્યાં 'ક્ષત્રિય' શબ્દનો પ્રયોગ થયો છે, એ પણ જન્મ પર આધારિત કોઈ જાતિનો વાચક નથી બલ્કે જ્ઞાન દ્વારા માયા સાથે યુદ્ધ કરનાર વીર અથવા યોદ્ધાનો બોધક છે. આપ જોશો કે ગીતામાં કહેવાયું

૧૬. यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।
सुखिनः क्षत्रियाः पार्थ लभन्ते युद्धमीदृशम् ॥ २/३२

૧૭. हतो व प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम्
तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धाय कृतनिश्चयः ॥ २/३७

૧૮. यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ।
तदोत्तमविदां लोकानमलान् प्रतिपद्यते ॥ १४/१४

છે કે જો તું મારામાં મન સ્થિર કરીશ તો બધાં કિલ્લાઓ સર કરી લેશે અને મારી કૃપાથી *તરી* જઈશ. હવે અહીં સ્થૂળ રીતે કોઈ નદીને તરીને પાર કરવાની વાત નથી બલ્કે જ્ઞાન દ્વારા સંસારરૂપી વિષય સાગર અથવા દુઃખ સાગરને પાર કરવાની જ વાત છે. આવી જ રીતે, કોઈ દુર્ગ વિશેષને જીતવાની વાત નથી બલ્કે મુશ્કેલીઓને પાર કરવાની વાત છે. આમ જ, અહીં 'ક્ષત્રિય' શબ્દ પણ સ્થૂળ તીર-કમાન લઈને મનુષ્ય-તનધારી કોઈ શત્રુને મારનાર કોઈ વ્યક્તિનો વાચક નથી બલ્કે જે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા, દ્વેષ, નિદ્રા, તંદ્રા વગેરે શત્રુઓ વિરૂદ્ધ વીરતાપૂર્વક લડવાને ઉદ્ધત છે તેનો બોધક છે. આ યુદ્ધમાં પણ ઘણી વીરતા અને નિર્ભયતાની જરૂર હોય છે.

આપણે જોઈએ છીએ કે ગીતામાં કેટલાય શ્લોકો યોગ-યુક્ત અથવા સ્થિત-પ્રજ્ઞ માનવના લક્ષણોની વ્યાખ્યા કરે છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે યોગી એ છે જે કર્મેન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરી લે છે,[૧૯] ઈચ્છા, તૃષ્ણાથી ઉપરામ થઈ જાય છે,[૨૦] નિંદા-સ્તુતિ, હાનિ-લાભ, સફળતા-અસફળતામાં એક-સમાન રહે છે.[૨૧] એ ન તો

---

૧૯. (ક) तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतीष्ठिता ॥ ૨/૬૧
(ખ) तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रजा प्रतिष्ठिता ॥ ૨/૬૮

૨૦. यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥ ૧૨/૧૭

૨૧. (ક) समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ૨૧/૧૮
(ખ) तुल्यनिन्दास्तुतिर्मौनी सन्तुष्टो येन केन चित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नर- । ૧૨/૧૬

કોઈ સાથે વેર કરે છે અને ન તો તેની કોઈનામાં આસક્તિ હોય છે બલ્કે તેનું ચિત્ત દ્વેષ-રહિત, સંતુષ્ટ, નિર્વિકાર, નિશ્ચલ અને નિર્મળ હોય છે. સાથે-સાથે ભગવાન કહે છે કે આવી જ આત્મા મને પ્રિય છે,[૨૨] જાણે કે એ મારૂં સ્વરૂપ જ છે.[૨૩] અને ભગવાન અર્જુનને સંબોધિત કરતાં કહે છે કે - "તું મારો પ્રિય મિત્ર છે"[૨૪] આથી હું તને ગુહ્ય, ગોપનીય અને ઉત્તમ જ્ઞાન સંભળાવું છું.[૨૫] તો વિચારવાની વાત છે કે જ્યારે ભગવાનને યોગી અને જ્ઞાની જ પ્રિય છે તો તેમણે પોતાનાં પ્રિય સખા અથવા પ્રિય વત્સને પોતાનાં હાથ રક્તરંજિત કરવા માટે થોડું જ કહ્યું હશે ? ભગવાને તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે તું હંમેશા મને યાદ કર અને યુદ્ધ પણ કર અને તું મન તથા બુદ્ધને મને અર્પણ કર.[૨૬] હવે વિચારવાની વાત છે કે હિંસક યુદ્ધ કોઈ દરેક ક્ષણે અથવા આખો સમય (सर्वेषु कालेषु) થોડું જ હોય છે ? આખો દિવસ તો પોતાનાં જન્મ-જન્માંતરનાં જૂનાં સંસ્કારો સાથે, દૂષિત વિચારો સાથે

૨૨. બારમા અધ્યાયના ઉપરોક્ત શ્લોકોમાં તથા અન્યત્ર પણ આવી યોગ-યુક્ત અથવા સ્થિત-પ્રજ્ઞ વ્યક્તિને ભગવાને વારંવાર તેમને પ્રિય જણાવી છે. ઉદાહરણ તરીકે આ શ્લોક જુઓ -

तेषां ज्ञानी नित्ययुक्त एक भक्तिर्विशिष्यते ।

**प्रियो** हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥ ७/१७

૨૩. उदाराः सर्व एवैते ज्ञानी ते ज्ञानी त्वात्मैव मे मतम्

आस्थितः स हि युक्तात्मा मामेवानुक्तमां गतिम् ॥ ७/१८

૨૪-૨૫. (ક) सर्व गुह्यतमं भूयः श्रृणु मे परमंवचः ।

इष्टोऽसि में दृढ़मिति ततोवक्ष्यामि ते हितम् ॥ १८/६४

(ખ) भूय एव महाबाहो श्रृणु मे परमं वचः

यत्केऽहं प्रीयमांणाय वक्ष्यामि हितकाम्यया ॥ १०/१

૨૬. मय्यर्पित मनो बुद्धिर्मामेनैष्यस्यसंशयम् । ८/७

અર્થાત્ મનોવિચારો સાથે જ યુદ્ધ થાય છે. આથી નિસંદેહ, ગીતા-જ્ઞાનનો ઉદ્દેશ્ય માયા અથવા ષટ્ રિપુઓ અને તેમની અસંખ્ય સેનાઓની વિરૂદ્ધ યુદ્ધ કરવા માટે જ પ્રેરિત કરવાનો અને મનુષ્યને યોગ-યુક્ત બનાવવાનો છે.

## યુદ્ધ શા માટે ?

આ વિષયમાં જરા એ વાતને સ્પષ્ટ કરી દેવી આવશ્યક લાગે છે કે ગીતામાં વારંવાર યુદ્ધ કરવા શા માટે કહેવાયું છે ? ખરેખર વાત એમ છે કે મનુષ્ય જન્મ-જન્માંતર દેહાભિમાન અને અજ્ઞાનતાવશ વિકર્મ કરતો રહ્યો છે અને આથી તેનું મન ઉત્તરોત્તર પતિત થતું જાય છે. એક અવસ્થા એવી આવે છે કે મનુષ્ય કામ-ક્રોધાદિ સમક્ષ હથિયાર હેઠાં મૂકી દે છે, હાર માની લે છે. તેઓ તેના પર વિજય મેળવવાની આશા છોડી દે છે. વિકારોને તેઓ સ્વાભાવિક અને પતિત દશાને સર્વ-સામાન્ય માની લે છે. વખત જતાં તેઓ માયાને પરાજીત કરવાનો સંકલ્પ અથવા પુરૂષાર્થ જ છોડી દે છે. તેઓ એ માની લે છે કે આ વ્યર્થ વિચારો એટલાં બળવાન છે કે તેમની સમક્ષ ટકવું અસંભવ છે. આથી ભગવાન આ જ્ઞાન કોઈ સાધારણ રીતે નથી આપતાં, તેઓ કહે છે કે આ જ્ઞાન-બિંદુ તીર જેવાં છે : આ જ જ્ઞાન-બિંદુ દિવ્ય અસ્ત્ર-શસ્ત્ર છે. હે વત્સ તું ઊઠ, આના દ્વારા તું વિચારોને માર! તેનું નિકંદર કાઢ!

આધુનિક મનોવૈજ્ઞાનિકો પણ કહે છે કે મનુષ્ય દુર્જેય શત્રુનો સામનો થવાથી ભાગી જાય છે અથવા તો તેની સાથે લડે છે. પલાયન (Flight) કે યુદ્ધ (Fight) - આ બંને મનની જ વૃત્તિઓ છે. પરંતુ વિકારાધીન મનુષ્ય વિકારોનો સામનો નથી કરતો; તે કર્મ-સંન્યાસીઓની માફક કર્ત્તવ્યને છોડીને ભાગી જાય છે, કે પછી વિકારો

સાથે લડવાનો વખત આવે છે તો પીછેહઠ કરે છે. પરંતુ હવે ભગવાન તેને જ્ઞાન-બળ, યોગ-બળ અને દિવ્ય ગુણ-બળ દ્વારા માયાને પરાસ્ત કરવા માટે પ્રેરિત કરે છે. આથી આ મહાન પુરૂષાર્થને 'યુદ્ધ' ની ઉપમા પણ આપવામાં આવી છે જેને કારણે મનુષ્યાત્મા તેને નગણ્ય સમજીને નહીં બલ્કે યુદ્ધ-વૃત્તિ (war-spirit) અથવા યુયુત્સા વૃત્તિ (Instict to Fight) થી આ વિકારોનો અંત કરે છે.

પુનશ્ચ, જ્યારે ભગવાનનું આ ધરા પર અવતરણ થાય છે ત્યારની વર્તમાન સૃષ્ટિમાં સંઘર્ષ તો થયા જ કરતો હોય છે, ક્યાંય પૂર્ણ વિશ્રાંતિ નથી. કોઈ રોજી-રોટી માટે પ્રયાસરત રહે છે તો કોઈ ધન-મિલકત માટે, કોઈ ચૂંટણી લડી રહ્યું હોય છે તો કોઈ પોતાનાં સંગઠન તરફથી આંદોલન કરી રહ્યું હોય છે. અતઃ ભગવાન કહે છે કે તે સંઘર્ષો કરતાં તો આ યુદ્ધ વધુ શ્રેષ્ઠ છે કારણ કે સુખ અને સ્વરાજ્ય તો આ જ ધર્મ-સંગ્રામથી પ્રાપ્ત થશે; સ્વર્ગ તો આનાથી જ સ્થપાશે; આથી તું મને યાદ કર અને પોતાની દૂષિત વૃત્તિઓ વિરૂદ્ધ યુદ્ધ કર, તને શાંતિ સ્વતઃ મળી જશે. આ યુદ્ધ દ્વારા તું હંમેશ માટે દુઃખ, બંધનોથી છુટકારો મેળવીશ.

પુનશ્ચ, યોદ્ધા સમક્ષ પણ એક લક્ષ્ય હોય છે. તે પોતાની આંખ શત્રુ પર ઠેરવી ત્યાં જ નિશાન સાધી વાર કરે છે. પોતાનાં ક્ષાત્ર-બળના નશામાં રહીને તે લક્ષ્ય-વેધ કરે છે અને વિજય પ્રાપ્ત કરે છે. જ્ઞાનીએ પણ એમ જ કરવાનું હોય છે. તે પણ જ્ઞાનની જે વાત સાંભળે છે, તેને એક તીર માને છે, જેને યોગ દ્વારા ધારદાર કરી તેનો કોઈ વિકારને મારવા માટે પ્રયોગ કરે છે. જ્ઞાન-બાણ વિકારરૂપી શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે જ હોય છે. આથી પવિત્ર બનવાનાં પુરૂષાર્થને ભગવાને યુદ્ધની ઉપમા આપી છે.

## લક્ષ્ય-સ્વર્ગારોહણ

જ્યારે મનુષ્ય મનોવિકારો પર તથા કર્મેન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરી લે છે તો તે ક્ષત્રિય મટીને સંપૂર્ણ બ્રાહ્મણ બને છે અને આગલા જન્મમાં દેવપદ પ્રાપ્ત કરે છે. ત્યારે તેની અવસ્થા જીવન્મુક્ત અવસ્થા હોય છે, ત્યારે જ તે સ્વર્ગનાં સુખ અને શાંતિને પણ પ્રાપ્ત કરે છે. આ રહસ્યનું જ્ઞાન પ્રાયઃ લુપ્ત થઈ જવાને કારણે જ મહાભારતમાં લખ્યું છે કે યુધિષ્ઠિર વગેરે પાંડવો હિમાલય પર ચડતાં ગયાં, ચડતાં જ ગયાં. અંતે ફક્ત યુધિષ્ઠિર એકલો જ સ્વર્ગમાં પહોંચ્યો, બાકી બધાં ભાઈઓ પહાડ ઉપર જ ગળી મર્યા. હવે વિચારવાની વાત એ છે કે શું ભગવાન દ્વારા ગીતા સંભળાવવાનું, પાંડવોને સહાયતા તથા માર્ગદર્શન આપવાનું, ધર્મની સ્થાપના કરવાનું પરિણામ આવું ? નહીં, આ કોઈ સ્વર્ગારોહણ નથી. ખરેખર તો સ્વયંમાં દિવ્ય-ગુણોને ધારણ કરવા માટેનો ઉત્તરોત્તર યોગાભ્યાસ, કરવો સૂક્ષ્માતિસૂક્ષ્મ રૂપે મનમાં ઘર કરી ગયેલાં વિકારો પર વિજય પ્રાપ્ત કરવો - આ બધો પુરૂષાર્થ હિમાલયના ચઢાણ જેવું કપરો છે. આ પુરૂષાર્થ કરવો એ જ સ્વર્ગારોહણ છે.

**અતઃ સંક્ષેપમાં ગીતા-જ્ઞાનનું લક્ષ્ય મન, વચન, કર્મને પવિત્ર બનાવવાનું, આત્માનાં સ્વરૂપમાં સ્થિર થવાનું, પરમપિતા પરમાત્મા સાથે યોગયુક્ત થવાનું, જીવનમાં દિવ્ય ગુણ ધારણ કરવાનું તથા બીજાની પણ જ્ઞાન-સેવા કરવાનું અથવા જ્ઞાન-યજ્ઞ રચવાનું છે. આ માટે હવે આપણે મોહ-મમતાને ત્યાગીને વિકારોની સાથે યુદ્ધ માટે દઢ સંકલ્પ લેવો જોઈએ. લોક-લાજ, આસુરી મર્યાદા, સંકોચ, ભય વગેરે છોડી હવે યોગ દ્વારા મુક્તિ તથા દેવ-પદ-પ્રાપ્ત કરવાનો પુરૂષાર્થ કરવો જોઈએ.**

# આત્મા

જ્ઞાનનો મુખ્ય ઉદ્દેશ્ય દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ છે. પરંતુ અન્ય વિષયોનાં જ્ઞાન અગાઉ મનુષ્યને સ્વયં પોતાનાં વિશેનું જ સાચું જ્ઞાન હોવું જોઈએ. હું શરીર છું કે તેનાથી ભિન્ન કોઈ ચેતન સત્તા છું ? હું કોણ છું, ક્યાંથી આવ્યો છું, મારે ક્યાં જવાનું છે ? આ સંસારરૂપી ખેલ શું છે, એનો રચયિતા કોણ ? તેમની સાથે તથા અન્ય મનુષ્યો સાથે મારો શો સંબંધ છે ? આ બધી વાતોને જાણ્યાં વિના મનુષ્ય અજ્ઞાનવશ ખોટાં કર્મ કરી બેસે છે અને પરિણામ સ્વરૂપે દુઃખ તથા અશાંતિ મેળવે છે.

આપણે જોઈએ છીએ કે જ્યારે મનુષ્ય સ્વયંને શરીર માને છે ત્યારે તેમાં સ્ત્રી-પુરૂષનું ભાન પેદા થાય છે અને કામ વિકાર પણ ઉત્પન્ન થાય છે. શરીરને આધારે જ તે પોતાનાં (સગા-સંબંધી) અને પારકામાં ભેદ કરે છે અને આથી તેમાં મોહ ઉત્પન્ન થાય છે અને, જેની સાથે તેનો મોહ હોય, તેમની તથા પોતાનાં માટે તે લોભ પણ કરે છે અને તેની પૂર્તિ ન થવાથી તેને ક્રોધ આવે છે. પછી, જ્યારે તેની પાસે અમુક ધન એકઠું થઈ જાય છે તો તે ધનનો, કે શારીરિક બળનો કે મિત્ર-સંબંધીઓની સંખ્યા અથવા તેની પ્રતિષ્ઠાનો અભિમાની બની જાય છે. આ રીતે, સ્વયંને દેહ માનવાને કારણે જ મનુષ્ય વિકારાધીન થઈને દુઃખી તથા અશાંત બને છે. આમ, મનુષ્યને શાંતિ અને સુખ ત્યારે જ મળે છે જ્યારે તે નિર્વિકારી હોય અને તે નિર્વિકારી ત્યારે જ બની શકે છે જ્યારે તે શરીરથી ભિન્ન આત્માની સત્તાને જાણે, માને તથા તેમાં સ્થિર થાય. આથી ગીતાનાં ભગવાનનો

એક મુખ્ય ઉદ્દેશ્ય મનુષ્યને આત્માનાં સ્વરૂપમાં સ્થિર કરવાનો પણ છે કારણ કે આત્મ-નિષ્ઠ હોવું એટલે જ 'સ્વ-ધર્મ' માં સ્થિત થવું અને સ્વયંને દેહ માનવો, અર્થાત્ સ્ત્રી-પુરૂષ, બાળક-વૃદ્ધ, કાળો-ગોરો વગેરે માન્યતા 'પર-ધર્મ' માં સ્થિત થવા જેવું છે. આ પરધર્મમાં અથવા પ્રકૃતિના ધર્મમાં સ્થિત થવાથી જ મનુષ્ય ભયભીત થાય છે અને સ્વધર્મમાં સ્થિત થવાથી જ આત્માનું કલ્યાણ થાય છે.[૧] અતઃ પરમપિતા પરમાત્માએ શરીર અને આત્માનો ભેદ જણાવી વારંવાર એ સમજાવ્યું છે કે - "હે વત્સ, દેહ-અભિમાનને છોડીને દેહી-સ્થિત બનો કારણ કે આત્મામાં સ્થિર થનાર જ યોગી છે."[૨]

## આત્મા અનાદિ, અવિનાશી અને અવિભાજ્ય

ઉપરોક્ત ઉદ્દેશ્ય વિશે ભગવાને સમજાવ્યું છે કે - "હે વત્સ, આત્મા અને પ્રકૃતિ બે અનાદિ અલગ-અલગ સત્તાઓ છે."[૩] શરીર પ્રકૃતિનું બનેલું છે.[૪] તેને 'ક્ષેત્ર' કહે છે, આત્મા 'ક્ષેત્રજ્ઞ' છે.[૫] દેહરૂપી

૧. श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मोभयावहः ॥ ૩/૩૫ અને ૧૮/૪૭

૨. यदा विनियतं **चित्तमात्मन्येवावतिष्ठते** ।
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥ ૬/૧૮

૩. (ક) प्रकृर्तिं पुरुषं चैव विद्धयनादी उभावपि
विकारांश्च गुणांश्चैव विद्धयनादी उभावपि
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान् ॥ ૧૩/૧૬
(ખ) देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥ ૨/૩૦

૪. कार्यकरणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥ ૧૩/૨૦

૫. इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते ।
एतद्यो वेति तं प्राहुः क्षेत्रज्ञ इत तद्विदः ॥ ૧૩/૧

પુરીમાં રહેનાર આત્મા 'પુરૂષ' છે.[૬] આ પુરીનાં નવ દ્વાર છે.[૭] આત્માને કેવળ જ્ઞાન ચક્ષુ દ્વારા જ જોઈ શકાય છે,[૮] ચર્મ-ચક્ષુ દ્વારા નહીં કારણ કે ચર્મ ચક્ષુ દ્વારા તો કેવળ પ્રકૃતિકૃત પદાર્થોને જોઈ શકાય છે જ્યારે આત્મા પ્રકૃતિથી ભિન્ન, દિવ્ય, અવ્યક્ત, ચેતન, સૂક્ષ્માતિસૂક્ષ્મ, દૃષ્ટા છે. આ આત્માનો ક્યારેય જન્મ નથી થતો, ક્યારેય તેનું મૃત્યુ નથી થતું; અતઃ જે શરીરમાં આત્મા રહે છે, એ નાશવાન છે, પરંતુ આત્મા અનાદિ અને અવિનાશી છે.[૯] એને કોઈ શસ્ત્ર કાપી નથી શકતું, ન તો જળ પલાળી શકે છે, ન વાયુ સુકવી શકે છે.[૧૦]

## આત્મા પોતાનાં આદિ સ્વરૂપમાં પવિત્ર

આત્મા પોતાનાં આદિ સ્વરૂપમાં પવિત્ર છે પરંતુ જ્યારે એ દેહમાં આવે છે તો ધીરે-ધીરે દેહ-અભિમાન ને કારણે એ વિકારી બની જાય છે. ભગવાને કહ્યું છે કે પ્રકૃતિના સંયોગ દ્વારા આત્મામાં વિકાર ઉત્પન્ન થાય છે[૧૧] આનો ભાવ એ છે કે સમયાંતરે આત્મા 'ક્ષેત્ર'

---

૬. अधिभूत क्षरौ भावः **पुरुषश्चाधिदैवतम्** ।
अधियजीन्हमेयात्र देहे देहभृतां वर ॥ ५/४

૭. सर्व कर्माणि मनसा सन्यस्यास्ते सुखं वशी ।
**नवद्वारे पुरे देही** नैव कुर्वन्न कारयन् ॥ ५/१३

૮. उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम ।
विमूढ़ा नानुपश्यन्ति पश्यन्ति ज्ञान चक्षुषः १५/१०

૯. न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥ २/२०

૧૦. अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोप्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयंसनतानः २/२४

૧૧. प्रकृर्ति पुरुषं चैव विद्धयनादी उभावपि ।
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृति संभवान् ॥ १३/१६

અને 'ક્ષેત્રજ્ઞ' અથવા 'દેહ' અને 'દેહી' અથવા 'પુરી' અને 'પુરૂષ' નાં જ્ઞાનને વિસારીને સ્વયંને પિતા, પુત્ર, માતા, પિતા, પત્ની વગેરે માનીને દેહ-અભિમાનમાં આવી જાય છે જેને લીધે જ આત્માનો પ્રેમરૂપી સ્વાભાવિક ગુણ મોહ, લોભ અથવા 'કામ'માં પરિવર્તિત થઈ જાય છે અને પરિણામ સ્વરૂપે અંતે દુઃખી થાય છે.

## આત્મા એક જ્યોતિ-કણ, જ્યોતિ-બિંદુ અથવા જ્યોતિનો તારો

આત્મા અવ્યક્ત અને અચિંત્ય છે.[૧૨] અર્થાત્ એક જ્યોતિ-બિંદુ છે*; એ વિભુ અથવા સર્વવ્યાપક નથી. યદ્યપિ પ્રતીતિ એવી થાય છે કે આત્મા સંપૂર્ણ શરીરમાં વ્યાપક છે તથાપિ એવું નથી. આથી ભગવાને કહ્યું છે કે જે રીતે સૂર્ય આકાશમાં રહીને જગતને પ્રકાશિત કરે છે તે રીતે જ આત્મા (ભૃકુટિમાં વિરાજમાન થઈને)

* આર્ય સમાજી પણ આત્માને અણુ માને છે, વિભુ નહીં. તેઓ बालाग्रशतभागस्य शतधाकल्पितस्य च (શ્વે. ૫/૯) તથા एषोऽणुरात्मा चेतसा वेदितव्य. (મુ. ૩/૧/૯) વગેરે વાક્યોને આધારે આત્માને વાળના મૂળના પણ દસ હજારમા ભાગ સમાન અથવા અણુ રૂપ માને છે.

૧૨. अव्यक्तोऽयम् **अचिन्त्योऽयम**विकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैन नानुशोचितुमर्हसि ॥ २/२५
અચિંત્ય નો અર્થ છે - સૂક્ષ્માતિસૂક્ષ્મ અથવા મન દ્વારા અગ્રાહ્ય (Inconceivable) - એ તો બિંદુ અથવા પોઇટ (Point) જ હોઈ શકે. પોઇટ અથવા બિંદુ જ અચ્છેદ્ય પણ છે અને અમર, અવિનાશી પણ.

દેહને સકાશ આપે છે.[૧૩] આત્મા ભૃકુટિમાં સ્થિત હોવાથી જ ભગવાને કહ્યું છે કે અંત સમયે યોગીઓની ચેતના ભૃકુટિમાં કેંદ્રિભૂત થાય છે.[૧૪] અતઃ જે લોકો એમ માને છે કે બધાં જ શરીર અથવા સમસ્ત વિશ્વમાં એક જ આત્મા છે, તેઓ ભૂલ કરે છે કારણ કે બધાં આત્માઓ અલગ-અલગ છે. એમનું નિજી અસ્તિત્વ અનાદિ, નિત્ય[૧૫] અને અવિનાશી છે. જો તેઓ સાગરનાં પરપોટાઓની જેમ ઉત્પન્ન થતા અને પછી તેમાં જ એકરસ થતા હોત તો તેમને માટે એ કહી ન શકાય કે તે અજન્મા અને અમર અથવા અવિનાશી છે કારણ કે અનાદિ અને

---

૧૩. यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ।
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥ १३/३३

હઠયોગીઓ ભૃકુટિના સ્થાને આજ્ઞા-ચક્ર માને છે જ્યાંથી આત્મા દરેકે દરેક કર્મેંદ્રિયોને આજ્ઞા આપે છે. શરીર વિજ્ઞાન વેત્તા અહીં પીયૂષ ગ્રંથિ (Pituitary gland)નું અસ્તિત્વ માને છે. આ ગ્રંથિ બધી ગ્રંથિઓને નિયંત્રિત કરે છે અને બહુ મહત્વપૂર્ણ છે. અહીં જ આત્મા લઘુ મસ્તિષ્ક (cerebellum) તથા બૃહદ્ મસ્તિષ્ક (cerebrum) સાથે સંબંધિત છે તથા હાઈપોથાલમસ (Hypothalamus) દ્વારા સમસ્ત સ્નાયુમંડળ (Motor Nervex and Sensory Nerves) દ્વારા કાર્ય કરે તથા અનુભવ કરે છે. એ કાંઈ હૃદયમાં નથી. આજે તો હૃદયને તો કાઢીને તેની જગ્યાએ બીજું પણ આરોપિત કરી શકાય છે.

૧૪. (ક) प्रयाणकालेमनसाचलेन भक्तया युक्तो योगबलेन चैव ।
**भुवोर्मध्ये प्राणमावेश्य** सम्यक् स तं परं पुरुषमुपैति दिव्यम् ॥ ८/१०
(ખ) स्पर्शान् कृत्वा बहिर्वाह्यांश्चक्षुश्चैवान्तरे भ्रुवोः ।
प्राणापानौ समौ कृत्वा नासाभ्यन्तरचारिणो ॥ ५/२७

૧૫. अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व भारत ॥ २/१८

અવિનાશી તેને કહેવાય છે જેનું ન તો કોઈ ઉદ્‌ભવ, ગમન અથવા નિષ્કાસન થયું હોય, ન તો તે કોઈનામાં પ્રવિષ્ટ અથવા લીન થઈને પોતાનું અસ્તિત્વ ક્યારેય ગુમાવતો હોય. ગીતામાં જ્યાં જ્યાં 'લીન' શબ્દનો પ્રયોગ થયો છે એ આત્માનાં અવ્યક્ત અવસ્થામાં રહેવાનાં ભાવથી કરવામાં આવ્યો છે.[૧૬] ભગવાને તો સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે "હે વત્સ, એવો કોઈ સમય નથી જ્યારે તમે નહોતા કે રાજા નહોતા કે હું નહોતો, એવો કોઈ સમય નથી જ્યારે આ બધું નહીં હોય."[૧૭] સ્પષ્ટ છે કે આ વાત દરેકનાં પૃથક અસ્તિત્વના વિષયમાં કહેવામાં આવ્યું છે. પછી, ગીતામાં એ પણ કહ્યું છે કે બધી આત્માઓ અવ્યક્ત લોકમાંથી આવે છે.[૧૮] જેને જ બ્રહ્મ નિર્વાણ[૧૯], બ્રહ્મ ભુવન[૨૦], બ્રહ્મલોક[૨૧], પરમધામ[૨૨] અથવા બ્રહ્મ યોનિ[૨૩] પણ

૧૬. अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे **प्रलीयन्ते** तत्रैवाव्यक्तसंज्ञके ॥ ૮/૧૮
અહીં प्रलीयन्ते શબ્દનો 'અવ્યક્ત અવસ્થામાં રહેવું' ના ભાવમાં પ્રયોગ કરવામાં આવ્યો છે નહીં તો આત્માઓની પાછા ફરવાની વાત કહેવામાં આવી ન હોત.

૧૭. न त्वेवांह जातु नासं न त्वं ने मे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥ ૨/૧૨

૧૮. જેમ પૂર્વોક્ત શ્લોક (૮/૧૮) માં કહેવાયું છે.

૧૯. लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ॥ ૫/૨૫

૨૦-૨૧. आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते । ૮/૧૬

૨૨. अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहः परमां गतिम् ।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥ ૮/૨૧

૨૩. सर्वयोनिषु कौन्तेय मूर्तयः संभवन्ति याः ।
तासां **ब्रह्म महद्योनिरहं** बीजप्रदः पिता ॥ ૧૪/૪

કહેવામાં આવ્યાં છે. ભગવાને એ પણ કહ્યું છે કે જ્યારે આત્મા શરીર છોડે છે ત્યારે તે આંખ, કાન વગેરેમાંથી નિકળી જાય છે.[૨૪] વિચારવાની વાત એ છે કે જો આત્મા સંપૂર્ણ શરીર અથવા સમસ્ત વિશ્વમાં વ્યાપક હોત તો તેની આ પ્રકારે નિકળવાની વાત કહેવાઈ જ ન હોત. જો એ કહેવામાં આવે કે એ સમયે આત્મા સંકોચાઈ જાય છે તો એ પણ અસત્ય છે કારણ કે એક તો વિભુ આત્મા સંકોચાતી નથી અને, બીજું, સંકુચન એના માટે જ સંભવ હોઈ શકે જેમાં છિદ્ર અથવા રિક્ત સ્થાન હોય, જે આત્મામાં હોય એ માની ન શકાય કારણ કે એ અવિચ્છિન્ન છે. વાસ્તવમાં આ દૃષ્ટિકોણથી જ આત્માને ‘નિર્વિકાર’ કહેવામાં આવી છે.[૨૫] પ્રકૃતિકૃત શરીરમાં જે નાનામાંથી મોટાં થવું, યુવા, વૃદ્ધ વગેરે અવસ્થાઓમાંથી પસાર થવું અને અંતે નષ્ટ થઈ

૨૪. (ક) शरीरं यदवाप्नोति यच्चाप्युत्कामतीश्वरः ।
गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात् ॥ १५/८
(ખ) उत्कामन्त स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम् ।
विमूढ़ा नानुपश्यन्ति पश्यन्ति ज्ञान चक्षुषः ॥ १५/१०

૨૫. अव्यक्तोऽयमचिन्त्योऽयम् अविकार्योऽयम् उच्यते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥ २/२५

વિકાર શબ્દનો અર્થ છે બદલવું અથવા ‘પરિવર્તિત થવું’. આ શબ્દ મહદંશે દુઃખકારક પરિવર્તન માટે પ્રયોગાય છે. અમુક વિકાર એવાં છે જે પ્રકૃતિમાં હોય છે આત્મામાં નથી હોતાં અને અમુક એવાં છે જે આત્મામાં હોય છે પ્રકૃતિમાં નથી હોતાં. શરીરમાં વધારો - ઘટાડો, વૃદ્ધ અથવા જર્જર અવસ્થા અને અંતે નષ્ટ થઈ જવું વગેરે - શરીરના વિકાર છે. જો આ દૃષ્ટિએ જોવામાં આવે તો આત્મા નિર્વિકાર છે. આવી જ રીતે, પ્રેમનું રૂપ બદલાઈ મોહ, લોભ, આસક્તિ, મમત્વ વગેરેમાં પરિવર્તન થઈ જવું - એ આત્માના વિકાર છે કે જે પ્રકૃતિમાં નથી.

તત્વોમાં ભળી જવું - વગેરે જે વિકાર છે, એ આત્મામાં નથી, પુનશ્ચ, આત્માનું અવ્યક્ત દેશમાંથી આવવું, ત્યાં પાછા ફરવું અને યોગાભ્યાસ દ્વારા નિહાળી શકવું,[૨૬] શરીર ત્યાગતી વખતે પોતાનાં સંસ્કાર સાથે લઈ જવાં,[૨૭] આ બધાં ઈશ્વરોક્ત તથ્ય એ જ પ્રમાણિત કરે છે કે આત્મા અણુરૂપ છે, તે જ્યોતિબિંદુ છે, તે લઘુ પરિમાણવાળો કે વિભુ નથી.

## આત્મા પરમાત્માથી અલગ છે.*

'શ્રીમદ્ભગવદ્ ગીતા' આ નામ દ્વારા જ સ્પષ્ટ છે કે ભગવાન અલગ છે અને આત્માઓ અલગ છે. ભગવાન એ છે જેમણે જ્ઞાન આપ્યું અને આત્માઓ એ છે જેમનાં માટે જ્ઞાન આપવામાં આવ્યું છે. ભગવાન ધર્મની સ્થાપના કરનારા છે[૨૮] અને આત્માઓ ધર્મનું પાલન અથવા ઉલ્લંઘન કરનારાં છે. ભગવાન યોગ શિખવે છે,[૨૯] આત્માઓ યોગનો અભ્યાસ કરે છે અથવા યોગથી વિમુખ થાય છે કે ભક્તિ કરે છે.

---

૨૬. यतन्तो योगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम् ।
यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्यचेतसः ॥ १५/११

૨૭. शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्मतीश्वरः ।
गृगीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात् ॥ १५/८

૨૮. यदा यदा हि धर्मस्य गलानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥ ४/७

૨૯. स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥ ४/3

*માધવાચાર્ય તથા નિમ્બાર્કાચાર્યએ પણ આત્માને પરમાત્માની અલગ માની છે. આર્યસમાજીઓ પણ આત્માને પરમાક્માથી અલગ માને છે. તેઓ ઋગ્વેદ તથા મુંડક ઉપનિષદના સંસ્કૃત વગેરે વાક્યોને આધારે આત્મા અને પરમાત્મા વચ્ચે અંતર માને છે.

આપ જોશો કે ભગવાનનાં એવાં અનેક મહાવાક્યો છે જેનાથી એ સ્પષ્ટ થાય છે કે આત્માનું અસ્તિત્વ પરમાત્માથી હંમેશા પૃથક હોય છે. ઉદાહરણાર્થે ગીતામાં કહેવાયું છે કે - હે વત્સ, આ સંસારમાં બે પ્રકારનાં પુરૂષ છે - 'ક્ષર' અને 'અક્ષર'. પરમાત્મા અક્ષર પુરૂષોમાં સૌથી ઉત્તમ પુરૂષ છે.[૩૦] ફરી ફરીને કહેવાયું છે કે પરમાત્મા પરમ પુરૂષ છે,[૩૧] પુરૂષોત્તમ છે અથવા દેહધારીઓમાં શ્રેષ્ઠ છે.[૩૨] સ્પષ્ટ છે કે બીજી ઘણી આત્માઓ છે, ત્યારે તો પરમાત્માને 'ઉત્તમ પુરૂષ', 'પરમ પુરૂષ' અથવા 'પુરૂષોત્તમ'ની સંજ્ઞા આપવામાં આવી છે જે તુલનાત્મક છે. પછી, ભગવાને એ પણ કહ્યું છે કે મારાથી મોટું કોઈ નથી,[૩૩] બીજાં બધાં તો સતો, રજો, તમોને આધીન હોય છે[૩૪] પરંતુ

---

૩૦. (ક) द्वाविमौ पुरुषो लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कृटस्थोऽक्षर उच्यते । १५/१६

(ખ) **उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युवाहृतः ।**
यो लोकत्रयमाविश्य विभर्त्यव्यय ईश्वरः ॥ १५/१७

૩૧. अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं **दिव्यं** याति पार्थानुचिन्तयन् ॥ ८/८

૩૨. अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥ ८/४

૩૩. मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥ ७/७

ભગવાને આત્માઓને માળાના મણકાઓની ઉપમા આપી છે અને સ્વયંને તેમાં સર્વશ્રેષ્ઠ ગણાવ્યાં છે તો અવશ્ય આત્માઓ અનેક છે.

૩૪. सत्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ।
निबध्नन्ति महाबाहो देहे देहिनमव्ययम् ॥ १४/५

જેઓ આ બધાં કરતાં વધુ અવ્યભિચારી પ્રેમથી મને (ભગવાનને) યાદ કરે છે, તેઓ જ એમનાથી શ્રેષ્ઠ બને છે.[૩૫] સાથે-સાથે ભગવાને એ સમજાવ્યું છે કે ‘હે વત્સ એક માત્ર મારું જ શરણ લેવાથી મનુષ્યાત્મા માયાને પરાજીત કરી લે છે.’[૩૬] આથી, હે વત્સ, તું મારો જ આશ્રય લે અને મારી સાથે જ પ્રિત કર.[૩૭] આ મહાવાક્યો દ્વારા પ્રમાણિત છે કે આત્માઓ અનેક છે અને પરમાત્મા એ બધાંથી અલગ અને શ્રેષ્ઠ છે.

ગીતામાં દરેક પદે એવાં શબ્દ, શ્લોકાંશ અને શ્લોક મળે છે જેમના વ્યવસ્થિત અધ્યયન દ્વારા એ વાતમાં કોઈ સંદેહ નથી રહેતો કે આત્મા અને પરમાત્મા બંનેની અલગ સત્તાઓ છે - આત્મા પુત્ર અને પરમાત્મા પિતા છે. ઉદાહરણાર્થે ભગવાને કહ્યું છે કે :-

(અ) કર્મ, અકર્મ અને વિકર્મ શું છે ? - એની વ્યાખ્યા હું કરૂં છું. મનુષ્ય કર્મની ગુહ્ય ગતિને જાણતાં નથી.[૩૮]

(બ) આત્મા તો અજ્ઞાનતા-વશ કર્મ કરી લે છે.

(ક) પરમાત્માને કર્મનો લેપ નથી લાગતો.[૩૯] આનો ભાવ

---

૩૫. मां च योऽव्याभिचारेण भक्ति-योगेन सेवते ।
स गुणान् समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ॥ १४/२६

૩૬. दैवी ह्येषो गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्तिते ॥ ७/१४

૩૭. मय्यासक्तमनाः पार्थयोगं **युंञ्जन्मदाक्षयः** ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥ ७/१

૩૮. किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥ ४/१६

૩૯. न मां कर्माणि लिम्पन्ति न मे कर्म फले स्पृहा ।
इति मां योऽभिजानाति कर्मभिर्न स बध्यते ॥ ४/१४

એ થયો કે આત્માને લાગે છે.[૪૦]

(ડ) પરમાત્મા સર્વનાં સુહૃદ્ય અથવા કલ્યાણકારી છે અને ત્રણે લોકોનાં માલિક છે.[૪૧]

(પ) પરમાત્મા જ સાચું આશ્રય-સ્થાન છે.[૪૨]

(ફ) જે એમની સાથે સારી અને સાચી રીતે યોગયુક્ત થવાનો અભ્યાસ કરે છે, તેઓ જ પરમ ગતિને પ્રાપ્ત કરે છે.[૪૩]

(બ) જે પરમાત્માને યાદ કરે છે, તેઓ જ સર્વોત્તમ યોગી છે[૪૪] અને જે ભગવાનને નથી ભજતાં, તેઓ નરોમાં અધમ, અસુર, માયાને વશીભૂત છે.[૪૫]

શું આ વાક્યો દ્વારા એ સિદ્ધ નથી થતું કે પરમાત્મા સદા અલિપ્ત, જ્ઞાનના સાગર, વિશ્વના કલ્યાણકારી, બધી આત્માઓમાં

---

૪૦. पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान्गुणान् ।
कारणं गुणसंगोऽस्य सदसद्योनिजन्मसु ॥ १३/२० તથા ૨૧
(લેપ લાગે જ છે ત્યારે તો સુખ-દુઃખ ભોગવે છે)

૪૧. भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥ ५/२९

૪૨. जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये । ७/२९

૪૩. प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिं ॥ ६/४५

૪૪. योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना.. समे युक्ततमो मतः ॥ ६/४७

૪૫. न माम् दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ।
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥ ७/१५

પરમ અને ત્રણે લોકોમાં સૌથી મહાન છે જ્યારે બીજી તરફ આત્મા કર્મોની ગુહ્ય ગતિથી અજાણ હોવાને કારણે અજ્ઞાનતા વશ આસુરી કર્મોમાં પ્રવૃત્ત હોય છે, દુઃખ-સુખ ભોગવે છે અને પોતાનાં કલ્યાણાર્થે પરમાત્મા પર આશ્રિત રહે છે ? શું આનાથી એ નિષ્કર્ષ નથી નિકળતો કે જ્યારે પરમાત્મા અવતરીને તેને યોગની શિક્ષા પ્રદાન કરે છે ત્યારે યોમ દ્વારા જ આત્મા ફરીથી પતિતમાંથી પાવન બને છે અને પાછી ફરી શકે છે.[૪૬]

## મન, બુદ્ધિ અને આત્મા

આત્માના વિષયમાં એક વાત એ પણ જાણી લેવી જરૂરી છે કે 'શું મન અને બુદ્ધિ આત્માથી અલગ છે કે એ આત્માની જ શક્તિઓ અને યોગ્યતાઓનું નામ છે?' ગીતામાં એવાં અનેક વાક્યો છે જેના દ્વારા એ જાણ થાય છે કે મન અને બુદ્ધિ આત્માની જ શક્તિઓની અભિવ્યક્તિનાં નામ છે. ઉદાહરણાર્થે ગીતામાં એક સ્થાને કહેવાયું છે કે આત્માને આત્મા દ્વારા જીતવી જોઈએ.[૪૭] સ્પષ્ટ છે કે આનો અભિપ્રાય-'મન' ને 'બુદ્ધિ' દ્વારા જીતવાનો છે. જાણે આમાં એકવાર આત્મા શબ્દ 'મન' માટે અને બીજી વાર 'બુદ્ધિ' માટે પ્રયુક્ત થયો છે. આ રીતે અન્ય એક સ્થાને કહેવાયું છે કે આત્માને આત્મા દ્વારા નિયંત્રિત કરવી જોઈએ.[૪૮] સ્પષ્ટ છે કે આમાં પણ મનને બુદ્ધિ અથવા

૪૬. तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥ १८/६२

૪૭. बन्धुरात्मऽऽत्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ ६/६

૪૮. एवं बुद्धेः परं बुद्धा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाही काम रूपं दुरासदम् ॥ ३/४३

વિવેક દ્વારા શાંત કરવાની વાત કહેવાઈ છે. વાસ્તવમાં 'મન' સંકલ્પ, અનુભવ કરવાની અથવા ઈચ્છાનું જ બીજું નામ છે અને 'બુદ્ધિ' જાણવા, માનવા, ઓળખવાનો, યાદ રાખવાનો અથવા નિર્ણય કે નિશ્ચય કરવાનો પર્યાયવાચી શબ્દ છે. ગીતામાં પણ મનનો તથા બુદ્ધિનો આ જ અર્થોમાં પ્રયોગ કરવામાં આવ્યો છે.[૪૯] આમ તો ઈચ્છા, જ્ઞાન અને અનુભવ તો આત્માનાં જ લક્ષણ છે. આત્મા જ સુખ અને શાંતિ માટેની ઈચ્છા કરે છે અને આત્માને જ સુખ અને શાંતિનો અનુભવ પણ થાય છે.[૫૦] આમ, જેવી રીતે પરમાત્મામાં પૂર્ણ જ્ઞાન હોવાથી તેમને 'જ્ઞાનના સાગર' કહેવાયાં છે તેવી જ રીતે આત્મા પણ જ્ઞાન ધારણ કરે છે અને એ જ્ઞાન, સમજ અથવા સૂઝ જ 'બુદ્ધિ' છે. ગીતામાં ભગવાને કહ્યું છે કે - ''હે વત્સ, તુ મનને મારામાં લગાવ, બુદ્ધિને મારાથી યુક્ત કર અથવા તું પોતાની બુદ્ધિ મને સમર્પિત કર.''[૫૧] નિઃસંદેહ, ભગવાને કોઈ પ્રકૃતિકૃત મનને લગાવવા માટે કે બુદ્ધિને અર્પણ કરવા માટે નથી કહ્યું બલ્કે એક **ઈશ્વરાનુભૂતિની ઈચ્છા**

૪૯. જેમ કે ઉપરના શ્લોકમાં તથા ૩/૪૨

૫૦. (ક) कार्यकरणकर्तृत्वे हेतुः प्रकृतिरूच्यते ।
**पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते** ॥ ૧૩/૨૦

(ખ) ન્યાય દર્શનમાં પણ ઈચ્છા અને પ્રયત્ન વગેરેને આત્માના લક્ષણ જ માનવામાં આવ્યા છે.

૫૧. (ક) **मय्येव मनआधत्स्व मयि बुद्धिं निवेश्य ।**
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥ ૧૨/૮

(ખ) **मय्यावेश्य मनो** ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥ ૧૨/૨

(ગ) **मन्मनाभव** मद्भक्तो मद्याजी मां नमस्कुरू ।
मामेवैष्यसि युक्त्वैवामात्मानं मत्परायणः ॥ ૬/૩૪

કરવી, પ્રભુનાં સ્વરૂપનો જ સંકલ્પ અથવા સ્મરણ કરવું અને પોતાનાં જે પણ મંતવ્યો હોય તેમનાં વિષયમાં દુરાગ્રહો ત્યાગીને ઈશ્વરીય મત પર ચાલવું એને જ તો મનને પ્રભુમાં લગાવવું અને બુદ્ધિને અર્પણ કરવી કહેવાય.

ગીતામાં એ કહેવાયું છે કે ઇદ્રિયોથી પરે મન છે, મનથી પરે બુદ્ધિ અને તેનાંથી પરે આત્મા છે.[પર] આનું ઘણાં લોકો એવું અર્થઘટન કરે છે કે મન, બુદ્ધિ અને આત્મા અલગ-અલગ છે અને એક-બીજાથી પરે છે. પરંતુ વાસ્તવમાં આનો ભાવ એ છે કે ઇદ્રિયો મનુષ્યના સંકલ્પને આધીન છે અને સંકલ્પનું નિયંત્રણ કરનાર અથવા તેનાં સારા-નરસાનો નિર્ણય કરનાર ‘વિવેક અથવા જ્ઞાન’ છે અર્થાત્ મનુષ્યની સમજ (બુદ્ધિ) છે. જ્યારે મનુષ્ય જ્ઞાન દ્વારા મનને પરમાત્માની યાદમાં જોડી દે છે, ત્યારે તેને આત્માનો પણ અનુભવ થાય છે. આપણે જાણીએ છીએ કે આત્માનુભૂતિ માટે મનુષ્યે સૌ પ્રથમ મનન (Meditation) કરવું જોઈએ, અર્થાત્ તેણે જ્ઞાનના સંકલ્પ કરવાનાં હોય છે. પછી, તેનાં ઇતર સંકલ્પોની ગતિ ઘટી જાય છે અને તેની બદલે તે ‘આત્મા-નિશ્ચય-બુદ્ધિ’ થાય છે, અર્થાત્ સૂક્ષ્મ-ભાવે આત્મ-સ્મૃતિમાં ટકે છે. આને જ એમ કહેવાયું છે કે મનથી પરે અથવા મનથી સૂક્ષ્મ બુદ્ધિ છે. મૂળ ભાવ એ છે કે અનુભૂતિ માટે સંકલ્પોથી દૂર થઈ સૂક્ષ્મરૂપે ઈશ્વરીય સ્મૃતિમાં સ્થિર થવાનું હોય છે; ત્યાર પછી જ મનુષ્ય આત્માનુભૂતિને પ્રાપ્ત કરી શકે છે.

ગીતામાં એ પણ કહેવાયું છે કે મન પ્રકૃતિકૃત છે* અથવા મન

---

પ૨. इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥ ३/४२
*भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं में भिन्ना प्रकृतिरष्टधा ॥ ७/४

અને બુદ્ધિ પણ ક્ષેત્ર છે.[૫૩] અથવા એ પણ એક પ્રકારે ઈંદ્રિય છે.[૫૪] પરંતુ અમે ઉપર ગીતાનાં અન્ય જે મહાવાક્યો ઉદ્ધૃત કરી આવ્યાં છીએ, આ શ્લોકો તેમનાથી વિરૂદ્ધ ભાવ નાં જ છે. અતઃ એ 'ક્ષેપક' ભાસે છે અથવા એમનો ભાવ બીજી રીતે એ હોય કે આત્મા જ્યારે અવ્યક્ત (બ્રહ્મલોક)માંથી શરીરરૂપી ક્ષેત્રમાં આવે છે. ત્યારે તેનામાં સંકલ્પ ઉદ્ભવે છે અને ત્યારે જ તે નિર્ણય કરે છે અથવા સ્મૃતિમાં પ્રવૃત્ત થાય છે. આ રીતે આત્માની અભિવ્યક્તિનું સાધન હોવાને કારણે જ એમને 'ક્ષેત્ર' કે આત્માની 'ઇંદ્રિયો' પણ કહેવામાં આવી હશે. નહીં તો તેઓ એ અર્થમાં તો ઇંદ્રિયો છે જ નહીં જે અર્થમાં કાન, નાક વગેરે શરીરની ઇંદ્રિયો છે. આત્માથી અભિન્ન અને આત્મા જેવી જ યોગ્યતાઓ હોવાને કારણે એમને માટે પણ ઘણી વાર આત્મા શબ્દનો પ્રયોગ થયો છે - આનો ઉલ્લેખ અમે ઉપર કરી આવ્યા છીએ. તેમ છતાં અમે આ વાત એક ઉદાહરણ દ્વારા વધુ સ્પષ્ટ કરી દેવા ઇચ્છીએ છીએ.

જ્ઞાનને આત્માનું 'ત્રીજું નેત્ર' અથવા દિવ્ય ચક્ષુ પણ કહેવામાં આવ્યું છે. હવે વાસ્તવમાં જ્ઞાન, ચક્ષુની માફક કોઈ 'ઇદ્રિય' તો છે જ નહીં; પરંતુ તેને 'ચક્ષુ'ની ઉપમા આપવામાં આવી છે કારણે કે જ્ઞાન દ્વારા આત્માને સત્યાસત્યનું પ્રત્યક્ષ દર્શન થાય છે. આ પ્રકારે, 'મન'ને જો કોઈ 'સૂક્ષ્મ ઇદ્રિય' પણ કહી દે તો આ શબ્દ ઉપમાનાં અર્થમાં પ્રયુક્ત થયેલો માનવો જોઈએ કારણ કે જેવી રીતે ઇદ્રિયો 'અભિવ્યક્તિ' (Manifestation)નું કે 'જ્ઞાન'નું સાધન (Doors

૫૩. महाभूतान्यहंकारो बुद्धिरव्यक्तमेव च ।
इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः ॥ १३/५

૫૪. वेदानां सामवेदोऽस्मि देवानमस्मि वासवः ।
इन्द्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना ॥ १०/२२

of knowledge) છે, તેવી જ રીતે મન પણ આત્માની અભિવ્યક્તિનું જ સાધન છે, એ પણ અધ્યયન માટેનું એક દ્વાર છે. પરંતુ એને આત્માથી અલગ માનવું ભૂલ છે. જ્યારે આત્મા પરમધામમાંથી વિશ્વમાં આવે છે તો પ્રકૃતિના સંપર્કમાં આવવાથી સૌ પ્રથમ તેને પોતાના અસ્તિત્વનું ભાન થાય છે. આ વાતને બીજાં શબ્દોમાં કહેવાઈ છે કે-પ્રકૃતિ દ્વારા સૌ પ્રથમ 'અહંકાર' ('હું છું' - એભાવ) ની ઉત્પત્તિ થઈ. જ્યારે મનુષ્યને પોતાના અસ્તિત્વનું ભાન હોય ત્યારે તો તે પોતાની આજુબાજુના વાતાવરણ અને પરિસ્થિતિને જાણે તથા સમજે છે. એના વિશે જ કહી દેવામાં આવ્યું છે કે અહંકારથી બુદ્ધિ પેદા થઈ. આ અવસ્થામાં સ્થિર હોય ત્યારે જ મનુષ્ય ઈચ્છા, ચેષ્ટા તથા પ્રયત્ન કરે છે, આથી કહી દેવામાં આવ્યું છે કે બુદ્ધિ પછી મન ઉત્પન્ન થયું. આ કહેવાની એક અલગ રીત છે પરંતુ વાસ્તવમાં મન, બુદ્ધિ અને અહંભાવ ક્રમશઃ આત્માની જ ઇચ્છા, સમજ તથા નિજ ભાનનાં નામ છે.

હવે એ જાણ્યા પછી કે આત્મા શરીરથી ભિન્ન એક અનાદિ અને અવિનાશી ચેતન ચત્તા છે, આપણે ચાલતા-ફરતા, ઉઠતા-બેસતા આત્મિક સ્મૃતિ (Soul - Consciousness)માં સ્થિર થવાનો અભ્યાસ કરવો જોઈએ. પુનશ્ચ, મન અને બુદ્ધિ આત્માથી ભિન્ન, પ્રકૃતિનાં કાર્ય નથી, એ માનીને આપણે પોતાનાં સંકલ્પોને શુદ્ધ તથા વિવેકને દિવ્ય બનાવવો જોઈએ. મન અને બુદ્ધિની શુદ્ધિ જ ખરી આત્મશુદ્ધિ છે. એમને શુદ્ધ કરનાર જ 'મહાત્મા' કહેવાય છે અને એમને દૂષિત કરનાર જ 'પાપાત્મા' કહેવાય છે કારણ કે પાપ અને પુણ્યનો સંબંધ, ઈચ્છા અને પ્રયત્નનો સંબંધ તથા સદ્વિવેક અને ભ્રષ્ટ વિવેકનો સંબંધ આત્મા સાથે જ છે.

આત્મા એક ચેતન સત્તા છે. જેવી રીતે વિજળી બલ્બમાં વાપરવાથી પ્રકાશ (Light), કારખાનાઓમાં મશીનોનાં સંચાલનમાં વાપરવાથી શક્તિ (Might) અને ભોજનાલયમાં વસ્તુઓને ગરમ કરવાનાં યંત્રોમાં ઉપયોગ કરવાથી ગરમી કે 'તાપ' (Heat) કહેવાય છે, એ રીતે અલગ-અલગ પ્રકારની અભિવ્યક્તિને કારણે જ આત્મા અથવા ચેતન શક્તિના અલગ-અલગ નામ-મન, બુદ્ધિ (ચિત્ત) અને 'અહંકાર' છે. જ્યારે એ સંકલ્પના રૂપમાં પ્રગટ થાય છે તો **'મન'**, 'વિવેક' તથા 'નિર્ણય શક્તિ'ના રૂપમાં પ્રગટ થાય છે તો **'બુદ્ધિ'** અને 'હું છું' - આ સ્વ-માનના રૂપમાં વ્યક્ત થાય છે ત્યારે **'અહંકાર'** કહેવાય છે. આપણે મનને પરમપિતા પરમાત્મા સાથે યોગયુક્ત કરીને આત્માની સ્થિતિમાં સ્થિર કરવું જોઈએ.

# પરમાત્મા

ગીતાનો મુખ્ય વિષય પરમાત્માના સ્વરૂપનો સંપૂર્ણ સત્ય પરિચય આપવાનો છે કારણ કે જ્યાં સુધી મનુષ્યને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન ન હોય ત્યાં સુધી તો તે તેમની સાથે યોગયુક્ત પણ થઈ શકતો નથી;[1] સાચાં અર્થમાં એનું શરણ પણ લઈ શકતો નથી[2] અને તેમની માર્ગ-પ્રદર્શના લઈને તેમની આજ્ઞાનું પાલન પણ કરી શકતો નથી.[3] આને કારણે ભગવાનનું કર્ત્તવ્ય અથવા તેમનાં અવતરણનો મુખ્ય ઉદ્દેશ્ય પણ પૂર્ણ થઈ શકતો નથી.[4] અતઃ જો આપણે એમ કહીએ કે પોતાનો સત્ય પરિચય આપવા માટે જ

---

૧. આ કારણે જ અર્જુને કહ્યું - હે ભગવાન, આપ આપના સ્વરૂપનું જ્ઞાન મને પ્રદાન કરો જેની સાથે હું યોગ-યુક્ત થઈ શકું તથા જેનું હું નિરંતર ચિંતન પણ કરી શકું. ગીતા - ૧૦/૧૭

૨. ગીતામાં ભગવાને કહ્યું છે કે તું મારી શરણ લે; હું તને બધાં પાપોમાંથી મુક્ત કરી દઈશ - ૧૮/૬૬

૩. જ્યારે અર્જુને ભગવાનને જાણી લીધાં, પિછાણી લીધાં તથા માની લીધાં ત્યારે તેણે કહ્યું હવે મારાં બધાં સંદેહ સમાપ્ત થઈ ગયાં છે, મને આપના સ્વરૂપની સ્મૃતિ પ્રાપ્ત થઈ છે અને હવે હું આપની આજ્ઞાનું પાલન કરીશ.
નષ્ટોમોહઃ સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત ।
સ્થિતોઽસ્મિ ગતસંદેહઃ કરિષ્યે વચનં તવ ॥ ૧૮/૭૩

૪. કારણ કે ભગવાને કહ્યું છે કે તેઓ તો લગભગ લુપ્ત થયેલાં જ્ઞાન અને યોગને શીખવવા અને તેનાં દ્વારા ધર્મની સ્થાપના કરવા આવે છે. ૪/૩ અને ૪/૬

પરમાત્માનું અવતરણ થાય છે તો એ સર્વથા સત્ય જ હશે કારણ કે પરમાત્માનું અસ્તિત્વ એવું નથી કે મનુષ્ય તેને પોતાની ઇંદ્રિયોના સાધન દ્વારા જાણી શકે અથવા શોધ-ખોળ તેને સત્ય રૂપમાં ઓળખી શકે.

સંસારમાં જેમણે પણ પોતાની બુદ્ધિના બળથી કે યમ-નિયમોનું પાલન કરી પોતાની ભક્તિ અથવા સાધનાથી ભગવાનને જાણવાનો યત્ન કર્યો છે; તેઓ પણ તેમનાં સાચાં સ્વરૂપને જાણી શકતાં નથી ત્યારે તો તેઓ એમ કહેતાં રહે છે કે પરમાત્માનો તાગ મેળવી શકાતો નથી અને આમ કોઈએ પરમાત્મા વિશે જે કહ્યું, બીજાંએ તેનાંથી કાંઈક વિપરીત જ જણાવ્યું[૫] અને ત્રીજાએ તો પરમાત્માનું અસ્તિત્વ જ માનવાનું નકારી દીધું.[૬] આમ જ્યારે સંસારમાં ભગવાનનાં વિષયમાં પણ અનેકાનેક પરસ્પર વિરોધી મતો થઈ જાય છે ત્યારે ભગવાને સ્વયં આવવું પડે છે.

યદ્યપિ ભગવાનના અવતરણ વખતે સંસારમાં મોટાં-મોટાં પ્રતિષ્ઠિત વિદ્ધાન, ઋષિ, મુનિ વગેરે હોવાં છતાં તેઓ ભગવાનના યથાર્થ સ્વરૂપથી અજાણ રહે છે; ત્યારે તો ભગવાને કહ્યું છે કે ''હે વત્સ, સંસારમાં મને કોઈ જાણતું નથી,[૭] આથી હું મારો પરિચય સ્વયં જ આવીને જણાવું છું.'' હે વત્સ, ''હું જે છું અને જેવો છું,

૫. આ વિષયમાં અમે પૃષ્ઠ ૧ અને ૨ પર પદ-લેખમાં વિભિન્ન આચાર્યોના વિભિન્ન મતોનો ઉલ્લેખ કરી આવ્યાં છીએ.

૬. બુદ્ધ, પરમાત્માના વિષયમાં મૌન હતાં. જૈનો પરમાત્માને 'એક' માનતાં નથી.

૭. वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन।। ૭/૨૬

લોકો મને ઓળખતાં નથી.''[૮] ''મારા દિવ્ય જન્મના રહસ્યને મહર્ષિ અને દેવતાઓ પણ જાણતા નથી.''[૯] ભગવાન પાસેથી જ્ઞાન-શ્રવણ કર્યા બાદ વત્સ પણ કહે છે - ''ભગવાન, આપ જ સ્વયંને [પોતાને] જાણો છો;[૧૦] તમે જ પોતાનો પરિચય અને પોતાની વિભૂતિઓ સ્વયં જણાવી શકો છો;[૧૧] આપને દેવતાઓ નથી જાણતા અને દાનવો પણ તમારા જન્મના રહસ્યથી અજાણ છે.[૧૨] અતઃ હે પુરૂષોત્તમ, હે યોગેશ્વર, આપ સ્વયં મને જણાવો કે હું આપને શી રીતે જાણું, શી રીતે આપના સ્વરૂપનું મનન-ચિંતન કરૂં, હું કેવી રીતે યોગ લગાવું ?''[૧૩] આ વચનો દ્વારા એ જાણ થાય છે કે ભગવાન પોતાનો પરિચય સ્વયં જ આપે છે.

## સ્વયં પરમાત્માએ જણાવેલું પોતાનું સ્વરૂપ

પરમાત્મા બધી આત્માઓથી પરમ, ઉત્તમ અથવા શ્રેષ્ઠ છે,[૧૪]

---

૮. अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च।
न तु मामभिजानन्ति तत्वेनातश्चयवन्ति ते।। ९/२४

९. न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः।
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ।। १०/२

१०. **स्वयमेवात्मनात्मानं वेत्थ** त्वं पुरुषोत्तम।
भूतभावन भूतेश देवदेव जगत्पते।। १०/१५

११. **वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः।**
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि।। १०/१६

१२. सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव।
न हि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः।। १०/१४

१३. कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिन्तयन्।
केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया।। १०/१७

१४. यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः।। १५/१८

આથી તેમને પરમ પુરૂષ,[૧૫] પુરૂષોત્તમ[૧૬] અથવા દિવ્ય પુરૂષ[૧૭] કહેવાયાં છે. જેવી રીતે કોઈને 'મહાત્મા' કહેવાનો અભિપ્રાય એમ નથી હોતો કે તે અન્ય આત્માઓની તુલનામાં કે પરિમાણ (Size)માં મોટી આત્મા છે બલ્કે પવિત્રતા અને સદ્ગુણોની દૃષ્ટિએ અન્યોની અપેક્ષાએ મહાન હોવાથી તેમને 'મહાત્મા' કહેવામાં આવે છે, તેવી જ રીતે પરમાત્માને પણ સર્વ આત્માઓની તુલનામાં જ્ઞાન, શક્તિ, શાંતિ, આનંદ, પ્રેમ વગેરે દૃષ્ટિકોણથી ઉત્તમ હોવાને કારણે જ 'પુરૂષોત્તમ' અથવા 'પરમ પુરૂષ'ની સંજ્ઞા આપવામાં આવે છે. આનાથી એક તો એ વાત સ્પષ્ટ થાય છે કે આત્માઓ અનેક છે અને તેમનું પોત-પોતાનું અસ્તિત્વ પણ અનાદિ, અવિનાશી અને નિત્ય છે અને પરમાત્મા એ બધાંથી અલગ, સદા મહાન્ છે. તેમની જેવું બીજું કોઈ નથી. આ દૃષ્ટિકોણથી *તેઓ એક છે,* અનુપમેય છે અને પરમ શ્લાઘ્ય છે. બીજું, આનાથી એ પણ સ્પષ્ટ થાય છે કે પરમાત્મા સર્વવ્યાપક નથી અથવા પરિમાણમાં અનંત નથી બલ્કે કાળની દૃષ્ટિએ અનંત છે. ગીતામાં દેહને કાળની દૃષ્ટિએ 'અંતવંત' [અંતવાન] કહેવામાં આવ્યો છે.[૧૮] આ પ્રકારે, પરમાત્મા પણ કાળની

૧૫. अभ्यास योग युक्तेन चेतसा नान्यगामिना।
**परमं पुरुषं** दिव्यं याति पार्थानुचिन्तयन्।। ८/८

૧૬. (ક) किं तद्ब्रह्म किमध्यात्मं किं कर्म **पुरुषोत्तम**।
अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते।। ८/१
(ખ) स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं **पुरुषोत्तम**।
भूतभावन भूतेश देवदेव जगत्पते।। १०/१५

૧૭. प्रयाणकाले मनसाचलेन भक्त्या युक्तो योगबलेन चैव।
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक् स तं **परं पुरुषमुपैति दिव्यम्**।। ८/१०

૧૮. अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व भारत।। २/१८

જ દૃષ્ટિએ અનાદિ, અવિનાશી અથવા અનંત છે.[૧૯] ત્યારે પ્રશ્ન ઉદ્‌ભવે છે કે ભગવાનનું દિવ્ય રૂપ કેવું છે ?

## પરમાત્માનું દિવ્ય-રૂપ

ભગવાને કહ્યું છે કે - ‘‘મારૂં રૂપ અણુથી પણ સૂક્ષ્મ છે, અચિંત્ય છે અને સૂર્ય વર્ણ તથા જ્યોતિસ્વરૂપ છે.’’[૨૦] આનાથી સ્પષ્ટ છે કે ભગવાન પણ આત્માઓની જેમ એક જ્યોતિ-બિંદુ જ છે. જ્યોતિબિંદુ હોવાને કારણે જ તેમને ***‘અચિંત્ય’*** તથા ***‘અણુથી પણ સૂક્ષ્મ’*** કહેવામાં આવ્યાં છે. આ જ કારણવશ તેમને અવિભાજ્ય પણ કહેવાયા છે. ગુણોમાં તો તેઓ મહાનથી પણ મહાન છે પરંતુ પરિમાણમાં તેઓ સૂક્ષ્માતિસૂક્ષ્મ - પોઈંટ, ડોટ (Point, Dot) અથવા પરમાણુના અંશથી પણ સૂક્ષ્મ છે. પરમાત્માના આ જ રૂપની બૃહદ પ્રતિમા ભારતમાં શિવલિંગના રૂપમાં મંદિરોમાં પૂજાય છે. ભારતના અનેક ધાર્મિક ગ્રંથોમાં પરમાત્માને ‘જ્યોતિર્મય અંડ’, ‘વિદ્યુત પુરૂષ’ વગેરે કહ્યાં છે[૨૧] તથા ભારત બહાર સ્થપાયેલા ધર્મોમાં

૧૯. अनादिमध्यान्तमनन्तवीर्यम्। ११/१९

૨૦. कविं पुराणमनुशासितारम् अणोरणीयांसमनुस्मरेद्यः।।

सर्वस्य धातारमचिन्त्य रूपम् आदित्यवर्णं तमसः परस्तात्।। ८/९

૨૧. (ક) મનુસ્મૃતિમાં લખ્યું છે કે (સૃષ્ટિના આરંભમાં) એક અંડ પ્રગટ્યો; એ હજારો સૂર્ય સમાન તેજસ્વી અને પ્રકાશમાન હતો. સ્મૃતિના શબ્દો છે - तदण्डमभवद्धैमं सहस्त्रांशुसमप्रभम् (મનુ ૧/૯)

(ખ) યજુર્વેદ (૩૨/૨) ના શબ્દો છે - ‘‘सर्वे निमेषा जज्ञिरे विद्युत पुरुषादधि’’, અર્થાત્ એ વિદ્યુતપુરૂષ (જ્યોતિર્લિંગ) પ્રગટ થયો જેના દ્વારા નિમેષ, કલા વગેરેનો પ્રારંભ થયો.

તેમને જ્યોતિર્મય પુરૂષ વિશેષ (Person) માનવામાં આવ્યાં છે.[૨૨] મોઝેસે આવું જ રૂપ જોયું હતું.

પરમાત્માનું આ રૂપ ***આત્મિક*** જ છે, ***કાયિક*** નથી. આવું રૂપ હોવાને કારણે જ કહેવામાં આવે છે કે તેમને (ચર્મ) ચક્ષુ નથી પરંતુ તેમ છતાં તેઓ જોઈ શકે છે, તેમનાં (શારીરિક) કાન નથી પરંતુ તેમ છતાં તેઓ સાંભળી શકે છે, તેમના (કાયિક) પગ નથી પરંતુ તેમ

(ગ) શિવ પુરાણ (ધર્મ સંહિતા, અ. ૨, શ્લોક. ૬૩-૬૪)માં લખ્યું છે - કલિયુગના અંતમાં પ્રલયકાળે એક અદ્ભુત જ્યોતિર્લિંગ પ્રગટ્યો. એ પ્રલયાગ્નિ સમાન જવાળારૂપ અથવા તેજોમય હતું. એ વધતું પણ નહોતું અને ઘટતું પણ નહોતું; એ અનુપમ હતું, અવ્યક્ત હતું અને તેના દ્વારા જ સૃષ્ટિનો પ્રારંભ થયો. શ્લોક આમ છે

ज्योतिर्लिंगं तदोत्पन्नमावर्योमध्य अद्भुतम्।
ज्वालामाला सहस्राढ्यं कालानलचलोपमम्।।
क्षयवृद्धिविनिर्मुक्तमादिमध्यान्तवर्जितम्।
अनौपम्यमनिर्द्रिष्टमव्यक्तं विश्वसम्भवम्।।

૨૨. (ક) ખિસ્તીઓના ધર્મગ્રંથ બાઈબલ તૌરેત (અ. ૧, શ્લો. ૨-૪)માં લખ્યું છે કે 'ઈશ્વરની આત્મા જળ પર ડોલતી હતી.'

(ખ) તૌરેત (Old Testament) ને તો મુસલમાનો પણ માને છે. તેઓ ખુદાને નૂર કહે છે અને તેને ૫ (પાંચ) મા આકાશમાં માને છે. આ બધાંથી સ્પષ્ટ છે કે એક સમય હતો જ્યારે બધાં ધર્મોના લોકો પરમાત્માને જ્યોતિ સ્વરૂપ અને દિવ્યરૂપ ધારી (સર્વવ્યાપી નહીં ) માનતાં હતાં.

છતાં તેઓ ચાલી શકે છે.[૨૩] પરમાત્માનું આ રૂપ પુરૂષ-જેવું નથી અને સ્ત્રી-જેવું પણ નથી. આથી તેમને 'જ્યોતિર્લિંગ' કહેવામાં આવે છે. 'લિંગ' નો અર્થ 'ચિહ્ન' અથવા લક્ષણ છે. અનેક પ્રાચીન ગ્રંથોમાં લિંગ શબ્દનો આ જ અર્થમાં પ્રયોગ થયો છે.[૨૪]

## સાકાર કે નિરાકાર ?

પરમાત્માનું આ રૂપ કાયિક અથવા શારીરિક ન હોવાથી તેમને 'અશરીરી' કહેવામાં આવે છે; આત્માઓને શરીરી[૨૫] કહેવામાં આવે છે કારણ કે તેઓ પોત-પોતાનાં શરીરમાં છે. જેમનું કોઈ સ્થૂળ શરીર

---

૨૩. (ક) बिन पग चले सुने बिन काना।
बिन कर करम करे विधि नाना।।
(ખ) अपाणिपादो जवनो ग्रहीता पशत्यचक्षुः स श्रृणोत्यकर्णः।
स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्रयं पुरुषः महानतम्।...
(શ્વે ઉ. ૩/૧૬૯)

૨૪. ઉદાહરણાર્થે વૈશેષિક દર્શનમાં કહ્યું છે - 'इच्छा द्वेष प्रयत्न सुखदुःखज्ञा-न्योत्मनो **लिंगम्** (વૈ. ૨/૨/૧૦) અર્થાત્ ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, સુખ-દુઃખ અને જ્ઞાન - એ આત્માના લક્ષણ છે. આવી રીતે, ન્યાય દર્શન (૧/૧૬)માં કહ્યું છે કે 'युगपज्ज्ञानानुपपर्तिमनसो**लिंगम्**' અર્થાત્ એક સમયે અનેક વસ્તુઓનું જ્ઞાન ન હોવું એ મનનું લિંગ (લક્ષણ) છે. આમ જ વૈશેષિક દર્શનમાં (૨/૨/૬)માં કાળના લિંગ અને ન્યાય (૧/૧૦)માં દિશાના લક્ષણોને લિંગ કહેવામાં આવ્યા છે. શિવ પુરાણમાં કહેવાયું છે કે અવ્યક્ત અવસ્થાવાળી સત્તા (વસ્તુ)ના ચિહ્ન કે બોધકને લિંગ કહેવાય છે - लीनार्थ-गमकं चिह्न' लिंगमित्य-भिधीयते (શિવ પુરાણ, વિદ્યેશ્વરી સંહિતા ૧૬/૧૦૬)

૨૫. अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः **शरीरिणः**। ૨/૧૮

હોય અને જેમની સ્થૂળ શારીરિક આકૃતિ હોય, જેવી મનુષ્યોની છે, તેમને 'સાકાર' કહેવામાં આવે છે. જેમનું સૂક્ષ્મ શરીર હોય, તેમને 'સૂક્ષ્માકાર' અથવા 'દિવાકાર' કહેવામાં આવે છે. પરમાત્માનું કોઈ જ શરીર ન હોવાથી તેમને 'ન-સાકાર', 'ન-દેવાકાર', વાસ્તવમાં 'નિરાકાર' કહેવામાં આવે છે. 'નિરાકાર' નો એ અર્થ નથી કે પરમાત્માનો કોઈ પણ આકાર નથી. આપણે હંમેશાં યાદ રાખવું જોઈએ કે કોઈ પણ વિશેષણ બીજા કોઈ વિશેષણની તુલનામાં અથવા સાપેક્ષમાં હોય છે જેમ કે 'મોટો' કોઈ 'નાના' ની તુલનામાં જ 'મોટો' કહેવાય છે. અતઃ 'નિરાકાર' શબ્દ પણ જ્યારે પરમાત્માના વિશેષણનાં રૂપમાં પ્રયુક્ત થાય છે, ત્યારે 'સાકાર' તથા 'દિવાકાર' ની સાપેક્ષમાં જ પ્રયુક્ત થાય છે. પુનશ્ચ, પરમાત્માનું રૂપ બિંદુ હોવાથી નિરાકાર જ છે. બિંદુ નું કોઈ માપ થોડું જ હોઈ શકે છે ? બિંદુની તો કોઈ ભુજાઓ નથી હોતી, ન તો કોઈ કોણ; આથી બિંદુ ચોરસ નથી, લંબચોરસ પણ નથી અને વૃત્તાકાર પણ નથી તથા તેનો બીજો કોઈ આકાર પણ નથી, બલ્કે રેખા-ગણિત અનુસાર પણ તેને નિરાકાર કહેવું જ તર્કસંગત છે. હા, જ્યારે  ધર્મ-ગ્લાનિને સમયે એક મનુષ્યના તનમાં સંનિવેશ કરે છે, ત્યારે તેમને 'સાકાર' પણ કહી શકાય છે. પછી, તે પણ તેમનું પોતાનું કર્મ-જન્ય શરીર ન હોવાથી, તેઓ વસ્તુતઃ 'નિરાકાર' જ છે.

પરમાત્માનું આ રૂપ અપરિવર્તનીય છે. એ સૂક્ષ્માતિસૂક્ષ્મ હોવાથી અવિનાશી છે કારણ કે એ અવિભાજ્ય છે. પરમાત્માના આ જ રૂપનાં ન તો કોઈ અંગ છે ન અંશ, એ ઘટતું નથી અને વધતુ નથી; એ મૃત્યુને આધીન નથી અને પ્રકૃતિનાં પરિવર્તનથી પ્રભાવિત પણ નથી થતું.

પતંજલિએ પોતાના યોગશાસ્ત્રમાં પણ પરમાત્માને એક 'પુરૂષ વિશેષ'[૨૬] અને 'કાળથી અપ્રભાવિત'[૨૭] પુરૂષ કહ્યાં છે. સ્પષ્ટ છે કે તેમણે પણ પરમાત્માને સર્વવ્યાપક નથી માન્યાં. જો પરમાત્માને 'પુરૂષ વિશેષ' કે 'પુરૂષોત્તમ' માનવાના બદલે સર્વવ્યાપક માનવામાં આવે તો મનને તેમનામાં એકાગ્ર કરી શકાય નહીં કારણ કે યોગાભ્યાસ માટે તો મનને એક દેશ-વિશેષમાં જ સ્થિર કરવાનું હોય છે; આને જ 'ધારણા'* અને ધ્યાન કહે છે. ગીતામાં પણ ભગવાને વારંવાર 'મન્મનાભવ'નો ઉપદેશ, આદેશ અને નિર્દેશ આપ્યો છે. ગીતા પણ ખરેખર તો એક યોગ શાસ્ત્ર જ છે. આથી ગીતામાં પરમાત્માને 'પરમ પુરૂષ' (પુરૂષ વિશેષ) કહેવાં તર્ક સંગત તથા વિવેકપૂર્ણ જ છે.

પરમાત્મા અવ્યક્ત છે[૨૮] અને અવ્યક્ત ધામ, જેને 'પરમ ધામ' પણ કહેવામાં આવે છે,[૨૯] થી આ વિશ્વમાં આવે છે. ભગવાને કહ્યું છે કે બધી આત્માઓ પણ ત્યાંથી જ આવીને વ્યક્ત થાય છે.[૩૦] એ દેશ

---

૨૬. क्लेशकर्मविपाकाशयेर परामृष्टः पुरुषविशेष ईश्वरः યો. દ. ૧/૨૧

૨૭. स पूर्वेषामपि गुरुः कालेनानलच्छेदात्।। યો. દ. ૧/૨૬

* देशबन्धश्चितस्य धारणा।
तत्र प्रत्ययैकतानताध्यानम्। (યો. દ. ૩/૧-૨)

૨૮. **अव्यक्तं** व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः।
परं भावमजानन्तो समाव्ययमनुत्तमम्।। ૭/૨૪

૨૯. (ક) परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति।। ૮/૨૦
(ખ) अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम्।
यं प्राप्य न निवर्तन्ते **तद्धाम परमं मम**। ૮/૨૧

૩૦. मम योनिर्महद्ब्रह्म तस्मिनगर्भं दधाम्यहम्।
संभवः सर्वभूतानां ततो भवति भारत।। ૧૪/૩

અથવા એ લોક આ સંસારના આકાશ તત્વથી પરે છે, આથી પરમાત્માને 'પરાત્પર' અથવા પરે-થી-પરે કહેવાયાં છે. ભગવાને ગીતામાં કહ્યું છે કે મારા એ અવ્યક્ત ધામમાં સૂર્ય અને ચંદ્રનો પ્રકાશ ભાસતો નથી.[૩૧] પરમાત્મા જ્યોતિઓની પણ જ્યોતિ છે.[૩૨] તેમનાં ધામમાં પણ અવ્યક્ત 'બ્રહ્મ' નામક પ્રકાશ છે. પરમાત્મા ક્ષણ વારમાં અથવા અચિંત્ય સમયમાં ગમે ત્યાં પહોંચી શકે છે કારણ કે પ્રકૃતિનું કોઈ પણ તત્વ તેમની ગતિમાં બાધારૂપ નથી, શરીર કે કર્મ-બંધનરૂપી બાધાઓ પણ નડતી નથી. એક સાથે લાખો માઈલ એક-બીજાંથી દૂર બેઠેલી વ્યક્તિ પણ પોત-પોતાનાં સ્થાને તેમનો અનુભવ કરી શકે છે અને તેમનાં અનુભવમાં તલ્લીન થઈ શકે છે કારણ કે પરમાત્મા સદા તથા સર્વથા મુક્ત છે, યોગેશ્વર છે, પરમ પ્રભાવશાળી છે તથા તેમની સમક્ષ બધું જ પ્રત્યક્ષ છે. આવાં જે પરમાત્મા છે, તેઓ જ સ્મરણીય છે, તેમનું નામ જ ગાયનયોગ્ય છે પરંતુ આજે ઘણાં અલ્પજ્ઞાની લોકો કહે છે કે પરમાત્માનું કોઈ નામ જ નથી.

## પરમાત્માનું દિવ્ય નામ

પરમાત્માનું પોતાનું કોઈ શરીર ન હોવાથી તેમનું મનુષ્યોની જેમ કોઈ પણ સંજ્ઞાવાચક નામ નથી, બલ્કે તેમનાં અનેકાનેક ગુણવાચક નામ છે. **બધાંના કલ્યાણકારી હોવાથી તેમનું મુખ્ય કર્તવ્ય વાચક નામ 'શિવ' છે.** ગીતામાં ભગવાને સ્વયંનો પરિચય

---

૩૧. न तद्भासयते सूर्यो न शशांको न पावकः।
यद्गत्वा न निवर्तन्ते **तद्धाम परमं मम**।। ૧૫/૬

૩૨. ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं ह्यदि सर्वस्य विष्ठितम्।। ૧૩/૧૭

આપતા કહ્યું છે કે હું બધાંનો 'સુહૃત' છું.[33] તેમણે ફરીથી કહ્યું છે કે 'હું સર્વલોક મહેશ્વર, બધાં નો હિતેચ્છુ છું'[34], શુભ-ચિંતક છું અથવા ભલાઈ કરનાર છું જેમને પીછાણવાથી મનુષ્યને શાંતિ પ્રાપ્ત થાય છે. આથી ભગવાનનું સ્વકથિત નામ શિવ છે કારણ કે તેઓ સુહૃદ છે અને શાંતિ દાતા છે.* ગીતામાં તેમને માટે 'ઓંકાર' નામ પણ આવ્યું છે.[35] ભારતમાં ઓંકારેશ્વર નામનું જે મંદિર છે, તે પણ શિવનું જ છે. 'ઓમ્' શબ્દને પણ ઘણાં ખરાં લોકો બ્રહ્મા, વિષ્ણુ અને શંકરનાં રચયિતાનાં રૂપનો વાચક માને છે.[36] આથી 'શિવ'

---

૩૩. गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुह्यत्।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम्।। ९/१८

૩૪. भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम्।
**सुहृदं सर्वभूतानां** ज्ञात्वा मां शान्तिमृच्छति।। ५/२९

* વેદમાં 'नमः शिवाय च शिवतराय च'(યજુર્વેદ ૧૬/૪૧) તથા ઉપનિષદોમાં 'अदृष्टमव्यवहार्यम ग्रह्यमलक्षणमचिन्त्यमव्यपदेश्यमै-कत्म्यप्रत्ययसारं प्रपंचोपशमं शान्तं **शिवमद्वैतं** चतुर्थ मन्यते स आत्मा विज्ञेयः (માંડૂક્ય, ૭) વગેરે વાક્યોને આધારે પણ લોકો પરમાત્માનું નામ શિવ માને છે. ઉપનિષદના આ વાક્યમાં કહેવામાં આવ્યું છે કે પરમાત્માને ઇંદ્રિયો દ્વારા જોઈ અથવા ગ્રહણ કરી શકાતાં નથી, તેઓ અચિંત્ય છે, અદ્વિતીય છે, જાણવા યોગ્ય છે, તેમનું નામ 'શિવ' છે.

૩૫. (ક) ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधं स्मृतः।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा।। १७/२३
(ખ) ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन्। ८/१३
(ગ) वेद्यं पवित्रमोंकार ऋक्साम यजुरेव च।। ९/१७

૩૬. ओम्; अकारो विष्णुरुछिष्ट उकारस्तु महैश्वरः। मकारस्तु स्मृतो ब्रह्मा प्रणवस्तु त्रयात्मकः 2. of Shiva--The Students' Sanskrit English Dictionary, by Vaman Shioram Apte.

ત્રિમૂર્તિ છે; તે ઓ દેવ-દેવ છે.[૩૭] ગીતામાં તેમને પ્રભવિષ્ણુ (બ્રહ્મા), ગ્રસિષ્ણુ (શંકર) અને વિષ્ણુ (ભર્તુ)[૩૮] ત્રણે દ્વારા કાર્ય કરાવનાર, 'જ્યોતિઓની પણ જયોતિ' કહ્યાં છે.[૩૯] તેમાં એ પણ કહેવામાં આવ્યું છે કે 'ઓમ્ તત્ સત્' - આ ત્રણ શબ્દ પરમાત્માનાં વાચક છે.[૪૦] આ ત્રણેનો અર્થ એ છે કે એક પરમાત્મા જ સત્ય સ્વરૂપ છે. ગીતામાં લખ્યું છે કે સૃષ્ટિના પ્રારંભમાં ઓમ્ દ્વારા જ બ્રાહ્મણોની ઉત્પત્તિ થઈ અને યજ્ઞની સ્થાપના થઈ. આનો ભાવ એ છે કે પરમાત્માએ બ્રહ્મા દ્વારા જ્યારે 'ઓમ' નો અર્થ જણાવ્યો ત્યારે તદાનુસાર જીવનને પવિત્ર બનાવનાર મનુષ્ય 'બ્રાહ્મણો' કહેવાયાં કારણ કે તેમણે બ્રહ્મા દ્વારા બીજો જન્મ લીધો. ભાવ એ છે કે તેમણે 'મરજીવા જન્મ' અથવા 'આધ્યાત્મિક જન્મ' લીધો અને ત્યારે જ્ઞાન-યજ્ઞનો આરંભ થયો. પરમાત્મા આ જ્ઞાન આપવા માટે અવતર્યા, અર્થાત્ તેમણે દિવ્ય જન્મ લીધો.

## પરમાત્માનો દિવ્ય જન્મ

ભગવાને કહ્યું છે કે જ્યારે-જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે,

૩૭. स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम।
भूतभावन भूतेश देवदेव जगत्पते।। ૧૦/૧૫

૩૮. अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम्।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च।। ૧૩/૧૬

૩૯. ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य विष्ठितम्।। ૧૩/૧૭

૪૦. ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा।। ૧૭/૨૩

ત્યારે-ત્યારે હું આ સંસારમાં અવતરૂં છું. પરમાત્માનાં પોતાનું કોઈ કર્મ-ખાતું ન હોવાથી અમને કર્મોનું પણ કોઈ બંધન નથી હોતું,[૪૧] આથી તેઓ પોતાનું કોઈ કર્મ-જન્ય શરીર નથી લેતાં. તેઓ પ્રકૃતિને અધીન કરીને એક મનુષ્ય તનમાં પ્રવિષ્ટ થાય છે.[૪૨] તેમનો જન્મ મનુષ્યોની માફક કોઈ માતાના ગર્ભ દ્વારા નથી થતો બલ્કે કોઈ અન્ય પુરૂષના શરીરમાં પ્રવેશ (પરકાયા પ્રવેશ)ના રૂપમાં થાય છે, આને લીધે તેમણે કહ્યું છે કે મારો જન્મ દિવ્ય છે.[૪૩] જો પરમાત્મા પોતાનું જ કોઈ શરીર લે તો તેઓ નસ-નાડીના બંધનમાં આવી જાય અને તેમણે કોઈ માતા-પિતા પાસેથી લાલન-પાલન તથા કોઈ શિક્ષક પાસેથી શિક્ષા પણ લેવી પડે, અને આ પ્રકારે, તેમનું અમુક કર્મ-ખાતું બની જશે. પરંતુ પરમાત્મા તો કર્માતીત છે; તેઓ કોઈ બાળકના રૂપમાં જન્મ નથી લેતા બલ્કે તેઓ કોઈ મનુષ્યના તનમાં આવે છે. તેઓ સંપૂર્ણ સૃષ્ટિના બીજરૂપ છે.[૪૪] અથવા બીજપ્રદ પિતા છે, આથી તેમનો પોતાનો જન્મ કોઈ મનુષ્યના બીજ દ્વારા નથી થતો. પછી એ મનુષ્યાત્માનું શરીર તેના પૂર્વ-કર્મો અનુસાર સાધારણ હોય છે, આથી એ તનમાં **આવેલાં** અને સંનિવિષ્ટ થયેલાં પરમાત્માને જ્ઞાન-ચક્ષુ -વિહીન કરોડો લોકો ઓળખી શકતાં નથી. આથી જ

૪૧. (ક) **न च मां तानि कर्माणि निबन्धन्ति धनंजय**
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु।। ૯/૯
(ખ) क्लेश कर्मविपाकाशैर्यपरामृष्टः **पुरुष विशेष ईश्वरः**। (પતંજલિ,૧/૨૧)

૪૨. **प्रकृतिं स्वामवष्टभ्य** विसृजामि पुनः पुनः।
भूतगाममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात्।। ૯/૮

૪૩. **जन्म कर्म च मे दिव्यमेवं** यो वेत्त्वि तत्त्वितः।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन।। ૪/૯

૪૪. गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत्।
प्रभवः प्रलयः स्थानं निधानं **बीजमव्ययम्**।। ૯/૧૮

ભગવાને કહ્યું છે કે **મનુષ્ય તનનો આશ્રય લેનાર** મને મૂઢમતિ લોકો પિછાણતા નથી.[૪૫] યદ્યપિ હું મહેશ્વર (પરમાત્મા) છું તો પણ વ્યક્ત ભાવધારી એ લોકો મને ઓળખી શકતાં નથી. હું **અવ્યક્તધામ** (પરમધામ) થી **આવેલો** છું પરંતુ બુદ્ધિહીન લોકો આ વાતથી અનભિજ્ઞ રહે છે.[૪૬] ભગવાનના આ મહાવાક્યોથી સ્પષ્ટ છે કે તેઓ પરમધામથી અવતરીને એક મનુષ્યના શરીરમાં પ્રવેશ કરે છે કારણ કે તેના મુખ દ્વારા જ ઈશ્વરીય જ્ઞાન અને યોગની શિક્ષા પ્રદાન કરવાની હોય છે. આ પ્રકારનો જન્મ થવાને કારણે જ ભગવાને કહ્યું છે કે હું જન્મ લેવાં છતાં અજન્મા છું.[૪૭] સર્વેંદ્રિયોનો આધાર લેનાર હોવા છતાં પણ હું ઈંદ્રિય-રહિત છું.[૪૮] આ મહાવાક્યોના અર્થના મનન પછી એ સ્પષ્ટ થાય છે કે ભગવાન પોતાનું કોઈ શરીર નથી લેતાં, તેઓ પોતાના યોગબળ દ્વારા અથવા પોતાના પ્રભાવથી એક મનુષ્ય વિશેષમાં આવીને જ્ઞાન અને યોગની શિક્ષા પ્રદાન કરીને બ્રાહ્મણોને રચે છે; આ પ્રકારે જ તેઓ નવા જગતની રચનાનું કાર્ય કરે છે.[૪૯] આ

૪૫. अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम्।। ૯/૧૧

૪૬. अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः।
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम्।। ૭/૨૪

૪૭. यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम्।
असंमूढ़ः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते।। ૧૦/૩

૪૮. सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम्।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणाभोक्तृ च।। ૧૩/૧૪

૪૯. (ક) प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः।
भूतग्राममिमं कृतस्नमवशं प्रकृतेर्वशात्।। ૯/૮
(ખ) कस्माच्च ते न नमेरन्महात्मन्।
गरीयसे **ब्रह्मणोऽप्यादिकर्त्रे**। ૧૧/૩૭
(ગ) यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन।। ૧૦/૩૯

કાર્યને કારણે જ તે એ મનુષ્યને, જેના તનમાં તેઓ પ્રવિષ્ટ થાય છે, તેને 'પ્રજાપિતા બ્રહ્મા' નામ આપે છે. પ્રજાપિતા બ્રહ્મા પણ મુખ દ્વારા વિનિસૃત એ જ્ઞાનને સાંભળતાં હોવાથી પરમાત્મા બ્રહ્માનાં પણ રચયિતા છે.[૫૦]

ભગવાનના આ જન્મની આવી અલૌકિક, અવ્યક્ત તથા અનુપમ રીતને ત્યાં સુધી કોઈ જાણતું નથી જ્યાં સુધી તેઓ સ્વયં આવીને જણાવતાં નથી. ભગવાને કહ્યું છે કે 'હું જ બધાનો રચયિતા છું; હું જ આદિ પુરૂષ છું.'[૫૧] સપ્ત ઋષિ, મનુ તથા બીજા બધાંનો જન્મ પણ તેમના દ્વારા જ થયો છે.[૫૨] તો જ્યારે ભગવાન જ બધાંના રચયિતા અને આદિ પુરૂષ છે ત્યારે તેમના જન્મનું રહસ્ય અને તેમના જીવન-વૃત્તને તેમના વિના બીજું કોણ જણાવી શકે ? ત્યારે જ તો ગીતામાં કહેવામાં આવ્યું છે કે - ''ભગવાન્ આપની વ્યક્ત થવાની (જન્મ લેવાની) રીતને ન તો દેવતા જાણે છે, ન દાનવ.''[૫૩] સ્વયં ભગવાને પણ કહ્યું છે કે - ''હે વત્સ, હું જ સર્વનો આદિ છું; મારાં જન્મને ન તો દેવતા જાણે છે અને ન તો રાજર્ષિ.''[૫૪] ભગવાનના

૫૦. (ક) प्रजापतिस्त्वं प्रपितामहश्च। ૧૧/૩૯
(ખ) त्वमादिदेवः पुरुषः पुराणः ૧૧/૩૮

૫૧. (ક) त्वमादिदेवः पुरुषः पुराणस्त्वमस्य विश्वस्य परम निधानम्।
वेत्तासि वेद्यं च परं च धाम त्वया ततं विश्वमनन्तरूप।। ૧૧/૩૮
(ખ) तमेव चाद्यं पुरुषं प्रपद्ये।
यतः प्रवृत्तिः प्रसृता पुराणी।। ૧૫/૪

૫૨. महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा।
मद्भावा मानसा जाता येषां लोक इमाः प्रजाः।। ૧૦/૬

૫૩. सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव।
न हि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः।। ૧૦/૧૪

૫૪. न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः।
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः।। ૧૦/૨

જન્મની રીત અલૌકિક, અસાધારણ તથા ગુહ્ય હોવાને કારણે જ ભગવાને કહ્યું છે કે જેઓ એ જાણે છે કે હું અજન્મા છું, એ મુક્ત થઈ જાય છે.[૫૫]

## 'ભગવાન' કોઈ સર્વવ્યાપક તત્વનું નામ નથી, 'પુરૂષ વિશેષ'નું નામ છે

ભગવાન (દિવ્ય) જન્મ લેતાં હોવાથી અને તેમણે પોતાના ધામનો પણ ઉલ્લેખ કર્યો હોવાથી, એ પણ પ્રમાણિત થઈ જાય છે કે પરમાત્મા સર્વવ્યાપક નથી બલ્કે તેમનું પોતાનું કોઈ અવ્યક્ત, અપરિવર્તનીય, અવિનાશી, ચેતન અને દિવ્ય રૂપ છે. જો ભગવાન સર્વવ્યાપક હોત તો તેમનાં જન્મ, અવતરણ અને કર્મની ચર્ચા જ ન હોત. પુનશ્ચ, ભગવાનનું અવતરણ, મનુષ્યાત્માઓની સાથેનું તેમનું દિવ્ય મિલન, સર્વનાં કલ્યાણાર્થે ઈશ્વરીય જ્ઞાનનું વિતરણ તથા પરમાત્મા સાકાર થવાથી તેમનાં દ્વારા થયેલ ઈશ્વરીય ચરિત્રો જ ઈતિહાસનાં સર્વશ્રેષ્ઠ, સોનેરી અને યુગાંતકારી વૃત્તાંતો છે. ભગવાનને સર્વવ્યાપક માનવા એ તો જાણે તેમનું અવતરણ ન માનવા જેવું છે અને અવતરણને નકારવું એ તો ગીતા અને ભારતના વાસ્તવિક મહાત્મ્યને નકારવાં સમાન છે તથા ઈતિહાસના સૌથી ઉજવળ, પુનિત, મહાક્રાંતિકારી અને વિશ્વ-પ્રવર્તક વૃત્તાંતનો અસ્વીકાર કરવા સમાન છે. આ વિના તો ઈતિહાસનાં પ્રથમ યુગ, અર્થાત્ સતયુગના આરંભની વ્યાખ્યા કરવી અસંભવ છે. ત્યારે તો લોકો વિકાસવાદ તથા અન્યાન્ય વાદોના રૂપમાં સૃષ્ટિના પ્રારંભની વ્યાખ્યા કરવાનો મિથ્યા

---

૫૫. यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम्।
असंमूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते।। १०/३

યત્ન કરે છે. તેઓ જાણતાં નથી કે પરમાત્માએ સ્વયં સંગમયુગમાં પરમપિતા, પરમ-શિક્ષક, પરમ-સદ્‌ગુરૂ અથવા માર્ગ-પ્રદર્શક તથા યુગ-પ્રવર્તકનું મહાન કર્ત્તવ્ય કર્યું હતું.

## પરમાત્મા સાથેનો સંબંધ

પરમાત્મા આ જગતના માતા-પિતા, પિતામહ અથવા પ્રપિતામહ (Great Grand Father) છે.[૫૬] તેઓ કેવળ પિતા જ નહીં બલ્કે ગુરૂઓનાં પણ ગુરૂ છે.[૫૭] તેઓ પોતાનો પરિચય સ્વયં આપે છે[૫૮] અને આ સંસારનો આદિ, મધ્ય, અંતનો ઈતિહાસ જણાવે છે. આથી તેઓ જ આદિ-શિક્ષક પણ છે. તેઓ જ મનુષ્યને શ્રેષ્ઠ મત અથવા માર્ગદર્શન પણ આપનારાં છે; આથી તેઓ માર્ગ-પ્રદર્શક અથવા અનુમંતા[૫૯] (Guide) પણ છે જે મનુષ્યાત્માઓને એવો પથ દેખાડે છે કે જેને લીધે તેઓ ફરીથી પાછા તેમની પાસે પરમધામ જઈ શકે.[૬૦] તેઓ જ બ્રહ્મા દ્વારા સૃષ્ટિનાં આદિ-કર્તા હોવાને કારણે બ્રહ્મા

---

૫૬. पितामहस्य जगतो माता धाता पितामहः।
वेद्यं पवित्रमोंकार ऋक्साम यजुरेव च।। ९/१७

૫૭. **पितासि लोकस्य चराचरस्य**
**त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान्** ११/४३

૫૮. वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः। १०/१६

૫૯. उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः।। १३/२२
(અહીં पुरूषः परः (Over Soul) અથવા પરમાત્મા માટે જ કહેવાયું છે કે તેઓ શરીરમાં આવી અનુમંતા (Guide) બને છે.

૬૦. अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन्।। ८/८

સિવાય તેમને પણ 'પ્રજાપતિ' કહેવામાં આવે છે.[૬૧] જે આદિ સનાતન દેવી-દેવતા ધર્મની તેઓ સ્થાપના કરે છે, તેનો પૂર્ણતઃ લોપ થતાં પહેલાં તેની પુનઃ સ્થાપના કરવાને કારણે તેઓ એ શાશ્વત ધર્મનાં રક્ષક પણ છે.[૬૨]

## પરમાત્માનું કર્તવ્ય

ગીતામાં ભગવાને કહ્યું છે કે મારાં કર્મો દિવ્ય છે.[૬૩] આ દ્વારા જાહેર છે કે તેઓ કોઈ શારીરિક સંબંધને કારણે કે પોતાની ઈચ્છાઓ અથવા આવશ્યક્તાઓની પૂર્તિ માટે કોઈ કર્મ કરતાં નથી બલ્કે તેઓ સંસારનાં કલ્યાણાર્થે તથા તેને દિવ્ય બનાવવાનું કર્તવ્ય કરે છે. તેમણેએ પણ કહ્યું છે કે મારા માટે ત્રણે લોકોમાં કોઈ પણ વસ્તુ અપ્રાપ્ય નથી પરંતુ તેમ છતાં સંસારમાં ઊંચી મર્યાદા સ્થાપવા માટે તથા આદર્શ કર્મનો માર્ગ પ્રશસ્ત કરવા માટે હું કર્મ કરૂં છું.[૬૪] તેમનો પોતાનો દેહ, દૈહિક સંબંધ, દૈહિક ઈચ્છાઓ અથવા દૈહિક આવશ્યકતાઓ ન હોવાને લીધે તથા લોક-કલ્યાણાર્થે જ કર્મ કરવાને કારણે પરમાત્માને કર્મ બાંધતાં નથી.[૬૫]

---

૬૧. प्रजापतिस्त्वं प्रपितामहश्च। ૧૧/૩૯

૬૨. त्वमव्ययः शाश्वतधर्मगोप्ता
सनातनस्त्वं पुरुषो मतो मे।। ૧૧/૧૮

૬૩. जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्वतः।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन।। ૪/૯

૬૪. (ક)न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि।। ૩/૨૨
(ખ) यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः।। ૩/૨૩

૬૫. न च मां तानि कर्माणि निबन्धन्ति धनंजय।
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु।। ૯/૯

પરમાત્માના ત્રણ મુખ્ય દિવ્ય કર્તવ્યો પણ છે તેમણે સ્વયં જ કહ્યું છે કે હું સ્થાપના અને વિનાશ કરાવનાર છું.[૬૬] તેઓ બ્રહ્મા દ્વારા જ્ઞાન અને યોગની શિક્ષા પ્રદાન કરી સત્ ધર્મ (આદિ સનાતન દેવી-દેવતા ધર્મ)ની અથવા, સતયુગની સ્થાપના કરાવે છે અને શંકર દ્વારા કલિયુગી, તમો પ્રધાન દુષ્કૃત્યોનાં સંપ્રદાયનો સંહાર પણ કરાવે છે. ધર્મ અથવા સતયુગની સ્થાપનાને કારણે જ તેમને જગત્‌નાં રચયિતા[૬૭] પણ કહેવામાં આવે છે અને કલિયુગી આસુરી જગતનો મહાસંહાર કરાવવાને કારણે તેમને 'મહાકાળ' પણ કહેવામાં આવે છે. ગીતામાં તેમના પોતાનાં જ મહાવાક્યો છે કે "હું મહાકાળ છું, હું લોક-ક્ષય અર્થે પ્રગટ થયો છું."[૬૮] પછી તેઓ જ વિષ્ણુ દ્વારા સતયુગ અને ત્રેતાયુગની પવિત્ર સૃષ્ટિની પાલના પણ કરાવે છે. આ ત્રણે દેવતાઓના પણ ઈશ્વર અથવા પૂજ્ય હોવાને કારણે તેઓ 'દેવેશ'[૬૯] અથવા 'દેવોનાં દેવ'[૭૦] પણ છે. તેઓ જ શરણમાં આવનાર લોકોને માયાથી મુક્ત કરે છે.[૭૧]

૬૬. एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय।
**अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा**।। ૭/૬

૬૭. (ક) कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम्। ૯/૭
(ખ) प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनःपुनः।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात्।। ૯/૮

૬૮. (ક) कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो।
लोकान्समाहर्तुमिह प्रवृत्तः।। ૧૧/૩૨
(ખ) अहमेवाक्षयः कालोधाताहं विश्वतोमुखः।। ૧૦/૩૩

૬૯. तदेव मे दर्शय देव रूपं।
प्रसीद **देवेश** जगन्निवास।। ૧૧/૪૫

૭૦. स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम।
भूतभावन भूतेश **देवदेव** जगत्पते।। ૧૦/૧૫

૭૧. दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते।। ૭/૧૪

## પરમાત્માનાં ગુણ

અમુક લોકો પરમાત્માને નિર્ગુણ માને છે. તેઓ એવો અર્થ લે છે કે પરમાત્મા ગુણોથી અતીત છે અથવા ગુણ-રહિત છે પરંતુ વાસ્તવમાં આનો ભાવ છે કે તેઓ સતો, રજો અને તમો-આ ત્રણે ગુણોથી અતીત છે કારણ કે તેઓ ન તો પ્રકૃતિને આધીન હોય છે, ન તો દેહ-ભાનમાં આવે છે, ન તો તેઓ ક્યારેય જ્ઞાન-રહિત થાય છે અને ન તેઓ કોઈ લૌકિક કર્તવ્ય કરે છે. બીજાં શબ્દોમાં, તેમનામાં પ્રકૃતિનાં ગુણ નથી. એ દૃષ્ટિકોણથી પણ તેઓ ગુણાતીત છે પરંતુ આધ્યાત્મિક ગુણોની દૃષ્ટિએ તેઓ સદા સર્વ ગુણોનાં સાગર છે. તેઓ જ્ઞાનના સાગર અથવા જ્ઞાન-સ્વરૂપ છે.[૭૨] તેઓ જ શક્તિના સાગર, આનંદના સાગર, પ્રેમના સાગર અને સર્વશક્તિવાન પણ છે. તેઓ સર્વ મહાન્ ગુણોની ખાણ છે અથવા અસીમ સાગર છે. એ સત્ય સ્વરૂપ પરમાત્માની સાથે મન કે બુદ્ધિ નો જ્યારે સંગ [જોડાણ] થાય છે ત્યારે મનુષ્યાત્મામાં ગુણોનો અભ્યુદય થાય છે; આમ ખરેખર તેમનો સંગ જ 'સત્સંગ' છે. એટલે મનુષ્યે પરમાત્મા જોડે જ યોગયુક્ત થવું જોઈએ.

## પરમાત્મા પાસેથી પ્રાપ્તિ

પરમપિતા પરમાત્મા પ્રજાપિતા બ્રહ્મા દ્વારા જે ઈશ્વરીય જ્ઞાન પ્રદાન કરે છે, એ જ્ઞાનરૂપી અગ્નિ દ્વારા મનુષ્યાત્માના વિકર્મ દગ્ધ થાય છે; અતઃ તેના દ્વારા મનુષ્યાત્માના દુઃખનાં બીજનો નાશ થાય છે અને તે પવિત્ર પણ બને છે.[૭૩] પરમાત્માનું જ્ઞાન તો છે જ પાવન

૭૨. ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य विष्ठितम्।। ૧૩/૧૭

૭૩. यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन।
**ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा**।। ૪/૩૭ તથા ૩૮

કરવાવાળું અથવા આ સંસારરૂપી વિષય સાગરથી પાર લઈ જનાર.[૭૪] અતઃ નિશ્ચયાત્મક રીતે કહી શકાય કે પરમપિતા પરમાત્મા પાસેથી પૂર્ણ પવિત્રતાની ઈશ્વરીય સંપદા મળે છે. અન્યચ્ચ, જ્ઞાન દ્વારા મનુષ્યને મનની પરમ શાંતિ પણ પ્રાપ્ત થાય છે.[૭૫] કારણ કે જ્ઞાન દ્વારા પ્રાપ્ત થનાર પવિત્રતા જ શાંતિ અને સુખની જનની છે. મનુષ્ય પરમપિતા પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી તેમની સાથે જ્યારે યોગયુક્ત થાય છે ત્યારે એ યોગ દ્વારા પણ તેને શાંતિ મળે છે. એટલે ગીતામાં કહેવાયું છે કે રાજયોગ દ્વારા મનુષ્યમાં સરળતાથી બધાં ગુણ આવે છે, તેને પ્રત્યક્ષ અનુભવ પણ થાય છે અને અવિનાશી ફળ મળે છે.[૭૬] આ બંનેના પરિણામ સ્વરૂપે આત્માને પણ સુખની પ્રાપ્તિ થાય છે. ગીતામાં કહ્યું છે કે જો મનુષ્ય પોતાની બુદ્ધિનો યોગ પરમપિતા પરમાત્મા સાથે લગાવતો નથી તો તેને શાંતિ શી રીતે મળશે અને જો તેને શાંતિ નહીં મળે તો સુખ ક્યાંથી પ્રાપ્ત થશે ?[૭૭] આ પ્રકારે સ્પષ્ટ છે કે જેવી રીતે લૌકિક પિતા સાથે મનુષ્યને અલ્પ કાળ માટે, (એક જન્મ માટે), વારસો કે સંપત્તિ મળે છે તેવી જ રીતે પ્રજાપિતા બ્રહ્મા દ્વારા પરમપિતા પરમાત્મા પાસેથી મનુષ્યાત્માને સંપૂર્ણ તથા ચિરસ્થાયી પવિત્રતા, સુખ અને શાંતિનો ઈશ્વરીય વારસો (God-Fatherly Inheritance) પ્રાપ્ત થાય છે. પરમાત્મા પાસેથી જ મનુષ્યને યોગ

૭૪. **अपि चेदसि** पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि।। ४/३६

૭૫. श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः।
**ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति**।। ४/३९

૭૬. राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम्।
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम्।। ९/२

૭૭. नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम्।। २/६६

અને ક્ષેમ બંને મળે છે.[૭૮] તેમનાં અનુગ્રહથી જ માનવીનો મોહ નષ્ટ થાય છે.[૭૯] તેઓ જ મનુષ્યને પતિતમાંથી પાવન કરી તેનો ઉદ્ધાર કરે છે.[૮૦] આ પ્રકારે જ્યારે સદ્‌ગુરૂ પરમાત્માનાં માર્ગ પ્રદર્શન દ્વારા મનુષ્યાત્મા વિકર્મો તથા દુર્ગુણોરૂપી અશુભથી મુક્ત થઈ જાય છે[૮૧] ત્યારે તે દુઃખોના બંધનમાંથી પણ મુક્ત થઈને પોતાના પવિત્ર સ્વરૂપમાં પરમપિતા પરમાત્મા પાસે પરમધામમાં પહોંચી જાય છે. અન્ય શબ્દોમાં તેને પરમપિતા પરમ-શિક્ષક અને પરમ સદ્‌ગુરૂ રૂપી પરમાત્મા પાસેથી મુક્તિ[૮૨] અને જીવન્મુક્તિની પ્રાપ્તિ થાય છે. દરેક માનવ પવિત્રતા, સુખ તથા શાંતિ (Complete Purity, Peace & Prosperity) નો જ ઇચ્છુક હોય છે. એટલે તેમણે પરમાત્મા સાથે જ સંબંધ જોડવો જોઈએ અર્થાત્ યોગયુક્ત થવું જોઈએ.

યાદ રહે કે દરેક મનુષ્યના ત્રણ પિતા છે. એક છે શારીરિક જન્મ આપનાર પિતા જેમનાં દ્વારા મનુષ્યને વારસામાં કોઈ સંપત્તિ મળે છે. બીજાં છે પ્રજાપિતા બ્રહ્મા જે વિશ્વના ધર્મ-પિતા છે અને ત્રીજા છે પરમપિતા પરમાત્મા જે સર્વ આત્માઓનાં પિતા છે. તેમની પાસેથી જ માનવને સંપૂર્ણ પવિત્રતા અને સ્વર્ગીય સુખ અને શાંતિ પ્રાપ્ત થાય છે. આમ માનવે પરમપિતા પરમાત્માને ઓળખીને તેમની સાથે આત્મિક સંબંધ (યોગ) જોડવો જોઈએ જેને લીધે તે ઈશ્વરીય વારસો પ્રાપ્ત કરી શકે.

૭૮. अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां **योगक्षेमं वहाम्यहम्**।। ૯/૨૨
૭૯. मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम्।
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम।। ૧૧/૧
૮૦. तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात्।
भवामि नचिरात्पार्थ मय्यावेशितचेतसाम्।। ૧૨/૭
૮૧. इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात्।। ૯/૧
૮૨. (ક) वीतरागभयक्रोधः मन्मया मामुपाश्रिताः।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागता।। ૪/૧૦
(ખ) शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः।
संन्सासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि।। ૯/૨૮

# પરમાત્મા

## ભાગ-૨

### શું પરમાત્મા સર્વવ્યાપી છે ?

આજે સંસારના લગભગ દરેકે દરેક લોકો પરમાત્માને સર્વવ્યાપક માને છે. ગીતાનું અધ્યયન કરનાર ઘણાં લોકો પણ પરમાત્માને યત્ર-તત્ર-સર્વત્ર માને છે. તેઓ કહે છે કે ગીતાના ઘણાંખરાં શ્લોકો તેમના એ મંતવ્યની પુષ્ટિ કરે છે. પરંતુ પરમાત્માને સર્વવ્યાપક માનનારા લોકો પણ ઉપાસનાર્થે અથવા મનની એકાગ્રતા માટે પરમાત્માનું કોઈ ને કોઈ મૂર્તરૂપ માને છે. આપણે અહીં ગીતાના વચનોને નજર સમક્ષ રાખીને આ વિષયાંતર્ગત વિચારીશું અને જોઈશું કે સિદ્ધાંતતઃ પરમાત્માનું કોઈ સૂક્ષ્મ તથા દિવ્ય રૂપ છે કે તેઓ સર્વવ્યાપક છે.

### શું ભગવાન બધાંના હૃદયમાં વાસ કરે છે ?

ગીતામાં ઘણી વાર એ કહેવાયું છે કે - ‘‘હે વત્સ, હું બધાંનાં હૃદયમાં સ્થિત છું.’’[૧] આનો શાબ્દિક અર્થ લઈને ઘણાં લોકો માને છે કે દરેક પ્રાણીની હૃદયરૂપી ગુફામાં આત્મા પણ છે અને ત્યાં જ

---

૧. (ક) ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं **हृदि सर्वस्य विष्ठितम्**।। ૧૩/૧૭

**(ખ) सर्वस्य चाहं हृदि संनिविष्टो**
मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च। ૧૫/૧૫

(ગ) ईश्वरः सर्वभूतानाम् हृद्देशेऽर्जुन तिष्ठति।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढ़ानि मायया।। ૧૮/૬૧

(ઘ) अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः।
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च।। ૧૦/૨૦

પરમાત્મા પણ છે. પરંતુ વાસ્તવમાં આ અર્થ સાચો નથી. આનાથી તો પરમાત્માને સર્વવ્યાપક માનનારા લોકોની પોતાનાં મતની પણ સિદ્ધિ નથી થતી; કારણ કે જો પરમાત્મા હૃદયમાં જ સ્થિત હોય તો તેનો ભાવ એ થયો કે તેઓ શરીરના અન્યાન્ય ભાગોમાં નથી. આને લીધે પરમાત્માનું સર્વત્ર હોવું સિદ્ધ નથી થતું. સ્પષ્ટ છે કે અહીં પરમાત્માને હૃદયમાં માનવાનો ભાવ કંઈક જુદો જ છે. 'હૃદય' માનવના શરીરનો મધ્ય ભાગ છે. આ જ ભાવને લઈને આપણે ઘણી વખત કોઈ દુકાન શહેરના મધ્ય ભાગમાં હોવાથી કહીએ છીએ કે એ દુકાન તો નગરમાં હૃદયસ્થાને છે (It is in the heart of the city). પુનશ્ચ, હૃદય શરીરનો એક બહુ જ આવશ્યક અને મહત્વપૂર્ણ ભાગ છે. આ અર્થને લઈને જ લોકો ઘણી વાર કોઈ વસ્તુના મહત્વપૂર્ણ ભાગ કાઢી લેવાથી કહે છે - ''તમે તો તેનું હૃદય જ કાઢી નાંખ્યું છે.'' (You have deprived it of its heart & soul) આ સિવાય, 'હૃદય' શબ્દ માનવીની ભાવનાનાં પર્યાયના રૂપમાં પણ પ્રયોગમાં લેવાય છે. આ ભાવને લઈને જ લોકો કહે છે. ''આપનાં શબ્દોથી મારૂ હૃદય વિંધાઈ ગયું'' (You have hurt my heart by words). પછી, જ્યારે કોઈ વ્યક્તિને કોઈ વાત યાદ રહી જાય છે કે પાકી થઈ જાય છે, ત્યારે પણ કહેવામાં આવે છે કે આ વાત તેને હૃદયંગમ થઈ ગઈ છે અથવા હૃદય પર છપાઈ ગઈ છે. (He has learnt it by heart or this has found a place in his heart.) જ્યારે કોઈ વ્યક્તિ કોઈ માટે માનનીય હોય અથવા શ્રદ્ધેય હોય, ત્યારે પણ કહેવાય છે કે 'એનું તો તેનાં હૃદય પર શાસન છે' અથવા 'તે તેના હૃદય-તખ્ત [સિંહાસન] પર વિરાજમાન છે. (He rules over his heart). પુનશ્ચ, 'હૃદય' શબ્દનો 'ઇચ્છા' ના અર્થમાં પણ પ્રયોગ કરવામાં આવે છે. આ અર્થમાં લોકો કહે છે 'મારૂં હૃદય નથી માનતું' (My heart does not permit me). વિશેષ ધ્યાન દેવાં યોગ્ય

વાત એ છે કે જ્યારે કોઈ વ્યક્તિને કોઈ અન્ય સાથે પ્રેમ હોય ત્યારે પણ કહેવાય છે કે ‘આપ તો મારા હૃદયમાં વસો છો’. આ પ્રકારે ‘હૃદય’ શબ્દનો અન્ય ઘણાં અર્થોમાં પ્રયોગ થાય છે જેનો ઉલ્લેખ અમે અહીં કરતાં નથી કારણ કે વિષય લંબાઈ રહ્યો છે. સંક્ષેપમાં અમારા કહેવાનો ભાવ એટલો જ છે કે પરમાત્માને પણ શાબ્દિક અર્થમાં નહીં બલ્કે ભાવાર્થમાં જ હૃદયસ્થ કહેવામાં આવે છે કારણ કે આત્માઓનો તેમની સાથે પ્રેમ છે; તેઓ જ તેમનાં જીવનનું કેન્દ્ર છે; પરમાત્માના અસ્તિત્વનો તેમના જીવનની સુખ - શાંતિ સાથે બહુ જ મહત્વપૂર્ણ સંબંધ છે અથવા તેઓ જ તેમનાં હૃદયનાં શાસક છે, અર્થાત્ આત્માઓ તેમની આજ્ઞાનુસાર ચાલવાની ઈચ્છા ધરાવે છે. પરંતુ આ અર્થ લેવાની બદલે શાબ્દિક અર્થ લઈ લેવાથી સંસારમાં એક બહુ જ મોટી ભ્રાંતિ ફેલાઈ ગઈ જેનું નિવારણ આજે ઘણું જ મુશ્કેલ થઈ ગયું છે.

વાસ્તવમાં આપણે જ્યારે એમ કહીએ છીએ કે ‘પરમાત્મા અમારા હૃદયમાં વસે છે’ તો તેનો સાચો ભાવ એ છે કે ‘તેમની યાદ હૃદયમાં વસે છે’ અથવા ‘‘તેઓ અમારા માતા-પિતા, સખા-સ્વામી, પ્રિયજન અને સર્વસ્વ છે, તેઓ અમારા હૃદય-સમ્રાટ છે અથવા અમને તેમનાં અનુભવની કામના છે.’’ પરંતુ તેનો એ અર્થ કદાપિ નથી કે તે સ્વયં આપણાં હૃદયમાં રહે છે. આજે તો શલ્ય ચિકિત્સક (Surgeons) માનવના શરીરમાંથી હૃદયને કાઢી તેને સ્થાને બીજું હૃદય પણ આરોપિત કરી દે છે અને થોડાં સમય માટે તેઓ કોઈ યંત્ર દ્વારા પણ હૃદયનું કાર્ય કરાવે છે; આવામાં પરમાત્માને શાબ્દિક અર્થમાં હૃદયમાં માનવા એક વિચિત્ર પરિકલ્પના છે. આ વિશે આપણે યાદ રાખવું જોઈએ કે સંસારમાં અસંખ્ય એક-કોષી (Uni-cellular) જીવ છે; તેમને તો હૃદય હોતું જ નથી; ત્યારે તેમનામાં પરમાત્મા પણ નહીં હોય; અહીં પણ સર્વવ્યાપકના સિદ્ધાંતનું ખંડન થાય છે.

અન્યશ્ચ, જેવી રીતે અમે અગાઉ કહી આવ્યા છીએ, આ બધી વાતોથી સર્વ વ્યાપકતાનો સિદ્ધાંત તો ટકી જ નથી શકતો બલ્કે ખંડિત જ થાય છે.

### શું વિભૂતિ-વર્ણન દ્વારા પરમાત્મા સર્વવ્યાપી સિદ્ધ થાય છે?

ગીતામાં ભગવાને પોતાની વિભૂતિઓનું વર્ણન કરતાં કહ્યું છે કે ''મહર્ષિઓમાં હું ભૃગુ છું,[૨].... પર્વતોમાં હિમાલય હું છું, ...... વૃક્ષોમાં અશ્વત્થ હું છું ...... નરોમાં રાજા હું છું[૩]... યોદ્ધાઓમાં રામ હું છું[૪]....'' આ વિભૂતિઓના વર્ણન દ્વારા સામાન્ય રીતે લોકો એવો અર્થ કલ્પે છે કે બધામાં પરમાત્મા જ છે. વાસ્તવમાં જો ધ્યાનથી જોવામાં આવે તો આનાથી પણ સર્વવ્યાપકતાનો સિદ્ધાંત સિદ્ધ નથી થતો. જો આ બધું જણાવવાનો એ અભિપ્રાય હોય કે પરમાત્મા સર્વત્ર છે તો આમ કહેવાની બદલે કે 'નરોમાં હું રાજા છું' અથવા 'હાથીઓમાં ઐરાવત હું છું' તેઓ કહેત કે '*સર્વ* નર નારીઓમાં અને *સર્વ* હાથીઓ વગેરેમાં હું જ છું.' આ પ્રકારે એ કહેવાને બદલે કે 'મહર્ષિઓમાં ભૃગુ હું છું' અથવા 'મુનિઓમાં હું વ્યાસ છું'[૫] તેઓ કહેત કે *સર્વ* ઋષિઓ અને *સર્વ* મુનિઓમાં હું જ છું. સ્પષ્ટ છે કે અહીં ભગવાનનો અભિપ્રાય સ્વયંને સર્વવ્યાપક જણાવવાનો નથી બલ્કે એમ છે કે, જે રીતે મહર્ષિઓમાં ભૃગુ મહાન હતાં, મુનીઓમાં કપિલ મહાન હતાં અથવા

---

૨. **महर्षीणां भृगुरहं** गिरामस्म्येकमक्षरम्।
यज्ञानां जपयज्ञोऽस्मि **स्थावराणां हिमालयः**।। १०/२५

३. उच्चैः श्रवसमश्वानां विद्धि माममृतोभ्दवम्।
ऐरावतं गजेन्द्राणां **नराणां च नराधिपम्**।। १०/२७

४. पवनः पवतामस्मि **रामः शस्त्रभृतामहम्**।
झषाणां मकरश्चास्मि स्त्रोतसामस्मि जाह्नवी।। १०/३१

५. वृष्णीनां वासुदेवोऽस्मि पाण्डवानां धनंजयः।
**मुनीनामप्यहं व्यासः** कवीनामुशना कविः।। १०/३७

જેમ નરોમાં રાજા મોટો હોય છે, તેવી જ રીતે સર્વ આત્માઓમાં હું મહાન છું. જો ભગવાનના આ મહાવાક્યોનો લૌકિક અર્થ લેવામાં આવે તો ભગવાને એમ જે કહ્યું છે કે પર્વતોમાં હિમાલય હું છું, મહિનાઓમાં માર્ગશીર્ષ હું છું[૬] અથવા કપટમાં જુગાર હું છું[૭], આ બધી ચર્ચા જ ઉપહાસ જનક બની જાય. ગીતામાં આ જ પ્રસંગે ભગવાને એ પણ કહ્યું છે કે પાંડવોમાં અર્જુન (ધનંજય) હું છું.[૮] તમે પોતે જરા વિચારો કે એક તરફ તો ભગવાન અર્જુનને કહી રહ્યાં છે કે ''તું પોતાના જન્મોથી અજાણ છે, હું જાણું છું[૯] અને તેને એ શ્રેષ્ઠ મત પણ પ્રદાન કરી રહ્યાં છે કે તું મારાં શરણમાં આવ, હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરી દઈશ'[૧૦] અને અર્જુન પણ વારંવાર કહી રહ્યો છે કે 'આપ તો પરમ-પુરૂષ છો, આપને મારાં નમસ્કાર'[૧૧] અને બીજી તરફ જો આ ચર્ચિત શ્લોકનો શાબ્દિક અર્થ લઈ એવું તારણ કાઢવામાં આવે કે પાંડવોમાં ધનંજય (અર્જુન) સ્વયં ભગવાન જ છે ત્યારે તો આ આખી વાતચીત જ નિરર્થક થઈ જાય છે. એટલે નિઃસંદેહ રીતે વિભૂતિઓની જાણકારી આપતાં આ વાક્યો દ્વારા પરમાત્માને

૬. बृहत्साम तथा साम्नां गायत्री छन्दसामहम्।
**मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः**।। १०/३५

૭. **द्यूतं छलयतामस्मि** तेजस्तेजस्विनामहम्।
जयोऽस्मि व्यवसायोऽस्मि सत्वं सत्त्ववतामहम्।। १०/३६

૮. वृष्णीनांवासुदेवोऽस्मि **पाण्डवानां धनंजयः**।
मुनीनामप्यहं व्यासः कवीनामुशना कविः।। १०/३७

૯. बहूनि में व्यतीतानि जन्मानि तव चार्जुन।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप।। ४/५

૧૦. सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः १८/६६

૧૧. एतच्छ्रुत्वा वचनं केशवस्य कृतान्जलिर्वेपमानः किरीटी।
नमस्कृत्वा भूय एवाह कृष्णम् सगद्गदं भीतभीतः प्रणम्य।। ११/३५

સર્વવ્યાપક માનવા ભૂલ છે.

## શું ગીતામાં પરમાત્માને સર્વવ્યાપી માનવામાં આવ્યાં છે?

ગીતામાં અમુક એવાં પણ શ્લોકો છે જેમાં સ્પષ્ટ રૂપે એમ કહેવાયું છે કે પરમાત્મા સર્વવ્યાપક છે. ઉદાહરણાર્થે એક સ્થાને કહેવાયું છે કે - ‘‘ભગવન્, આપ સર્વ દિશાઓમાં વ્યાપ્ત છો. મહાત્મન્, આપ ત્રણે લોકોમાં વ્યાપક છો.[૧૨]’’ ‘‘આપ આદિ, મધ્ય અને અંતથી રહિત છો; આપનાં અનંત બાહુ અને માથું છે.[૧૩] આપનું આ રૂપ વિશાળ નેત્ર, બાહુ, પાદવાળું છે [પગવાળું], આ નિહાળી મને ડર લાગે છે.’’[૧૪] ભગવાને બધાંને આવૃત્ત કહેલાં છે તેઓ અંદર-બહાર, લાંબે અને પાસે, સર્વ દિશાઓમાં, સર્વ સ્થળોએ છે, પરંતુ સૂક્ષ્મ હોવાને કારણે અવિજ્ઞેય (અદૃશ્ય) છે, અર્થાત્ જેમને જાણી નથી શકાતાં.[૧૫] હવે આ શ્લોકાંતર્ગત વિચારણીય વાત એ છે કે આ પ્રકારના

૧૨. द्यावापृथिव्योरिदमन्तरं हि **व्याप्तं त्वयैकेनदिशश्च सर्वाः**।
दृष्ट्वाद्भुतं रूपमुग्रं **तवेदं लोकत्रयं प्रव्यथितं महात्मन्**।। ११/२०

૧૩. अनादिमध्यान्तमनन्तवीर्यमनन्तबाहुं शशिसूर्यनेत्रम्।
पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं स्वतेजसा विश्वमिदं तपन्तम्।। ११/१९

૧૪. (ક) रूपं महत्ते बहुवक्त्रनेत्रं महाबाहो बहुबाहूरुपादम्।
बहूदरं बहुदंष्ट्राकरालं दृष्ट्वा लोकाः प्रव्यथितास्तथाहम्।। ११/२३
(ખ) दंष्ट्राकरालानि च ते मुखानि दृष्ट्वैव कालानलसन्निभानि।
दिशो न जाने न लभे च शर्म प्रसीद देवेश जगन्निवास।। ११/२५

૧૫. (ક) सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम्।
सर्वतः श्रुतिमल्लोके **सर्वमावृत्य तिष्ठति**।। १३/१३
(ખ) उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः।
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः।। १५/१७
(ગ) यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम्।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः।। १८/४६

લગભગ વાક્યો પ્રથમ પુરૂષ (First Person) માં નથી બલ્કે ત્રીજા પુરૂષ (Third Person)માં છે, અર્થાત્‌ મોટે ભાગે તે સ્વયં ભગવાન દ્વારા કથિત નથી બલ્કે અર્જુન દ્વારા કહેવાયાં છે. પછી, અર્જુને આ બધું કહ્યાં બાદ એમ પણ કહ્યું છે કે - ‘‘જણાવો, આપ કોણ છો ? હું આપનાં વાસ્તવિક રૂપને જાણવા ઈચ્છું છું.’’[૧૬] આનાથી સ્પષ્ટ છે કે તે સ્વયં ભગવાનનું રૂપ નથી કારણ કે, આપ જુઓ, આ શ્લોકોમાં એમ કહેવાયું છે કે આપનું મુખ બિહામણું છે, ભયાનક દાંત છે, આ યોદ્ધાઓ આપના મુખમાં પ્રવેશ કરી રહ્યાં છે; આપનાં નેત્રો બહુ જ પ્રકાશમય છે, આપનાં બાહુ વિશાળ છે અને એટલાં જ વિશાળ પગ છે.[૧૭] હવે વિચારવાની વાત એ છે કે જો આ ભગવાનનું રૂપ હોય તો ભલા તેઓ સર્વવ્યાપક શી રીતે હોઈ શકે ? જેમનું કોઈ રૂપ હોય, તેમને સર્વ વ્યાપક કે અનંત શી રીતે કહી શકાય ? સર્વવ્યાપક કે અનંતને તો મનુષ્ય નિહાળી જ નથી શકતો. જો નિહાળી શકાતી હોત તો તે વસ્તુ અનંતને બદલે અંતવાન જ હોય અને રૂપધારી જ કહેવાય. અતઃ નિઃસંદેહ, આ દૃશ્યનો સાક્ષાત્કાર તો ભગવાને અર્જુનને એ વાત જણાવવા માટે જ કરાવ્યો છે કે તેઓ સૃષ્ટિનો મહાવિનાશ કરાવવાની ઈચ્છા ધરાવે છે અને ધર્મ-ભ્રષ્ટોનો હવે નાશ થશે[૧૮] પછી તેઓ

૧૬. आख्याहि मे को भवानुग्ररूपो नमोऽस्तु ते देववर प्रसीद।
विज्ञातुमिच्छामि भवन्तमाद्यं न हि प्रजानामि तव प्रवृत्तिम्।। ११/३१

૧૭. (ક) व्यात्ताननं दीप्तविशालनेत्रम्। ११/२४
(ખ) दंष्ट्राकरालानि च ते मुखानि दृष्ट्वैव कालानल सन्निभानि। ११/२५

૧૮. अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राः सर्वे सहैवावनिपालसंघैः।
भीष्मो द्रोणः सूतपुत्रस्तथासौ सहास्मदीयैरपि योधमुख्यैः।।
वक्त्राणि ते त्वरमाणा विशन्ति दंष्ट्राकरालानि भयानकानि।
केचिद्विलग्ना दशनान्तरेषु संदृश्यन्ते चूर्णितैरुत्तमांगैः।। ११/२६-२७

પતંગિયાઓની જેમ હવે પરમધામ પાછા ફરશે.[૧૯] જો ભગવાનનું આ જ રૂપ હોય તો તત્પશ્ચાત્ તેઓ વિષ્ણુ ચતુર્ભુજનો સાક્ષાત્કાર શા માટે કરાવત ? સ્પષ્ટ છે કે ભગવાને અર્જુનને ભવિષ્ય-દર્શન કરાવવા માટે જ આ બંને સાક્ષાત્કારો કરાવ્યાં છે. આમાંથી પ્રથમ સાક્ષાત્કાર દ્વારા તો એ સ્પષ્ટ થયું છે કે હવે સૃષ્ટિનાં મહાવિનાશનો કાળ (સમય) આવી પહોંચ્યો છે. આ વિશે ભગવાને પણ કહ્યું છે કે - ''હે વત્સ, હું મહાકાળ છું.'' અને બીજો સાક્ષાત્કાર એ જણાવવા માટે કરાવવામાં આવ્યો કે એ મહાવિનાશ પછી સતયુગી પવિત્ર સૃષ્ટિની સ્થાપના થશે જેની પાલના વિષ્ણુ દ્વારા થશે[૨૦] અને બ્રહ્માના તનમાં તો

૧૯. यथा प्रदीप्तं ज्वलनं पतंगा विशन्ति नाशाय समृद्धवेगाः।
 तथैव नाशाय विशन्ति लोकास्तवापि वक्त्राणि समृद्धवेगाः।। ૧૧/૨૯

૨૦. ગીતા (અ.૧૧, શ્લો. ૪૬) માં શંખ, ચક્ર, ગદા, પદ્મધારી વિષ્ણુરૂપનું જે વર્ણન છે, એ આ સત્યતાનો બોધ કરાવવા માટે જ કરાયું છે કે આસુરી તથા ધર્મ-ભ્રષ્ટ સૃષ્ટિના મહાવિનાશ પછી સતયુગી, ધર્મ-યુક્ત, દૈવી સૃષ્ટિનો શુભારંભ થશે જેની પાલના વિષ્ણુ (શ્રી નારાયણ) દ્વારા થશે. વિષ્ણુના હાથમાં શુભ વચનનો શંખ, સૃષ્ટિના ઈતિહાસ-વૃત્તનું ચક્ર અથવા યુગ-ચક્રના જ્ઞાનું ચક્ર, 'ગદા' મનોવિકારો પર વિજયની, 'પદ્મ' અલિપ્તતાનું પ્રતીક છે. વિષ્ણુની ચાર ભુજાઓમાંથી બે પુરૂષ અને બે નારીની પ્રતીક છે. ભાવ એ છે કે એ સૃષ્ટિમાં નર-નારીનું બરોબરનું સ્થાન અને માન હશે. વિષ્ણુનો 'મુગટ', રાજ્ય-ભાગ્ય અથવા ધન-ધાન્યનો સંકેતક છે. આમ જ વિષ્ણુ, ભગવાનનું રૂપ નથી પણ ભગવાનના એક કર્ત્તવ્ય ('પાલન' નામક કર્ત્તવ્ય)નું અવ્યક્ત અથવા મૂર્ત્ત પ્રતીક છે. તેમ છતાં કોઈ એમ કહે કે આ ભગવાનનું નિજી રૂપ છે તેના દ્વારા પણ ભગવાનની સર્વવ્યાપકતાની વાતનું ખંડન જ થાય છે કારણ કે જેમનું રૂપ હોય, તે અનંત નથી.

પરમાત્મા આવેલાં જ હતાં. અલબત્ત તેમ છતાં સાક્ષાત્કાર-સંબંધી આ વ્યાખ્યા કોઈને સ્વીકાર્ય ન હોય તો પણ આ બંને રૂપોનાં સાક્ષાત્કાર દ્વારા પણ પરમાત્મા સર્વવ્યાપક સિદ્ધ નથી થતાં કારણ કે જેમનું રૂપ છે તે શી રીતે સર્વવ્યાપક હોઈ શકે ?

## અંતર્વિરોધ

ઊંડાણથી અધ્યયન કરવાથી જાણ થશે કે ગીતામાં અમુક શ્લોકો તો એવા છે જેના ઉપરથી નિર્દેશ મળે છે કે પરમાત્મા સર્વવ્યાપક છે અને અન્ય અમુક શ્લોકો એવાં પણ છે જેમાં આ સિદ્ધાંતનો વિરોધ મળે છે. ઉદાહરણાર્થે એક શ્લોકમાં કહેવાયું છે કે - 'હે અર્જુન, ઈશ્વર સર્વ પ્રાણીઓનાં હૃદયમાં બિરાજમાન છે. તેઓ શરીરરૂપી યંત્ર પર આરૂઢ સર્વ આત્માઓને ગુપ્તરૂપે ચલાવી અથવા ફેરવી રહ્યાં છે.'[૨૧] હવે ધ્યાન દેવાની વાત છે કે એક બાજુ તો ગીતાનાં આદિ-વક્તા પોતાને માટે 'પરમ પુરૂષ', 'પરમાત્મા' વગેરેનો પ્રયોગ કરી આવ્યાં છે પરંતુ અહીં તેઓ 'ઈશ્વર' શબ્દનો ત્રીજા પુરૂષ (Third Person) ના રૂપમાં પ્રયોગ કરી રહ્યાં છે જેનો ભાવાર્થ એ થાય છે કે ઈશ્વર તેમનાંથી અલગ છે.

પછી, ઉપરોક્ત શ્લોક્ના આગલા જ શ્લોકમાં ગીતાનાં વક્તાએ કહ્યું છે કે - ''હે વત્સ, ***તું એમની શરણમાં જા,*** તેનાં દ્વારા તને પરમ શાંતિની પ્રાપ્તિ થશે અને તું શાંતિધામમાં પહોંચી જશે.[૨૨] આને લીધે પણ એ ભાવ વધુ પાકો થઈ જાય છે કે ઈશ્વર આ શ્લોકનાં વક્તાથી

૨૧. ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति।
भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया।। ૧૮/૬૧

૨૨. तमेव शरणं गच्छ सर्वभावेन भारत।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम्।। ૧૮/૬૨

અલગ છે. પરંતુ આપ જોશો કે આ શ્લોકો પછી બે શ્લોક છોડીને એમ કહ્યું છે કે **તું *મારામાં* મન લગાવ**, મને જ યાદ કર, મારી સાથે જ પ્રીતિ લગાવ, મને જ નમસ્કાર કર તો નિશ્ચયાત્મક રીતે તું મને પ્રાપ્ત કરીશ[૨૩] અને એ પણ કહ્યું છે કે તું એક માત્ર મારી જ શરણમાં આવ, હું તને સર્વ પાપોમાંથી મુક્ત કરી દઈશ, તું ચિંતા ન કર.[૨૪] સ્પષ્ટ છે કે આ બંને પૂર્વોક્ત અને ઉત્તરોક્ત - શ્લોકો વચ્ચે વિરોધ છે કારણ કે અગાઉનાં બંને શ્લોકો દ્વારા એ જાણ થાય છે કે ગીતાનાં વક્તા સ્વયં ઈશ્વર નથી અને પાછળનાં બંને શ્લોકો દ્વારા એ જાણ થાય છે કે એ (ઉત્તરોક્ત) શ્લોકોનાં વક્તા સ્વયં ઈશ્વર જ છે. આપ જોશો કે પાછળનાં આ બે શ્લોકો અગાઉનાં શ્લોક (૧૮/૬૪)માં એમ કહેવાયું છે કે 'હું તને ગુહ્યથી પણ ગુહ્ય પરમ વચન કહું છું'[૨૫] અને આ પછી તરત જ ભગવાને કહ્યું છે કે 'તું મારી શરણમાં આવ; તું મારી સાથે યોગ લગાવ'.હવે આનાથી તો એ સ્પષ્ટ છે કે પરમાત્મા અર્જુન સમક્ષ તો સાકાર રૂપમાં જ ઉભા છે; ત્યારે તેમને સર્વવ્યાપક શી રીતે માની શકાય? અતઃ શક્ય છે કે પૂર્વોક્ત બંને શ્લોક (૧૮/૬૧,૬૨) ગીતામાં પાછળથી જોડવામાં આવ્યાં છે અથવા ઉત્તરોક્ત શ્લોક (૧૮/૬૫, ૬૬) ક્ષેપક છે.પરંતુ ઉત્તરોક્ત શ્લોકો (૧૮/૬૫, ૬૬) ને ક્ષેપક માની ન શકાય કારણ કે તે ગીતાનાં અન્ય શ્લોકોની માફક જ પ્રથમ પુરૂષમાં છે.અતઃ સ્પષ્ટ છે કે પ્રથમોક્ત બંને શ્લોક (૧૮/

---

૨૩. मन्मनाभव मद्भक्तों मद्याजी मां नमस्कुरु।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे।। १८/६५

૨૪. सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः।। १८ /६६

૨૫. सर्वगुह्यतमं भूयः श्रृणु में परमं वचः।
इष्टोऽसि दृढ़मिति ततो वक्ष्यामि ते हितम्।। १८/६४

૬૧, ૬૨) જ ક્ષેપક છે. અથવા આપણે ઈશ્વરનાં હૃદયસ્થ હોવાનો ભાવ એ પ્રકારે જ લેવો પડશે જેવો અમે આ લેખની શરૂઆતમાં જણાવ્યો છે.

વધુ એક વાત એ છે કે પૂર્વોક્ત બંને શ્લોકોમાં એ કહેવાયું છે કે પરમાત્મા જ હૃદયમાં રહીને આત્મા દ્વારા કર્મ કરાવે છે પરંતુ આની પછીનાં જ શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે "મેં તને અત્યંત ગુહ્ય જ્ઞાન આપ્યું છે, હવે તારે જે કરવું હોય તે કર."* અને આ પહેલાં પણ એક સ્થાને તેઓ એમ કહી આવ્યાં છે કે કર્મ પર તો માનવનો સંપૂર્ણ અધિકાર છે પરંતુ ફળ પર નહીં.[૨૬] સાથે એવું પણ કહી આવ્યા છે કે આ સંસાર મારી અધ્યક્ષતામાં પોત-પોતાનાં કર્મ અને સ્વભાવાનુસાર બને તથા પરિવર્તિત થતો રહે છે.[૨૭] સ્પષ્ટ છે કે એક બાજુ પરમાત્માને સર્વવ્યાપક માની બધાંના કર્મોના પ્રેરક માનવાં અને બીજી બાજુ દરેકને પોતાનાં કર્મ માટે સ્વતંત્ર માનવાં - આ બંને પરસ્પર-વિરોધી વાતો છે અને આના પરથી પ્રમાણિત થાય છે કે પરમાત્માને બધાનાં હૃદયમાં જણાવતાં ઉપરોક્ત બંને શ્લોકો (૧૮/૬૧-૬૨) ગીતામાં પાછળ જોડવામાં આવ્યાં છે અને આને આધારે પરમાત્માને સર્વવ્યાપક માનવા મોટી ભૂલ છે.

---

* इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथाकुरू॥ १८/६३

२६. कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्म फलहेतुर्भुर्मा ते सन्गोऽस्त्वकर्मणि।। २/४७

२७. (क) मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम्।
हेतुनानेन कौन्तेय जगद्विपरिवर्तते।। ९/१०

(ख) प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात्।। ९/८

પછી, એ પણ જોવા મળે છે કે ગીતામાં એવાં પણ શ્લોક છે જેમાં એ જણાવ્યું છે કે પરમાત્મા સ્વયં બધાંમાં વ્યાપ્ત નથી બલ્કે સમસ્ત સંસાર જ્ઞાનના રૂપમાં પરમાત્મામાં છે. ઉદાહરણાર્થે ગીતામાં એક સ્થાને કહ્યું છે કે હું અવ્યક્ત મૂર્ત્ત છું;[૨૮] જગત્ મારામાં વ્યાપ્ત નથી અને ન તો હું જગત્માં વ્યાપ્ત છું બલ્કે એ જ્ઞાન અથવા ભાવનાં રૂપમા મારામાં નિહિત છે. હે વત્સ, તું મારા યોગૈશ્વર્યને નિહાળ જેનાં દ્બારા હું આ સંસારની સ્થાપના અને પાલના કરાવું છું.[૨૯] પરંતુ એમાં હુ સર્વવ્યાપક નથી. અંતે, તેમણે એ પણ કહ્યું છે કે હું અવ્યક્ત ધામ, પરમધામ અથવા શાંતિધામમાં નિવાસ કરું છું.[૩૦] તો જ્યારે આ પ્રકારના શ્લોકો ગીતામાં મળી આવે છે તો શા માટે એવું માનવાના ન આવે કે પરમાત્માને સર્વવ્યાપક જણાવતાં શ્લોકો પાછળથી જોડવામાં આવેલાં છે ? આ ઉપરથી તો એ જ નિષ્કર્ષ નિકળે છે કે

૨૮. આ શબ્દ દ્બારા પણ જાણ થાય છે કે ભગવાનનું રૂપ તો છે પણ અવ્યક્ત છે.

૨૯. (ક) मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना।
मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः।। ૯/૪
(ખ) न च मत्स्थानि भूतानि पश्य योगमैश्वरम्।
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः।। ૯/૫

૩૦. (ક) मम योनिर्महद् ब्रह्म तस्मिन्गर्भं दधाम्यहम्।
संभवः सर्वभूतानां ततो भवति भारत।। १४/३
(ખ) सर्वयोनिषु कौन्तेय मूर्तयः संभवन्ति याः।
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता।। १४/४
(ગ) अव्यक्तोऽक्षरइत्युक्तस्तमाहुः परमां गतिम्।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम। ८/२१
(ઘ) न तद्भासयते सूर्यो न शशांको न पावकः।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम।। १५/६

ભગવાન જગત્માં સર્વવ્યાપક નથી બલ્કે જે રીતે બીજમાં વૃક્ષના વિકાસની સંભાવનાઓ સમાયેલી હોય છે તેવી જ રીતે ભગવાન, જેઓ સૃષ્ટિરૂપી ઊંધા વૃક્ષના અવિનાશી બીજ છે, તેમનામાં પણ જગત્ ભાવરૂપમાં અથવા જ્ઞાનરૂપમાં સમાહિત છે.

હવે, ભગવાને જેમાં પોતાનું રહેઠાણ સ્પષ્ટ રીતે જણાવ્યું છે એ શ્લોક ગીતામાં ન હોત, કે તેનો ભાવાર્થ અલગ જ થતો હોત, તો પણ ગીતાને ભગવાનનાં મહાવાક્ય માનવાં છતાં તેમને સર્વવ્યાપક શી રીતે કહી શકાય ? આખી દુનિયામાં વ્યાપક પરમાત્મા કોઈ તનમાં કેવી રીતે અવતરી શકે ? શું અનંત (Infinite) ક્યારેક સાંત અથવા અત્યંત જૂજ (Infinitesimal) હોઈ શકે છે ? જવાબ નકારમાં હોય તો ભગવદ્ગીતાને એક તરફ ભગવાનનું જ્ઞાન-ગીત માનવી અને બીજી તરફ તેનાં આધારે પરમાત્માને સર્વવ્યાપક માનવાં - આ બંને તો પરસ્પર વિરોધી વાતો છે. પરમાત્માને સર્વવ્યાપક માનવાથી ભગવદ્ગીતાના નામમાં ‘ભગવત્’ શબ્દ અને ગીતાનાં ઘણાં અધ્યાયોમાં લિખિત ‘ભગવાનુવાચ’ શબ્દ નિરર્થક થઈ જાય છે અને તે નિરર્થક થવાથી ‘मन्मनाभवः मद्याजी भव’ ...... ‘मामेकं शरणं व्रज .....’, ‘मच्येव मन निवेष्य .....’ વગેરે - વગેરે મહાવાક્યો પણ વ્યર્થ થઈ જાય છે અને આ ગ્રંથનું મહાત્મ્ય પણ રહેતું નથી. આમ જો આપણે ભગવદ્ ગીતાને ભગવાનના મહાવાક્યોનો ગ્રંથ માનીએ (અને માનવો જ જોઈએ) તો સર્વવ્યાપકતાના સિદ્ધાંતને પ્રતિપાદિત કરતા, ત્રીજા પુરૂષમાં જે શ્લોક છે, આપણે તેમને ક્ષેપક માનવા પડશે. અમે અગાઉ પણ એ વાતને સ્પષ્ટ કરી આવ્યાં છીએ કે ગીતા અને મહાભારતમાં ઘણાં ક્ષેપક છે.[૩૧]

૩૧. આ પુસ્તકની ભૂમિકામાં જુઓ.

આ જ પ્રસંગે અમારે કહેવું પડે છે કે ગીતામાં એ કહેવાયું છે કે - ''હું જ બધાં પ્રાણીઓના શરીરમાં વ્યાપ્ત અગ્નિ છું જે પ્રાણ અને અપાન સાથે ભળીને બધાંના ભોજનને પચાવું છું.''[૩૨] આ રીતે, બીજાં એક શ્લોકમાં કહેવાયું છે કે - ''ભગવાન જ વાયુ પણ છે અને તેઓ જ અગ્નિ પણ છે.''[૩૩] આનાથી તો એ નિષ્કર્ષ નિકળે છે કે ભગવાનમાં અને પ્રકૃતિના પંચ મહાભૂતો અથવા તત્વોમાં કોઈ અંતર જ નથી. અને, સત્ય તો એ છે કે ગીતામાં સ્પષ્ટ શબ્દોમાં કહી દેવામાં આવ્યું છે કે 'આપ સર્વવ્યાપક હોવાને કારણે આપ જ સર્વસ્વ છો.'[૩૪] હવે વિચારવાની વાત છે કે જો પ્રકૃતિ અને પરમાત્મામાં પણ કોઈ અંતર નથી, ત્યારે 'ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ' તથા 'પુરૂષ અને પુરૂષોત્તમ'નો ભેદ જણાવતાં આટલા બધાં શ્લોકો વ્યર્થ છે અને પરમાત્માને 'પિતા' જણાવવાની તથા તેની શરણમાં જવાની વાત કહેતી બધી ચર્ચા પણ નિરર્થક છે. આ બધી પરસ્પર વિરોધી વાતો મનુષ્યને મૂંઝવણમાં નાંખે છે. એક તરફ તો એમ કહેવું કે પરમાત્મા સમાન રીતે ગાયમાં, હાથીમાં અને વિદ્યા સમ્પન્ન બ્રાહ્મણમાં વિદ્યમાન છે[૩૫] અને બીજી તરફ એમ કહેવું કે 'હાથીઓમાં ઐરાવત હું છું' અથવા કે 'મન પર વિજય પ્રાપ્ત કરનાર આત્મા હું છું'[૩૬] અને એ કે 'આ બધાં અસુર છે' - આ બધી પરસ્પર વિરોધી વાતો છે.

૩૨. अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रित:। १५/१४

૩૩. वायुर्यमोऽग्निर्वरुण: शशांक:
प्रजापतिस्त्वं प्रपितामहश्च। ११/३९

૩૪. अनन्तवीर्यामितविक्रमस्त्वं
**सर्वं समाप्नोषि ततोऽसि सर्व:**।। ११/४०

૩૫. विद्या विनय सम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि।
शुनि चैव श्वपाके च पण्डिता: समदर्शिन:।। ५/१८

૩૬. **जितात्मन:** प्रशान्तस्य परमात्मा समाहित:।
शीतोष्णसुखदु:खेषु तथा मानापमानयो:।। ६/७

ભગવાને તો કહ્યું છે કે જે જેને ભજે છે, એ તેને જ પ્રાપ્ત થાય છે.[37] પણ જે મને **અવ્યભિચારી રૂપે** યાદ કરશે, તેઓ જ મને પ્રાપ્ત થાય છે;[38] ત્યારે વિચારવાની વાત છે કે જો અગ્નિ અને વાયુ પણ ભગવાન જ હોય, જેમ ઉપર કહેવાયું છે તો પછી ભગવાને એમ શા માટે કહ્યું છે કે અવ્યભિચારી રૂપથી મને જ યાદ કર અથવા અનન્ય[39] ભાવથી મને જ યાદ કર ? ત્યારે તો વાયુ અને અગ્નિ સાથે પણ યોગ લગાવવામાં કોઈ આપત્તિ ન હોવી જોઈએ. ત્યારે 'मन्मनाभव' અને 'मामेकं शरणं व्रज' નો આ અર્થ લેવાની શી જરૂરિયાત છે કે- જ્યોતિસ્વરૂપ પરમાત્મા (અથવા કૃષ્ણ) ને યાદ કરો અને તેનું શરણ લો ? ત્યારે શા માટે અગ્નિને જ ખોળે બેસવામાં ન આવે જેને લીધે બધાં જ વિકર્મો દગ્ધ થઈ જાય ! અથવા જ્યારે ૮૦ માઈલના વેગથી પવન કે વંટોળ આવે ત્યારે તેનું જ શરણ શા માટે લેવામાં ન આવે જેને લીધે લીધે મારૂતિની કાર વગર જ સીધાં એમની ફેક્ટરીએ (બ્રહ્મલોકમાં નહીં) પહોંચી જઈએ ? ભગવાને તો એટલે સુધી કહ્યું છે કે દેવતાઓને

---

૩૭. (ક) यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम्।। ૭/૨૧
(ખ) स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते।।
लभते च ततः कामान्मयैव विहितान्हि तान्।। ૭/૨૨
(ગ) यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम्।
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः। ૮/૬

૩૮. (ક) मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि।। ૧૩/૧૦
(ખ) मां च **योऽव्यभिचारेण** भक्तियोगेन सेवते।
स गुणान्समतीत्यैतान्ब्रह्मभूयाय कल्पते।। ૧૪/૨૬

૩૯. अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ૮/૧૪

ભજનારાંઓ દેવતાઓને પ્રાપ્ત થાય છે, તેઓ પણ મને પ્રાપ્ત નથી થતાં;[૪૦] આવી પરિસ્થિતિમાં આપણે શી રીતે માની શકાય કે પરમાત્મા સર્વમાં વિદ્યમાન છે અને, આમ, બધાં પરમાત્મા જ છે ? ભગવાને તો કહ્યું છે કે મને કોઈ જાણતું નથી; હું જ સર્વને જાણું છું.[૪૧] તેમણે તો કહ્યું છે કે મને તો કોઈ વિરલાઓ જ ઓળખે છે.[૪૨] અતઃ જ્યારે તેમને કોઈ જાણતું જ નથી ત્યારે અજાણ એમ શાના પરથી કહી શકે કે ભગવાન સર્વવ્યાપક છે ? આજે એ વાત તો લાખો-કરોડો લોકો કહે છે કે પરમાત્મા સર્વવ્યાપક છે અને પરમાત્મા સ્વયં કહે છે કે આ લોકો મને જાણતાં નથી અને જ્યારે હું અવ્યક્તથી આવીને મનુષ્યતનનો આધાર લઉં છું ત્યારે પણ આ મૂઢમતિ લોકો મને પિછાણતાં નથી.[૪૩] હવે તમે પોતે જ નિર્ણય કરો કે ભગવાન વિશે કોણ સાચું કહે છે સ્વયં જ્ઞાનેશ્વર ભગવાન કે અજ્ઞાનેશ્વર મનુષ્ય?

---

૪૦. यान्ति देवव्रता देवान्पितृन्यान्ति पितृव्रताः।
भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम्।। ૯/૨૫

૪૧. (ક) वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन।। ૭/૨૬

(ખ) अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च।
न तु मामभिजानन्ति तत्वेनातश्च्यवन्ति ते।। ૯/૨૪

૪૨. (ક) मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये।
यततामपिं सिद्धानां कश्चिन्मां वेत्ति तत्वतः।। ૭/૩

(ખ) नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः।
मूढ़ोऽयं नाभिजानाति लोको मामजमव्ययम्।। ૭/૨૫

૪૩. अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम्।। ૯/૧૧

# યોગ

ગીતાનો પ્રધાન વિષય યોગ જ છે.[1] આ યોગની શિક્ષા પ્રદાન કરવા સ્વયં પરમાત્માએ ધર્મ-ગ્લાનિને સમયે અવતરવું પડે છે;[2] મનુષ્ય આ યોગને ત્યાં સુધી શીખવવામાં અસમર્થ હોય છે જ્યાં સુધી પરમાત્મા સ્વયં અવતરીને એની શિક્ષા આપતાં નથી કારણ કે આ યોગ ત્રણે કાળો અને ત્રણે લોકોનાં જ્ઞાન પર આધારિત 'બુદ્ધિયોગ' જ છે અને આ જ્ઞાન ત્રિકાળદર્શી અને ત્રિલોકીનાથ પરમપિતા પરમાત્મા સ્વયં જ શીખવી શકે છે.

## યોગ શું છે ?

ગીતામાં 'યોગ' શબ્દનો અર્થ 'જોડવું' (જોડાણ) લેવામાં

---

૧. ગીતાના દરેક અધ્યાયના અંતમાં પુષ્પિકામાં ગીતા માટે 'योग शास्त्रे' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે જેના દ્વારા નિર્દેશ મળે છે ગીતા મુખ્યરૂપમાં એક યોગ શાસ્ત્ર જ છે.

૨. (ક) इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम्।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत्।। ૪/૧

(ખ) एवं परम्पराप्राप्तमिमं राजर्षयो विदुः।
स कालेनेह महता योगो नष्टः परंतप।। ૪/૨

(ગ) स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः।
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम्।। ૪/૩

આ ત્રણે શ્લોકોથી એ સ્પષ્ટ વિદિત છે કે ભગવાન સ્વયં જ અવતરીને 'યોગ' મનુષ્યોને શીખવે છે, ત્યારે જ તેઓ એક મેકને એની શિક્ષા આપી શકે છે. આમ કાળાંતરે ભગવાને આની શિક્ષા પ્રદાન કરવા આવવું પડે છે.

આવ્યો છે. તેમાં કહેવાયું છે કે આત્મા રૂપમાં સ્થિર થઈ સરળતાથી પરમાત્મા સાથે મનને જોડવું અથવા પરમાત્મા સાથે સંપર્ક (Contact) કરી આંતરિક સુખમાં સ્થિર થવું એ જ યોગ છે.[૩] જે રીતે વાયુથી રક્ષિત હોવાને લીધે દીપ-શિખા પોતાને સ્થાને અચળ બની જાય છે, તે પ્રકારે જે પુરૂષાર્થી પોતાનાં મનને અન્ય સંકલ્પોથી બચાવી પરમાત્માની સ્મૃતિમાં એવું એકાગ્ર કરી દે છે કે તે આત્માના સ્વરૂપમાં સ્થિત થઈ જાય છે, તે જ યોગી છે.[૪] મનને પરમાત્મામાં આ રીતે સ્થિર કરનાર અથવા *જોડનાર* - **યોગી** - જ શાંતિ પ્રાપ્ત કરે છે તથા અંતે પરમાત્માના ધામમાં સામીપ્ય પ્રાપ્ત કરે છે.[૫] બીજાં શબ્દોમાં, ગીતામાં એ કહેવાયું છે કે "હે વત્સ, જે મને અનન્ય ભાવથી ***યાદ કરે છે,***[૬] તે જ યોગી છે; જે મારી સાથે પ્રેમ કરે છે, તથા ખૂબ શ્રદ્ધાથી

૩. (ક) **युञ्जन्नेवं** सदात्मानं योगी विगतकल्मषः।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यन्तं सुखमश्नुते।। ૬/૨૮
(ખ) मय्यासक्तमनाः पार्थ योगं **युञ्जन्मदाश्रय**।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु।। ૭/૧

૪. यथा **दीपो** निवातस्थो नेंगते सोपमा स्मृता।
**योगिनो यतचित्तस्य युञ्जतो योगमात्मनः**।। ૬/૧૧

૫. युञ्जन्नेव सदात्मानं योगी नियतमानसः।
शान्तिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति।। ૬/૧૫
ઉપરોક્ત ચારેય શ્લોકોમાં યોગનો અર્થ જોડાણ કહ્યું છે અને જણાવાયું છે કે યોગી પોતાના ચિત્તની મદદ દ્વારા આત્માનો સંબંધ પરમાત્મા સાથે જોડે છે.

૬. (ક) अनन्य चेताः सततं यो मां स्मरति नित्यशः।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः।। ૮/૧૪
(ખ) योगिनामपि सर्वेषां मदगतेनान्तरात्मना।
श्रद्धावान् भजते यो मां स मे युक्तमो मतः।। ૬/૪૭

મારામાં મન એકાગ્ર કરે છે અને મારી ઉપર જ ***આશ્રિત'***[૭] રહે છે, તે જ યોગી છે તથા જે મારા મત પર વિચરે છે,[૮] તે જ યોગી છે. આ પ્રકારની યોગની પરિભાષા કરતાં ભગવાને કહ્યું છે કે - ‘‘હે વત્સ, તું નિરંતર ચિત્ત મારામાં જ લગાવ;[૯] અન્યોને પણ મારી મહિમાનો પરિચય કરાવ,[૧૦] તું તેમની પાસે મારી જ ચર્ચા કર[૧૧] અને બુદ્ધિને મને જ ***અર્પણ કર.***[૧૨] તું સદા-સર્વદા મારી જ સ્મૃતિમાં સ્થિર થા.[૧૩] ઈશ્વરીય સ્મૃતિમાં સ્થિત થવાનો પુરૂષાર્થ કરવો જ યોગયુક્ત થવું છે[૧૪] કારણ કે પ્રેમ-યુક્ત સ્મૃતિ (Meditation) જ મનને પરમાત્મામાં સ્થિરતા (Concentration) પ્રદાન કરીને સંપર્ક (Link) જોડે છે અને તેને લીધે અનુભૂતિ (Realisation) થાય છે.

## યોગ માટે આવશ્યક અથવા સહાયક નિયમ, વ્રત અને સાધન

અમે પાછળ કહી આવ્યાં છીએ કે મન અથવા બુદ્ધિને, સમર્પણ ભાવથી, પરમાત્માની સ્મૃતિ અને પ્રીતિમાં સ્થિર કરવી એ જ યોગ છે, હવે ભગવાન કહે છે કે ઈશ્વરીય સ્મૃતિમાં બુદ્ધિ ત્યારે જ સ્થિર થઈ

૭. **मय्यासक्तमनाः पार्थ योगं युञ्जन्मदाश्रय**।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु।। ७/१

૮,૯. **मच्चित्ता**[८] **मद्‌गतप्राणा**[९] **बोधयन्त:**[१०] परस्परम्।

૧૦,૧૧. **कथयन्तश्च मां नित्यं**[११] तुष्यन्ति च रमन्ति च।। १०/९

૧૨. **तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर** युध्य च।
**मय्यर्पितमनो बुद्धिर्मामेवैष्य**स्यसंशयम्।। ८/७

૧૩. नैते सृती पार्थ जानन्योगी मुह्यति कश्चन।
**तस्मात्सर्वेषु कालेषु** योगयुक्तो भवार्जुन।। ८/२७

૧૪. मय्यावेश्य मनो ये मां **नित्ययुक्ता** उपासते।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः।। १२/२

શકે છે જ્યારે મનુષ્ય પોતાની ઈદ્રિયોને વશમાં કરે છે.[૧૫]

## ઈદ્રિય નિગ્રહ

જો કર્મેદ્રિયોને વશ કરવામાં ન આવે, સંયમને પાળવામાં ન આવે તો તે મનને પણ ચંચળ બનાવે છે અને તેનાં વિવેકનું હરણ કરે છે.[૧૬] ભગવાન કહે છે કે જો કોઈ પોતાની કર્મેદ્રિયોને વશ નથી કરતાં તો પરમાત્મા સ્મૃતિના અભ્યાસને સમયે પણ તેને ઈદ્રિયોના વિષય યાદ આવે તે માનવ યોગી નહીં બલ્કે 'મૂઢાત્મા' અથવા 'મિથ્યાચારી' કહેવાય છે.[૧૭] અતઃ તેઓ કહે છે કે અસંયમી વ્યક્તિ યોગનો અભ્યાસ કરી શકતી નથી.

## બ્રહ્મચર્ય

ઈદ્રિયોના નિયંત્રણમાં બ્રહ્મચર્યનું વિશેષ સ્થાન છે. અતઃ ભગવાને બ્રહ્મચર્ય પાલન પર વિશેષ ધ્યાન આપ્યું છે અને 'કામ' વિકારને આસુરી લક્ષણ જણાવ્યો છે.[૧૮]

યોગ દ્વારા ઈશ્વરાનુભૂતિ કરવાની ઈચ્છા ધરાવતી વ્યક્તિએ તો બ્રહ્મચર્ય ફરજિયાત રીતે પાળવું જ જોઈએ.[૧૯] ભગવાન કહે છે કે -

૧૫. तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता।। २/६८

૧૬. इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते।
तदस्यहरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि।। २/६७

૧૭. कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन्।
इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते।। ३/६

૧૮. आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः।
ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसंचयान्।। १६/१२

૧૯. यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद्यतयो वीतरागाः।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये।। ८/११

“હે વત્સ, કામ, ક્રોધ અને લોભ ત્રણેય નર્કનાં દ્વાર છે. આથી તું ત્રણેયનો ત્યાગ કર.”[૨૦] તેમણે ‘કામ’ ને મનુષ્યનો મોટામાં મોટો શત્રુ જણાવ્યો છે અને આ શત્રુને જ્ઞાનરૂપી તલવારથી મારવા જણાવ્યું છે.[૨૧] તેમજ એ પણ સમજાવ્યું છે કે કામથી ક્રોધની ઉત્પત્તિ થાય છે અને ક્રોધ દ્વારા મનુષ્યનો સ્મૃતિ-ભ્રંશ થાય છે.[૨૨] આથી તેમણે ‘કામ’ પર વિજય પ્રાપ્ત કરવા કહ્યું છે અને સ્પષ્ટ રૂપે જણાવ્યું છે કે જે કામરૂપી અગ્નિ રહિત હોય છે[૨૩] તે નર સુખી હોય છે.[૨૪] તે જ બ્રહ્મ લોકમાં પાછો ફરી શકે છે.[૨૫]

---

૨૦ (ક) त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः।
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयंत्यजेत्। १६/२१
(ખ)एतैर्विमुक्तः कौन्तेय तमोद्वारैस्त्रिभिर्नरः।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम्।। १६/२२

२१. एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम्।। ३/४३

२२. ध्यायतोविषयान् पुंसः सन्गास्तेषूपजायते।
सन्गात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते।
क्रोधाभ्दवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति।। २/६२-६३
यहां ‘काम’ का अर्थ कामना भी है और संभोग भी।

२३. आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा।
कामरूपेण कौन्तेय दुष्पूरेणानलेन च।। ३/३९

२४. शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात्।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः।। ५/२३

२५. कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम्।
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम्।। ५/२६

## સાત્વિક અને યોગ-યુક્ત આહાર

ઉક્તિ પ્રસિદ્ધ છે કે 'અન્નનો મનુષ્યના મન પર પ્રભાવ પડે છે.' હવે યોગીનો પુરૂષાર્થ મુખ્ય રૂપે માનસિક છે, અર્થાત્ યોગી મનને પરમાત્મા સાથે જોડવાનો પુરૂષાર્થ કરે છે, એટલે તેણે એવું ભોજન લેવું જોઈએ સાત્વિક અને યુક્ત આહાર જે એ પુરૂષાર્થમાં સહાયક હોય. આ જ કારણવશ ભગવાને કહ્યું છે કે **યોગીનો આહાર અને વિહાર યુક્તિયુક્ત**[૨૬] **હોય અને સંયમ યુક્ત હોય**. યોગનો અભ્યાસ એ જ વ્યક્તિ સારી રીતે કરી શકે છે જે ખાવા-પીવાનો પૂરો ત્યાગ પણ નથી કરતો અને જે વધું ખાઈ તબિયત પણ બગાડતો નથી. તે ઊંઘવામાં અને ઉઠવામાં પણ સંતુલન અને સંયમથી કામ લે છે.[૨૬]

ભગવાને કહ્યું છે કે આહાર ત્રણ પ્રકારનો હોય છે.[૨૭] તેમણે કટુ, તીક્ષ્ણ, વાસી, ગંદો, પ્રીતિને ઘટાડનાર અને આયુને ઘટાડનાર આહારને રાજસી અને તામસી જણાવ્યો છે.[૨૮] ભગવાને એ પણ કહ્યું છે કે જે વ્યક્તિ ભોજન આરોગતાં પહેલાં પરમાત્માની સ્મૃતિમાં સ્થિર

---

૨૬. युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु।

युक्तस्वप्नावबोधस्य योगो भवति दु:खहा।। ૬/૧૭

૨૭. आहारस्त्वपि सर्वस्य त्रिविधे भवति प्रिय:।

यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं श्रृणु।। ૧૭/૭

૨૮. (ક)आयु: सत्वबलारोग्य-सुखप्रीतिविवर्धना:।

रस्या: स्निग्धा: स्थिरा हृद्या आहारा: सात्विक प्रिया:।। ૧૭/૮

(ખ) कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिन:।

आहारा राजसस्येष्टा दु:खशोकामयप्रदा:।। ૧૭/૯

થઈ તેને પ્રભુ-અર્પિત નથી કરતી, અર્થાત્ ‘ભોગ’ લગાવીને નથી ખાતી તે ચોર છે.[૨૯] ભગવાને યજ્ઞ-શેષનું વિશેષ મહત્વ જણાવ્યું છે અને કેવળ પેટ ભરનાર અને સ્વાર્થવશ ભોજન કરનારને પાપી કહ્યાં છે.[૩૦] ભગવાને અહિંસા, ભ્રાતૃત્વ ભાવ, જીવ દયા અને કરુણા તથા કોઈને દુઃખ અથવા કલેશ આપવા નહીં- એમને યોગીના લક્ષણોમા ગણાવ્યા હોવાથી એ સ્પષ્ટ છે કે યોગી માટે માંસાહાર વર્જિત છે.

## અહિંસા, ત્યાગ, સંતોષ, મૈત્રીભાવ, કરૂણા વગેરેની ધારણા

ભોજનની શુદ્ધિ સિવાય યોગાભ્યાસીએ સંગની શુદ્ધિ અને વૈચારિક શુદ્ધિ પણ પાળવી જોઈએ કારણ કે અશુદ્ધ અથવા આસુરી ભાવ માનવના મનને પરમાત્માની સ્મૃતિમાં સ્થિર કરવાના અભ્યાસમાં બાધા નાંખે છે. મનને તેમનાથી બચાવવા માટે ભગવાને ઘણાં સદ્‌ગુણ અથવા દૈવી ભાવ અપનાવવાની શિક્ષા આપી છે. જે માનવ આ સદગુણો અથવા દૈવી ભાવોને અપનાવતો નથી, તેનું મન ચંચળ અને વિક્ષિપ્ત થાય છે. આને કારણે યોગાભ્યાસ માટે અનુકૂળ માનસિક ભૂમિકા બનતી નથી. એટલે મનને શાંતાવસ્થામાં રાખવા માટે ભગવાને યોગાભિલાષીને કહ્યું છે કે (i) **એ ઉપરામતાની વૃત્તિ**

૨૯. इष्टान्भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्‌क्ते स्तेन एव सः।। ૩/૧૨

૩૦. यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः।
भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात्।। ૩/૧૩

૩૧. **यत्रोपरमते चित्तं** निरुद्धं योगसेवया।
यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति।। ૬/૨૦

૩૨. **यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः।**
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते।। ૬/૨૨

**ધારણ કરે** [૩૧] અર્થાત્ તેનાં મનમાં એ ભાવ રહે કે 'મારે જે કંઈ મેળવવાનું હતું તે મેળવી લીધું છે.'[૩૨] અને હવે મને વધુ કશાની પણ આકાંક્ષા નથી. (ii) તે મારામાં જ આસક્તિ રાખે, અર્થાત્ મારી સાથે જ પ્રીતિ લગાવે, ***અન્ય સર્વ પ્રત્યે અનાસક્તિને ધારણ કરે** (iii) એ જે કાંઈ કરે, મને જ અર્પણ કરીને કરે[૩૩] મત્પરાયણ થઈને કરે[૩૪] અર્થાત્ બુદ્ધિ પણ મને જ અર્પણ કરે[૩૫] જેને લીધે તેનો અહંકાર અને મમત્વનો નાશ થશે.[૩૬] (iv) **એ બધાં સાથે મૈત્રી કરે, બધાં સાથે કરૂણા અને ક્ષમાશીલ વ્યવહાર કરે અને કોઈનો દ્વેષ ન કરે.**[૩૭] (v) બધી પરિસ્થિતિમાં સદા સંતુષ્ટ રહે અને દૃઢ નિશ્ચયી બને. અન્ય શબ્દોમાં આપણે એમ કહી શકીએ કે ભગવાને ચિત્ત માટે અનુકૂળ ભૂમિકા બનાવવા માટે જ એમ કહ્યું છે કે યોગાભિલાષી ન કોઈને દુઃખ

* **मय्यासक्तमनाः पार्थ योगं युञ्जन्मदाश्रय**।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि त्तच्छृणु।। ७/१

૩૩. नैते सृती पार्थ जानन्योगी मुह्यति कश्चन।
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन।। ८/२७

૩૪. मन्मना भव मद्‌भक्तो मद्याजी मां नमस्कुरु।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं **मत्परायणः**।। ९/३४

૩૫. तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च।
**मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम्**।। ८/७

૩૬-૩૭. अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च।
**निर्ममो निरहंकारः** समदुःखसुखः **क्षमी**।। १२/१३
(યોગી મમત્વ અને અહંકાર રહિત હોય છે)

૩૮. यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः।। १२/१५

આપે, ન કોઈ પાસેથી દુઃખ લે અને ઉદ્વેગ તથા શોક-રહિત રહે.[38]

## યોગાભ્યાસની વિધિ

યોગાભ્યાસ માટે આપણે વિશેષ આસન પર સ્થિર થવાની આવશ્યકતા નથી બલ્કે શરીરને તો આપણે ભૂલી જ જવાનું છે અને સંકલ્પ કરવાનો છે કે 'હું આત્મા છું' યોગમાં સ્થિર થવા માટે એ વાતની જરૂર છે કે આત્માનું આસન સ્થિર હોય[39] અર્થાત્ આપણું મન શાંત હોય.[40] વિચારવાની વાત એ છે કે ભગવાને વારંવાર કહ્યું છે કે- "હે વત્સ, તું *સદા-સર્વદા*[41] મને યાદ કર; પરંતુ કોઈપણ વ્યક્તિ 'સદા-સર્વદા' એક વિશેષ આસન પર બેસી પણ શકતી નથી આનાથી સ્પષ્ટ છે કે ભગવાને કોઈ વિશેષ આસન માટે નથી કહ્યું બલ્કે તેમના કથનાનુસાર તો અનન્ય પ્રેમથી બુદ્ધિને પરમાત્માની યાદમાં એકાગ્ર <u>કરવાનું નામ જ 'યોગ' છે, તેને માટે શારીરિક આસન અનિવાર્ય</u>

૩૯. **शुचौ** देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम्।। ૬/૧૧

૪૦. यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते।
सर्व संकल्प संन्यासी योगारूढ़स्तदोच्यते।। ૬/૪

૪૧. (ક) **तस्मात्सर्वेषु कालेषु** मामनुस्मर युध्य च।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम्।। ૮/૭

(ખ) अनन्यचेताः सततं यो मां स्मरति **नित्यशः**।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः।। ૮/૧૪

(ગ) चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव। ૧૮/૫૭

૪૨. (ક) योगस्थः कुरु कर्माणि सन्गं त्यक्त्वा धनंजय।
सिध्दयसिद्धयोः समो भूत्वा समत्वं योग उच्यते।। ૨/૪૮

(ખ) दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः।। ૨/૪૯

(ગ) बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम्।। ૨/૫૦

નથી. યોગી તો હરતાં ફરતાં અને કાર્ય કરતાં-કરતાં પણ[૪૨] પરમાત્માને યાદ કરે છે; નહીં તો દરેક કર્મ કરતાં કરતાં આસન કઈ રીતે લગાવી શકાય ? આ સિવાય, ભગવાને એ પણ કહ્યું છે કે જે શરીરને કષ્ટ આપે છે તેઓ આસુરી નિશ્ચયવાળા અને દંભી છે.[૪૩] અતઃ તેમણે કહ્યું છે કે "તું મને *સહજ* રીતે[૪૪] યાદ કર !" તો નિશ્ચયાત્મક રીતે યોગાભ્યાસ માટે કોઈ હઠ-ક્રિયાની આવશ્યકતા નથી કારણ કે ભગવાન હઠ યોગ નહીં પણ સહજ રાજયોગ જ શીખવે છે. હા, જ્યારે ખાસ પરમપિતા પરમાત્મા પર મનની એકાગ્રતા માટે બેસીએ છીએ ત્યારે સુખાસન પર ટટ્ટાર બેસવું વધુ લાભપ્રદ છે.[૪૫] યોગાભ્યાસ માટે સ્થાન તથા વાતાવરણ પણ યથાસંભવ પવિત્ર જ હોવાં જોઈએ, અને એ સ્થાન એવું હોય જ્યાં માનસિક તરંગો (પ્રકંપનો) પણ શુદ્ધ જ હોય તો વધું સારૂ. જ્યારે આવાં સ્થાને, સહજ રીતે, થાક્યાં વિનાની[૪૬] અવસ્થામાં મનુષ્ય શાંત મને બેસી જાય તો તે સૌ પ્રથમ મનને આત્મામાં વિનિયત કરે,[૪૭] અર્થાત્ એ સંકલ્પ કરે કે- "હું જ્યોતિ-

૪૩. (ક) अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपो जनाः।
दम्भाहंकारसंयुक्ताः कामरागबलान्विताः।। १७/५
(ખ)कर्शयन्तः शरीरस्थं भूतग्राममचेतसः।
मां चैवान्तः शरीरस्थं तान्विद्धयासुरनिश्चयान्।। १७/६

૪૪. अनन्य चेताः सततं यो मां स्मरति नित्यशः।
तस्याहं **सुलभः** पार्थ नित्ययुक्तस्य योगिनः।। ८/१४

૪૫. समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः।
संप्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन्।। ६/१३

૪૬. तं विद्याद् दुःखसंयोगवियोगं योगसंज्ञितम्।
स निश्चयेन योक्तव्यो योगोऽनिर्विण्णचेतसा।। ६/२३

૪૭. युञ्जन्नेवं सदात्मानं योगी नियतमानसः।
शान्तिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति।। ६/१५

બિંદુ આત્મા છું, જ્યોતિનો એક તારો છું; અજર, અમર, અવિનાશી છું; બ્રહ્મલોકનો વાસી છું અને આ સંસારરૂપી ધર્મશાળામાં આવ્યો છું'' આ સંસારને એક મંચ અથવા ધર્મશાળા સમજવાથી અને સ્વયંને બ્રહ્મલોક, નિર્વાણધામ, શાંતિધામ, પરમધામ, અથવા બ્રહ્મનિર્વાણનાં વાસી માનવાથી તેનું મન આ સંસાર અને દેહથી ઉપરામ થઈ જશે અને ઉપરામતા દ્વારા જ મન નિરૂદ્ધ થશે.[૪૮] પછી, એ મનને નિર્વાણ ધામમાં પરમપિતા પરમાત્માના સ્વરૂપ પર એકાગ્ર કરે.[૪૯] એ વખતે તે બુદ્ધિની આંખ દ્વારા જ્યોતિ-બિંદુ પરમાત્માને બ્રહ્મલોકરૂપી જ્યોતિલોકમાં જુએ અને આ પ્રકારનો ભાવ કરે :-

''આપ તો મુજ આત્માના માતા-પિતા, પરમ શિક્ષક, પરમ સદ્‌ગુરૂ, મિત્ર અને સર્વસ્વ છો ! આપને મારાં વારંવાર ધન્યવાદ''[૫૦]

૪૮. ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकान्चनः।। ૬/૮

૪૯. यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया।
यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति।। ૬/૨૦

૫૦. (ક) पितासि लोकस्य चराचरस्य त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान्।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो लोकत्रयेऽप्यप्रतिमप्रभाव।। ૧૧/૪૩

(ખ) पिताहमस्य जगतो माता धाता पितामहः।
वेद्यं पवित्रमोंकार ऋक्साम यजुरेव च।। ૯/૧૭

(ગ) वायुर्यमोऽग्निर्वरुणः शशान्कः प्रजापतिस्त्वं **प्रपितामहश्च**।
नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः पुनश्च भूयोऽपि **नमो नमस्ते**।। ૧૧/૩૯

૫૧. श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति।। ૪/૩૯
(પરમાત્મા જ્ઞાન દ્વારા શાંતિ આપે છે અને પાવન પણ બનાવે છે)

૫૨. (ક) इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे।
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात्।। ૯/૧

(ખ) अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि।। ૪/૩૬

આપ સુખ-શાંતિનાં દાતા છો.[૫૧] પતિત-પાવન છો,[૫૨] સર્વ શક્તિવાન છો. આપ સમાન બીજું કોઈ નથી. આપને મેળવી મેં સર્વસ્વ મેળવી લીધું છે.[૫૩] હવે મારી કોઈ કામના નથી[૫૪] અને આપની કૃપાથી હવે મારો મોહ નષ્ટ થઈ ગયો છે, સંશય નાશ પામ્યો છે અને આપની ઈશ્વરીય સ્મૃતિ મેળવીને હું ધન્ય-ધન્ય થઈ ગયો છું હવે આપ જેમ કહેશો, હું આપની શ્રી-મત પર ચાલીશ[૫૫] આપનાં સ્વરૂપને જાણીને હવે મને ઘણી શાંતિ પ્રાપ્ત થઈ છે.[૫૬].....''

આ પ્રકારે તે સહજ રીતે બુદ્ધિને આત્મામાં સ્થિર કરે; આ સિવાય બીજું કશું જ વિચારે નહીં.[૫૭] જો મન ચંચળ થઈ અહીં તહીં ભટકવા માંડે તો ઉપરોક્ત ભાવોની પુનઃસ્મૃતિ દ્વારા તેને નિયંત્રિત કરી તેને ફરીથી ઈશ્વરીય સ્મૃતિમાં સ્થિર કરે. પરમાત્મા સિવાય તેને

---

૫૩. यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते।। ६/२२

૫૪. संकल्पप्रभवान्**कामांस्त्यक्त्वा** सर्वानशेषतः।
मनसैवेन्द्रियग्रामं विनियम्य समन्ततः।। ६/२४

૫૫. नष्टोमोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत।
स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव।। १८/७३

૫૬. दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः।। ११/५१

૫૭. शनैः शनैरुपरमेद्बुद्ध्या धृतिगृहीतया।
आत्मसंस्थंमनः कृत्वा न किंचिदपि चिन्तयेत्।। ६/२५
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च।। १०/९

કશું જ યાદ ન આવે.[૫૮] આ પ્રકારે દિવસમાં ઘણી વખત અભ્યાસ કરવાથી અને પોતાને બ્રહ્મલોકથી આવેલો માનીને મનને ઉપરામ અવસ્થામાં કે બેહદના વૈરાગ્યમાં ટકાવવાથી તરત જ તેનું મન એકાગ્ર થવા માંડશે,[૬૦] તે બિંદુરૂપમાં સ્થિર થઈ જશે.

## યોગમાં સહજ અને સ્થિર સ્થિતિ કેવી રીતે મેળવી શકાય ?

યોગમાં સ્થિરતા પ્રાપ્ત કરવા માટે વિશેષ આવશ્યકતા છે કે મનુષ્યનો પરમાત્મા સાથે અનન્ય પ્રેમ હોય.[૬૧] તે પરમાત્માને જેટલાં પ્રેમથી યાદ કરશે તેને તેટલી જ સરળતાથી એકાગ્રતા અને તન્મયતા પ્રાપ્ત થશે.[૬૨] બીજી વાત એ છે કે બધાંમાં આત્મા છે એ દૃષ્ટિ ધારણ

૫૮. (ક) प्रयाणकाले मनसाचलेन
भक्त्या युक्तो योगबलेन चैव।
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्
स तं परं पुरुषमुपैति दिव्यम्।। ८/१०
(ખ) यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद्यतयो वीतरागाः।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये।। ८/११
(ગ) सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुध्य च।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम्।। ८/१२
(ઘ) अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः।। ८/१४
(ડ) मच्चित्ता मद्गतप्राणा बोधयन्तः परस्परम्।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च।। १०/९

૬૦. असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम्।
**अभ्यासेन** तु कौन्तेय **वैराग्येण** च गृह्यते।। ६/३५

૬૧. मय्यासक्तमनाः पार्थ योगं युञ्जन्मदाश्रयः।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु।। ७/१

૬૨. तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम्।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते।। १०/१०

કરવાથી સફળતાપૂર્વક યોગ લાગે છે.[૬૩] અર્થાત્ યોગી આત્માના સ્વરૂપમાં સ્થિત રહેશે અને બીજાંના શરીરને પણ વસ્ત્ર માનીને દરેકને ભૃકુટિમાં જ્યોતિનાં એક તારાના રૂપમાં જ સમજશે અને તેમની સાથે ''આત્મા આત્મા ભાઈ-ભાઈ'' ના સંબંધથી વ્યવહાર કરશે. ત્રીજી વાત એ છે કે તેઓ જ સાચી રીતે તથા સરળતાપૂર્વક યોગ-સ્થિત થઈ શકશે જે નિશ્ચય બુદ્ધિ હશે[૬૫] અને વ્યર્થ વાતોમાં તથા બિનજરૂરી બાબતોમાં મન લગાવતા નહીં હોય.[૬૬] ચોથું યોગની પરાકાષ્ટાએ પહોંચવા માટે જરૂરી છે કે મનુષ્ય **અહિંસા,**[૬૭] **બ્રહ્મચર્ય.**[૬૮] તથા **આત્મ-શુદ્ધિ, અન્ન શુદ્ધિ, સંગ-શુદ્ધિ વગેરે દરેક પ્રકારની શુદ્ધિ,**[૬૯] દરરોજ

૬૩. सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः।। ૬/૨૯

૬૪. संतुष्टः सततं योगी यतात्मा **दृढ़निश्चयः**।
मय्यर्पितमनोबुद्धिर्योमद्भक्तः स मे प्रियः।। १२/१४

૬૫. व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन।
बहुशाखा ह्यनन्ताश्च बुद्धयोव्यवसायिनाम्।। २/४१

૬૬. (ક) यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति।
तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च।। २/५२
(ખ) श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला।
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि।। २/५૩

૬૭. अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम्।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्लीरचापलम्।। १૬/२

૬૮. प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः।
मनः संयम्य मच्चित्तोयुक्त आसीत मत्परः।। ૬/१४

૬૯. (ક) अभयं सत्वसंशुद्धिर्ज्ञानयोग व्यवस्थितिः।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम्।। १૬/१
(ખ) तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता।
भवन्ति संपदं दैवीमभिजातस्य भारत।। १૬/૩

સવારે **જ્ઞાન-અધ્યયન**[૭૦] વગેરે નિયમોને પાળે. એક પરમાત્માની શ્રીમતાનુસાર જ કર્મ કરે, તેમને જ બુદ્ધિ સમર્પિત કરે અને, જો નિરંતર યાદ કરી ન શકે તો દર એકાદ-બે-કલાક પછી અમુક મિનિટો માટે પરમાત્મ સ્મૃતિનો અભ્યાસ કરે. સંક્ષેપમાં તે **નિરાકારી, નિર્વિકારી અને નિરહંકારી સ્થિતિ**માં રહેવાનો અભ્યાસ કરે તથા પોતાના યોગી જીવન વિશે એ ભાવમાં રહે કે જે મેળવવાનું હતું તે મેળવી લીધું છે; હવે કાંઈ મેળવવાનું બચ્યું નથી.[૭૧] પાંચમું, યોગાભ્યાસીએ ધ્યાન રાખવું જોઈએ કે રાત્રે બે કે ત્રણ વાગે, જ્યારે અજ્ઞાનીઓ માટે હજી રાત્રિ જ હોય છે, ઉઠીને પરમપ્રિય, પરમપિતાની આનંદદાયક, શક્તિદાયક અને પ્રેરણાદાયક સ્મૃતિનું રસાસ્વાદન કરે.[૭૨] આથી જ ભગવાન ઘણી વાર-હે નિદ્રાજીત વત્સ ![૭૩] આ શબ્દો દ્વારા સંબોધિત કરે છે અને યોગી માટે અતિ-નિદ્રાને વર્જિત[૭૪] જણાવી છે.

## યોગ દ્વારા સિદ્ધિ

ભગવાને ગીતામાં કહ્યું છે કે મનુષ્યે યોગાભ્યાસ આત્મ-શુદ્ધિ માટે, મન પર નિયંત્રણ માટે અને કર્મેંદ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવા

---

૭૦. अभयं **सत्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः**।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम्।। १६/१

૭૧. यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते।। ६/२२

૭૨. या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः।। २/६९

૭૩. ઉદાહરણ તરીકે ૧/૨૪ તથા ૧૦/૨૦ માં અર્જુનને 'ગુડાકેશ' કહ્યો છે. 'ગુડાકેશ'નો અર્થ છે - 'નિદ્રાજીત'.

૭૪. नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः।
न चाति स्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन। ६/१६

માટે કરવો જોઈએ.[૭૫] બીજા શબ્દોમાં, **આત્મ શુદ્ધિ યોગનું મુખ્ય લક્ષ્ય** છે. સંપૂર્ણ આત્મ શુદ્ધિમાં પૂર્વ જન્મોના વિકર્મોનો નાશ પણ સામેલ છે અને સંસ્કારોનું પરિવર્તન પણ. આત્મ શુદ્ધિ દ્વારા પ્રાપ્ત પવિત્રતાથી જ મનુષ્યને સંપૂર્ણ સુખ અને શાંતિની પ્રાપ્તિ થાય છે. એટલે જ ગીતામાં કહેવાયું છે કે બુદ્ધિનો યોગ પરમાત્મા સાથે ન હોવાથી મનુષ્યમાં શાંતિ નથી આવતી અને તેનો સદ્‌વિવેક પણ જાગૃત નથી થતો[૭૬] અને જો બુદ્ધિનો યોગ પરમાત્મા સાથે જ હોય તો મનુષ્યના દુ:ખોનો અંત થાય છે,[૭૭] તેને શાંતિ, પવિત્રતા અને પરમ સુખ પ્રાપ્ત થાય છે[૭૮] અને તે અતીંદ્રિય સુખમાં સ્થિર થાય છે,[૭૯] તેની બધી મુશ્કેલીઓનો નાશ થાય છે અને તે સંસાર સાગર પાર કરી જાય છે.[૮૦] અગાઉ યોગ વિના, તેનાં કર્મો તેને આત્માની ચઢતી કળાએ લઈ જનારા નહોતા બલ્કે તુચ્છ પ્રકારનાં હતા.[૮૧] પરંતુ હવે તે **યોગ દ્વારા**

૭૫. तत्रैकाग्रं मन: कृत्वा यतचित्तेन्द्रियक्रिय:।
उपविश्यासने युञ्ज्याद्योगमात्मविशुद्धये।। ૬/૧૨

૭૬. नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना।
न चाभावयत: शान्तिरशान्तस्य कुत: **सुखम्**।। ૨/૬૬

૭૭. प्रसादे सर्वदु:खानां हानिरस्योपजायते।
प्रसन्नचेतसो ह्याशु बुद्धि: पर्यवतिष्ठते।। ૨/૬૫

૭૮. प्रशान्तमनसं ह्येनं योगिनं सुखमुत्तमम्।
उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम्।। ૬/૨૭

૭૯. सुखमात्यन्तिकं यत्तद्बुद्धिग्राह्यमतीन्द्रियम्।
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वत:।। ૬/૨૧

૮૦. मच्चित्त: सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि।
अथ चेत्त्वमहंकारान्न श्रोष्यसि विनङ्‌क्ष्यसि।। ૧૮/૫૮

૮૧. दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय।
बुद्धौ शरणमन्विच्छ कृपणा: फलहेतव:।। ૨/૪૯

**કર્મ કુશળ બને છે,**[૮૨] અને હવે તે સિદ્ધિ, અસિદ્ધિ, હાનિ, લાભ વગેરેમાં એક-સમાન રહે છે.[૮૩] આ રીતે, આ યોગ પ્રત્યક્ષ ફળ પ્રદાન કરનાર છે જેનાં દ્વારા આ જીવનમાં પણ મનુષ્ય સદાચારી, પવિત્ર અને શાંત થાય છે તથા ઈશ્વરાનુભૂતિ કરે છે[૮૪] અને અંતે પરમધામ પાછો ફરે છે.[૮૫] આથી ભગવાને આશ્વાસન આપ્યું છે કે - ‘‘હે વત્સ, કોઈ ગમે તેટલો પતિત અથવા દુરાચારી શા માટે ન હોય, જો તે આ યોગનો અભ્યાસ કરે તો તરત જ સુખને[૮૬] અને પછી સમયાંતરે

૮૨. बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते।
तस्माद्योगाय युज्यस्व **योगः कर्मसु कौशलम्**।। २/५०

૮૩. योगस्थः कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय।
सिद्धयसिद्धयोंः समो भूत्वा समत्वं योग उच्यते।। २/४८

૮૪. मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय।
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः।। १२/८

૮૫. (ક) संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः।
योगयुक्तो मुनिर्ब्रह्म नचिरेणाधिगच्छति।। ५/६

(ખ) योऽन्तः सुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः।
स योगीब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति।। ५/२४

(ગ) लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः।
छिन्नद्वैधा यतात्मानः सर्व भूतहिते रताः।। ५/२५

(ઘ) काम क्रोधवियुक्तानां यतीनां यतचेतसाम्।
अभितोब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम्।। ५/२६

(ડ) प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्।। ६/४५

૮૬. (ક) अपि चेत्सुदुराचारो भजते मामनन्य भाक्।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः।। ९/३०

(ખ) क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति।
कौन्तेय प्रति जानीहि न मे भक्तः प्रणश्यति।। ९/३१

બ્રહ્મનિર્વાણને પ્રાપ્ત થઈ જાય છે.''[૮૭] ગીતામાં યોગીના જે લક્ષણો જણાવ્યાં છે તેનાથી પણ સ્પષ્ટ થાય છે કે યોગની સ્થિતિ ઘણી ઊંચી સ્થિતિ છે; **યોગીને વર્તમાન જીવનમાં પણ શ્રેષ્ઠ પ્રાપ્તિ થાય છે તથા ભવિષ્યમાં પણ મુક્તિ અને જીવનમુક્તિની પ્રાપ્તિ થાય છે.**

## યોગીના લક્ષણ

ભગવાને કહ્યું છે કે જે મનુષ્ય યોગયુક્ત હોય છે તેને ઈંદ્રિયોના વિષયોમાં રાગ કે દ્વેષ નથી હોતો.[૮૮] તે આત્માના સ્વરૂપમાં સ્થિર હોવાથી હંમેશા આત્મિક સુખમાં સંતુષ્ટ રહે છે. તેને કોઈ કામના અથવા ઇચ્છા નથી હોતી;[૮૯] તે 'ઇચ્છા માત્રમ્ અવિદ્યા' માને છે. તે અંદર-બહારથી પવિત્ર હોય છે, ત્યાગવૃત્તિ વાળો હોય છે અને બધી પરિસ્થિતિઓમાં સ્વસ્થિતિમાં હોવાને લીધે સફળતા-અસફળતામાં સમાન સ્થિતિ જાળવી રાખે હોય છે, તેને કોઈ ચિંતા નથી હોતી, ન આકાંક્ષા અને ન કોઈ સાથે લગાવ (Attachment or 'Famil-

૮૭. मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते।
स गुणान्समतीत्यैतान्ब्रह्मभूयाय कल्पते।। १४/२६

૮૮. इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ।
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपन्थिनौ।। ३/३४

૮૯. (ક) प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान्।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते।। २/५५

(ખ) आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशन्ति यद्वत्।
तद्वत्कामा यं प्रविशन्ति सर्वे स शान्तिमाप्नोति न कामकामी।। २/७०

(ગ) विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः।
निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति।। २/७१

(ઘ) संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः।
मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः।। १२/१४

iarity')[૯૦] તેનો કોઈની સાથે દ્વેષ નથી હોતો, ન તો કોઈનામાં મમત્વ (મોહ) હોય છે બલ્કે તે નિર્મોહી, નિરહંકારી, ક્ષમાશીલ અને સુખ-દુઃખ, માન-અપમાન તથા ઠંડી-ગરમીમાં સમાન અવસ્થામાં હોય છે અથવા બધા સાથે મિત્ર-ભાવ અને કલ્યાણ ભાવના રાખનાર હોય છે.[૯૧] ગીતામાં વિશેષ અને વારંવાર કહેવાયું છે કે યોગી આત્મ-તુષ્ટ હોય છે,[૯૨] તે કર્મ-ફળનો ત્યાગી હોય છે,[૯૩] તે સર્વ-સંકલ્પ-સંન્યાસી હોય છે,[૯૪] શાંત સ્વભાવશાળી હોય છે,[૯૫] અને પ્રભુનાં જ બળ પર દૃઢ નિશ્ચયી હોય છે અને તેના મનની અવસ્થા એવી હોય

૯૦. (ક) अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः।। १२/१६
(ખ) यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्‌क्षति।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः।। १२/१७

૯૧. (ક) समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः।। १२/१८
(ખ) अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी।। १२/१३

૯૨. (ક) संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः।
मय्यर्पित मनोबुद्धिर्योमद्भक्तः स मे प्रियः।। १२/१४
(ખ) तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येन केनचित्।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः।। १२/१९

૯૩. (ક) नैवतस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन।
न चास्य सर्व भूतेषु कश्चिदर्थव्यपाश्रयः।। ३/१८
(ખ) अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः।
स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः।। ६/१

૯૪. यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते।
सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते।। ६/४

૯૫. जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः।। ६/७

છે જાણે તેને કશું જ નથી ખપતું, સોનું અને માટી બંને એક સરખાં જ હોય.[૯૬] તે હંમેશાં એવી ઈશ્વરીય મસ્તીમાં રહે છે કે પ્રભુને મેળવ્યાં બાદ હવે કશું જ મેળવવાનું બાકી નથી રહ્યું.[૯૭]

અંતે એ જણાવવું પણ જરૂરી છે કે **યોગી કર્મ-કુશળ પણ હોય છે**.[૯૮] તેનું મન સરળતાથી એકાગ્ર થઈ જાય છે.[૯૯] આ પ્રકારે યોગના અનેક લાભ છે અને યોગીના અનેક લક્ષણ છે કેટલાં ગણાવીએ અને કેટલાં જણાવીએ? **ઈશ્વરાનુભૂતિ તથા મુક્તિ અને જીવન મુક્તિની પ્રાપ્તિથી વધીને બીજી કઈ પ્રાપ્તિ હોઈ શકે ?**

## યોગના પ્રકાર

ઉપર જે યોગનું વર્ણન કરવામાં આવ્યું છે એ યોગના અનેક નામો છે. પરમાત્મા અને આત્માનું જ્ઞાન મેળવ્યા પછી જ આ યોગનો અભ્યાસ કરી શકાતો હોઈ આનું નામ **જ્ઞાન યોગ**[૧૦૦] પણ છે અને કર્મ

---

૯૬. (ક) ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकान्चनः।। ૬/૮
(ખ) सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते।। ૬/૯
(ગ) योगी युन्जीत सततमात्मानं रहसि स्थितः।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः।। ૬/૧૦

૯૭. यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः।
यस्मिन्स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते।। ૬/૨૨

૯૮. बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते।
तस्माद्योगाय युज्यस्व **योगः कर्मसु कौशलम्**।। ૨/૫૦

૯૯. व्यवसायात्मिका बुद्धि रेकेह कुरुनन्दन।
बहुशाखा ह्यनन्ताश्च बुद्धियोऽव्यवसायिनाम्।। ૨/૪૧

૧૦૦. लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ।
ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम्।। ૩/૩

કરતાં-કરતાં પણ આનો અભ્યાસ થતો હોવાથી આ **'કર્મ યોગ'** પણ છે. એ બંને અલગ નથી.[૧૦૧] આ જ જ્ઞાન યોગની મહિમા કરતાં-કરતાં ભગવાને કહ્યું છે કે માત્ર જ્ઞાની જ મારી સાથે નિરંતર યોગયુક્ત રહે છે[૧૦૨] અને તે જ મને અવ્યભિચારી પ્રેમ કરે છે અને આર્ત, જીજ્ઞાસુ, અર્થાર્થી [ધનની યાચના કરતો ભક્ત] તથા જ્ઞાની આ ચારમાંથી 'જ્ઞાન યોગી' જ સર્વ શ્રેષ્ઠ છે.[૧૦૩]

## આ જ રાજયોગ છે

આ જ યોગને આપણે 'રાજયોગ' પણ કહી શકીએ કારણ કે આ યોગ-માર્ગમાં બુદ્ધિને એકાગ્ર કરવામાં આવે છે.[૧૦૪] આમાં પુરૂષ વિશેષ અથવા એક પરમાત્મા પર જ ચિત્તને એકાગ્ર કરવામાં આવે છે.[૧૦૫] આનાં અભ્યાસુઓએ યમ, નિયમો તથા ઈદ્રિય નિગ્રહ[૧૦૬] ઉપર

૧૦૧.(ક) सांख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पण्डिताः
एकमप्यास्थितः सम्यगुभयोर्विन्दते फलम्।। ૫/૪
(ખ) यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते।
एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति।। ૫/૫

૧૦૨. तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः।। ૭/૧૭

૧૦૩. चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ।। ૭/૧૬ તથા૧૭

૧૦૪. व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन।
बहुशाखा ह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम्।। ૨/૪૧

૧૦૫. मच्चिता मद्गतप्राणा बोधयन्तः परस्परम्।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च।। ૧૦/૯

૧૦૬. (ક) तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता।। ૨/૬૮
(ખ) तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः।
उपविश्यासने युंज्याद्योगमात्मविशुद्धये।। ૬/૧૨

પણ પૂરેપૂરૂં ધ્યાન કેંદ્રિત કરવાનું હોય છે. આમાં બીજાં બધાં સંકલ્પોનો સંન્યાસ કરી મનને આત્મામાં જ વિનિયત (કેંદ્રિત) કરવાનું હોય છે અથવા સ્વરૂપમાં સ્થિત કરવાનું હોય છે.[૧૦૭] પુનશ્ચ, આમાં ઉપરામતા, અભ્યાસ તથા વૈરાગ્ય દ્વારા જ મનની ચંચળતાને શાંત કરવાની હોય છે.[૧૦૮] આમ આ વિષયાંતર્ગત આ જ રાજયોગ છે. એ સિવાય બીજાં કોઈ મતને કોઈ જ સ્થાન નથી.

## આ જ મનોયોગ અને બુદ્ધિયોગ પણ છે

આ યોગ માર્ગમાં મનને માત્ર પ્રભુમાં જ સ્થિર કરવાનું હોય છે[૧૦૯] અથવા બુદ્ધિને પરમાત્માની સ્મૃતિમાં જ સ્થિર કરવાની હોય છે[૧૧૦] અથવા બીજાં શબ્દોમાં, બુદ્ધિને પ્રભુ કે પરમાત્મ અર્પણ કરવાની

૧૦૭. (ક) यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते।
सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते।। ૬/૪
(ખ)यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते।।
नि:स्पृह: सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा।। ૬/૧૮
(ગ) यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया।
यत्रचैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति।। ૬/૨૦

૧૦૮. असंयतात्मना योगो दुष्प्राप इति मे मति:।
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायत:।। ૬/૩૬

૧૦૯. मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे।। ૧૮/૬૫

૧૧૦. (ક) प्रसादे सर्वदु:खानां हानिरस्योपजायते।
प्रसन्नचेतसो ह्याशु बुद्धि: पर्यवतिष्ठते।। ૨/૬૫
(ખ) चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्पर:।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्त: सततं भव।। ૧૮/૫૭

હોય છે[૧૧૧] આથી આને જ **'મનોયોગ'** કે **'બુદ્ધિયોગ'** પણ કહે છે.

## આ જ સહજ યોગ પણ છે

ભગવાને કહ્યું છે કે આ યોગના અભ્યાસ માટે શરીરને કોઈ પ્રકારનું કષ્ટ આપવાની કોઈ જ આવશ્યકતા નથી. તેમણે પોતાના શરીરને ત્રાસ આપતાં મનુષ્યોને દંભી કહ્યાં છે.[૧૧૨] ભગવાને તો સરળ અને સુલભ રીતે જ યાદ કરવાની સંમતિ પ્રદાન કરી છે.[૧૧૩] આ વિશે તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે આ યોગ સહજ યોગ છે, એ સુખપૂર્વક કરી શકાય છે.[૧૧૪]

## કર્મયોગ પણ આ જ છે

ભગવાને ગીતામાં કહ્યું છે કે કર્મ કરતી વખતે પણ યોગમાં સ્થિર,[૧૧૫] યોગ વિના કર્મ નિરર્થક છે.[૧૧૬] એટલે આ જ યોગ **કર્મયોગ** પણ છે. અમુક લોકો વિચારે છે કે નિષ્કામ કર્મ કરવાં એ જ કર્મયોગ

---

૧૧૧. तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च।
मय्यर्पित मनोबुद्धिर्मामिवैष्यस्यसंशयम्।। ८/७

૧૧૨. अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपोजना:।
दम्भाहंकारसंयुक्ता: कामरागबलान्विता:।। १७/५ અને ૬

૧૧૩. अनन्यचेता: सततं यो मां स्मरति नित्यश:।
तस्याहं सुलभ: पार्थ नित्ययुक्तस्य योगिन:।। ८/१४

૧૧૪. अधियज्ञ: कथं कोऽत्र देहेऽस्मिन्मधुसूदन।
प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभि:।। ८/२

૧૧૫. योगस्थ: कुरु कर्माणि संगं त्यक्त्वा धनंजय।
सिद्धयसिद्धयो: समो भूत्वा समत्वं योग उच्यते।। २/४८

૧૧૬. दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय।
बुद्धौ शरणमन्विच्छ कृपणा: फलहेतव:।। २/४९

છે. વાસ્તવમાં આવી માન્યતા ભૂલભરેલી છે. જ્યાં સુધી કોઈ માનવ કર્મ કરતાં-કરતાં પણ યોગ-યુક્ત ન હોય ત્યાં સુધી આપણે તેને 'કર્મયોગી' કહી ન શકીએ. કર્મમાં પણ યોગ દ્વારા જ કુશળતા આવે છે.[૧૧૭] કર્મયોગીએ પણ કર્મેંદ્રિયોને તો જરૂર વશમાં કરવી પડે છે.[૧૧૮] કર્મયોગીએ પણ પોતાની બુદ્ધિ અને પોતાનાં કર્મો તો પ્રભુ-અર્પણ જ કરવાનાં હોય.[૧૧૯] આથી એ **હંમેશા યાદ રાખવું જોઈએ કે જ્ઞાન યોગ, રાજયોગ, બુદ્ધિયોગ, સહજ યોગ અને કર્મ યોગ**-બધાં એક જ યોગના નામો છે. હા, જ્યારે મનુષ્ય બધાં કર્મોમાંથી અવકાશ-પ્રાપ્ત કરી મનને ઈશ્વરીય સ્મૃતિમાં સ્થિર (સમર્પિત) કરે છે ત્યારે તેને વિશેષ રૂપમાં **'રાજયોગી'** જ કહીશું અને જ્યારે તે બિંદુરૂપ સ્થિતિ છોડી કર્મમાં પ્રવૃત્ત થાય છે ત્યારે આપણે તેને 'કર્મયોગી' કહીશું. પરંતુ એ વાતમાં પૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ કે કર્મયોગી પણ રાજયોગી જ છે કારણ કે હાથ દ્વારા કર્મ કરતી વખતે પણ એનું મન તો એક માત્ર પ્રભુની જ સ્મૃતિમાં હોય છે.

### આનું જ નામ ભક્તિયોગ પણ છે અને પ્રેમયોગ પણ

જ્યારે, 'ભક્તિ' નો અર્થ 'પરમાત્મા પ્રત્યે અનન્ય પ્રેમ' અને 'અતૂટ શ્રદ્ધા' લેવામાં આવે ત્યારે આ જ યોગને **ભક્તિયોગ** પણ કહી શકાય. બે આત્માઓને જોડતી શક્તિ જ પ્રેમ છે; પ્રેમ વિનાનો યોગ

૧૧૭. बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम्।। २/५०

૧૧૮. इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ।
तयोर्न वशमागच्छेतौ ह्यस्य परिपन्थिनौ। ३/३४

૧૧૯. यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम्।। ९/२७

કેવો ? પ્રેમ સ્વરૂપ પરમાત્મામાં પ્રેમવિભોર થવું એનું જ નામ યોગ છે. આથી ગીતામાં ભગવાને કહ્યું છે કે જેઓ માત્ર મને જ **પ્રેમપૂર્વક** યાદ કરે (ભજે) છે તેમનો યોગ જ **બુદ્ધિયોગ** પણ છે.[૧૨૦] તેમણે **'અવ્યભિચારી ભક્તિ'** ને જ 'અનન્ય યોગ' કહ્યો છે.[૧૨૧] ભાવ એ છે કે તેમણે એક માત્ર પરમાત્માને જ પરમપ્રિય માનીને મનનાં તેમની સાથેનાં જોડાણને જ યોગ માન્યો છે. તેમણે ફરીથી કહ્યું છે કે જે લોકો મને અવ્યભિચારી પ્રેમ કરે છે, તેઓ જ બ્રહ્મધામમાં પાછા ફરવાનાં અધિકારી છે.[૧૨૨] આમ, જો ભક્તિનો અર્થ શ્રદ્ધા, પ્રેમ, સેવા અને સર્વ સંબંધોનું જોડાણ-વગેરે ભાવોમાં લેવામાં આવે તો આ જ યોગ **ભક્તિયોગ** પણ છે, નહીં તો જો ભક્તિયોગનો અર્થ પૂજા લેવામાં આવે તો આપણે તેને ભક્તિ યોગ પણ ન કહી શકાય કારણ કે ગીતામાં એ સ્પષ્ટ કહ્યું છે કે કરોડો-અબજો લોકો મને જાણતાં નથી[૧૨૩] અને ન જાણવાને કારણે તેઓ જે દેવતાને ભગવાન માનીને પૂજે છે, તેઓ તેને જ પ્રાપ્ત થાય છે, મને પ્રાપ્ત નથી થતાં.[૧૨૪] આથી તેમણે શ્રીમત આપી છે કે મને જાણી માત્ર મને જ મન અને બુદ્ધિ

---

૧૨૦. तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम्।
दददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते।। १०/१०

૧૨૧. मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि।। १३/१०

૧૨૨. मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते।
स गुणान् समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते।। १४/२६

૧૨૩. अन्तवत्तु फलं तेषा तद्भवत्यल्पमेधसाम्।
देवान्देव यजो यान्ति मद्भक्ता यान्ति मामपि।। ७/२३

૧૨૪. (ક) यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम्।
तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः।। ८/६

(ખ) यान्ति देवव्रता देवान्पितृन्यान्ति पितृव्रताः।
भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम्।। ९/२५

સમર્પિત કરી હંમેશાં મને જ યાદ કર[૧૨૫] અર્થાત્ મારી સાથે જ અનન્ય પ્રીતિ જોડ. આમ, મન અને બુદ્ધિને અર્પણ કરવાનો સાચો ભાવ પૂર્ણ રીતે પ્રેમ કરવાનો જ તો છે.

### આ જ યોગ 'સંન્યાસ યોગ' પણ છે

અમુક લોકોની માન્યતા છે કે કર્મ-સંન્યાસી યોગી પણ હોય છે પરંતુ ભગવાને એમ કહ્યું છે કે કર્મોનો સંન્યાસ નહીં કરો, કર્મ-સંન્યાસથી વધુ ઉત્તમ 'કર્મ યોગ' છે.[૧૨૬] તેમણે બુદ્ધિ દ્વારા જ સંન્યાસ કરવાનો આદેશ આપ્યો છે.[૧૨૭] આથી જે મન દ્વારા રાગ અને દ્વેષનો સંન્યાસ કરે છે.[૧૨૮] તે સંન્યસ્ત બુદ્ધિ[૧૨૯] જ 'સંન્યાસ યોગી' પણ છે.

ઉપર્યુક્ત દ્વારા સ્પષ્ટ છે કે એક જ યોગના આ બધાં વિભિન્ન નામો છે. સંક્ષેપમાં, આને જ કોઈ જ્ઞાન યોગ, કોઈ કર્મ યોગ, કોઈ સંન્યાસ યોગ, કોઈ રાજયોગ, કોઈ બુદ્ધિ યોગ, કોઈ સહજ યોગ, કોઈ પ્રેમ યોગ, કોઈ સમત્વ યોગ[૧૩૦] અને કોઈ અભ્યાસ યોગ[૧૩૧] પણ કહે છે.

૧૨૫. तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च।
मय्यर्पित मनोबुद्धिर्मामिवैष्यस्यसंशयम्।। ८/७

૧૨૬. संन्यासः कर्मयोगश्च निः श्रेयसकरावुभौः।
तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते।। ५/२

૧૨૭. (ક) मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा।
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः।। ३/३०
(ખ) यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पाण्डव।
न ह्यसंन्यस्तसंकल्पो योगी भवति कश्चन।। ६/२

૧૨૮. रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन्।
आत्मवश्यैविधेयात्मा प्रसादमधिगच्छति।। २/६४

૧૨૯. योगसंन्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम्।
आत्मवन्तं न कर्माणि निबध्न्ति धनंजय।। ४/४१

૧૩૦. योगस्थ कुरु कर्माणि सन्गं व्यक्त्वा धनंजय।
सिद्धयसिद्धयोः समो भूत्वा समत्वं योग उच्यते।। २/४८

૧૩૧. अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन्।। ८/८

પરંતુ હા, જો કોઈ પોતાનાં પ્રારંભિક પુરૂષાર્થમાં મનને સારી રીતે પરમાત્મામાં સ્થિર કરી શકતાં નથી તેમના વિશે ભગવાને કહ્યું છે કે "તું એ યોગનો નિરંતર અભ્યાસ કર[૧૩૨] અને જો શરૂઆતમાં તેમાં પ્રગતિ ન પણ થાય તો તું મારા પ્રત્યે સમર્પિત થઈ કર્મ કર.[૧૩૩] અને જો કોઈ કારણવશ એ પણ સંભવ ન હોય તો તું કર્મના ફળની અને ઈચ્છાઓનો ત્યાગ કરી મનથી મારો જ થઈને રહે."[૧૩૪] પરંતુ આનો ભાવ એ નથી કે આ કોઈ અલગ-અલગ પ્રકારનાં યોગ છે કારણ કે યોગનો મૂળ અર્થ મનને પરમાત્માની સ્મૃતિમાં જોડવાનો છે અને આ બધાં પોત-પોતાની રીતે યથાયોગ્ય રીતે પરમાત્માને તો યાદ કરે જ છે.

આ રીતે યોગના સાચા વિધિ-વિધાનને જાણ્યાં પછી મનુષ્યે હવે યોગ-યુક્ત થવું જોઈએ. જન્મ-જન્માંતરનો મનુષ્યાત્માઓ ઉપર વિકર્મોનો જે બોજો છે તે યોગાભ્યાસ કર્યા વગર તથા યોગાગ્નિ પ્રજવલિત કર્યા વિના દગ્ધ નહીં થાય અને તેનાં વગર મનુષ્ય દુઃખ અને અશાંતિથી છૂટશે પણ નહીં. યોગ દ્વારા જ મનુષ્યાત્મા સંપૂર્ણતાને પ્રાપ્ત કરી શકે છે અને યોગ દ્વારા જ તે પરમ શાંતિને પણ પ્રાપ્ત કરી શકે છે. આથી ગીતાના બધાં અધ્યાય મનુષ્યને પોકારીને એમ કહી રહ્યાં છે કે - **હે આત્મા ! યોગી બનો !**

---

૧૩૨. अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम्।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय।। १२/९

૧૩૩. अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव।
मदर्थमपिं कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि।। १२/१०

૧૩૪. अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान्।। १२/११

# કર્મ, અકર્મ અને વિકર્મની ગતિ તથા સંન્યાસનું સાચું સ્વરૂપ

મનુષ્યના જન્મ[1] અને મૃત્યુ તથા તેનું સુખ[2] અને દુઃખ તેના કર્મ પર જ આશ્રિત છે. કર્મનો સંબંધ મનુષ્યના ધર્મ સાથે છે; અર્થાત્ તેની ધારણા સાથે, મનોવૃત્તિ સાથે અથવા જ્ઞાન અને શ્રેય સાથે છે.[3] આથી મનુષ્યે નિવૃત્તિનું, દૈવી અને આસુરી પ્રવૃત્તિનું, કર્મ અને વિકર્મનું અથવા ધર્મ અને અધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરીને જ કર્મ કરવાં જોઈએ. જેને લીધે તેનાં કર્મ શ્રેષ્ઠ અથવા સતોગુણી બને.[4] જ્યારે પરમાત્મા ધર્મની સ્થાપના માટે અવતરે છે ત્યારે તેઓ દૈવી અને આસુરી પ્રવૃત્તિનું

---

૧. अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः।। ८/३

૨. (ક) सुखं त्विदानीं त्रिविधं श्रृणु मे भरतर्षभ।
अभ्यासाद्रमते यत्र दुःखान्तं च निगच्छति।। १८/३६

(ખ) यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम्।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम्।। १८/३७

(ગ) विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेअमृतोपमम्।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम्। १८/३८

૩. ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना।
करणं कर्म कर्तेति त्रिविधः कर्मसंग्रहः।। १८/१८

૪. अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः।
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते।। १८/२८

અંતર[૫] અથવા કર્મની ગુહ્ય ગતિનું[૬] પણ જ્ઞાન પ્રદાન કરે છે જેને લીધે મનુષ્ય દૈવી પ્રવૃત્તિવાન બને. કર્મની ગતિ એટલી ગહન અને સૂક્ષ્મ છે કે જ્યાં સુધી ભગવાન સ્વયં આનું જ્ઞાન પ્રદાન ન કરે, મનુષ્ય તેને પૂર્ણ રીતે જાણી શકતો નથી. કર્મોની ગતિનું યથાસત્ય જ્ઞાન ન હોવાથી બધાં મનુષ્યો પોતપોતાની રીતે કર્મ-બંધનમાં બંધાયેલાં છે અથવા ત્રિગુણાત્મક કર્મોમાં પ્રવૃત્ત છે.[૭] ભગવાનનાં અવતરણનો એક મુખ્ય ઉદ્દેશ્ય મનુષ્યને કર્મોનું ગુહ્ય જ્ઞાન પ્રદાન કરવાનો તથા સ્વયં કર્મ કરીને દેખાડવાનો છે જેનો અનુકરણીય આદર્શ લોકો સમક્ષ હોય.[૮]

## સારા અને નરસાનો ભેદ

સંસારમાં ઘણાં-ખરાં લોકો **'પાપ'** અને **'પુણ્ય'** અથવા **'કર્મ'** અને **'વિકર્મ'** ના ભેદથી અજાણ છે પરંતુ આ વિષયાંતર્ગત ભગવાને ઘણાં જ સ્પષ્ટ શબ્દોમાં એ સમજાવ્યું છે કે કામ, ક્રોધ અને લોભ

૫. (ક) दैवी संपद्विमोक्षाय निबन्धायासुरी मता।
मा शुचः संपदं दैवीमभिजातोऽसि पाण्डव।। १६/५
(ખ) प्रवृतिं च निवृतिं च जना न विदुरासुराः।
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते।। १६/७

૬. (ક) किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः।
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात्।। ४/१६
(ખ) कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः।। ४/१७

૭. न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः।
सत्वे प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिरभिर्गुणैः।। १८/४०

૮. (ક) न मे पार्थास्ति कर्त्तव्यं त्रिषु लोकेषु किंचन।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्माणि।। ३/२२
(ખ) यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः। ३/२३

વગેરે વિકારો જ માનવીને પાપની દિશામાં લઈ જાય છે અને તેનામાં આસુરી પ્રવૃત્તિને પ્રેરિત કરે છે[૯]; આથી આ ત્રણે નર્કના દ્વાર છે.[૧૦] આ ત્રણે વિકાર દેહ-અભિમાન દ્વારા પેદા થાય છે; જો મનુષ્ય અધ્યાત્મ ચેતસ [તત્પર] હોય અર્થાત્ આત્મા-નિશ્ચય-બુદ્ધિ થઈને કર્મ કરે તથા કર્મ-ફળ પ્રત્યે દુર્લક્ષ કરીને ઈશ્વરાર્પણ કરી કર્મ કરે તો તેને કર્મ બાંધતા નથી.[૧૧] ભગવાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જે મનુષ્ય કર્મેંદ્રિયોને વશ કરીને, યોગયુક્ત થઈને, બધાંને આત્મિક દૃષ્ટિએ નિહાળી કર્મ કરે છે, તેને દોષ અથવા લેપ નથી લાગતો[૧૨] બલ્કે તે કમળ-પુષ્પ-સમ[૧૩] રહે છે અને અંતે નૈષ્ઠિક શાંતિ[૧૪] પ્રાપ્ત કરી લે છે.

૯. (ક) काम एष क्रोध एष रजोगुणसमुद्भवः।
महाशनो महापाप्मा विद्धयेनमिह वैरिणम्।। ३/३७
(ખ) धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च।
यथोल्वेनावृतो गर्भस्तथा तेनेदमावृतम्।। ३/३८
(ગ) आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा।
कामरूपेण कौन्तेष दुष्पूरेणानलेन न। ३/३९

૧૦. एतैर्विमुक्तः कौन्तेय तमोद्वारैस्त्रिभिर्नरः।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम्।। १६/२२

૧૧. (ક) मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा।
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः।। ३/३०
(ખ) त्यक्त्वा कर्मफलासंगं नित्यतृप्तो निराश्रयः।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः।। ४/२०

૧૨. योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते।। ५/७

૧૩. ब्रह्मण्याधाय कर्माणि संगं त्यक्त्वा करोति यः।
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा। ५/१०

૧૪. (ક) कायेन मनसा बुद्धया केवलैरिन्द्रियैरपि।
योगिनः कर्म कुर्वन्ति संगं त्यक्त्वात्मशुद्धये।। ५/११
(ખ) युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिमाप्नोति नैष्ठिकीम्।
अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते।। ५/१२

પરંતુ અમુક લોકોની એવી વિચારસરણી છે કે બધાં પ્રકારના કર્મો મનુષ્યને બાંધે છે, તેઓ માને છે કે કર્મોનો સંન્યાસ કરીને જ મનુષ્ય કર્મ-બંધનમાંથી, જન્મ-મરણથી અને સુખ-દુઃખથી છુટકારો મેળવશે. પણ ભગવાન કહે છે કે કર્મ વિના તો મનુષ્ય ક્ષણ-વાર માટે પણ રહી શકતો નથી.[૧૫] કંઈ નહીં તો પણ જીવન-નિર્વાહ અર્થ તો મનુષ્યએ કર્મ અવશ્ય કરવા જ પડે છે.[૧૬] કર્મનો બિલકુલ ત્યાગ તો અસંભવ જ છે.[૧૭] જો કોઈ મનુષ્ય કર્મને અમુક સમય માટે બળજબરીથી છોડી પણ દે ત્યારે પણ તેના મનમાં તો સંકલ્પ ઉદ્‌ભવતાં જ હશે. અતઃ કર્મોનો સંન્યાસ નિરર્થક છે.

## સંન્યાસનું વાસ્તવિક સ્વરૂપ

ગીતામાં એ પ્રશ્ન કરવામાં આવ્યો છે કે આપણે કર્મ કરવાં જોઈએ કે કર્મનો સંન્યાસ[૧૮] આનાં પ્રત્યુત્તરમાં ભગવાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે માનવીએ અકર્મણ્યતા અથવા નિષ્ક્રિયતાનો આશરો લેવો ન જોઈએ બલ્કે તેણે મનથી જ સંસારનો સંન્યાસ[૧૯] કરવો જોઈએ

૧૫. न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत्।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः।। ૩/૫

૧૬. नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः।
शरीरयात्रापि च ते न प्रसिद्धयेदकर्मणः।। ૩/૮

૧૭. न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः।
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते।। ૧૮/૧૧

૧૮. संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि।
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम्।। ૫/૧

૧૯. (ક) यं संन्यासमिति प्राहुर्योगं तं विद्धि पाण्डव।
न ह्यसंन्यस्तसंकल्पो योगी भवति कश्चन।। ૬/૨
(ખ) सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी।
नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन्।। ૫/૧૩

અથવા તેની બુદ્ધિ જ સંન્યસ્ત થવી જોઈએ,[૨૦] અર્થાત્ તેને સંસારના કોઈ પદાર્થ અથવા વ્યક્તિમાં આસક્તિ હોવી ન જોઈએ બલ્કે પરમાત્મા પ્રત્યે સમર્પિત થઈને, નિમિત્ત માત્ર બનીને[૨૧] કર્મ કરવા જોઈએ. ભગવાને કહ્યું છે કે કર્મનો નહીં બલ્કે રાગ અને દ્વેષનો સન્યાસ કરો[૨૨] અને અહંકારનો ત્યાગ કરો;[૨૩] આટલું જ નહીં બલ્કે સર્વ-સંકલ્પ-સંન્યાસી બનો[૨૪] અર્થાત્ વ્યર્થ સંકલ્પોનો અને વિકારી સંકલ્પોનો પણ સંન્યાસ કરો.

ગીતામાં એક સ્થાને કહેવાયું છે કે આત્મ-તૃપ્ત મનુષ્ય માટે કોઈ કામ રહેતું નથી.[૨૫] અમુક લોકો આનો એ અર્થ લે છે કે જ્ઞાનીને કર્મ કરવાની આવશ્યકતા જ નથી, પરંતુ વાસ્તવમાં અહીં ભગવાનનો એ ભાવ નથી. તેમનો એ ભાવ છે કે યોગ-સ્થિત આત્માને જે

---

૨૦. मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा।
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः।। ३/३०

૨૧. असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः।
नैषकर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति।। १८/४९

૨૨. (ક) रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन्।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति।। २/६४

(ખ) ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न कांक्षति।
निर्द्वन्द्वो हि महाबाहो सुखं बन्धात्प्रमुच्यते।। ५/३

૨૩. प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः।
अहंकारविमूढात्मा कर्ताहमिति मन्यते।। ३/२७

૨૪. यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते।
सर्व संकल्प संन्यासी योगारूढस्तदोच्यते।। ६/४

૨૫. यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते।। ३/१७

અતીંદ્રિય સુખ મળે છે તેને પ્રાપ્ત કર્યા પછી તે સંસારમાં માન, પ્રતિષ્ઠા, પ્રશંસા, ઇંદ્રિયજન્ય સુખ વગેરે માટે સંસારી લોકોની માફક પ્રવૃત્ત નથી થતો પરંતુ તે પણ યજ્ઞાર્થ અથવા સેવાર્થ કર્મ કરે જ છે. આ કારણે ભગવાને આ શ્લોક પછી તરત જ કહ્યું છે કે મનુષ્યે અનાસક્ત ભાવથી તથા લોક-સંગ્રહાર્થ કર્મ કરવા જોઈએ.[૨૬]

આ સંસાર જ કર્મક્ષેત્ર છે અને શરીર પણ જ્ઞાનેંદ્રિયો સાથે કર્મેંદ્રિયોનું જોડાણ છે. આથી આ દેહ ધારણ કર્યા પછી જ્યાં સુધી આપણે કર્મ ક્ષેત્ર પર છીએ ત્યાં સુધી કર્મ તો કરવા જ પડશે. જો કર્મને પૂર્ણતઃ છોડવા સંભવ હોય અને આપણે કોઈ રીતે તેને છોડી પણ દઈએ તો પણ આપણે તેનાં વિના સંપૂર્ણતાને પ્રાપ્ત કરી શકીશું નહીં[૨૭] કર્મ દ્વારા જ કર્તા ઓળખાય છે. મનુષ્યના કર્મ મહાન હોય તો તે મહાન કહેવાય છે. કર્મો દ્વારા જ મનુષ્યની અધોગતિ થઈ છે અને કર્મો દ્વારા જ હવે મનુષ્યે ઉર્દ્વગતિ કરવાની છે અને યોગારૂઢ પણ થવું જ પડશે.[૨૮] ખરાબ કર્મો દ્વારા મનુષ્યનાં સંસ્કાર બગડે છે, હવે સારા કર્મ કરવાથી જ તેના સંસ્કાર સુધરશે. જે સંસારમાં કર્મ જ નહીં કરે તે માન-અપમાન, નિંદા-સ્તુતિ, જય-પરાજય, હાનિ-લાભ, હર્ષ-શોક અને સફળતા-અસફળતાની પરિસ્થિતિમાં અવિચળ રહેવાનું

---

૨૬. (ક) तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर।
असक्तो ह्याचरन्कर्म परमाप्नोति पूरुषः।। ૩/૧૯
(ખ) कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः।
लोकसंग्रहमेवापि संपश्यन्कर्तुमर्हसि।। ૩/૨૦

૨૭. न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते।
न च संन्यसनादेव सिद्धिं समधिगच्छति।। ૩/૪

૨૮. आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते।। ૬/૩

લક્ષણ શી રીતે ધારણ કરશે ? જો આ પરિસ્થિતિઓને અવિચળ અવસ્થામાં પાર કરવાની યોગ્યતા તે ધારણ નહીં કરે તો યોગયુક્ત, સ્થિતપ્રજ્ઞ અથવા સ્થિર કેવી રીતે બનશે ? એટલે જ ભગવાને કહ્યું છે કે કર્મ-સંન્યાસ નહીં, કર્મ યોગ જ શ્રેષ્ઠ છે.[૨૯] યોગ જ ઉત્તમ છે.[૩૦]

## ત્રણ પ્રકારના કર્મો

ભગવાને ગીતામાં કહ્યું છે કે કર્મ ત્રણ પ્રકારના હોય છે. તામસિક, રાજસિક અને સાત્વિક. તેમણે સમજાવ્યું છે કે જે મનુષ્યનું મન વશમાં નથી, જે યોગયુક્ત નથી, જે શઠ (દુષ્ટ) છે અને જે કુટિલતાથી, વિષાદ-વશ, આળસ-વશ તથા બીજાંની આજીવિકાનો નાશ કરીને કર્મ કરે છે અથવા જે કર્મોને લાંબાલચક ખેંચે છે અથવા ટાળે છે, તેનાં કર્મ તામસિક છે.[૩૧] તેમણે એ પણ કહ્યું છે કે જે મનુષ્ય અધર્મને ધર્મ માને છે[૩૨] અને અસત્યને સત્ય માને છે તથા જે નિદ્રા, ભય, ચિંતા, દુઃખમય સ્થિતિ અને અભિમાનને ત્યાગવા તૈયાર નથી હોતાં[૩૩] તથા જે આળસુ છે[૩૪], ભોગોથી મોહિત છે અને બેજવાબદાર સ્વભાવનાં છે, તેનાં કર્મ પણ તામસિક હોય છે.

૨૯. संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ।
तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते।। ૫/૨

૩૦. संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः।
योगयुक्तो मुनिर्ब्रह्म नचिरेणाधिगच्छति।। ૫/૬

૩૧. अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः।
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते।। ૧૮/૨૮

૩૨. अधर्मं धर्ममिति या मन्यते तमसावृता।
सर्वार्थान्विपरीतांश्च बुद्धिः सा पार्थ तामसी।। ૧૮/૩૨

૩૩. यथा स्वप्नं भयं शोकं विषादं मदमेव च।
न विमुंचति दुर्मेधा धृतिः सा पार्थ तामसी।। ૧૮/૩૫

૩૪. यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः।
**निद्रालस्यप्रमादोत्थं** तत्तामसमुदाहृतम्।। ૧૮/૩૯

ભગવાને એ પણ સ્પષ્ટ કર્યું છે કે જે કર્મોને કરવાથી ઘણો બોજો અને થાક અનુભવાય, તે કર્મ રાજસિક કર્મ છે.[૩૫] જે મનુષ્ય અહમ્ ભાવ-યુક્ત થઈને, કર્મફળની ઈચ્છા-વશ અને રોગ તથા હર્ષ-શોકના ભાનવશ અથવા હિંસા અને અપવિત્રતા વશ કર્મ કરે છે, તેમનાં કર્મો પણ રાજસિક હોય છે.[૩૬] પુનશ્ચ, જે કર્મ ઈંદ્રિયોના સુખ અર્થે કરવામાં આવે છે જે અમૃત સમાન સુખદાયી લાગે છે પરંતુ જેમનું પરિણામ વિષ-સમાન દુઃખદાયક હોય છે, તે કર્મો પણ રાજસિક છે.[૩૭]

જે કર્મ અહંકાર અને આસક્તિ વિના તથા ધૈર્ય અને ઉત્સાહથી કરવામાં આવે છે અને જેમને કરતાં - કરતાં મનુષ્ય નિર્વિકાર તથા સિદ્ધિ-આસક્તિની ચિંતાથી મુક્ત રહે છે, તે કર્મ સાત્વિક છે.[૩૮] બીજા શબ્દોમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ, ધર્મ અને અધર્મ, બંધ અને મોક્ષ, કાર્ય અને અકાર્ય તથા ભય અને અભયના ભેદને સમજીને જે કર્મ કરવામાં આવે છે,[૩૯] જે યોગના સુખમાં રહીને કરવામાં આવે છે અથવા કર્મેંદ્રિયો અને મનને વશમાં રાખીને મનની સચ્ચાઈ, સફાઈ

---

૩૫. यत्तु कामेप्सुना कर्म साहंकारेण वा पुनः।
क्रियते बहुलायासं तद्राजसमुदाहतम्।। १८/२४

૩૬. रागी कर्म फल प्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः।
हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ।। १८/२७

૩૭. विषयेन्द्रियसंयोगाद्यतदग्रेऽमृतोपमम्।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम्।। १८/३८

૩૮. मुक्त संगोऽनहंवादी धृत्युत्साहसमन्वितः।
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्त्विक उच्चते।। १८/२६

૩૯. नियतं संगरहितमरागद्वेषतः कृतम्।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्चये।। १८/२३

અને સરળતાથી તથા પરમાત્મા અને બ્રહ્મલોકમાં અટલ નિશ્ચય કરીને સર્વનાં કલ્યાણાર્થે જ્ઞાન-યુક્ત અવસ્થામાં કરવામાં આવે છે, તે પણ સાત્વિક છે.[૪૦] આવાં કર્મ કરનાર જ બ્રાહ્મણ છે.[૪૧]

આ રીતે કર્મ, અકર્મ અને વિકર્મના અથવા સાત્વિક, રાજસિક અને તામસિક કર્મના ભેદને સારી રીતે સમજીને મનુષ્યે ખરાબ [કુકૃત્યોથી] કર્મોથી બચવું જોઈએ અને આત્મ-નિષ્ઠ થઈને અનાસક્ત ભાવથી, સ્વયંને નિમિત્ત માનીને, યોગયુક્ત થઈને, માન-શાનની ઇચ્છા અને કામનાનો ત્યાગ કરીને, લોક કલ્યાણાર્થે અને શરીર-નિર્વાહાર્થ કર્મ કરવા જોઈએ જેને લીધે તે બંધન મુક્ત થઈ શકે.

---

૪૦. (ક) सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ।
अभ्यासाद्रमते यत्र दु:खान्तं च निगच्छति।। १८/३६

(ખ) यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम्।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम्।। १८/३७

૪૧. शमो दमस्तप: शौचं क्षान्तिरार्जवमेव च।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम्।। १८/४२

# દૈવી અને આસુરી ગુણ

ભગવાન જ્યારે ધર્મ-ગ્લાનિને સમયે અવતરે છે ત્યારે મનુષ્યોની દૃષ્ટિ, વૃત્તિ અને પ્રવૃત્તિ આસુરી હોય છે. તેમનામાં દિવ્ય ગુણોનો હ્રાસ ચરમ પર હોય છે; તેમનામાં દૈવી સંપત્તિ નવ કળામાંથી ઘટીને કેવળ ૨-૪ કળાઓ જ શેષ બાકી બચી હોય છે. અતઃ ભગવાન માનવને કર્મ, અકર્મ તથા વિકર્મનું લગભગ લુપ્ત **જ્ઞાન પ્રદાન કરી** તેને વિકર્મથી બચાવી, કમળ પુષ્પ-સમ અલિપ્ત રહેવાનાં વિધિ-વિધાન જણાવે છે. તેને આધ્યાત્મિક *જ્ઞાન આપી* સમજાવે છે કે (i) ઈશ્વરીય સંતાન હોવાને નાતે તેણે ઈશ્વરીય લક્ષણ-ધારણ કરવાં જોઈએ અથવા (ii) સાકાર રૂપમાં દેવી-દેવતાઓનાં વંશજ હોવાને લીધે તેણે દૈવી સંપદા-સંપન્ન થવું જોઈએ. આ રીતે, 'મનુષ્યમાંથી દેવતા', 'નરમાંથી શ્રી નારાયણ' અથવા 'નારીમાંથી શ્રી લક્ષ્મી' બનવાનું *લક્ષ્ય* પ્રદાન કરી તેઓ નર-નારીને દૈવી ***લક્ષણ*** ધારણ કરવાનો તથા પ્રવૃત્તિમાં રહેવાં છતાં નિવૃત્તિની અવસ્થામાં સ્થિર થવાનો માર્ગ ચીંધે છે.

એક સર્વમાન્ય સિદ્ધાંત છે કે મનુષ્ય જેવું ચિંતન કરે છે અથવા તેનો જેવો નિશ્ચય હોય છે, તેવો જ તે બની જાય છે. [As the man thinks or believes, so he Becomes][૧]. આ નીતિ અનુસાર જો વ્યક્તિ પરમ પવિત્ર, પરમપિતા પરમાત્માનું ચિંતન કરે અથવા તેમની સાથે બુદ્ધિ યોગયુક્ત કરે છે અને સ્વયં દેવી-દેવતાઓનો વંશજ હોવાનો નિશ્ચય કરે તો તે પણ પવિત્ર અને દૈવી સ્વભાવનો બનવા માંડે છે. આમ- પરમપિતા પરમાત્મા આત્માને યોગયુક્ત [સ્વમાન

---

१. सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत।
   श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः।। १७/३

ધારી] થવાની વિદ્યા પણ શિખવે છે જેને લીધે તે આસુરીયતાથી ઈશ્વરીયતા તરફ, વ્યક્તથી અવ્યક્તિ તરફ, અંધકારથી પ્રકાશ તરફ પ્રગતિ કરી શકે.

## આધ્યાત્મના ચારેય વિષયો પરસ્પર સહાયક અને પૂરક

જ્યારે મનુષ્ય પવિત્રતા અને દિવ્ય ગુણોને ધારણ કરે છે ત્યારે તેનો વિવેક સદ્‌વિવેકમાં પવિરવર્તિત થઈ જાય છે અને તેની બુદ્ધિ દિવ્ય, ઋતંભરા અથવા કુશાગ્ર બુદ્ધિ બની જાય છે. આથી તેમાં જ્ઞાનની પણ સારી રીતે ધારણા થાય છે અને તેનો યોગ પણ ઉચ્ચ કક્ષાનો બની જાય છે. ત્યારબાદ, જ્ઞાન અને યોગ પોતાની ભૂમિકા ભજવે છે; તેઓ પવિત્રતા અને દિવ્ય ગુણોમાં દ્દઢતા, પરિપક્વતા, ઊંડાણ તથા મહાનતા લાવે છે. આ બધાં મળીને માનવના મનમાં સેવા-ભાવને અંકુરિત કરે છે અને સેવા આ ત્રણેમાં ફરી વધુ શુદ્ધિ લાવે છે અને પુરૂષાર્થીને આર્શીવાદને પાત્ર બનાવી તેને વધુ મહાન બનવાનું મનોબળ પ્રદાન કરે છે. આ રીતે જ્ઞાન, યોગ, દિવ્ય ગુણોની ધારણા અને સેવા એક બીજાના સહાયક અને પોષક છે. આ ચારમાંથી દૈવી સંપદા (ધારણા વગેરે)નું વિશેષ સ્થાન છે કારણ કે તેનાં વિના તો જ્ઞાન થોથું અથવા બધિર છે, યોગ નીરસ અથવા લંગડો છે તથા સેવા મુશ્કેલ અથવા ભગ્ન-અંગ છે. આમ ગીતામાં સાચું જ છે કે - "હે વત્સ, દૈવી સંપત્તિ મનુષ્યને (દુઃખ અને અશાંતિથી) મુક્ત કરનાર છે અને આસુરી સંપત્તિ તેને બંધનમાં જકડનારી છે."[૨]

## મહાનતાના લક્ષણો

ગીતામાં સ્થિતપ્રજ્ઞ, યોગ યુક્ત, મદ્‌ભક્ત અને ગુણાતીતનાં

૨. दैवी संपद्विमोक्षाय निबन्धायासुरी मता।
मा शुचः संपदं दैवीमभिजातोऽसि पाण्डव।। १६/५

લક્ષણોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. આ સિવાય, દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિનો પણ ઘણો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વાસ્તવમાં આ બધાંનો પરસ્પર ઘનિષ્ઠ સંબંધ છે. એટલે અમે આ ત્રણેનો અલગ-અલગ ઉલ્લેખ કરવાને બદલે અહીં તેમનામાંના અમુક મુખ્ય લક્ષણોની ચર્ચા કરીએ છીએ. આ લક્ષણો અથવા દિવ્ય ગુણોની ધારણા દ્વારા જ મનુષ્ય પોતાની સર્વગુણ સમ્પન્ન, સોળ કળા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી અને મર્યાદા પુરૂષોત્તમ અવસ્થાને પ્રાપ્ત કરી શકે છે.

## નિરાકારી,[૩] નિર્વિકારી અને નિરહંકારી

ગીતામાં એક સ્થાને જ્ઞાનવાન મનુષ્યના લક્ષણ જણાવતાં કહેવાયું છે કે તેમાં અભિમાન[૪] અને મોહ[૫] નહીં હોય. તેણે વિષય આસક્તિવાળાં દોષો પર વિજય મેળવ્યો હશે[૬] અને તેનામાં કોઈ પણ પ્રકારની ઈચ્છા, આકાંક્ષા કે અભિલાષા નહીં હોય.[૭] બલ્કે તેનામાં શ્રેષ્ઠ, કુલીન લક્ષણ (Royal Qualities) વિદ્યમાન હશે અને તે નિત્ય આત્મિક સ્મૃતિમાં સ્થિર રહેતો હશે.[૮] અન્ય શબ્દોમાં મુખ્ય ભાવ એ છે કે તે ***નિરહંકારી, નિર્વિકારી અને નિરાકારી અવસ્થામાં સ્થિર હશે.*** તે સંગદોષથી હંમેશાં બચીને રહેતો હશે. અહીં સંગ દોષ કેવળ આસુરી સ્વભાવધારીઓના સંગનો દોષ નથી દર્શાવતો પરંતુ ચંચળ ઈંદ્રિયનો સંગ દોષ તથા પોતાના જે જૂનાં સંસ્કારો છે, તેમનો સંગ પણ ન કરવાનો નિર્દેશ પ્રદાન કર્યો છે. આ સિવાય એ પણ કહેવાયું છે કે તેનાં મનમાં કોઈ દ્વંદ્વ નહીં હોય,[૯] ન તો કોઈ ગૂંચવણ. તેના

૩. નિરાકારી અવસ્થા ધારણ કરવી એટલે જ પોતાને દેહ માનવાની બદલે જ્યોતિ બિંદુ આત્મા માની તથા આત્મિક સ્મૃતિમાં જ સ્થિર રહેવું.

निर्मान[४] मोहा[५] जितसंगंदोषा[६] अध्यात्मनित्या[८] विनिवृत्तकामा:[७]।

द्वन्द्वैर्विमुक्ता:[९] सुखदु:ख

संज्ञैर्गच्छन्त्यमूढा: पदमव्ययं तत्।। १५/५

મનમાં એવાં પ્રશ્નો જ નહીં હોય કે-આવાં કર્મ કરૂં કે નહીં ? બલ્કે ભગવાન પાસેથી સ્પષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરી લીધાં પછી હવે તેની સામે કર્તવ્ય પથ પણ સુસ્પષ્ટ હશે. શ્રીમતાનુસાર કર્તવ્યો કરવાથી અથવા પોતાની યોગ તપસ્યા તથા દિવ્ય ગુણોની ધારણાના પુરૂષાર્થમાં જો તેની સમક્ષ દુઃખ-સુખની પરિસ્થિતિઓ આવશે તો તેમાં પણ તે સમાન, અવિચળ સ્થિતિ જાળવી રાખશે.[૧૦]

**અપકારી પર પણ ઉપકાર કરનાર અથવા કલ્યાણકારી**

આ રીતે, ગીતામાં એક બીજાં સ્થાને ભગવાને કહ્યું છે કે મને એ આત્મા પ્રિય છે જેનો કોઈની સાથે દ્વેષ ન હોય[૧૧] બલ્કે જેનો સર્વ પ્રત્યે મિત્રભાવ હોય[૧૨] અને જેમાં કરૂણા[૧૩] તથા ક્ષમાના[૧૪] ગુણ હોય, અહીં ભગવાને એ પણ કહ્યું છે કે મને એ આત્મા પ્રિય છે જેમાં મમત્વ [મોહ] ન હોય.[૧૫] જો કોઈ મનુષ્યનું અન્ય દેહધારીમાં મમત્વ હોય તો તેનાં પરિણામ સ્વરૂપે તે કોઈને પોતીકાં અને બીજાને પારકાં માનશે. જ્યારે તેનામાં આ ભાવ આવી જશે તો તે પોતીકાંઓ પ્રત્યે પક્ષપાત અને પારકાં સાથે દ્વેષ, ઈર્ષ્યા કે અસહયોગનાં ભાવ-વશ વ્યવહાર કરશે. આવી વ્યક્તિ અદ્વેષી કે વિશ્વ કલ્યાણકારી બની શકતી નથી. વિશ્વ-કલ્યાણકારી તો એ જ બની શકે જેનો બધાં પ્રત્યે મિત્ર-ભાવ હોય, કરૂણા-ભાવ હોય. આ સંદર્ભમાં જ ગીતામાં વારંવાર મમત્વને ત્યાગવાની અને મોહનો નાશ કરવાની પ્રેરણા આપવામાં આવી છે કારણ કે મોહ અને મમત્વ મનુષ્યની સ્મૃતિને છિન્ન-ભિન્ન કરીને તેનાં દિવ્ય ગુણોનો હ્રાસ કરે છે.

---

अद्वेष्टा[११] सर्वभूतानां मैत्रः[१२] करुण[१३] एव च।

निर्ममो[१५] निरहंकारः समदुःखसुखः[१०] क्षमा[१४]।। १२/१३

## પ્રભુ-પસંદ, લોક-પસંદ અને મન-પસંદ બનાવનાર ગુણો

ઉપરોક્ત સિવાય ગીતામાં બીજાં જે પણ મહાન લક્ષણો અથવા ગુણોનું વર્ણન છે, તેનાં અધ્યયન દ્વારા તો કોઈ પણ વ્યક્તિ એ જ નિષ્કર્ષે પહોંચશે કે જો એ ગુણોને ધારણ કરી લેવામાં આવે તો નિશ્ચયાત્મક રીતે માનવી પ્રભુ-પસંદ, લોક-પસંદ, અને મનપસંદ બની શકે છે. જો આપણે માત્ર બારમા અધ્યાયને જ લઈએ તો તેમાં જોઈ શકાશે કે તેમાં જે ધારણાઓનો ઉલ્લેખ છે એ ઘણી સૂક્ષ્મ અને મહાન છે. ઉદાહરણાર્થે એ અધ્યાયમાં કહેવાયું છે કે ભગવાનને એ પ્રિય છે જે 'શુચિર્દક્ષ'[૧૬] છે, અર્થાત્ જે દરેક પ્રકારની પ્રવિત્રતાને પાળવામાં ઘણો જ કુશળ હોય અને જેનાં મન, વચન અને કર્મ, જેની નીતિ અને રીતિ હંમેશા પૂર્ણ પવિત્રતાને જ વરેલી હોય. સ્વાભાવિક છે કે આવી પવિત્ર વ્યક્તિ ક્યારેય કોઈની નિંદા, ચાડી કે વ્યર્થ ચર્ચા સાંભળતી નથી અને અપવિત્ર લોકોનો સંગ સ્થૂળ રીતે કે બુદ્ધિ દ્વારા પણ કરતી નથી. ક્યારેય બીજાનાં અવગુણોનું અને તેમની અશુદ્ધિ પર વિચારતી નથી અને માનસિક રૂપે તેમની સાથે પોતાનો કોઈ વિશેષ સંબંધ જોડતી નથી. એટલે જ ગીતામાં કહેવાયું છે કે ભગવાનને તેઓ પ્રિય છે જે સંગવિવર્જીત[૧૭] છે, અર્થાત્ અનાસક્ત છે અને આવાં કુસંગથી દૂર છે.

જ્યારે કોઈનો વ્યર્થ ચર્ચા કરતાં લોકો સાથે કોઈ જાતનો સંબંધ જ ન હોય તો એ સ્વાભાવિક છે કે એવી વ્યક્તિ ઓછા બોલી જ હશે. તે પોતાનાં શબ્દોનો લોક-કલ્યાણાર્થે જ પ્રયોગ કરશે; તે પોતાની વાક્-શક્તિનો અપવ્યય કરતો નહીં હોય. આથી જ ભગવાને કહ્યું છે

अनपेक्ष[१९] शुचिर्दक्ष[१६] उदासीना[२०] गतव्यथ:
सर्वारम्भपरित्यागी यो मद्भक्त: स मे प्रिय:।। १२/१६

કે એ મને પ્રિય છે જે 'मौनी'[૧૮] હોય પરંતુ મુખથી તેઓ જ મૌન રહી શકે છે જેનું મન મૌન હોય અને તેનું જ મન મૌન હશે જેનાં મનમાં કોઈ ઈચ્છા નહીં હોય. જેનાં મનમાં અનેક કામનાઓ, અને તૃષ્ણાઓ છે, તેનું મન ભલા કેવી રીતે મૌન હોઈ શકે ? આથી ગીતામાં કહેવાયું છે કે એ મને પ્રિય છે જે 'અનપેક્ષ'[૧૯] હોય અને 'सर्वारम्भ परित्यागी' હોય, અર્થાત્ જે કોઈની પાસે કશાની યે અપેક્ષા કે આશા રાખતો ન હોય અને જે કર્મ તો કરતો હોય પરંતુ કર્મના ફળસ્વરૂપે માન-શાન, પદ-પ્રતિષ્ઠા-યશ કે પદાર્થ વગેરેની તેને આકાંક્ષા ન હોય. તે આસુરી સંસારથી 'ઉદાસીન'[૨૦*] હોય, અર્થાત્ આ સંસારમાંથી તેનું મન બિલકુલ ઉઠી ગયું હોય. પરંતુ પ્રશ્ન ઉદ્ભવે છે કે મનુષ્યની કામનાઓનો અંત રીતે થાય જેને લીધે તે મૌનાવસ્થાનું સુખ મેળવી શકે ? આનાં સંદર્ભમાં ગીતામાં ભગવાને કહ્યું છે કે મને એ પ્રિય છે જે મારામાં નિશ્ચય[૨૧] રાખતો હશે, જે સંસાર પ્રત્યે ઉદાસીન હશે અને જેણે મન અને બુદ્ધિ મને અર્પણ[૨૨] કર્યા હશે.

તમે જ વિચારો કે જે વ્યક્તિ આ સંસાર પ્રત્યે ઉદાસ હોય અને જેણે સર્વસ્વ પ્રભુ અર્પણ  કરેલું હોય, તે મનુષ્ય હંમેશા એ જ ભાવનામાં રહેશે કે હવે મારે પોતાને ઘેર (પરમધામ) પાછા ફરવાનું છે. તેની બુદ્ધિ હંમેશા પરમધામ અને ત્યાંનાં રહેવાસી પરમપિતા પરમાત્માની જ એક માત્ર તથા અવિરત સ્મૃતિમાં રહેતી હશે અથવા તેનાં મનરૂપી ચક્ષુ બ્રહ્મલોકમાં પરમપ્રિય જ્યોતિર્બિંદુ શિવ પર જ એકાગ્ર રહેશે. જાણે તેનું મનરૂપી જહાજનું લંગર આ સંસારમાંથી ઉઠી ગયું હોય અને તે પોતાનાં મન દ્વારા પરમધામ રૂપી પવિત્ર તીર્થનો યાત્રી હોય. ગીતામાં ભગવાને કહ્યું છે કે એ મને પ્રિય છે જે અનિકેતઃ[૨૩] છે,

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः।
शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः[१७]।। १२/१८

[૧૯] શ્લોક સામે પાને જુઓ

અર્થાત્ જે આ દુનિયાને પોતાનું ઘર માનવાને બદલે સ્વયંને અહીં એક 'મહેમાન' અથવા 'અતિથિ' કે 'યાત્રી' માને છે. જે વ્યક્તિની આવી અવસ્થા હશે, નિશ્ચયાત્મક રીતે તેને પરમપિતા પરમાત્મા પાસેથી આનંદ, શાંતિ, પ્રેમનો અનંત ખજાનો પ્રાપ્ત થતો જ રહેશે. ત્યારે આવી ઊંચી સ્થિતિવાળી વ્યક્તિ તો માન-અપમાન,[૨૪] ઠંડી-ગરમી,[૨૫] સુખ-દુઃખ,[૨૬] હાનિ-લાભ[૨૭] - બધી પરિસ્થિતિઓમાં સમ-ચિત્ત[૨૮] અર્થાત્ એકરસ અવસ્થા, સ્થિર મતિ[૨૯] કે સ્થિત-પ્રજ્ઞ બની જશે કારણ કે તે વ્યક્તિ તો એકમાત્ર પરમાત્મા પાસેથી જ મળતી અપાર ધન-સંપદાને કારણે હંમેશા એક અકલ્પનીય મસ્તીમાં મસ્ત હશે. આવી વ્યક્તિ જ વાસ્તવમાં સદા તૃપ્ત થઈ શકે છે. આવી 'સતત સંતુષ્ટ'[૩૦*]વ્યક્તિ જ ભગવાનને પ્રિય છે; તે ક્યારેય લોકોમાં ઉદ્વેગ નથી આણતો અને ન તો ક્યારેય સ્વયં ઉદ્વિગ્ન થાય છે[૩૧] અથવા ન તો તેને કોઈ વ્યથા હોય છે[૩૨] અને ન કોઈનો ભય[૩૩] કારણ કે તેનાં મનમાં કોઈનાં પ્રત્યે શત્રુતાનો ભાવ જ નથી.[૩૪] અતઃ જો મનુષ્ય 'અનિકેત' ભાવનામાં સ્થિત થઈ જાય, અર્થાત્ હંમેશા આ એક જ વાત યાદ રાખે કે હવે તો મારે આ દેહનાં બંધનોથી તથા આ સંસારથી મુક્ત થઈને પોતાને ઘેર (પરમધામ) પાછા ફરવાનું છે, આ સંસાર મારૂં ઘર નથી. તો તેનામાં હજી બીજાં પણ અનેકાનેક ગુણો આવી જશે.

વાસ્તવમાં આ ગુણોને પૂર્ણ રીતે ધારણ કરવાનો પુરૂષાર્થ જ સાચો પુરૂષાર્થ છે. આવો જ ઉચ્ચ પુરૂષાર્થ કરનાર, જેને ગીતામાં

---

तुल्यनिन्दास्तुतिर्मौनी[१८] सन्तुष्टो येन केनचित्।
अनिकेत: स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नर:।। १२/१९
संतुष्ट:[३०] सततं योगी यतात्मा[३५] दृढ़निश्चय:[२१]।
**मय्यर्पित मनोबुद्धिर्यो**[२२] मद्भक्त: स मे प्रिय:।। १२/१४

'યતાત્મા'[૩૫] કહેવામાં આવી છે, ભગવાનને પ્રિય છે. જે આવા પુરૂષાર્થી અર્થાત્ યતાત્મા હશે, તેનામાં બે-જવાબદારી નહીં હોય. તે વિઘ્નો સામે નમતું નહીં મૂકે. આ કલિયુગી અંધારી રાત્રે પરમધામનો એ રાહી [મુસાફર] ક્યારેય સતયુગી સવારનાં લક્ષ્યને દૂર નહીં માને અને ક્યારેય થાકશે પણ નહીં. આમ જુઓ કેટલાં મહાન ગુણોનો ઉલ્લેખ છે અને એમને ધારણ કરવાથી મનુષ્ય કેટલો મહાન બની શકે છે !!

## દૈવી સંપદા

આપ જોશો કે ગીતાના સોળમા અધ્યાયમાં પણ ઘણાં મહત્વપૂર્ણ દૈવી ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. આમ તો ત્યાં લખેલાં ગુણો સિવાય હજુયે બીજા ઘણાં દિવ્ય ગુણો ગણાવી શકાય પરંતુ એ વાત નિશ્ચિત છે કે જેઓ તે વર્ણિત ગુણોને જ ધારણ કરી લે છે તેમનામાં બીજાં બધાં ગુણો પણ પોતાની મેળે આવી જાય છે. અમારા મતે એ દિવ્ય ગુણોનો ઉલ્લેખ ચાર મુખ્ય શિર્ષકોમાં વહેંચીને કરી શકાય. એ ચાર છે (૧) ધારણા, (૨) ત્યાગ, (૩) તપસ્યા અને (૪) સેવા. હવે આપણે દરેકની ક્રમવાર ચર્ચા કરીશું.

---

तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येन केनचित्[२८]।
अनिकेत:[२३] स्थिरमति[२९] र्भक्तिमान्मे प्रियो नर:।। १२/१९
सम:[२६] शत्रौ[३४] च मित्रे च तथा मानापमानयो:[२४]।
शीतोष्ण[२५] सुखदु:खेषु[२६] समः संगविवर्जित:।।१२/१८
यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते[३१] च य:।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो[२७] य: स च मे प्रिय:।। १२/१५
अनपेक्ष: शुचिर्दक्ष उदासीनो गतव्यथ:[३२]।
सर्वारम्भपरित्यागी यो मद्भक्त: स मे प्रिय:।। १२/१६

## ૧. ધારણા

ગીતાના સોળમા અધ્યાયમાં દૈવી સંપત્તિનું વર્ણન કરતાં-કરતાં ભગવાને જે દિવ્ય ગુણોને ધારણ કરવા માટે કહ્યું છે, તેમાં સૌ પ્રથમ સ્થાન સ્વાધ્યાય[૩૬] ને આપવું જોઈએ. પોતાની સ્થિતિ ઊંચી બનાવવા માટે, યોગયુક્ત સ્થિતિમાં લાંબો સમય ટકી રહેવા માટે અને બીજાંની સાચી સેવા કરવામાં સમર્થ બનવા માટે સૌપ્રથમ મનુષ્યને **સ્વાધ્યાયની,** અર્થાત્ દરરોજ જ્ઞાનના શ્રવણ અને અધ્યયનની જરૂર છે. સ્વાધ્યાય જ વાસ્તવમાં સત્સંગ છે, આત્મા માટે પવિત્ર-કારી સ્નાન પણ છે, અમૃત-પાન પણ છે અને અવિનાશી ધન પ્રાપ્તિનું સાધન પણ છે. જ્ઞાન જ જ્ઞાન-સાગર પરમાત્માનું સર્વ પ્રથમ વરદાન છે જેને મેળવ્યા પછી જ મનુષ્યનું ત્રીજું નેત્ર ઉઘડે છે. સ્વાધ્યાય દ્વારા જ મનુષ્ય પોતાની બુદ્ધિને નિર્મળ બનાવી શકે છે. સ્વાધ્યાય, અર્થાત્ લગભગ દરરોજ ઈશ્વરીય જ્ઞાનના શ્રવણ અને મનન દ્વારા જ મનુષ્ય પોતાની કમીઓ, નબળાઈઓ અને ભૂલો પ્રત્યે સચેત થાય છે અને સમયાંતરે પ્રકાશ-પુંજ બનીને વિશ્વમાં ચમકે છે. જે રીતે વારંવાર પાણીની થપાટો ખાઈ-ખાઈને બેડોળ પથ્થર પણ ઘસાઈને શાલિગ્રામ બની જાય છે અથવા વારંવાર મૂર્તિકારની હથોડી અને છીણીનાં ઘાને કારણે પાષાણ પણ પૂજા સ્થાનની મૂર્તિમાં પરિવર્તિત થાય છે, તેવી જ રીતે વારંવાર જ્ઞાનનુ અધ્યયન કરવાથી મનુષ્યનું આચરણ પણ જ્ઞાન નિષ્ઠ બને છે. દરરોજ જ્ઞાન અધ્યયનનું મહત્વ ઘણું છે. યોગ-સ્થિત થવા માટે પણ પ્રતિદિન જ્ઞાન-શ્રવણ જરૂરી છે. જો યોગને એક

अभयं[३३]सत्वसंशुद्धि[३७] र्ज्ञानियोगव्यवस्थितिः।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप[३६] आर्जवम्[३८]।। १६/१

દીપકની જ્યોતની ઉપમા આપવામાં આવે તો જ્ઞાન અથવા સ્વાધ્યાય એ દીપકના ઘૃત (ઘી) સમાન છે.

(ii) ***પવિત્રતા અથવા સત્વ સંશુદ્ધિ***[૩૭*] **:-** પવિત્રતા જ સ્વાધ્યાયનું સર્વોત્તમ ફળ છે, દિવ્ય ગુણોરૂપી પુષ્પોની આ જ સુગંધ કે સુવાસ છે. ઈશ્વરોન્મુખ થતા માનવનું આ મુખ્ય લક્ષણ છે અને સફળતા-મૂર્ત બનવાનું આ જ મુખ્ય સાધન છે. આને ગીતામાં સત્વ-સંશુદ્ધિ, 'શુચિ' અને શૌચ વગેરે નામ આપવામાં આવ્યાં છે. તનની શુદ્ધિ, વસ્ત્રની શુદ્ધિ, નિવાસ-સ્થાનની શુદ્ધિ અને પ્રયોગ થનારી વસ્તુઓની શુદ્ધિને જ શુચિ કહે છે. જ્યાં આ શુચિ હોય, ત્યાં કષ્ટ અથવા કલહ-કલેશ પેદા થવાની સંભાવના હંમેશા રહે છે. અતઃ પવિત્રતાને જ સુખ અને શાંતિની જનની કહેવાઈ છે. આમાં પણ મન અને બુદ્ધિની શુદ્ધિનું ઘણું મહત્વ છે કારણ કે આની અશુદ્ધિ જ મનુષ્યની દૃષ્ટિ, વૃત્તિ, સ્મૃતિ અને કૃતિ અશુદ્ધ કરે છે. આમ મનમાં હંમેશા શુદ્ધ વિચારો ઉત્પન્ન થવા અને બુદ્ધિમાં પવિત્રતાની ધારણા હંમેશા સમાયેલી રહે એ જ સાચા અર્થમાં શુદ્ધિ છે. પરંતુ આ બધાંને ભેગાં કરીને આપણે સત્વ-સંશુદ્ધિ ત્યારે જ કહી શકીએ જ્યારે મનુષ્યનો સ્વભાવ અથવા સંસ્કાર પણ શુદ્ધ થઈ જાય અને શુદ્ધિ તેનું પોતાનું સ્વરૂપ જ બની જાય.

(iii) ***જ્ઞાન-યોગ-વ્યવસ્થિતિ***[૩૮] **:-** ધ્યાન આપવા યોગ્ય વાત છે કે જીવનમાં સંપૂર્ણ પવિત્રતાની ધારણા પણ ત્યારે જ થઈ શકે જ્યારે મનુષ્યની બુદ્ધિ જ્ઞાન-નિષ્ઠ હોય અને તેનું મન યોગના રસમાં ડુબેલું હોય અને આ બંનેમાં તેની સ્થિતિ એક સરખી હોય. ત્યારે જ તેની

अभयं[३३] सत्वसंशुद्धि[३७] र्ज्ञानियोगव्यवस्थितिः।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप[३६] आर्जवम्[३८]।। १६/१

બુદ્ધિ વ્યવસ્થિત થાય. જ્ઞાન-યોગ-વ્યવસ્થિતિવાળો મનુષ્ય જ સાથે રીતે યોગનો આનંદ લઈ શકે છે અને શ્રેષ્ઠ કર્મ કરવામાં પણ કુશળ હોય છે કારણ કે તેનું મન ચંચળ-વિચલિત નથી હોતું, તેની બુદ્ધિ વેર-વિખેર નથી હોતી, તેનાં વિચાર પણ અસ્ત-વ્યસ્ત નથી હોતા, તેની સમસ્યાઓ સમાપ્ત થઈ ગઈ હોય છે અને તેની બધી માનસિક ગ્રંથિઓ તથા સંસ્કારોના બંધનોની ગાંઠો ખુલેલી જ હોય છે. આમ તે જે કાર્ય કરે છે, તે દેખાડવા-પૂરતું અને તણાવ-યુક્ત નહીં બલ્કે લોક કલ્યાણાર્થે તથા ઈશ્વરીય આજ્ઞાની પાલનાર્થે અને આત્માના ઉષ્કર્ષના શુભ  હેતુસર જ કરે છે. અતઃ 'જ્ઞાન-યોગ-વ્યવસ્થિતિ' મનુષ્યના બધાં વ્યવહારોને પ્રભાવિત કરે છે અને જો એને ધારણ કરી લેવામાં આવે તો તે મનુષ્યની સમસ્ત ચેતનાને ઉર્દ્વમુખી અને દિવ્ય બનાવે છે.

(iv) ***સરળતા અને આર્જવમ્***[૩૯] **:-** સરળતા પવિત્રતાની સહચરી છે અને સત્યતા સાથે આનો અતૂટ સંબંધ છે. સરળતામાં જ મનુષ્યને વિજયી બનાવવાની શક્તિ નિહિત છે. સરળતા વિના મનુષ્ય યોગમાં સ્થિત-પ્રજ્ઞ બની શકતો નથી અને તેની ઉપર જ્ઞાનનો રંગ પણ ચઢતો નથી. આ સિવાય તેમાં દિવ્ય ગુણોની ચમક પણ નથી આવતી. સરળતામાં એક પ્રકારની આકર્ષણ શક્તિ સમાયેલી છે અને આ એક એવો ગુણ છે કે જેનાં અભાવમાં બીજાં ગુણો પણ પોતાની પૂર્ણ છટા દેખાડી શકતાં નથી. એક માત્ર સરળતા જ મનુષ્યને ઘણાં પાપ કર્મોથી બચાવે છે અને તેનામાં બીજાં ઘણાં ગુણો પણ ખેંચી લાવે છે. કુટિલ વ્યક્તિ તો ઘણાં પ્રકારના દાવપેચ અને જોડ-તોડમાં જ વ્યસ્ત રહે છે. તેનામાં ન તો સત્વ-સંશુદ્ધિ સંભવ છે, ન 'જ્ઞાન-યોગ-

अभयं सत्वसंशुद्धिर्ज्ञान नियोग व्यवस्थिति:[३८]।
दानं दमश्च[४०] यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम्[३९]।। १६/१

વ્યવસ્થિતિ' અને ન તો પવિત્રતા અને, જેમાં આ ચારેય નથી, તે તો દેવત્વથી વિપરિત દિશામાં જતો મનુષ્ય છે.

(v) ***ઇંદ્રિય-નિગ્રહ***[૪૦] **:-** જે વ્યક્તિની ઇંદ્રિયો જ તેનાવશમાં ન હોય, તે પરાધીન વ્યક્તિ સ્વપ્નમાં પણ સાચું સુખ મેળવી શકતો નથી, ખરેખર તો તેને 'મનુષ્ય' કહેવાને બદલે 'કઠપૂતળી' જ કહેવી જોઈએ કારણ કે તે તો ઇંદ્રિયોના ઈશારે જ [કૂદા-કૂદ] ભાગંભાગ કરે છે. ભલે લોકો તેને ગમે તેટલો વીર, વિદ્વાન કે વિશેષ વ્યક્તિ માનતાં હોય પણ વાસ્તવમાં તો તે આ ઇંદ્રિયોનો દાસ જ હોય છે; તે મનુષ્ય નહીં પરંતુ વન માનુષ (Ape) છે. જે ઇંદ્રિય-જીત છે, તે જ વાસ્તવમાં ઇંદ્ર છે અર્થાત્ દેવોનો પણ રાજા છે. જે ઇંદ્રિયોનો ગુલામ છે, તે જ વાસ્તવમાં દાનવ છે. જેનામાં ઉપરોક્ત પાંચેય દિવ્ય ગુણો છે, તે જ સાચાં અર્થમાં જ્ઞાન અને યોગ માર્ગનો યાત્રી અથવા પુરૂષાર્થી છે. તેણે જ ગીતા-જ્ઞાનના મર્મને સારી રીતે સમજ્યો છે.

ઉપરોક્ત પાંચ ધારણાઓ સિવાય નિમ્નલિખિત વધુ ૧૧ ગુણો ધારણા-યોગ્ય છે. ધૈર્ય અથવા ધૃતિ*, ક્ષમા[૪૧], નિરાભિમાનતા (નાતિમાનતા)[૪૨], દયા[૪૩], કોમળતા અથવા માર્દવમ[૪૪], 'હ્રી' અથવા કુકૃત્યો કરવામાં શરમ[૪૫], સત્ય[૪૬], અહિંસા[૪૭], શાંતિ[૪૮] અને નિર્ભયતા[૪૯] વગેરે.

એ સ્પષ્ટ છે કે આ બધાં ગુણો પરસ્પર સંબંધ ધરાવે છે અને અમુક ગુણો તો બીજાં ગુણ સાથે થોડું જ અંતર ધરાવે છે. ઉદાહરણાર્થે

तेज:[५०] क्षमा[४१] धृति: शौचमद्रोहो[५६] नातिमानिता[४२], [५३]
भवन्ति संपदं दैवीमभिजातस्य भारत।। १६/3

* ગીતામાં અ. ૧૮, શ્લો. ૩૩, ૩૪ અને ૩૫માં ત્રણ પ્રકારની ધૃતિનું વર્ણન છે.

'શાંતિ' રૂપી દૈવી ગુણ એ વ્યક્તિ જ ધારણ કરી શકે છે જેનામાં નિરાભિમાનતા, ક્ષમા, દયા, કોમળતા, અહિંસા અને ધૃતિ હોય. આ પ્રકારે એ જ નિર્ભય હોઈ શકે જેનામાં અહિંસા, કોમળતા વગેરે ગુણ હશે. પુનશ્ચ, જે વ્યક્તિ ખરાબ [કુકૃત્યો] કર્મો કરવામાં શરમ અનુભવતી હશે, તેનામાં કોમળતા, સત્ય અને અહિંસા વગેરે ગુણ તો હશે જ અથવા આવશે જ.

ધારણ કરવા યોગ્ય ગુણ તો ઘણાં છે પરંતુ અમે અહીં આ વિષયને સંકેલતાં ગીતાના સોળમા અધ્યાયમાં વર્ણિત, 'તેજ'[૫૦] નામક ગુણનો ઉલ્લેખ કરી દઈએ છીએ. આ એક બહુ જ મહત્વનો ગુણ છે. આનો ભાવ એ છે કે બધાં કાર્યો તેજસ્વિતા-પૂર્વક કરવામાં આવે, અર્થાત્ ઉમંગ-ઉત્સાહ-રૂચિપૂર્વક ને સાત્વિક રીતે કરવામાં આવે. પરંતુ તેજ તો તેમનામાં જ હોઈ શકે જે પોતાની શક્તિનો સંચય કરે છે, અર્થાત્ તે વ્યર્થ સંકલ્પો અને દ્વંદ્વો દ્વારા પોતાના મનને ક્ષીણ નથી કરતો, પોતાનાં વચનોની શક્તિને પણ નિષ્પ્રયોજનાર્થ ખર્ચ કરતો નથી અને ઈર્ષ્યા, દ્વેષ, ઘૃણા કે વાસના દ્વારા પોતાના તન અને મનને પણ નિસ્તેજ બનાવતો નથી. આમ યોગીએ દરેક કર્મ નિર્વિકાર બનીને અર્થાત્ પ્રકાશના કિરણોની જેમ હળવાં તથા શક્તિશાળી બનીને સ્ફુર્તિ, શક્તિ અને અલૌકિકતા-પૂર્વક કરવાં જોઈએ.

## ૨. ત્યાગ

અમે પાછળ જણાવી આવ્યા છીએ કે મહાન ગુણોને ચાર

अहिंसा[४७] सत्यम्[४६] अक्रोध:[५१] त्याग: शान्ति:[४८] अपैशुनम्[५४]
दया[४३] भूतेष्वलोलुप्त्वं[५२] मार्दवं[४४] ह्रीरचापलम्[४५, ५५]।। १६ /२
अभयं[४९] सत्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थिति:
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम्।। १६/१

મુખ્ય શીર્ષકોમાં વહેંચી શકાય. 'ધારણા' શિર્ષકાંતર્ગત અમુક ગુણોની ચર્ચા બાદ હવે અમે ત્યાગનું વર્ણન કરીએ છીએ. ગીતામાં ક્રોધ[૫૧], લોભ[૫૨], અને અભિમાન[૫૩], અર્થાત્ ગર્વના ત્યાગ સિવાય ચાડી[૫૪] (પિશુનતા) અને ચંચળતા[૫૫] (ચપળતા), અર્થાત્ વ્યર્થ સંકલ્પોનો ત્યાગ, પર પણ જોર આપવામાં આવ્યું છે તથા અહિંસાની સિદ્ધિ માટે દેહ[૫૬] ના ત્યાગની પણ શિક્ષા પ્રદાન કરી છે.

સંસારમાં ઘણાં એવા લોકો છે જે ઘર-બારનો ત્યાગ કરનાર વ્યક્તિને જ સૌથી મોટો ત્યાગી માને છે પરંતુ વાસ્તવમાં છ વિકારોનો અને તેનાં જનક દેહાભિમાનનો ત્યાગ જ સર્વ શ્રેષ્ઠ ત્યાગ છે. જે વ્યક્તિમાં સંકલ્પ માત્ર પણ ઇંદ્રિયના ભોગોની ઇચ્છા નથી, જેને સ્વપ્નમાં પણ માન અને શાનની ખેવના નથી, જેને રિંચક માત્ર પણ પોતાનાં કર્મના ફળની લાલસા નથી, જેને આંખો દગો આપતી નથી અને જેના કાન નિંદા, ચાડી, વ્યર્થ ચર્ચા અને વાસનાઓ પેદા કરતાં આલાપો સામે હંમેશા બંધ છે અને જેના મુખમાંથી કડવા, કટુ, અકલ્યાણકારી કે દુષ્ટ વેણ નિકળતાં નથી તથા જેણે પોતાની સર્વ કર્મેંદ્રિયો દ્વારા દરેક પ્રકારના પાપોનો ત્યાગ કરી દીધો છે, તે જ વાસ્તવમાં 'ત્યાગી' છે.

ત્યાગ વિના તો મનુષ્યનું ભાગ્ય જ નથી બનતું. કાંઈક છોડ્યા વિના કશું મેળવી શકાતું નથી. જે આપતો નથી તે મેળવવાનો અધિકારી પણ નથી. આ નીતિ અનુસાર જે પોતાની બુદ્ધિ દ્વારા પોતાનો દેહ અને દૈહિક સંબંધોની સ્મૃતિનો ત્યાગ કરે છે, તેઓ જ પોતાની બુદ્ધિરૂપી તિજોરીમાં પ્રભુનાં અપાર ખજાનાઓ મેળવી લે છે. ભગવાન આપણી પાસેથી બીજાં કોઈ ત્યાગની અપેક્ષા નથી રાખતા, તેઓ આપણાં જ કલ્યાણાર્થે આપણી પાસેથી આશા રાખે છે કે આપણે પોતાની ખોટી, બિનજરૂરી, વ્યર્થ, દુઃખદાયક આદતોનો ત્યાગ કરીએ

જેને લીધે તેઓ દૈવી ગુણોરૂપી રત્નોથી માલામાલ કરી દે. સાચા અર્થમાં ચંચળતા, આસુરી સંસ્કારો તથા દુષ્ટ વિચારોનો ત્યાગ જ વાસ્તવિક ત્યાગ છે અથવા લોક કલ્યાણાર્થ પોતાનાં તનનાં સુખ અને આરામ, બુદ્ધિની વિચાર શક્તિ અને મનની મનન શક્તિનો, ધનની રાશિનો સદુપયોગ અર્થાત્ સર્વસ્વ લગાવી દેવું એ જ ત્યાગ છે. આવી વ્યક્તિ જ 'મહાદાની' કહેવાય છે. આવાં પુરૂષાર્થીનું જીવન જ 'યજ્ઞમય' અથવા યજ્ઞ-અર્પિત જીવન છે. આથી જ ભગવાને દાન[૫૭] અને યજ્ઞને[૫૮] પણ દૈવી સંપત્તિમાં ગણાવ્યાં છે. આવાં યજ્ઞાર્પિત જીવનધારી ત્યાગીના જીવનમાં બીજાં ગુણો પણ આપમેળે વિકાસ પામે છે.

ગીતામાં તામસિક, રાજસિક અને સાત્વિક એમ ત્રણ પ્રકારના ત્યાગનો ઉલ્લેખ છે.*

### ૩. તપસ્યા

ખરી રીતે યોગ એ જ સૌથી મોટી તપસ્યા છે અને યોગી જ

अभयं सत्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः।

दानं[૫૭] दमश्च यज्ञश्च[૫૮] स्वाध्यायस्तप आर्जवम्।। ૧૬/૧

* (ગીતાના ૧૭મા અધ્યાય (શ્લો. ૨૦,૨૧,૨૨)માં સાત્વિક, રાજસિક અને તામસિક દાનનો અને ચોથા અધ્યાયના ૨૫,૨૬ અને ૨૭માં શ્લોકમાં જ્ઞાનાગ્નિમાં વિષય-વિકારો તથા સર્વસ્વ સ્વાહા કરનાર યજ્ઞનો ઉલ્લેખ છે.)

૫૮. 'યજ્ઞ' નો અભિપ્રાય બીજાંના કલ્યાણાર્થે કર્મરૂપી આહુતિઓ આપવાનો છે.

૫૯. तपसा शक्यते प्राप्तुम देवत्वमपि निश्चय (મહા, શાંતિપર્વ, ૧૫૧)

[૬૦]ब्रह्मचर्यमहिंसा[૬૧] च शारीरं तप उच्यते।। ૧૭/૧૪

अनुद्वेगकरं वाक्यं[૬૨] सत्यं[૬૩] प्रिय[૬૪] हितं[૬૫] च यत्।

स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते।। ૧૭/૧૫

સાચો તપસ્વી છે કારણ કે યોગ દ્વારા જ મનુષ્ય કર્મેંદ્રિયોના વિષયોથી અપ્રભાવિત રહે છે અને સંકલ્પોને શાંત કરે છે. યોગ દ્વારા જ આત્મા ઈશ્વરીય શક્તિમાં તપીને, અગ્નિમાં તપાવેલાં સુવર્ણ સમાન પવિત્ર બને છે. આ સિવાય જ્ઞાનના અધ્યયન, યોગના અભ્યાસ, નિયમોના પાલન અને સેવા ભાવને સાકાર કરવામાં જે મુશ્કેલીઓ અથવા કષ્ટ આવે છે, તે પણ તપ જ છે. આવાં તપ વિશે જ મહાભારતમાં કહેવાયું છે કે તેને લીધે મનુષ્યને નિશ્ચયાત્મક રીતે દેવત્વની પ્રાપ્તિ થાય છે.[૫૯]

ઉપરોક્તાનુસાર શરીર દ્વારા શીતોષ્ણ સહન કરવી, અથવા અતિનિદ્રાનો ત્યાગ કરવો અથવા ઈંદ્રિયોને વશમાં રાખવી શારીરિક તપ છે. આ જ રીતે મનને શાંત અને નિર્વિકાર રાખવું એ માનસિક તપ છે અને દુષ્ટ શબ્દોને ન ઉચ્ચારવાં એ વાણીનું તપ છે. ગીતામાં બ્રહ્મચર્ય[૬૦] અને અહિંસા[૬૧] ને 'શરીરનું તપ' કહ્યાં છે. અનુદ્વેગ[૬૨] થઈને સત્ય[૬૩], પ્રિય[૬૪] અને હિતકર[૬૫] વાક્ય બોલવા તથા દરરોજ ઈશ્વરીય જ્ઞાનના સાહિત્યનું અધ્યયન કરવું 'વાગ્મય તપ' છે અને મનને સદા પ્રસન્ન[૬૬], ખુશ, સૌમ્ય[૬૭], મૌન[૬૮] તથા વિનિગ્રહ[૬૯] માં રાખવું અને ભાવોની શુદ્ધિને અખંડ રાખવી[૭૦], 'મનનું તપ' કહેવાયું છે. આ રીતે જે ત્રણેય પ્રકારનું તપ કરે છે, તેઓ જ સાચા અર્થમાં તપસ્વી છે.

ગીતામાં સાત્વિક, રાજસિક અને તામસિક તપનો ઉલ્લેખ

---

मनःप्रसादः[६६] सौम्यत्व[६७] मौनं[६८] आत्मविनिग्रहः[६९]।
भावसंशुद्धि[७०] रित्येतत्तपो मानसमुच्यते।। १७/१६
श्रद्धया[७१] परया तप्तं तपस्तत्त्रिविधं नरैः।
अफलाकाङ्क्षिभिर्युक्तैः[७२] सात्त्विकं परिचक्षते।। १७/१७
(ગીતાના આ જ અધ્યાયમાં સાત્વિક, રાજસિક અને તામસિક - ત્રણ પ્રકારની શ્રદ્ધાનું વર્ણન છે.)

કરતા કહેવાયું છે કે જે મનના વેગો અને ભોગની ઇચ્છાઓને શાંત કરે છે તથા તેને સંયમમાં રાખે છે, ભગવાનમાં અતૂટ શ્રદ્ધા[૭૧] રાખે છે અને ફળની આકાંક્ષાથી પરે[૭૨] રહે છે, તે જ સાત્વિક તપ કરે છે. આનાથી વિરૂદ્ધ જે સત્કાર, માન, પૂજા વગેરે પ્રાપ્ત કરવા માટે કાર્યરત રહે છે, જે દેખાવ-પુરતું તપ કરે છે, તે રાજસી તપ[૭૩] કરે છે; તે વાસ્તવમાં દંભી છે અને જે મૂઢમતિ મનુષ્ય સ્વયંને પીડા આપીને તપ[૭૪] કરે છે, ભૂખ્યો મરે છે, એક પગ પર ઉભો રહે છે, કાંટા ઉપર ઊંઘે છે, તનને પંચાગ્નિમાં તપાવે છે, પોતાને જમીનમાં દબાવી દે છે, ઘણાં દિવસો સુધી જળ વિના ચલાવે છે તથા આવા બીજાં જે પણ કાર્યો કરે છે, તે તામસિક તપ કરે છે.

આ રીતે તપ વિશે સવિસ્તાર જાણ્યા પછી આપણે પણ સાત્વિક તપ કરવું જોઈએ.

## ૪. સેવા

જો જ્ઞાન બીજ હોય યોગ જળ હોય અને દિવ્ય ગુણ તેની સાર-સંભાળ હોય તો સેવા તેનું ફળ છે. સેવામાં જ જીવનની સફળતા સમાયેલી છે. સેવા પણ એક પ્રકારની સાધના છે અને તપસ્યા છે. લોકોનો આશીર્વાદ મેળવવાનો આ સર્વોત્તમ ઉપાય છે અને આંતરિક ખુશીનું એક બહુ જ મોટું સાધન છે. ત્યાગ અને સેવા - બંને સહોદર છે. સાચો ત્યાગ બીજાની સેવા અને તેમના કલ્યાણાર્થે જ થાય છે. સેવા-ભાવના રહિત મનુષ્ય સ્વાર્થી હોય છે. ઉદારતા, સર્વ-હિતકારી ભાવના, અપકારી ઉપર પણ ઉપકારની ચેષ્ટા અને દાન-વૃત્તિ વિના

सत्कारमानपूजार्थं तपो दम्भेन[७३] चैव यत्।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम्।। १७/१८
मूढग्राहेणात्मनो यत्पीडया[७४] क्रियते तपः।
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम्।। १७/१९

સાચી સેવા કરવી અસંભવ છે. સેવા કરનારે અભિમાન છોડી, સહન કરવું પડે છે, પોતે નિમિત્ત, નમ્ર બનાવાનું હોય છે. તેને નિંદા, સ્તુતિથી અપ્રભાવિત રહી કર્તવ્યની જ ધુન લાગેલી હોય છે. તે આરામને પણ વર્જિત સમજે છે. તેમનું જીવન સાર્વજનિક અને સેવામય હોય છે, તેમનામાં ગુણોનો વિકાસ પણ ઝડપી હોય છે. ઘણાં ગુણો એવા છે જે સેવા-કાર્ય વગર તો અંકુરિત પણ થતાં નથી. માત્ર સેવા જ એક મહાયજ્ઞ છે જેમાં મનુષ્ય પોતાનાં સર્વસ્વની આહુતિ નાંખીને અન્યોના સુખનું સાધન રચે છે. સેવાભાવી યોગી જ અથક, નિદ્રાજીત, નિર્લોભી, નાષ્ટોમોહઃ અને નિર્વૈર હોય છે.[૭૫] જે સેવા કરે છે, તેને કંઈક મેળવવાની આકાંક્ષા નથી રહેતી, તેનામાં આપતાં જ રહેવાનો હંમેશા ભાવ હોય છે. પોતાનાં હાથ કોઈની સમક્ષ માગણિયાતની જેમ ફેલાવતો નથી બલ્કે તેનો હાથ હંમેશા દાન મુદ્રા અને વરદાન મુદ્રામાં જ રહે છે. અલબત્તા તેમ છતાં જો કોઈ તેને દાતા ગણવા માંડે તો તેનાં નયનો શરમથી ઝુકી જાય છે અથવા તેનાં હાથ અને આંખો, ઉપર પ્રભુની દિશામાં ઈશારો કરે છે કે - કરાવનાર તો તેઓ જ છે.

સંસારમાં અનેક પ્રકારની સેવા સંભવ છે પરંતુ સૌથી મોટી સેવા મનુષ્યને કુકૃત્યોથી બચાવી તેને સત્માર્ગે લાવવાની છે. કોઈ મનુષ્યને રોટલો કે વસ્ત્ર દેવાં એટલું મુશ્કેલ નથી જેટલું તેને પાપના દંડમાંથી બચાવવા માટે આત્મ-નિષ્ઠ બનાવવો. જળપાન કરાવી કોઈની તૃષ્ણા મટાડવી એક સત્કાર્ય કે સેવા તો છે પરંતુ આત્માની પ્રભુ-તૃપ્તિની તૃષ્ણા તૃપ્ત કરવી એક સર્વોચ્ચ સેવા છે. કોઈ માનવને અમુક ધન આપીને તેની હાલત તો સુધારી શકાય છે અને તેને ખુશ પણ કરી શકાય છે પરંતુ તેને અવિનાશી ધન આપવાની અને યોગના

૭૫. मत्कर्मकृन्मत्परमो मद्‌भक्तः संन्गावर्जितः।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव।। ११/५५

આનંદનું સૌભાગ્ય પ્રાપ્ત કરાવવાની સેવા કોઈ વિરલાઓ જ કરી શકે છે. કોઈનાં પગમાં ઊંડે સુધી ખૂંચેલાં કાંટાને કાઢવો કોઈ મુશ્કેલ કાર્ય નથી પણ ખરાબ આદતોનો કાંટો કાઢવો મુશ્કેલ છે. કોઈને કળા શિખવવાનો પરિશ્રમ નિઃસંદેહ કઠોર પરિશ્રમ હોય છે પરંતુ કોઈને જીવન જીવવાની કળા પ્રદાન કરવી બહુ મોટો ઉપકાર છે. કોઈ પણ સ્નેહીને કોઈ બક્ષિસ આપવી તો સહેલી છે પરંતુ કોઈને દિવ્ય ગુણોના અમૂલ્ય રત્નોની સ્થાયી ભેટ આપવી એક બહુ જ મોટી સેવા છે.

આથી જ ભગવાને કહ્યું છે કે જેઓ મારા આ ગુહ્ય જ્ઞાનને મારાં ભક્તોને સંભળાવશે, તે સેવાધારી અને સ્નેહી મને અતિપ્રિય થશે[૭૬] અને તે નિશ્ચયાત્મક રીતે મને જ પ્રાપ્ત થશે. આ સિવાય મારી સેવા કરનાર બીજું કોઈ નથી, તેનાંથી વધુ મને કોઈ જ પ્રિય નથી[૭૭] કારણ કે તેમના દ્વારા જે મારાં આ જ્ઞાનને સાંભળશે એ આ જ્ઞાનરૂપી યજ્ઞ દ્વારા મને પ્રાપ્ત થશે[૭૮] અને મારાં દ્વારા તેને સંપૂર્ણ પ્રાપ્તિ થશે.

## પૂર્ણ કળાઓ ધારણ કરવાં ઉપર પૂરૂ ધ્યાન

ઉપર જણાવેલાં દિવ્ય ગુણો લાંબા સમયના પુરૂષાર્થ પછી જ મનુષ્યમાં દઢ અને સ્થિર થાય છે. મનુષ્ય જે ગુણની ધારણા ઉપર વિશેષ ધ્યાન આપે છે, તે ગુણો જ તેનામાં વિકસે છે. એટલે આ બધાંની ધારણા માટે પોતાની સ્થિતિની તુલના (Checking) કરતાં રહેવાની તથા તેની ધારણા પર પૂર્ણ ધ્યાન (Attention) આપતાં રહેવાની તથા તેને ધારણ કરવા માટેની દઢતા અને મનોબળને ટકાવી

૭૬. य इमं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति।
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः।। १८/६८

૭૭. न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि।। १८/६९

૭૮. अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः।। १८/७०

રાખવાં અતિ આવશ્યક છે. નહીં તો બે જવાબદાર રહેવાથી આ ગુણો લાંબા સમયના પરિશ્રમ છતાં પણ મનુષ્યના મન, વચન, કર્મમાં નથી આવતાં અને મનુષ્યનાં ભાગે ઘોર નિરાશા જ આવે છે. પછી, આમાંના દરેક ગુણની પોત-પોતાની કળાઓ અથવા પરાકાષ્ટા પણ હોય છે. એટલે આપણે કેવળ એને ધારણ નથી કરવાનાં બલ્કે તેમાં ૧૬ કળાએ સંપૂર્ણ બનવાનું છે. શ્રી કૃષ્ણનાં જીવનમાં આ બધાં ગુણો પૂર્ણતઃ વિકસિત હતાં. આપણે પણ એ જ રીતે, સર્વ ગુણ સંપન્ન, નરમાંથી શ્રી નારાયણ બનવાનો પુરૂષાર્થ કરવો જોઈએ.

આ માટે એ આવશ્યક છે કે આપણે વ્યવહારમાં આવતી દરેક વ્યક્તિમાં ગુણોનું જ નિરીક્ષણ કરીએ. બીજાંના અવગુણોનું દર્શન, ચિંતન અથવા વર્ણન કરનાર મનુષ્ય સ્વયં પણ અવગુણો જ ધારણ કરવા માંડે છે. અતઃ કોઈના અવગુણોને ચિત્તમાં ધારણ કરવામાંથી બચવા બધાંના ગુણો પ્રત્યે જ લક્ષ કેંદ્રિત કરવું; એ દિવ્ય ગુણ ધારણ કરવાનાં પુરૂષાર્થનું સૌ પ્રથમ પગલું છે.

પુનશ્ચ, જ્યારે મનુષ્ય લોક-સંગ્રહને નજર સમક્ષ રાખીને કર્મ કરે છે, અર્થાત્ એ ધ્યાન રાખે છે કે જો હું કોઈ ખરાબ કર્મ કરીશ તો પોતાના ઉદાહરણ દ્વારા બીજાને પણ ખરાબ માર્ગે દોરવાનો દોષ મારી ઉપર આવશે, ત્યારે તે દુર્ગુણ, અવગુણ તથા આસુરી સંપદાથી બચીને રહે છે. તેમનાંથી બચવા માટે જ આસુરી સ્વભાવધારીઓના સંગથી યથા-સંભવ બચવું જરૂરી છે. પરંતુ પ્રશ્ન એ છે કે આસુરી લક્ષણ ક્યા છે ?

## આસુરી લક્ષણો

ભગવાને કહ્યું છે કે આસુરી બુદ્ધિના લોકો એ છે જેઓ ન તો પ્રવૃત્તિને જાણે છે ન નિવૃત્તિને[૭૯], ન પવિત્રતા[૮૦] ને અને ન શ્રેષ્ઠાચારને[૮૧] અને તેમને સત્ય જ્ઞાનનો અને સત્ય સ્વરૂપ

प्रवृत्तिं च निवृत्तिं[७९] च जना न विदुरासुराः।
न शौचं[८०] नापि चाचारो न[८१] सत्यं[८२] तेषु विद्यते।। १६/७

પરમાત્માનો[૮૨] પણ પરિચય નથી. આથી જ તેઓ કહે છે કે આ સંસાર તો સ્ત્રી-પુરૂષનાં સંયોગથી બન્યો છે[૮૪]; એનો કોઈ ઈશ્વર નથી,[૮૫] સંસાર અસત્ય અથવા ખોટો છે. આવી માન્યતાઓવાળાં લોકો બુદ્ધિહીન છે.[૮૬] આ વિપરીત બુદ્ધિવાળાં લોકો સંસારના વિનાશ અર્થે જ ઉત્પન્ન થયાં છે.[૮૭] આ લોકો પૂરી ન થનારી કામ વાસનાઓ અને ઈચ્છાઓને આધારે ઉભા છે[૮૮], દંભી[૮૯] છે, અભિમાની[૯૦], મોહ-ગ્રસ્ત[૯૧] છે, અને અજ્ઞાનતાને કારણે અપવિત્ર કર્મો, યોજનાઓ, પ્રતિજ્ઞાઓ અને વ્રતોમાં પ્રવૃત્ત છે.[૯૨] તેમનામાં એટલી ચિંતાઓ છે કે જે હવે વિનાશ પછી જ સમાપ્ત થશે.[૯૩] આવાં લોકો કર્મેન્દ્રિયોના ભોગોમાં અને કામ વાસનામાં પ્રવૃત્ત છે[૯૪] અને તેમને જ સૌથી મોટું સુખ માની રહ્યાં છે.[૯૫] આ લોકો સેંકડો પ્રકારની રસ્સીઓમાં જકડાયેલાં છે'[૯૬], કામ, ક્રોધને આધીન છે તથા વાસના અને ભોગો માટે ઘણું ધન એકઠું કરવામાં વ્યસ્ત છે.[૯૭] ''આ લાભ તો આજે મને થઈ ગયો અને આ મારાં મનોરથો આવતી કાલે સિદ્ધ થઈ જશે'';[૯૮] આટલું ધન તો હમણાં મારી પાસે છે અને આવતી કાલે બીજાનું પણ મને જ મળશે;[૯૯]

---

असत्यमप्रतिष्ठं[८३] ते जगदाहुरनीश्वरम्[८५]।
अपरस्परसंभूतं[८४] किमन्यत्कामहैतुकम्।। १६/८
एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धय:[८६]।
प्रभवन्त्युग्रकर्माण: क्षयाय जगतोऽहिता:[८७]।। १६/९
काममाश्रित्य दुष्पूरं[८८] दम्भमानमदान्विता:[९०]।
मोहाद्ग्रहीत्वासद्ग्राहान्प्रवर्तन्तेऽशुचिव्रता:[९२]।। १६/१०
चिन्तामपरिमेयां च प्रलयान्तामुपाश्रिता:[९३]।
कामोपभोगपरमा[९४] ऐतावदिति निश्चिता:[९५]।। १६/११
आशापाश शतैर्बद्धा:[९६] कामक्रोधपरायणा:[९७]।
ईहन्ते कामभोगार्थमन्यायेनार्थ संचयान्।। १६/१२
इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम्[९८]।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम्[९९]।। १६/१३

એ શત્રુને તો મેં મારી નાંખ્યો છે અને બીજાં જે પણ મારાં વિરોધીઓ છે તેમને પણ હું મજા ચખાડીશ;[૧૦૦] હું સ્વયં જ ઈશ્વર છું,[૧૦૧] હું સિદ્ધ અથવા સંપૂર્ણ છું,[૧૦૨] શક્તિશાળી છું[૧૦૩] અને સાચો અથવા સુખી છું[૧૦૪]... હું સારા કુળનો છું,[૧૦૫] સમર્થ અથવા ધનવાન છું,[૧૦૬] હું કોઈનાથી ઉતરતી કક્ષાનો નથી,[૧૦૭] હું યજ્ઞ કરાવીશ, દાન આપીશ[૧૦૮] અને ખુશી મનાવીશ - આ પ્રકારનાં અનેકાનેક અજ્ઞાનજનિત વિચારો રૂપી રસ્સીઓથી તેઓ બંધાયેલાં છે[૧૦૯] અને કામ તથા કર્મેન્દ્રિયોનાં ભોગોમાં તેઓ આસક્ત છે[૧૧૦]. આવી અપવિત્ર અથવા આસુરી સંપત્તિવાન લોકો દિવસે-દિવસે વધુ પતિત થતાં જાય છે અને નર્કનું જીવન વ્યતીત કરે છે.[૧૧૧] તેઓ પોતાને વિશેષ માને છે,[૧૧૨] તેઓ અક્કડ છે,[૧૧૩] ધન અને કુળના માનમાં મદથી યુક્ત છે[૧૧૪] તથા દંભી[૧૧૫] છે. તેમનું મન હંમેશા ભટકતું જ રહે છે,[૧૧૬] અજાણી જગ્યાએ જ ભ્રમણ કરે છે. તેમનામાં અહંકાર[૧૧૭] અને રોફ[૧૧૮] વગેરે ઠાંસોઠાંસ છે તથા તેમનાં કર્મ કામ તથા ક્રોધ ઉપર જ આશ્રિત છે[૧૧૯] આવા લોકો પોતાનાં દેહના અભિમાની[૧૨૦] છે તથા બીજાના દેહનાં આકર્ષણમાં ફસાયેલાં છે[૧૨૧] અને ભગવાનથી વિમુખ છે.[૧૨૨]

---

असौ मयाहतः शत्रुर्हनिष्ये चापरानपि[१००]।
ईश्वरोऽहमहं[१०१] भोगी सिद्धोऽहं[१०२] बलवान्सुखी[१०४]।। १६/१४
आढ्योऽभिजनवानस्मि[१०५] कोऽन्योऽस्ति सदृशो[१०७] मया।
यक्ष्ये दास्यामि[१०८] मोदिष्य इत्यज्ञानविमोहिताः।। १६/१५
अनेकचित्तविभ्रान्ता[११६] मोहजालसमावृताः[१०९]।
प्रसक्ताः काम भोगेषु[११०] पतन्ति नरकेऽशुचौ[१११]।। १६/१६
आत्मसंभाविताः[११२] स्तब्धा[११३] धनमानमदान्विताः[११४]।
यजन्ते नाम यज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम्।। १६/१७
अहंकारं[११७] बलं [११८] दर्पं कामं क्रोधं च संश्रिताः[११९]।
मामात्मपरदेहेष[१२०] प्रद्विषन्तोऽभ्यसूयकाः[१२२]।। १६/१८

આમ ભગવાને આસુરી લક્ષણોનું પણ સ્પષ્ટ વર્ણન કરી નાંખ્યું છે અને અંતે સારરૂપે એ કહ્યું છે કે - ''કામ, ક્રોધ અને લોભ, આ ત્રણેય નર્કનાં દ્વાર છે.[૧૨૩] આનાથી જે સ્વયંને મુક્ત કરે છે, તેઓ જ પોતાનું કલ્યાણ કરી લે છે[૧૨૪] અને પરમગતિને પ્રાપ્ત કરે છે[૧૨૫] અને જેઓ પૂર્વોક્ત આસુરી લક્ષણ-યુક્ત જ રહે છે તે મૂઢમતિ વ્યક્તિ, મારાંથી વિમુખ થઈ અનેક જન્મો માટે અધમગતિને પ્રાપ્ત કરે છે.''[૧૨૬]

આ પ્રકારે ભગવાને તો આપણને દૈવી પ્રવૃત્તિ, આસુરી પ્રવૃત્તિ અને નિવૃત્તિનો માર્ગ દર્શાવી દીધો છે. હવે જો આપણે પોતાનું કલ્યાણ ઈચ્છતાં હોઈએ તો દૈવી સંપત્તિને ધારણ કરવી જોઈએ નહીં તો ભગવાને તો કહી દીધું છે કે કામ, ક્રોધ વગેરે વિકાર આત્માનો 'નાશ' (અધોપતન) કરનારાં છે.[૧૨૭]

આપણે એ યાદ રાખવું જોઈએ કે દરેક દૈવી ગુણ ઘણાં જ અમૂલ્ય છે. માત્ર સહનશીલતા ઉપર જ આપણે ઊંડાણથી વિચારીશું તો આપણે જોઈ શકીશું કે આને ધારણ કરવાથી ઘણી વખત મનુષ્ય લાખો-કરોડો રૂપિયાના નુકસાનમાંથી અને પોતાનાં શરીરને નષ્ટ થવામાંથી બચાવી લે છે. સહનશીલતાને છોડીને ક્રોધ કરવાથી બીજી વ્યક્તિ ગુસ્સામાં સંપત્તિને આગ લગાવી દે છે કે હુમલો પણ કરી બેસે છે. આમ સંતોષી વ્યક્તિ કરોડો રૂપિયાનાં ઘણી ધનવાન કરતાં પણ વધુ ખુશ રહી શકે છે. જ્યારે અસંતુષ્ટ વ્યક્તિ તો અંદર-અંદર જ બળી

त्रिविधं नरकस्येदं द्वारं[१२३] नाशनमात्मन:[१२७]।
काम:क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत्।।१६/२१
एतैर्विमुक्त: कौन्तेय तमोद्वारैस्त्रिभिर्नर:।
आचरत्यात्मन: श्रेयस्ततो[१२४] याति परांगतिम[१२५]।। १६/२२
आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि।
मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम्[१२६]।। १६/२०

મરે છે. અતઃ વ્યવહાર અને પરમાર્થ બંને દૃષ્ટિકોણથી મનુષ્યે દિવ્ય ગુણોને ધારણ કરવા જોઈએ.

# ગીતા માતા અને તેનો સંદેશ

અગાઉનાં પૃષ્ઠોમાં અમે શ્રીમદ્ભગવદ્ગીતાનો જે સત્ય સાર આપ્યો છે, તેનું નિષ્પક્ષ ભાવે અધ્યયન કરવાથી કોઈ પણ સત્યાન્વેષક એ જ નિષ્કર્ષે પહોંચશે કે ગીતા વિશ્વનાં બધાં મુખ્ય ધર્મોનાં શ્રેષ્ઠ મંતવ્યો અને તેમનાં નૈતિક નિયમોરૂપી પુષ્પોની ફુલદાની છે. આવો નિષ્કર્ષ સ્વાભાવિક પણ છે કારણ કે ગીતા સ્વયં ભગવાન, જેઓ બધાં ધર્મ-પિતાઓના પણ પરમપિતા છે, નાં અમૂલ્ય વચનોનો સંગ્રહ છે. જો સંસારને શ્રીમદ્ભગવદ્ગીતાનું સાચું અને નિર્મળ સ્વરૂપ આ ગ્રંથ રચનાના આરંભથી જ જ્ઞાત હોત તો ભારત તથા તેની બહારનાં અનેક મત-મતાંતરોની આવશ્યકતા જ ન હોત અને વિશ્વ અનેકાનેક સંપ્રદાયોમાં વહેંચાવાને બદલે અહીં એકતા તથા નૈતિક્તા અટૂટ રહેત - વિશ્વ ઈતિહાસ આપણી સમક્ષ આ મંતવ્યનું સમર્થન કરે છે.

આપણે જોઈ શકીશું કે ઉત્તર વૈદિક કાળમાં (Post Vedic Period) ભારતમાં, ધર્મમાં કર્મકાંડ અને જાત-પાતનું પ્રાધાન્ય થઈ ગયું હતું. ત્યારે યજ્ઞ બહુ જ મુઝવતાં અને ખર્ચાળ બની ગયાં હતાં અને તેમાં પશુઓનો બલિ પણ ચડાવવામાં આવતો હતી.[૧] ત્યારે

---

૧. (અ) Ancient History of India by R.C. Mazumdar

(બ) ભારતીય ઈતિહાસનો પરિચય, લે.પી. એસ ત્રિપાઠી, યંગમૈન એન્ડ કંપની, દિલ્લી, પૃ. ૩૪.

પુરોહિતો, પુજારીઓ અને બ્રાહ્મણો વિના કોઈ પણ ધાર્મિક અનુષ્ઠાન થઈ શકતાં નહોતાં, તેઓની હાજરી અનિવાર્ય હતી. ત્યારે અનેક-ઈશ્વર-વાદનું પ્રચલન વધી ગયું હતું. લોકો વિભિન્ન દેવી-દેવતાઓને લઈને અલગ-અલગ સંપ્રદાયો બનાવવા માંડ્યા હતાં અને તેઓ સદાચારવૃત્તિને ધીરે-ધીરે નેવે મૂકવા માંડ્યાં હતાં.[૨] ત્યારે લોકોને એક સર્વ-સુલભ, સરળ અને સદાચાર-પ્રધાન ધર્મની આવશ્યકતા અનુભવાઈ. લોકો એ સમયનાં ધર્મો અને તેનાં ક્રિયા-કલાપોથી ત્રાસી ગયાં હતાં. ત્યારે જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મની સ્થાપના થઈ હતી. એ સર્વવિદિત છે કે બુદ્ધ પોતાની કરૂણાને કારણે અને મહાવીર પોતાની અહિંસા, ત્યાગ અને તપસ્યાને કારણે જ તીવ્ર ગતિએ પોત-પોતાનાં ધર્મોને ફેલાવવાને નિમિત્ત બન્યાં હતાં. આ પૃષ્ઠભૂમિમાં સ્પષ્ટ છે કે ત્યારે એ ભૂલભરેલી માન્યતાનું પ્રચલન ન હોત કે, ગીતાનાં વક્તાએ અર્જુનને હિંસક યુદ્ધાર્થે ઉપદેશ પ્રદાન કર્યો હતો, તો બધાંની શ્રદ્ધા ગીતામાં અક્ષુણ્ણ બનેલી જ રહેત કારણ કે ગીતામાં તો કર્મ-કાંડની બદલે 'જ્ઞાન યજ્ઞ'[૩] ને જ શ્રેષ્ઠ ગણાવ્યો છે, તેમાં પશુ બલિની દુર્ગંધ નથી બલ્કે તેમાં તો વારંવાર અહિંસા[૪] ને જ અપનાવવા કહેવાયું છે અને તેમાં શારીરિક જન્મોને આધારે જાત-પાતનો જરા સરખો પણ

૨. Indian Philosophy by Dr. S. Radhakrishnan. Vol. 1, page 354 '... The cruel rites with which worship was accompained shocked the conscience of Buddha. There is much damage done to the moral nature of man by a superstitious belief in God".

૩. **श्रेयान्** द्रव्यमयाद्यज्ञा**ज्ज्ञानयज्ञः** परंतप।
सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते।। ૪/૩૩

૪. **अहिंसा** सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम्।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम्।। ૧૬/૨

ઉલ્લેખ નથી બલ્કે સાત્વિક વ્યક્તિને, જે જ્ઞાનયુક્ત, પવિત્ર અને તપસ્વી હોય, બ્રાહ્મણ કહેવામાં આવી છે.

ઇતિહાસ એ વાતનો સાક્ષી છે કે એ કાળમાં, ગીતા દ્વારા અર્જુનને યુદ્ધાર્થે તૈયાર કરવામાં આવ્યો હતો અને ગીતાનાં ભગવાન માનવરૂપધારી શ્રીકૃષ્ણ હતાં, એ ખોટી માન્યતા લોકો વચ્ચે પ્રચલિત ન હોત તો આદિ સનાતન ધર્મમાંથી આ વિભિન્ન મતો પ્રચલિત જ થાત નહીં. આ વિષયાંતર્ગત ડૉ. રાધાકૃષ્ણનના સાંકેતિક વિચારો પઠનીય છે.[૬] તેઓ લખે છે કે જે લોકો ભગવાનને એક માનતાં હતાં અને સર્વ-શક્તિમાન માનતાં હતાં, તેમનાં ભગવાન પણ માનવ સ્વભાવવાળા જ હતાં યદ્યપિ તેઓ તેમને શૌર્ય-સંપન્ન વીર માનતાં હતાં; જે કોઈ બાધા ઉપસ્થિત થવાથી ક્રોધિત થઈ જતાં હતાં, મનુષ્યને પોતાનાં શત્રુઓ વિરૂદ્ધ રણે ચઢવા માટે ઉદ્યત કરતાં હતાં અને સાંસારિક વાતોમાં અવાંછિત હસ્તક્ષેપ કરતાં હતાં...'' સ્પષ્ટ છે કે તેમનાં આ શબ્દો એ લોકો ઉપર ખરાં ઉતરે છે જે એમ માનતાં હતાં કે ગીતા-જ્ઞાન શ્રીકૃષ્ણે આપ્યું હતું અને શ્રીકૃષ્ણે મહાભારત યુદ્ધ કરાવ્યું હતું અને શ્રીકૃષ્ણ એક યોદ્ધા પણ હતાં અને તેઓ સર્વશક્તિમાન પણ હતાં તથા ભગવાન પણ હતાં.

અતઃ સ્પષ્ટ છે કે જો એ સમયનાં લોકોને એ જાણકારી હોત

૫. शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च।
ज्ञानं विज्ञानमास्तिक्यं **ब्रह्मकर्म स्वभावजम्**।। ૧૮/૪૨

૬. "Even the one Almighty God of the monotheists was a very **human sort of God,** though of a heroic mould, kindly when allowed his own way, angry when thwarted, and merciful when his rage had spent itself... He is a revengeful war-lord, entitled to deal with us as He will and bid us stand against the foe in battle line. He interfered rather too much with the world.... "Indian Philosophy, Vol. 1, page 354.

કે ખરેખર ગીતા-જ્ઞાન સદા-મુક્ત, જ્યોતિસ્વરૂપ પરમાત્માએ જ આપ્યું હતું જેમને પરમ કરૂણાશીલ અને કલ્યાણકારી હોવાને કારણે 'શિવ' કહેવામાં આવે છે તો બૌદ્ધ ધર્મનાં લોકો 'શિવ' ને જ 'બોધિસત્વ' અથવા પરમ બુદ્ધ (Supremely Wise) માનતાં હોત અને જૈનો 'શિવ'ને જ અનાદિ અને પરમ તીર્થંકર (Supremely Pure) માનતાં હોત કારણ કે તેમનામાં જ આ બધાં ગુણો છે. ગીતાના ભગવાન શ્રીકૃષ્ણને માનવાથી અને શ્રીકૃષ્ણ વિશે એમ માનવાથી કે તેમણે યુદ્ધ કરાવ્યું હતું અને તેમની ૧૬૧૦૮ પટરાણીઓ હતી અને તેમણે ગોપીઓનાં ચીર હરણ કર્યાં હતાં અને તેમણે શિશુપાલ વગેરેનો વધ કર્યો હતો, ઘણાં લોકોના મનમાં ગીતા અને તેનાં વક્તા પ્રત્યે અશ્રદ્ધા પેદા કરવામાં આવી અને તેનાં પરિણામસ્વરૂપે નવાં મતો પ્રગટ્યાં. જો લોકોને એ જાણ હોત કે ગીતા-જ્ઞાન પરમ પવિત્ર, શાંતિના સાગર, જ્ઞાનના સાગર પરમપિતા શિવે આપ્યું હતું તો પરમાત્મા વિશે અનેક અટકળો લડાવવામાં આવી ન હોત અને લોકોના મનમાં પરમાત્માના સ્વરૂપ વિશે અજ્ઞાનતા કે અસ્પષ્ટતા પણ ન હોત અને બુદ્ધ પણ પરમાત્માનાં વિષયમાં મૌન ધારણ કરત નહીં અને મહાવીર પણ સંસારને અનીશ્વર માનત નહીં. એ કાળે ગીતાને જ્યોતિસ્વરૂપ ભગવાનનાં વચનોનો સંગ્રહ ન માનવાને કારણે જ પરમાત્માના વિષયમાં લોકોમાં અસ્પષ્ટતા હતી અને આ બધું એનું જ પરિણામ આવ્યું. આ વિષયાંતર્ગત ડૉ. રાધાકૃષ્ણન[૭]નાં વિચારો

૭. A congeries of conflicting theories and guesses, accepted by some and denied by others, changing with men, affecting the individual characters, emotions and wishes of their authors, filled the air. There were no admitted facts or principles which all recognised, but only dissolving views and institutions... Great truths were hidden away in the fogs of misty metaphysics... The indecision of thought, though it may not be taxing to the intellect of man, was injurious to his ethical interests..." Ibid pp. 352-53.

પઠનીય છે. તેઓ કહે છે કે અનેકાનેક પરસ્પર-વિરોધી મત-વાદ પ્રચલિત હતાં અને આધ્યાત્મિક સત્યો દાર્શનિક અટકળો કે ચિંતનનાં ધુમ્મસથી ધુંધળા થઈ ગયાં અને અનિશ્ચિતતાને કારણે લોકોનાં આચરણમાં શિથિલતા આવી ગઈ...'' સ્પષ્ટ છે કે જો લોકોને ગીતાનું સાચું જ્ઞાન હોય તો આ અનિશ્ચિતતા પણ ન હોય અને ન તો આવાં અનેકાનેક મત-વાદની સ્થાપના થાત.

## ગીતા અને જૈન ધર્મ

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે જૈન ધર્મનાં તીર્થંકરો - પાર્શ્વનાથ અને મહાવીર - વગેરેએ અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ, જીતેંદ્રિયતા, સંયમ, તપસ્યા વગેરે પર જ બળ આપ્યું છે અને આ બધાંના પાલનાર્થે જ ગીતામાં પણ ઘણાં જ પ્રભાવશાળી રૂપે અને પ્રેરણાદાયી રીતે કહેવાયું છે. વાસ્તવમાં 'જૈન' શબ્દ જ જીતેંદ્રિયતાનો વાચક છે[૮] અને ઇંદ્રિયજય તથા રાગ-દ્વેષ પર વિજય મેળવવા માટે જ તો ગીતાનાં શ્લોકો મનુષ્યને વારંવાર પોકારી રહ્યાં છે.[૯] પુનશ્ચ, જૈન ધર્મમાં સમ્યક્

૮. જૈન શબ્દ 'જિન'માંથી બન્યો છે. 'જિન' શબ્દ, કે જે જિ થી બન્યો છે, નો અર્થ છે - જીતેંદ્રિયતા.

૯. (ક) तानि सर्वाणि संयम्य युक्तासीत मत्परः।
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता।। २/६१
(ખ) रागद्वेषर्वियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन्।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति।। २/६४
(ગ) तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता।। २/६८
(ઘ) इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ।
तयोर्न वशमागच्छेतौ ह्यस्य परिपन्थिनौ।। ३/३४

વિશ્વાસ,[૧૦] સમ્યક્જ્ઞાન[૧૧] તથા સમ્યક્ કર્મ[૧૨] આ ત્રિરત્ન[૧૩] નો જ તો ઉપદેશ આપવામાં આવ્યો છે અને ગીતાનાં તો પ્રત્યેક સ્વર-વ્યંજન આ વાતને જ અભિવ્યંજિત કરી રહ્યાં છે.

## ગીતા અને બૌદ્ધ ધર્મ

હવે જો આપણે બૌદ્ધ ધર્મને જોઈએ તો તેમાં જે ચાર 'આર્ય સત્ય' જણાવાયાં છે અને તૃષ્ણાથી મુક્તિ માટે જે ઉપદેશ આપવામાં આવ્યો છે તથા સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વચન અને સમ્યક્ સમાધિ - આ આઠ ઉપર જે બળ પ્રદાન કરવામાં આવ્યું છે અને તેમાં અહિંસા અપરિગ્રહ, બ્રહ્મચર્ય વગેરે જે 'શીલ' જણાવાયાં છે.[૧૪] તેમનો જ ગીતામાં પ્રેરણાપ્રદ ઉપદેશ છે - શું કોઈ કહી શકે છે કે એ ગીતામાં નથી ? ગીતામાં સ્થિત પ્રજ્ઞ, ગુણાતીત કે યોગ-

૧૦. सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत।
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः।। १७/३
ગીતાના ૧૮મા અધ્યાયના ૩૦,૩૧ અને ૩૨મા શ્લોકમાં સમ્યક્ બુદ્ધિનો તથા ૩૩,૩૪ અને ૩૫મા શ્લોકમાં સમ્યક્ ધૃતિનો પણ પરિચય આપવામાં આવ્યો છે.

૧૧. ગીતામાં ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞના ભેદ ના જ્ઞાનને સમ્યક્ જ્ઞાન માન્યું છે. (૧૩/૧) અને ભગવાન સ્વયં અવતરીને જે જ્ઞાન પ્રદાન કરે છે તેને જ સમ્યક્ જ્ઞાન કહેવામાં આવ્યું છે. (૭/૨, ૯/૧ તથા ૧૪/૧)

૧૨. ગીતાના ૧૮મા અધ્યાયના શ્લોક ૨૪થી આગળના અનેક શ્લોકોમાં કર્મનો ભેદ જણાવવામાં આવ્યો છે તથા બીજાં અધ્યાયોમાં સમ્યક્ કર્મનો પરિચય પ્રદાન કરવામાં આવ્યો છે.

૧૩. ભારતીય દર્શન, લે. ડૉ. સતીશચંદ્ર ચટ્ટોપાધ્યાય તથા ડૉ. ધીરેન્દ્ર મોહન દત્ત, પૃ. ૭૦-૭૬.

૧૪. બૌદ્ધ દર્શન - ભારતીય દર્શન, કર્ત્તા, ડૉ. સતીશચંદ્ર ચટ્ટોપાધ્યાય, પૃષ્ઠ ૮૦ થી ૮૬ સુધી.

યુક્તનાં જે લક્ષણ જણાવવામાં આવ્યાં છે તથા દૈવી સંપત્તિનું જે વર્ણન કરવામાં આવ્યું છે, તેમાં તો આ સિવાય પણ બીજા ઘણાં અમૂલ્ય રત્ન ભરેલાં પડ્યાં છે.[૧૫]

પછી જે રીતે ગૌતમ બુદ્ધે શરીરને કઠોર તપસ્યા દ્વારા કષ્ટ આપવાની વાતને વર્જિત કરી છે, તે જ વાત બહુ સુંદર શબ્દોમાં ગીતામાં પણ કહેવાઈ છે.[૧૬]

## ગીતા અને ઈસાઈ ધર્મ

હવે જો આપણે ઈસાઈ ધર્મ ઉપર વિચારીશું તો આપણે જોઈ શકીશું કે તેની પણ બધી મુખ્ય વાતો ગીતાનાં ઉપદેશમાં સમાહિત છે. ઈશુએ પહાડ પર ઉપદેશ પ્રદાન કરતાં કહ્યું હતું - ‘‘એ લોકો ધન્ય છે જેનો સ્વભાવ નમ્ર છે, દયાળુ છે, પવિત્ર છે, જે શુદ્ધ મનવાળાં છે, લોકો વચ્ચે તાલમેલ વધારનારાં છે, શાંતિ સ્થાપનારાં છે; સ્વર્ગનું રાજ્ય એમનું જ છે; તેઓ જ ભગવાનનાં પુત્ર કહેવાશે.’’[૧૭] આ બધાં ગુણો ગીતાનાં લગભગ દરેક અધ્યાયમાં આપણને દિવ્યતાનો સંદેશ પ્રદાન કરે છે બલ્કે તેનાથી પણ વધુ મહાનતાનો પાઠ આપણને શીખવે છે.

---

૧૫. આનો ઉલ્લેખ અમે દૈવી અને આસુરી ગુણોમાં કરી આવ્યા છીએ.

૧૬. अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपोजनाः।
दम्भाहंकारसंयुक्ताः कामरागबलान्विताः।। १७/५

૧૭.Sermon on the Mount: ``...Blessed are the meek; for they shall inherit the earth... Blessed are the merciful; for they shall attain mercy... Blessed are the pure in heart; for they shall see God... Blessed are peacemakers; for they shall be called the children of God.'' The New Testament: Mathhew, Ch. 5, verses 5, 7, 8, 9 and 10)

પછી, ઈસાઈ ધર્મની શિક્ષામાં કહેવાયું છે - (૧) કોઈની હત્યા ન કરો, (૨) વ્યભિચાર ના કરો, (૩) બુરાઈનો બદલો બુરાઈ દ્વારા ન આપો, (૪) બધાં પ્રત્યે સ્નેહ રાખો. હવે જો આપણે ગીતા પ્રત્યે લક્ષ કરીએ તો જાણી શકાશે કે આ જ ગુણોને ધારણ કરવા માટેનો ઉપદેશ ગીતામાં બહુ જ મધુર, સરળ, સ્પષ્ટ અને સારગર્ભિત રીતે આપવામાં આવ્યો છે.

## ગીતા અને મુસલમાન ધર્મ

હવે જો આપણે મુસ્લિમ ધર્મ પર વિચારીશું તો જાણવા મળે છે કે તે આપણને પરમાત્માનું શરણ લેવાનો જ ઉપદેશ પ્રદાન કરે છે[૧૮] અને શાંતિ અપનાવવાની સલાહ આપે છે[૧૮] તથા બધાં સાથે ભાઈચારો રાખી સદ્વ્યવહારની શિક્ષા પ્રદાન કરે છે[૧૯] અને ક્ષમા કરવાની,[૨૦] લ્હાણી [ખૈરાત] કરવાની,[૨૧] અલ્લાહને સૌથી વધુ પ્રેમ કરવાની,[૨૨] યાદ કરવાની* અને તેમની આજ્ઞાનું પાલન કરવાની શિક્ષા આપે છે અને લાલચ[૨૩] તથા ક્રોધને[૨૪] છોડવાની પ્રેરણા આપે છે અને પવિત્રતાને અપનાવવાની શિક્ષા પ્રદાન કરે છે.[૨૫]

---

૧૮. ઈસ્લામ શબ્દનો અર્થ જ 'પરમાત્માનો આશ્રય લેવો' તથા 'શાંતિ અપનાવવી' જણાવાયો છે.
૧૯. કુરાને શરીફ - ૩:૧૦૨ અને ૧૦૩.
૨૦. કુરાને શરીફ - ૩:૩૪
૨૧. કુરાને શરીફ - ૨૩:૪-૭ અને ૩૩:૩૫
૨૨. કુરાને શરીફ - ૨:૬૫ અને ૧૦૮ તથા ૬:૫૨ તથા ૧૩:૨૮ તથા ૩૩:૩૫
* કુરાને શરીફ - ૬:૫૨ તથા ૩૩:૩૫
૨૩. કુરાને શરીફ - ૫૬:૯ અને ૧૦
૨૪. કુરાને શરીફ - ૩:૧૩૪
૨૫. કુરાને શરીફ - ૯:૧૦૮

જો આપણે દાર્શનિક મંતવ્યો પર વિચાર કરીએ તો આપણે જોઈશું કે વાસ્તવમાં મુસલમાન અને ઈસાઈ ધર્મનાં લોકો પણ પરમાત્માને એક વિશેષ ધામના વાસી માનતાં આવ્યા છે. આજે પણ ઈસાઈઓ પોતાની પ્રાર્થનામાં પરમાત્માને 'પારલૌકિક પિતા' (Father in the heaven) માનીને તેમને યાદ કરે છે.[૨૬] મુસલમાનો પણ તેમને સાતમા આકાશનાં રહેવાસી માનીને તેમની ઈબાદત (યાદ) કરે છે.[૨૭] ગીતામાં પણ તેમને પરમધામ અથવા બ્રહ્મલોકના વાસી

૨૬. (A) "After this manner therefore pray ye: Our Father which art in heaven, Hallowed by thy name. The kingdom come. Thy will be done in earth, as it is in heaven..." New Testament, St. Mathhew, Ch. 6, V. 9 and 10)

(B) Whosoever therefore shall confess me before men, him will I confess also before my Father which is in heaven (Mathhew, Ch. 10, V. 32)

(C) Keep thy foot when thou goest to the house of God, and be more ready to hear, than to give the sacrifice of fools: for they consider not they do evil. Be not rash with thy mouth, and let not thine heart be hasty to utter anything before God: for God is in heaven, and thou upon earth: therefore let thy words be few. (Old Testament Ecclesiastes, Ch. 5. V. 1& 2)

૨૭. કુરાને શરીફ- અલબકરા - ૨:૨૯ કુરાનમાં સાત આકાશ જણાવાયાં છે અને અલ્લાહને 'અર્શ' માં જણાવ્યાં છે અને કુરાને શરીફ તથા તૌરેત (Old Testament)ને આસમાની કિતાબ (અવતરેલી) માનવામાં આવી છે અને કુરાનની આયતો વિશે પણ કહેવાયું છે કે તે મોહમ્મદ સાહેબ પર આપમેળે ઉતરી. આનાથી સ્પષ્ટ છે કે વાસ્તવમાં કુરાનમાં પરમાત્માનું એક વિશેષ ધામ માનવામાં આવ્યું છે. (જુઓ, કુરાને મજીદ, મકતબા અલહસનાત, રામપુર, ઉત્તર પ્રદેશ, ૫ મી આવૃત્તિ, પૃ. ૧૩૦ તથા ૧૨૨૧)

કહેવાયાં છે. આ બંને ધર્મ પરમાત્માને એક પુરૂષ-વિશેષ (Supreme Being Or Supeme Soul) માને છે, જેનો મનુષ્યાત્માઓ સાથે કરૂણા અને દયાનો સંબંધ છે - તેઓ તેમને આ લોકમાં કણ-કણમાં વ્યાપક (Imminent) માનવાને બદલે આ લોકથી પાર (Transcendent) પ્રભુના રૂપમાં સ્વીકારે છે અને ગીતામાં પણ આ જ કહેવાયું છે કે અવ્યક્તથી પણ પરે જે પરમ અવ્યક્ત છે, તે મારૂં પરમ ધામ છે.[૨૮] આ સત્યતા જૈને અને બૌદ્ધ મતાવલંબીઓના મંતવ્યોની વધુ નિકટ છે કારણ કે તેઓ પણ પોતાનાં તીર્થંકરોને અથવા પરમ બુદ્ધને એક મુક્ત અથવા નિર્વાણ-પ્રાપ્ત આત્માના રૂપમાં જ માને છે; તેઓ કોઈ સર્વવ્યાપક પરમાત્મામાં વિશ્વાસ નથી કરતાં.

પછી ઈસાઈઓ તથા મુસલમાનો પરમાત્માને 'એક' માને છે અને તેમના શરણે જવાનું કહે છે. ગીતામાં પણ *એક* પરમાત્માનું શરણ લેવા માટે વારંવાર કહેવાયું છે[૨૯] અને ભગવાનને એક 'નૂર', લાઈટ અથવા જ્યોતિ જ માનવામાં આવ્યાં છે. હજરત મૂસા (મોઝેઝ), જેને ઈસાઈઓ, યહૂદીઓ અને મુસલમાનો પણ એક પયગંબર માને છે, તેણે ભગવાનને એક જ્યોતિના રૂપમાં નિહાળ્યાં હતાં.[૩૦] ગીતા પણ તેમને આદિત્ય વર્ણ જ્યોતિ જ માને છે.[૩૧] આ

---

૨૮. अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम्।
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम।। ८/२१

૨૯. सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः।। १८/६६

૩૦. Old Testament, Exodus 3:2 તથા કુરાન, સૂરા તા.હા. ૨૦:૧૦-૧૨

૩૧. कविं पुराणमनुशासितारम् अणोरणीयांसमनुस्मरेद्यः।
सर्वस्यधातारमचिन्त्य रूपम् आदित्य वर्णं तमसः परस्तात्।। ८/९

પ્રકારે સંક્ષેપમાં આપણે જો વિશ્વનાં આ મુખ્ય ધર્મો ઉપર વિચાર કરીશું તો આપણે જોઈશું કે ગીતાનાં ભગવાનનાં વાક્યો અને મહાવાક્યોમાં એ બધાં શ્રેષ્ઠ મંતવ્યો સમાયેલાં છે જેને લીછે તેમની સ્થાપના થઈ. આમ, જો ગીતા જેવાં શ્રેષ્ઠ ગ્રંથની રચનાના કાળમાં લોકોને આ વાતોની યથા-સત્ય જાણ હોત તો અન્ય કોઈ પણ ધર્મ ગ્રંથની આવશ્યકતા જ ન રહેત બલ્કે ગીતા એક સાર્વભૌમ શાસ્ત્રનાં પદે સમ્માનિત થયું હોત, સર્વમાન્ય હોત અને ફળસ્વરૂપે વિશ્વ આખાની મનુષ્યાત્માઓ માળાના મણકાઓની માફક એક માત્ર પરમાત્મા સાથે જ જોડાયેલી રહેત અને એનાં સુખદ પરિણામરૂપે સંસારમાં દુઃખ અને અશાંતિ નામની કોઈ ચીજ ન હોત, પરંતુ, પ્રબળ ભાવિને લીધે એ ભૂલ થઈ ગઈ કે લોકો ગીતાના ભગવાન અથવા વક્તાનાં સ્વરૂપને વિસરી ગયાં અને પરિણામ સ્વરૂપે ગીતાનાં મહાવાક્યોમાં એ શક્તિ ન રહી અને ન તો સાર રહ્યો બલ્કે નવનીત (માખણ) નિકળવાથી અત્યંત પાતળી છાશ જ રહી ગઈ. આ જ કારણવશ આજે લોકોને ગીતાનાં અધ્યયન દ્વારા આત્માની એ શક્તિ પ્રાપ્ત નથી થતી. પરંતુ હવે જ્યારે ગીતાનો સત્ય સાર આપની સમ્મુખ છે, આનાથી એ સ્પષ્ટ છે કે વાસ્તવમાં ગીતા જ સર્વ ધર્મો અને શાસ્ત્રોની માતા છે.

ઉદાહરણાર્થે, જો લોકો પરમાત્માને પરમધામના વાસી, એક જ્યોતિ-બિંદુ, પરમ પુરૂષના રૂપમાં માનતાં હોત તો તેઓ મનને એકાગ્ર કરી શકત અને અશરીરી અવસ્થામાં સ્થિર થઈ શકત જેને લીધે તેમનાં દેહાભિમાનનો જડમૂળમાંથી પૂરેપૂરો અંત થઈ જાત. પરંતુ પરમાત્માને સર્વવ્યાપક માનવાને લીધે કે ગીતાના ભગવાન દેહધારી શ્રીકૃષ્ણને માનવાને લીધે મનને એક બિંદુ પર એકાગ્ર કરવાની અથવા પૂર્ણતઃ અવ્યક્ત અને અશરીરી અવસ્થાને પ્રાપ્ત કરવાનાં

લક્ષ્યની સિદ્ધિ થઈ શકતી નથી.

અતઃ આ પુસ્તકનું સમાપન કરતા અમે પાઠક વૃંદને એક નમ્ર નિવેદન કરીએ છીએ કે તેઓ નિષ્પક્ષ ભાવે નિમ્નલિખિત- વાતો ઉપર વિચારે જેમની આ પુસ્તકમાં વિશેષરૂપે ચર્ચા કરવામાં આવી છે.

૧. શું આજે જે મહાભારત અને ગીતા ઉપલબ્ધ છે, તે પોતાનાં આદિ અને મૂળ સ્વરૂપમાં છે કે પ્રક્ષિપ્ત છે અને તેમની રચના ભગવાનના ઉપદેશ પછી લાંબા સમયે થઈ ?

૨. શું ગીતા જ્ઞાન યુદ્ધના મેદાનમાં આપવામાં આવ્યું અને એક અર્જુન નામક વ્યક્તિને એટલા માટે આપવામાં આવ્યું કે તે મોહ છોડીને યુદ્ધ કરે કે અનેકાનેક આત્માઓને એટલા માટે આપવામાં આવ્યું કે તેઓ કામ, ક્રોધ વગેરે મનોવિકારો સાથે યુદ્ધ કરે ?

૩. શું ગીતા-જ્ઞાન દ્વાપરયુગના અંતમાં આપવામાં આવ્યું અને ત્યારપછી કલિયુગ આવ્યો કે એ કલિયુગના અંતમાં આપવામાં આવ્યું અને ત્યારબાદ સતયુગ આવ્યો ?

૪. શું ગીતા-જ્ઞાન શ્રીકૃષ્ણે આપ્યું કે જ્યોતિસ્વરૂપ પરમપિતા પરમાત્મા શિવે પ્રજાપિતા બ્રહ્માના માધ્યમ દ્વારા આપીને નરને શ્રી નારાયણ બનાવ્યો ?

આ પ્રશ્નો ઉપર બહુ જ ઊંડાણપૂર્વક મનનની આવશ્યકતા છે કારણ કે એમની ઉપર વિચાર કર્યા પછી જ આપણે એ નિષ્કર્ષે પહોંચીશું કે વર્તમાન સમય એવો સમય છે જ્યારે ફરીથી ગીતાના ભગવાન સ્વયં ઈશ્વરીય જ્ઞાન અને યોગની શિક્ષા પ્રદાન કરી રહ્યાં છે

અને આપણને પવિત્ર તથા યોગ-યુક્ત બનાવી રહ્યાં છે. તેમનો સર્વ મનુષ્યાત્માઓ પ્રત્યે એ જ આદેશ, ઉપદેશ, નિર્દેશ અને સંદેશ છે કે - **'પવિત્ર બનો અને યોગી બનો; હવે કલિયુગ જઈ રહ્યો છે, સતયુગ આવી રહ્યો છે; હવે મુજ પરમપિતા પાસેથી સંપૂર્ણ પવિત્રતા, સંપૂર્ણ સુખ અને સંપૂર્ણ શાંતિનો પૈતૃક જન્મ-સિદ્ધ અધિકાર પ્રાપ્ત કરો.'**

# સત્ય જ્ઞાનની સરળ સમજૂતી

બધાં જાણે જ છે કે આજે લગભગ દરેક વિષય પર અનેકાનેક મત-મતાંતરો છે. આ મતોને પ્રતિસ્થાપિત કરનારાં લોકો પણ એક બીજાથી ચઢિયાતાં વિદ્વાન, અનુભવી અને તાર્કિક હોય છે. એ બધું જોઈને સાધારણ મનુષ્યનું માથું ફરી જાય છે કે કોનાં મંતવ્યને સાચું અથવા સર્વશ્રેષ્ઠ માનવું જોઈએ. આ વિશે ગીતાનું જ ઉદાહરણ લઈએ ગીતા પર આદિ શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય, માધવાચાર્ય, નિંબર્કાચાર્ય વગેરેએ પોત-પોતાનાં મતો પ્રગટ કર્યા છે. આધુનિક યુગમાં પણ ડૉ. રાધાકૃષ્ણન, લોકમાન્ય તિલક, મહાત્મા ગાંધી, એની બેસેંટ વગેરે હસ્તીઓએ પણ ગીતાની પોત-પોતાની રીતે વ્યાખ્યાઓ કરી છે. દરેક વ્યક્તિ વર્તમાન સમાજની દૃષ્ટિએ પણ ઘણી ચરિત્રવાન તથા વિદ્વાન હતી એટલે આપણે એ પણ કહી ન શકાય કે કોઈએ ગેરમાર્ગે દોરવાની કોશીશ કરી છે. પરંતુ પ્રશ્ન ઉદ્‌ભવે છે કે એ બધાંના મતોમાં પણ સમાનતા શા માટે નથી ? તેમાંનું કોઈ કહે છે કે મહાભારતની લડાઈ થઈ હતી તો કોઈએ કહ્યું છે કે આ લડાઈ ફક્ત એક રૂપક છે - આટલું મોટું વિરોધાભાસી અંતર શાથી ? એક કહે છે કે શ્રીકૃષ્ણ ભગવાન હતાં, બીજો કહે છે કે માત્ર દેવતા હતાં અને ત્રીજી વ્યક્તિ તો તેને માત્ર એક 'યોગીરાજ' જ માને છે; આ બધાંથી એકદમ અલગ રીતે ઘણાંનું તો ત્યાં સુધી કહેવું છે કે[૧]

---

૧. Quest for the Original Gita, by G S. Kher, See Intro. pp. vii-viii. આમાં લેખકે જણાવ્યું છે કે ગીતામાં ત્રણ અલગ-અલગ વ્યક્તિઓના વાક્યો છે અથવા આમાં ત્રણ વ્યક્તિઓની રચનાઓ છે.

શ્રીકૃષ્ણ એક નહીં બલ્કે ત્રણ થયાં છે અને પ્રાચીન સાહિત્યમાં એ ત્રણેનું જીવન એક બીજામાં વણાઈને એક બની ગયું છે - આ બધાં મત-વિરોધનું નિવારણ કઈ રીતે થાય ?

ખરેખર તો જેણે જે વાત કહી હોય તેમને જ તેનો ખરો ભાવ પણ ખબર હોય. જ્યારે ગીતાનું જ્ઞાન આપવામાં આવ્યું ત્યારના અને આજના આધુનિક યુગમાં હજારો વર્ષોનું અંતર છે. વચ્ચેના સમયમાં તો છાપખાનાં અથવા કાગળો પણ નહોતાં, વચ્ચે અનેકાનેક વાર સત્તા પલટો કરતી ક્રાંતિ પણ થઈ, વિદેશી આક્રાંતાઓએ આખી ધરતીને ધમરોળી, રગદોળી તથા સંસ્કૃતિને પણ આભડવાની ચેષ્ટા કરી[૨]. હવે જ્યારે આ હજારો વર્ષોના સમયગાળામાં ધર્મ અનેક

૨. ઉદાહરણાર્થે સન્ ૧૭૬૧માં રોબર્ટ ડી. નોબિલીએ ભારતના કોઈ વિદ્વાંનને ખૂબ ધન-સંપત્તિ આપી સંસ્કૃતમાં પુરાણ અને બાઈબલ-મિશ્રિત પુસ્તક લખાવી અને તેને વેદ નામ આપી પ્રચાર શરૂ કર્યો. યુરોપના લોકોએ જ્યારે એ સાંભળ્યું કે આ વેદ છે તો તેમણે તેનું ખૂબ વાંચન શરૂ કર્યું. ફ્રેંચ ભાષામાં પણ તેનો અનુવાદ થઈ ગયો અને સન્ ૧૭૭૮માં વિદ્વાનો પણ તેને વેદ માની તેની ઉપર લેખ તથા નિબંધ લખવા માંડ્યાં. જ્યારે પ્રસિદ્ધ વિદ્વાન મેકસમૂલર સુધી આ સમાચાર પહોંચ્યા તો તેણે પણ તેની એક પ્રતિ મંગાવી. તેણે આ ષડયંત્રનો પર્દાફાશ કરવા પત્રકારોને પોતાના વક્તવ્યમાં કહ્યું કે આ વેદ નથી. જો તેણે આવું કર્યું ન હોત તો કદાચ અમુક સમય પછી લોકો તેને પણ એક વેદ જ માનવા લાગત. આવી જ રીતે એક ‘અલ્લોપનિષત’ પણ તૈયાર થઈ. ઘણાં વિદ્વાનોએ તેને એક ઉપનિષદ પણ માની લીધું. એમાં ‘અલ્લાહ’ અને ‘ઈલલલ્લા’ મુસલમાનોના આ શબ્દોને લઈને ઉપનિષદના રૂપમાં પ્રચારિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આમ જ, લાંબા સમય પહેલાં ઈસાઈ પાદરીઓએ ઉપનિષદના ‘ईशावास्यमिदं सर्वम’ – આ વાક્યને

સંપ્રદાયોમાં વહેંચાઇ ગયો, લોકોની ધારણા પણ સમયાંતરે હ્રાસોન્મુખ થતી ગઇ, લોકો નિષ્પક્ષતાની બદલે પક્ષ-પાત અને મત-વાદના વમળોમાં ફસાવા માંડ્યા[3] તથા ધાર્મિક સાહિત્યોમાં ક્ષેપકો (Inter-Pollations) પણ વધી ગયાં, વૈષ્ણવો અને શૈવ પંથીઓમાં પણ ભીષણ ઘર્ષણના બીજ રોપાયાં,[4] લોકો ધાર્મિક સંકીર્ણતાનો શિકાર થઈ ગયાં અને જ્ઞાનની યૌગિક અનુભૂતિની બદલે વ્યાકરણ, નિરૂક્ત

---

લઈને, ઈશાનો અર્થ હજરત ઈસા (ઈસુ) બતાવી ઈસુ ખ્રિસ્તને ભારતના માન્ય દેવોમાં સ્થાન આપવાનો પ્રયત્ન કર્યો (આ વિષયમાં હિંદી દૈનિક હિંદુસ્તાન, નવી દિલ્લી, તા ૨૮-૮-૧૯૭૭નાં 'સત્યસે ખિલવાડ' શીર્ષક હેઠળનો સંપાદકીય લેખ પઠનીય છે.) કહેવાનો ભાવ એ છે કે જે રીતે સત્તારૂઢ અન્ય ધર્મોએ આવાં પ્રયત્નો કર્યા, તે રીતે જ ભારતના વિભિન્ન સમુદાયોએ પણ આવું કર્યું. મહાભારતના અનેક આલોચકોએ ગ્રંથની અંતઃ સાક્ષીને આધારે કહ્યું કે વૈષ્ણવોએ આને વૈષ્ણવ ગ્રંથ, બનાવવાનો યત્ન કર્યો. આજે પણ ભગવદ્‌ગીતા સિવાય, ગણેશ ગીતા, રામ ગીતા વગેરે ઘણી સાંપ્રદાયિક ગીતાઓ ઉપલબ્ધ છે. અતઃ પ્રશ્ન ઉઠવો સ્વાભાવિક છે કે ગીતાના આદિ વકતા કોણ હતાં અને ગીતાનું આદિ સ્વરૂપ કેવું હતું ?

૩. વર્તમાન સમયે મહાભારતની જે સૌથી જૂની, હસ્તલિખિત પ્રતિ મળે છે એ એટલે વધુ પ્રાચીન નથી. પછી, મહાભારતની ઉત્તરી અને દક્ષિણી પાંડુલિપિઓમાં પણ અંતર છે.

૪. આ વાત અનેકાનેક વિદ્વાનોએ માની છે કે શરૂઆતમાં શિવ અથવા રૂદ્ર જ પરમાત્મા મનાતાં હતાં. પછી જ્યારે શ્રી કૃષ્ણને આ પદ પર પ્રતિષ્ઠિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો તો તેનો પ્રબળ વિરોધ થયો. સ્વયં મહાભારતના અધ્યયનમાં પણ એની પ્રતીતિ થાય છે. મોહેં જો-દડોના જે ખોદકામો થયાં છે, તેમાંથી પણ શિવ ના સ્મરણ ચિહ્નો જ મળ્યાં છે.

અને શબ્દ કોષનાં જંગલોમાં ઘુસી ગયાં. આમ, દરેક જણ 'અપની ઢપલી અપના રાગ'ની માફક પોત-પોતાનો રાગ આલાપવા માંડ્યા. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં સત્ય સ્વરૂપ પરમાત્મા, જેમનાં જ આ મહાવાક્યો ગણાય છે, સિવાય ગીતાનો મૂળ ભાવાર્થ બીજું કોણ સારી રીતે સમજાવી શકે કે એનો ઉદ્દેશ્ય શો છે, અભિપ્રાય શો છે, સંદર્ભ ક્યો છે અને તેને આચરણમાં લાવવાની સાચી વિધિ કઈ ? સ્વયં પરમાત્મા સિવાય બીજા બધાંના વિચારો એ તેમની અટકળો કરતાં વિશેષ કંઈ નથી. માનવોનો દૃષ્ટિકોણ ભલે ગમે તેટલો ઊંચો, વિદ્વતાપૂર્ણ, તર્કસંગત, ભાવ-ગાંભીર્યપૂર્ણ તથા દાર્શનિક હોય તો પણ તે સ્વયં પરમાત્મા, જે ત્રિકાલદર્શી તથા પૂર્ણ નિર્દોષ પણ છે, ના સ્વ-કથિત ભાવની સામે સાવ તુચ્છ અને નગણ્ય છે. હવે, તેઓ પોતે જ શ્રીમદ્ ભગવદ્ ગીતાનું ફરીથી સ્પષ્ટીકરણ આપી રહ્યાં છે, તે જ પૂર્ણરૂપે તથા પરમ માન્ય છે. આમ છતાં જો કોઈ વ્યક્તિ આ જ્ઞાનના સત્યાસત્યને સામાન્ય વિવેકથી ચકાસવાં માંગતી હોય તો સામાન્ય જન પ્રયોગાર્થે નિમ્નલિખિત વિધિ-વિધાન અપનાવવાં જોઈએ.

## જ્ઞાનના ત્રણ પ્રકારના પ્રભાવો

પ્રસિદ્ધ ઉક્તિ છે કે - ''જ્ઞાન પ્રકાશ છે; જ્ઞાન શક્તિ છે; જ્ઞાન ગુણ-પ્રદ છે.''[૫] ઊંડાણપૂર્વક વિચારવામાં આવે તો આ ઉક્તિ જ્ઞાનને પારખવા માટેની એક સારી યુક્તિ છે. જો કોઈ જ્ઞાન-બિંદુ પૂર્ણ સત્ય હશે તો તેનાંથી માનવને સાચો રસ્તો દેખાશે. તેની નજર સમક્ષ બધી **વાતો સ્પષ્ટ** થશે તથા તે **હળવો** થઈ પુરૂષાર્થ માટે ઉત્સાહિત થઈ જશે

૫. Knowledge is Light; Knowledge is Might; Knowledge is Virtue.

અને લક્ષ્ય સ્પષ્ટ હોવાથી તથા પ્રબળ પ્રેરણા પણ હોવાથી તે પોતાને **શક્તિશાળી** સમજશે તથા **સદ્‌ગુણી** બનવાની દિશામાં વિકાસ પણ સાધશે. હવે આ વાતને આપણે શ્રીમદ્ ભગવદ્‌ગીતા, મહાભારત અને ભાગવત્ માંના ઉદાહરણો દ્વારા વધુ સ્પષ્ટ કરીશું -

૧) **યુદ્ધનો સાચો પરિચય :** અગાઉ જ્યારે આપણે ગીતાનું અધ્યયન કરતાં હતા ત્યારે આપણા મનમાં સૂક્ષ્મરૂપેમાં એ ભાવના સમાયેલી હતી કે આ ગીતા-જ્ઞાન કોઈ કુરૂક્ષેત્ર નામનાં યુદ્ધ-સ્થળે પ્રદાન કરાયું હતું પરિણામ સ્વરૂપે આપણને દૃઢ ખાતરી હતી કે ન્યાલયના પ્રશ્નોને હલ કરવા માટે શસ્ત્રો (Weapon) ઉપાડવા, હિંસક બનવું અને પોતાનાં શત્રુઓનો વધ વગેરે આધ્યાત્મિક દૃષ્ટિકોણથી પણ યોગીઓ માટે વર્જ્ય નથી. પણ હવે એ સારી રીતે સમજી-જાણી લેવાથી કે આપણો મુખ્ય શત્રુ દેહાભિમાન જ છે જે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, આળસ, ઈર્ષ્યા, દ્વેષ, ઘૃણા વગેરેનો મુખ્ય સેનાપતિ છે, ત્યારે આપણે બીજાં મનુષ્યો પ્રત્યે ક્રોધ, વેરભાવના, વિરોધ અથવા હિંસાની ભાવના સેવવાની બદલે વિકારો રૂપી શત્રુઓ ઉપર જ વિજય મેળવવાની ચેષ્ટા કરીએ છીએ. હવે આપણે સારી રીતે જાણીએ છીએ કે (૧) કામરૂપી શત્રુને જ્ઞાનરૂપી તલવારથી મારવાનો છે[૬] અથવા સંશયરૂપી રિપુનો જ્ઞાન-અસિ દ્વારા વધ કરવાનો છે[૭] અને (૨) આ યુદ્ધનાં મુખ્ય યોદ્ધાઓને જ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.[૮] તો આપણે એક સાચાં યોગીની માફક મનમાં

૬. जहि शत्रुं महाबाहो काम रूपं दुरासदम्  ३/४३

૭. ........ ज्ञानासंछिन्नसंशयम् -४/४१

૮. પૃષ્ઠ ૮-૯ જુઓ.

મૈત્રી,[૯] કરૂણા અને કલ્યાણની ભાવના જાગ્રત કરી સહર્ષ પોતાના મનના અધર્મનો નાશ કરી ધર્મની સ્થાપના કરવાના આ 'ધર્મયુદ્ધ'માં ખંતપૂર્વક લાગી જઈએ છીએ.

પુનશ્ચ, આ યુદ્ધમાં બુદ્ધિ જ ભાથું તથા જ્ઞાન જ બાણ છે તથા શરીર રથ અને મનનાં સંકલ્પો જ અશ્વો છે એ સારી રીતે જાણી લેવાથી આપણે પણ પોતાનાં બધાં સાધનો તથા હથિયારોનો ઉપયોગ કરી એમાં વિજયી બનવાનો પુરેપુરો પ્રયાસ કરીએ છીએ. આ બધી વાતોની જાણકારી પહેલાં મનમાં અસમંજસ રહેતી હતી કે, ગીતામાં એક બાજુ તો યોગની આટલી ઊંચી વાતો - બ્રાહ્મી સ્થિતિ[૧૦] નું વર્ણન, સ્થિત-પ્રજ્ઞ[૧૧] અવસ્થાની વ્યાખ્યા, યોગારૂઢ વ્યક્તિનાં મનોરમ્ય લક્ષણો અને બીજી બાજુ યુદ્ધની ચર્ચા-આ બંને કયાં મેળ ખાય છે ? ભગવાને-તું યુદ્ધ કર અને યોગી બન[૧૨] એમ જે કહ્યું છે, એકી શ્વાસે કહેલી આ બંને વાતો ક્યાં બંધબેસતી આવે છે ? જ્યારે 'અહિંસા' ને જ ધર્મનું પરમ લક્ષણ માનવામાં આવી છે અને યોગીને નિર્વૈર[૧૩], નિર્દ્વંદ્વ તથા સમ-અવસ્થા વાળો માનવામાં આવ્યો છે,

૯. પતંજલિએ યોગ દર્શનમાં યોગાકાંક્ષીને કહ્યું છે કે 'ચિત્ત વૃત્તિ નિરોધ'- માટે 'મૈત્રી' અને કરૂણા ભાવ તથા મુદિત અવસ્થા ધારણ કરે ! - યો.દ. સમાધિ - ૩૩.

૧૦. અધ્યાય ૨ ના શ્લોક ૭૨માં તથા અધ્યાય ૫ ના શ્લોક ૧૯ અને ૨૦માં આ સ્થિતિનું વર્ણન છે.

૧૧. અધ્યાય ૨ ના શ્લોક ૫૪થી ૭૨ સુધી 'સ્થિતપ્રજ્ઞ'ની પરિભાષા છે.

૧૨. तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्ध च (અ.૮,શ્લો.૭) । આવી જ રીતે, ૬/૪૬માં કહ્યું છે - હે અર્જુન, તું યોગી બન !

૧૩. निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव (અ. ૧૧, શ્લોક ૫૫)

ત્યારે કોઈ વ્યક્તિ રક્તપિપાસુ કઈ રીતે બની શકે. હવે જ્યારે એ જાણી લીધું છે કે આ યુદ્ધ તો એવું યુદ્ધ છે જેમાં પોતાના મનની જ આસુરી વૃત્તિઓને પરાસ્ત કરવાની હોય છે, ત્યારે 'યુદ્ધ' અને 'યોગ' બંને વચ્ચેનાં જોડાણનું રહસ્ય સ્પષ્ટ થાય છે. ત્યારે જ સમજાય છે કે જ્યારે ક્રોધને નર્કનું દ્વાર[૧૪] કહેવાય છે તો એ ક્રોધ સાથે યુદ્ધ કરનાર અથવા તેની પર વિજય પ્રાપ્ત કરનાર યોદ્ધાને તો જરૂર સ્વર્ગ પ્રાપ્ત થશે જ. વિવેક પણ માનશે કે ગીતામાં વર્ણિત યુદ્ધ માનસિક સંઘર્ષ જ હોવો જોઈએ નહિં તો રક્તરંજીત યુદ્ધનું કોઈ ધર્મ શાસ્ત્રમાં શું ઔચિત્ય ?

આ રીતે, સ્પષ્ટ છે કે યોગીઓ માટે યુદ્ધની આ જ વ્યાખ્યા સાચી છે, જેનાથી સાચો રસ્તો દેખાય છે તથા શક્તિનો પણ સંચાર થાય છે કારણ કે જ્ઞાનનાં તીક્ષ્ણ-ધારદાર બાણો બુદ્ધિરૂપી ભાથામાં હોવાથી તથા મનમાં પણ લેશમાત્ર અંર્તવિરોધ ન હોવાથી અથવા યોગીના મન અને બુદ્ધિમાં એકતા સ્થપાવાથી ઉત્સાહ ચરમ સીમાએ પહોંચી જાય છે. પરિણામે એ વ્યક્તિમાં અહિંસા, સૌહાર્દ્ર, સંતોષ, અક્રોધ વગેરે સદ્ગુણો (virtues) પ્રવેશવા માંડે છે. આની બદલે જો મનુષ્ય યુદ્ધને 'હિંસાત્મક યુદ્ધ' માનતો રહે તો તેમાં ક્રોધ, હિંસા, વેરભાવના, ધૃણા, દ્વેષ, વૈમનસ્ય વગેરે દુર્ગુણો જ ઘર કરવા માંડે છે અને મનને કલુષિત કરે છે, વિવેકને નષ્ટ કરી, બુદ્ધિને ભ્રષ્ટ કરી તેમાં ભેંકાર અંધારૂં ઘોર કરી મૂકે છે.

## ૨. ધર્મ-ગ્લાનિ, અધર્મ-વિનાશ, ધર્મ સ્થાપના તથા તેનાં સમયનો સાચો પરિચય

હવે જ્યારે આપણે જાણી ગયા છીએ કે કામ, ક્રોધ, લોભ,

૧૪. त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः १६/२१

મોહ અને અહંકાર જ પાપ અથવા અધર્મ માટે મનુષ્યને વિવશ કરે છે,[૧૫] તો આપણે એ વિકારો રૂપી અધર્મના નાશ માટે પ્રયાસ ચાલુ કરીશું. અગાઉ આપણી માન્યતા હતી કે જે રથવાન યોદ્ધા અનેક હજાર વ્યક્તિઓ  સામે એકલે હાથે લડી શકે તે જ 'મહારથી', 'અતિરથી' અથવા 'મહાબાહુ' છે, પણ હવે જ્યારે આપણે જાણી ચૂક્યાં છીએ કે આ મહાશક્તિશાળી વિકારોનો દિવ્યગુણ રૂપી શસ્ત્રો દ્વારા, જ્ઞાનરૂપી તીરો દ્વારા તથા યોગરૂપી કવચ ધારણ કરી સામનો કરનાર જ મહારથી, મહાબાહુ અર્થાત્ મહાવીર છે તો આપણે કામરૂપી દુર્જેય શત્રુને, ક્રોધરૂપી વિકરાળ રાક્ષસને તથા બીજાં અનેકાનેક શત્રુઓને ધૂળ ચાટતાં કરવાં પૂરેપૂરાં યોગ-બળ સાથે મહારથી બની તેમની ઉપર ટૂટી પડીશું. આમ, અધર્મ-વિનાશના આ અર્થને સમજીને આપણે પોતાનાં મનમાં અધર્મના તંબુ તો ઉખાડી જ નાંખીશું સાથેસાથે તેનો બીજી કર્મેન્દ્રિયો રૂપી નગરો પર કબજો હોય ત્યાંથી પણ તેની છાવણીઓને ખેદાન મેદાન કરી નાંખીશું. કલિયુગનાં અંત અને સતયુગ પ્રારંભના સંગમ સમયે જ ભગવાને આવીને અધર્મ-વિનાશ માટે શંખ-નાદ કર્યો હતો એ સારી રીતે સમજી લીધાં પછી તો આપણા રોમેરોમમાં માયા વિરૂદ્ધ યુદ્ધરત થવાં માટે ક્ષાત્રબળ છલકાવા માંડે છે અને જ્યાં અગાઉ આપણે પુરૂષાર્થરૂપી ધનુષ-બાણ છોડી, મોહ-વશ હાથ પર દાઢી ટેકવીને ઉદાસ મને બેઠાં હતાં, ત્યાં હવે આપણે પોતાનામાં એક નવ-જાગૃતિનો સંચાર, નવી સ્ફુર્તિ તથા ઉત્સાહ મેળવીને અચાનક પુરૂષાર્થરૂપી ધનુષનો ટંકાર કરી શત્રુઓનો સર્વનાશ કરવા મંડી પડીએ છીએ. વર્તમાન સમયને આપણે ધર્મ-

૧૫. अथ केन प्रयुक्तोऽयं पापं चरति पुरूषः ...... ૩/૩૬

काम एष क्रोधएष रजोगुण समुद्भवः .... ૩/૩૭

ગ્લાનિનો સમય સમજી અને પ્રભુ દ્વારા વિકારો સામે યુદ્ધની રણભેરી ફરીથી વાગતી સાંભળી આપણે પણ અહિંસક પાંડવ દળ બનાવી આ વિકારોના કિલ્લાઓ તથા એમનાં સૂક્ષ્મ ભાવોની અક્ષૌહિણી સેનાને પરાસ્ત કરવાં કટિબદ્ધ થઈ જઈએ છીએ. આ રીતે જ્ઞાન-પ્રકાશ (Light); એક એવા શક્તિશાળી (Might) લેઝર કિરણ (Laser Rays) નું કામ કરે છે જેનાં દ્વારા પ્રજ્વળિત થયેલી જવાળામાં અધર્મ અને દુર્ગુણો પૂર્ણ નાશ પામે છે અને તેની બદલે સદ્‌ગુણો (Virtues) પ્રગટ થાય છે.

પણ જો હજી સુધી આપણે વર્તમાન સમયને ધર્મ-ગ્લાનિનો સમય ન માની, અર્જુન દ્વારા બાણ છોડવાનાં સાચાં ભાવાર્થથી પણ અજાણ રહીશું તો આપણે પોતે પણ ડરપોકની જેમ, આ વિકારો સામે હાર નિશ્ચિત સમજી, પુરૂષાર્થને ત્યાગી તથા કિંકર્ત્તવ્યવિમુઢ બની જશું. હવે જ્યારે સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો છે કે વર્તમાન સમય જ પરમાત્મા અવતરણનો સમય છે અને તેઓ પોતે જ હવે ફરીથી ગીતા-જ્ઞાન સંભળાવી રહ્યાં છે તથા 'પવિત્ર અને યોગી' બનવાનું ફરમાન કરી રહ્યાં છે ત્યારે આપણે કઈ રીતે ગાફેલ રહી શકીએ ? ગીતા-જ્ઞાનની મધુર, ચિત્તાકર્ષક વાંસળીમાંના અમૃતતુલ્ય મધુર રસથી વંચિત રહી શકીએ? તથા કઈ રીતે પોતાનાં કર્ત્તવ્યને પૂરૂં કર્યા વિના આરામ કરીશું ?

### ૩. પરમાત્મા અને શ્રીકૃષ્ણનો સાચો પરિચય

અગાઉ જ્યારે આપણે શ્રીકૃષ્ણને 'ગીતાના ભગવાન' સમજતાં હતાં ત્યારે આપણી પાસે કોઈ જ સ્પષ્ટ લક્ષ્ય નહોતું કે ગીતા-જ્ઞાનની ધારણાથી અથવા ગીતામાં જણાવેલાં યોગ દ્વારા આપણને

કયું પદ પ્રાપ્ત થશે હવે જ્યારે આપણે જાણી ચૂક્યાં છીએ કે ગીતા-જ્ઞાન પરમપિતા શિવ પરમાત્માએ પ્રદાન કર્યું હતું અને પ્રજાપિતા બ્રહ્માએ ગીતા-જ્ઞાન દ્વારા જ શ્રીકૃષ્ણ અથવા શ્રી નારાયણનું પદ મેળવ્યું હતું તથા બ્રહ્મા-મુખ દ્વારા જ્ઞાન શ્રવણ કરી, માયા સાથે યુદ્ધ કરનાર અનેકાનેક નર-નારીઓએ પણ દેવ પદ પ્રાપ્ત કર્યું હતું, તો આપણી સમક્ષ એ લક્ષ્ય સ્પષ્ટ થઈ જાય છે કે આપણે પણ આ પુરૂષાર્થ દ્વારા મનુષ્યમાંથી દેવપદ અથવા નરમાંથી નારાયણ પદ પ્રાપ્ત કરી શકીશું. હવે આપણે શ્રીકૃષ્ણને ભગવાનના રૂપમાં નહીં પણ ગીતા-જ્ઞાન દ્વારા પ્રાપ્ત થતાં **દેવ પદનાં** સર્વોત્તમ પ્રતીકનાં રૂપમાં નજર સમક્ષ રાખીશું. હવે આપણે યોગ તો જ્યોતિસ્વરૂપ,[૧૬] બ્રહ્મલોકનાં વાસી,[૧૭] સૃષ્ટિરૂપી વૃક્ષના બીજરૂપ,[૧૮] અધર્મનો વિનાશ અને ધર્મની પુનઃસ્થાપના કરાવનાર[૧૯] પરમપિતા શિવ પરમાત્મા સાથે જ લગાવીએ છીએ જેને જ ગીતામાં કેશવ,[૨૦] જનાર્દન, અચ્યુત અને અવ્યક્ત પણ કહેવામાં આવ્યા છે અને આપણાં આ **પુરૂષાર્થના લક્ષ્યના રૂપમાં** શ્રીકૃષ્ણને જ યાદ કરીશું જેને લીધે આપણું જીવન પણ તેમનાં જેવું દૈવી સંપદા સંપન્ન બની જાય.

---

૧૬. સૂર્ય સમાન પ્રકાશ રૂપ આદિત્ય વર્ણ - ૮/૯

૧૭. अव्यक्तोऽक्षर इत्युक्तोस्तमाहुः परमां गतिम् । ...... तद्धाम परमंमम ૮/૨૧ તથા ૧૫/૬

૧૮. बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् - ૭/૧૦ તથા ૧૦/૩૬

૧૯. अहंकृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा - ૭/૬

૨૦. કેશવ (ક+ઈશ+વ, અર્થાત્ બ્રહ્મા, વિષ્ણુ અને શંકરના પણ રચયિતા ૩/૧, ૧૦/૧૪, ૧૧/૩૪) જનાર્દન (૩/૧, ૧૧/૫૧)નો અર્થ પણ 'જનતાનું કલ્યાણ કરનાર' છે તથા અચ્યુતનો અર્થ 'સ્થિર અવસ્થાધારી' છે.

આ રીતે, પરમાત્મા કોણ છે,[૨૧] દેવપદ[૨૨] શું છે, અને અસુર[૨૩] કોને કહે છે ? - એ બધી વાતોનો જવાબ મળવાથી આપણને એ જ્ઞાન-પ્રકાશ (Light) મળે છે કે આપણે 'મન્મનાભવ'[૨૪] રૂપી આજ્ઞા અથવા 'મંત્ર'ને પાળી 'મંત્ર' ને પાળી પોતાનાં મનને તો પરમધામનાં વાસી,[૨૫] બધાં પાપોથી મુક્ત કરનાર,[૨૬] આદિત્ય વર્ણ,[૨૭] અણુ કરતાં પણ વધુ સૂક્ષ્મ,[૨૮] પરમ પુરૂષ[૨૯] પરમાત્મામાં જ ટકાવવાનું છે પણ આપણે લક્ષણ શ્રીકૃષ્ણ જેવાં ધારણ કરવાનાં છે જેનાથી આપણે દાનવમાંથી દેવતા બની શકીશું. આ રીતે, જ્ઞાન-પ્રકાશ પ્રાપ્ત થવાથી જ્યારે આપણે મનને અશરીરી, જ્યોતિ સ્વરૂપ સર્વશક્તિમાન પરમાત્માની સ્મૃતિમાં સ્થિર કરીએ છીએ તો આપણે પોતે પણ

---

૨૧. પરમાત્મા જ આ જગતના માતા-પિતા અને પિતામહ છે (૯/૧૭), તેઓ 'દેવોના પણ દેવ છે.' (૧૦/૧૫ તથા ૧૧/૪૫) તેઓ સર્વના રચયિતા છે. (૧૦/૮)

૨૨. દૈવી સંપદા યુક્ત પુરૂષ દેવતા જ છે. ૧૬/૫

૨૩. જે લોકો માયા દ્વારા અપહૃયત છે, અધમ છે, ભગવાનની યાદમાં નથી રહેતાં, તેઓ જ અસુર છે. माययापहृतज्ञाना **आसुरं** भावमाश्रिताः- ७/१५

૨૪. मन्मना भव मद्भक्तोमद्याजी ... ૧૮/૬૫

૨૫. ગીતામાં સૂર્ય, ચંદ્ર તથા તારાગણના પ્રકાશથી પણ પાર (દૂર) ભગવાનનું પરમધામ જણાવવામાં આવ્યું છે. ૮/૧૧ તથા ૧૫/૬

૨૬. अहंत्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ૧૮/૬૬

૨૭. आदित्य वर्ण तमसः परस्तात् - ૮/૯

૨૮. अणोरणीयांसमनुस्मरेद्यः - ૮/૯

૨૯. त्वं पुरुषोत्तम - ૧૦/૧૫ परमं पुरूषं दिव्यं याति ૮/૮

દેહથી ભિન્ન આત્મ સ્વરૂપમાં આપોઆપ સ્થિત થઈ જઈએ છીએ અને પરમાત્મા, જે આપણાં પરમપિતા છે,[૩૦] પાસેથી લાઈટ (Light) અને માઈટ (Might) નો તથા સંપૂર્ણ પવિત્રતા અને સુખ-શાંતિ નો જન્મ-સિદ્ધ અધિકાર પણ મેળવીએ છીએ.

પહેલાં જ્યારે આપણે શ્રીકૃષ્ણને ભગવાન માનતાં હતાં ત્યારે દેહધારીની સ્મૃતિમાં રહેવાથી આપણે પોતે પણ બિંદુરૂપ સ્થિતિને પામી શકતાં નહોતાં અને એટલે જ શક્તિશાળી લાઈટ (Light) અને (Might) માઈટ પણ પ્રાપ્ત કરી શકતાં નહોતાં. પુનશ્ચ, જ્યારે શ્રીકૃષ્ણને ભગવાન માની લીધાં પછી આપણી સામે બીજું કોઈ માનવ તનધારી એવું લક્ષ્ય પણ બચતું નહોતું જેનું અનુકરણ કરી ઊંચું પદ પ્રાપ્ત કરી શકાય.

આમ છતાં એક તરફ તો લોકો કૃષ્ણને યોગીરાજ માને છે અને બીજી તરફ કૃષ્ણની ૧૬૧૦૮ પટરાણીઓની અને દરેકનાં ૧૦-૧૦ બાળકોની પણ વાત ખરી માનવાથી મનુષ્યનાં જીવનમાં મહાન આદર્શનો અભાવ ઉત્પન્ન થાય છે. અહીં વધુ એક પ્રશ્ન પણ અનુત્તરિત છે કે ગીતામાં કહેવાયું છે કે - ‘‘દેવતાઓને ભજનારાં દેવતાઓને જ પ્રાપ્ત થાય છે, તેઓ મને મેળવી શકતાં નથી.’’[૩૧] એનો સાચો અર્થ શો છે ? એક સવાલ એ પણ છે કે શ્રીકૃષ્ણ તો દેશ-વિશેષ, જાતિ વિશેષ અને વિશેષ ઊંમરવાળા હતાં - શું આપણે

૩૦. पिताहमस्य जगतो माता धाता पितामहः (૯/૧૭ તથા ૧૧/૬૩) અન્ય કોઈને ‘પિતા’ કહી ન શકાય અને જન્મ લેતાંવેંત વારસો તો પિતા પાસેથી જ મળે છે.

૩૧. यान्ति देवव्रता देवान् ..... मद्यार्जिनोऽपिमाम् ૬/૨૫

તેમને શાશ્વત[૩૨] અને સાર્વભૌમ[૩૩] પરમાત્મા અથવા 'સર્વ આત્માઓના પિતા' માની શકાય ? આ રીતે વિચારોનું કોકડું ગુંચવાયેલું હોવાથી ગીતામાં વર્ણિત યોગ-યુક્ત વ્યક્તિના લક્ષણો મન-ભાવક હોવા છતાં આપણે પોતે યોગમાં એકાગ્ર થઈ શકવામાં અસમર્થ હતાં. હવે સ્પષ્ટ જ્ઞાન હોવાથી આપણને મનને એકાગ્ર કરવાનું સ્પષ્ટ લક્ષ્ય મળી ગયું છે અને લાઈટ તથા માઈટ મેળવવાનું મૂળ સ્થાન પણ.

આ સિવાય, અગાઉ આપણે શ્રી કૃષ્ણ વિશે જે પણ સાંભળતાં હતાં તેનાથી આપણને મહાનતાના સર્વોત્તમ શિખર પર પહોંચવાની પ્રેરણા નહોતી મળતી કારણ કે શ્રીકૃષ્ણ પર રૂક્મિણીના અપહરણ, ગોપીઓના ચીરહરણ, જરાસંધની કેદમાંથી છોડાવી ૧૬૧૦૮ પરટાણીઓ દ્વારા એક લાખ સાંઈઠ હજાર બાળકો પેદા કરવાનાં, કુબ્જા-સમાગમ વગેરે અનેકાનેક આક્ષેપો હતાં. પરંતુ હવે જ્યારે આપણને એ સમજાઈ ગયું છે કે આ બધાંનો શબ્દાર્થ લેવો ભૂલ છે અને બધી વાતોમાં આધ્યાત્મિક અને અલૌકિક રહસ્ય સમાયેલું છે, આ આખ્યાનો શ્રીકૃષ્ણ સાથે સંબંધ નથી ધરાવતાં પણ પરમપિતા શિવ પરમાત્મા વિશેનાં છે, તો આપણાં મનમાં શ્રીકૃષ્ણનું સમ્માન વધી જાય છે અને આ બધાં આખ્યાનો પ્રત્યેનાં ભ્રમનું નિવારણ થાય છે. આ રીતે જે આખ્યાનો પહેલાં ધર્મમાં અરૂચિ ઉત્પન્ન કરતાં હતાં, મનમાં દેવતાઓ વિશે ગ્લાનિ ઉત્પન્ન કરતાં હતાં તથા પવિત્ર બનવાનાં આપણાં મનોબળને ઘટાડતાં હતાં તે હવે એવી બાધાઓ ઉત્પન્ન

૩૨. यदक्षरं वेदविदो वदन्ति...८/११ तथा भूतादिमव्ययम् १०/३३ तथा त्वमव्ययः शाश्वद्धर्म गोप्ता । सनातनस्त्वं पुरुषो मतो मे ११/१८

૩૩. .....सर्वलोकमहेश्वरम्......५/२६

નથી કરતાં, તેની બદલે આપણાં માર્ગને પ્રશસ્ત કરવાનું, પરમાત્મા સાથે મનને જોડવાનું અને પવિત્ર બનવાનો સશક્ત ભાવ ઉત્પન્ન કરવાનું શુભ કાર્ય કરે છે.

## પરમાત્માનાં દિવ્ય જન્મનું જ્ઞાન

આ જ રીતે ઘણા ઉદાહરણો આપી શકાય પણ સંક્ષેપમાં આપણે કહી શકાય કે ગીતાના ભગવાન પરમપિતા જ્યોતિ-બિંદુ શિવને માનવાથી ગીતાના બધાં રહસ્યોનું સ્પષ્ટ અને સાચું જ્ઞાન જાણી શકાય છે. ઉદાહરણ તરીકે, પહેલાં આપણે 'દિવ્ય જન્મ અને કર્મ'[૩૪] નો ભાવાર્થ સમજી નહોતા શકતાં, 'પરમધામ', 'બ્રહ્મ-નિર્વાણ' વગેરેને પણ સ્પષ્ટ રીતે જાણતા નહોતાં. આપણે એ પણ જાણતાં નહોતાં કે ભગવાને એમ ક્યા ભાવથી કહ્યું કે મારાં જન્મ અને કર્મને જાણવાથી મનુષ્ય દુઃખના બંધનોમાંથી મુક્ત થઈ જાય છે. આપણે વિચારતાં હતાં કે શ્રીકૃષ્ણના જન્મ વિશે જે પણ જાણકારી છે એ તો અનેક લોકોએ સાંભળી છે, તો તેઓ હજીસુધી શા માટે મુક્ત નથી થયાં ? તેઓ પવિત્ર શા માટે નથી બનતાં ? હવે આપણને એ વાત સમજાઈ ગઈ છે કે ભગવાનનું સ્વરૂપ જ્યોતિબિંદુ છે, તેઓ કર્માતીત[૩૫] હોવાથી પોતાનું કોઈ કર્મ-જન્ય શરીર ધારણ નથી કરતાં પણ તેઓ તો સૂર્ય, ચંદ્ર અને તારા ગણથી પણ પારનાં ધામ[૩૬] (પરમધામ) અથવા બ્રહ્મ નિર્વાણમાંથી અવતરીને એક સાધારણ મનુષ્ય શરીરમાં પરકાયા - પ્રવેશ કરે છે; એટલે જ તેમનાં મહાવાક્ય છે કે સાધારણ માનવ તનમાં આવેલ મુજ પરમાત્માને કોઈ પિછાણતું

૩૪. जन्म कर्मच दिव्यमे .....૪/૬

૩૫. न च मां तानि कर्माणि निबध्नन्ति धनंजय .....૬/૬

૩૬. .... ब्रह्म -निर्वाणं....૫/૨૪ તથા અ. ૧૫, શ્લ. ૬

નથી.[૩૭] આ બધાં રહસ્યોને સારી રીતે સમજ્યા પછી હવે આપણે ભગવાનને તેમનાં સાચાં રૂપમાં જાણી, તેમની સાથે યોગ-યુક્ત થઈ તેમની પાસેથી શક્તિ, જ્ઞાન-પ્રકાશ, તથા દિવ્ય ગુણોનું ઈશ્વરીય વરદાન પ્રાપ્ત કરી શકીએ છીએ. આટલું જ નહીં પણ તેમનાં પરમ સાથ અને સહયોગથી લાભાન્વિત થઈ, તેનાં પથ-પ્રદર્શન દ્વારા ફક્ત પોતાનું જ જીવન દિવ્ય બનાવતાં નથી પણ બીજાં અનેક લોકોની પણ અલૌકિક સેવાને નિમિત્ત બની જઈએ છીએ. હવે જે જ્ઞાન-રહસ્ય અમે તેમની પાસેથી સાંભળ્યાં છે, નિસ્સંદેહ તે અપૂર્વ પવિત્રતા, પ્રકાશ, શાંતિ, શક્તિ તથા દિવ્ય ગુણ દાયક હોવાથી પૂર્ણ સત્ય છે, એવું અમે અનુભવને આધારે શંખનાદ કરીને કહીશું. આ વિષય પર વધુ જાણકારી મેળવવા ઈચ્છુક લોકો પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના નજીકના કોઈ પણ સેવાકેંદ્ર પર જઈ જ્ઞાન, સહજ રાજયોગ અને દિવ્ય ગુણોની શિક્ષાનો વિનામૂલ્યે લાભ મેળવી શકે છે.

**ઓમ્ શાંતિ....**

૩૭. अवजानन्ति माँ मूढ़ा मानुषीं तनुमाश्रितम .... ૯/૧૧